ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો
લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ
સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા. ૧૯-૧૨-૨૦૨૦ શનિવાર

AHMEDABAD
ESTABLISHED-1991

કરન્સી માર્કેટ	
US.ડોલર	૭૩.૫૧
પાઉન્ડ	૯૯.૩૪
યુરો	૯૦.૦૪
સઉદી રિયાલ	૧૯.૫૯
સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ)	૫૧,૭૧૫

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૩૦ અંક-૧૩૯ ● 3 જમાદિલ અવ્વલ હિજરી ૧૪૪૨ ● 19 DECEMBER- 2020 ● PAGES 12 ● મૂલ્ય ₹ ૫.૦૦

નવા કૃષિ કાયદાઓ રાતોરાત બનાવાયા નથી, દરેક મુદ્દે ચર્ચા કરવાની તૈયારી

"કિસાનોને હાથ જોડીને વિનંતી, અમે ચર્ચા માટે તૈયાર" : PM મોદી

મધ્યપ્રદેશના ખેડૂતોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધન દરમિયાન PM મોદીએ હાથ જોડીને અપીલ કરી, દિલ્હીમાં આક્રમક બનેલા પ્રદર્શન વચ્ચે PMએ હજુ પણ કૃષિ કાયદાઓનો બચાવ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન મોદીએ શુક્રવારે ત્રણ કૃષિ કાયદાઓનો સખત રીતે બચાવ કરતાં કહ્યું હતું કે, તેઓ ખેડૂતો અને તેમના સંગઠનોને જે ભય છે તે અંગે હાથ જોડીને ચર્ચા કરવા માટે આમંત્રણ આપી રહ્યા છે અને દરેક મુદ્દે એક પછી એક વિષય પર ચર્ચા કરવા માટે તૈયાર છીએ. દિલ્હીની સરહદો પર છેલ્લા ત્રણ અઠવાડિયાથી પ્રદર્શન કરી રહેલા ખેડૂત પોતાની માંગને લઈને પ્રદર્શન કરી રહ્યા છે. દેશમાં ચાલી રહેલા ખેડૂત અંદોલન વચ્ચે આજે વડાપ્રધાન મોદીએ આજે મધ્યપ્રદેશના ખેડૂતો સાથે વાત કરી હતી અને ખેડૂત અંદોલન અને એમએસપીને

છેલ્લા બે દશકથી વધુ સમયથી દરેક સરકારે કૃષિ કાયદાઓ અંગે ચર્ચા કરી છે અને હવે વિપક્ષના લોકો કિસાનોને ગેરમાર્ગે દોરી રહ્યા છે, ખેડૂત સંગઠનો, કૃષિ નિષ્ણાતો, કૃષિ વૈજ્ઞાનિકો દરેક સાથે ચર્ચા કરવામાં આવી છે : PM

લઈને વાત કરી હતી. તેમણે ખેડૂતો સાથે વાત કરતા આજે વિપક્ષ પર શાબ્દિક નિશાન સાધ્યું હતું. તેમના જણાવ્યા અનુસાર ખેડૂત સુધારા બીલને લઈ ને જુઠ્ઠાણું ફેલાવી રહ્યું છે. પર હવે ખેડૂતો પણ પોતાની માંગો ને લઈને આક્રમક બન્યા છે અને પોતાની માંગોને લઈને અડગ ઉભા છે.

કૃષિ કાયદા વિરૂદ્ધ આંદોલન કરી રહેલા ખેડૂતોએ દેશના કેટલાક ભાગમાંથી સમર્થન મળી રહ્યુ છે. હવે ખેડૂતોએ પોતાના અવાજને દેશ અને દુનિયામાં પહોચાડવા માટે સોશિયલ મીડિયાનો સહારો લીધો છે. આંદોલનમાં સામેલ યુવા ખેડૂતોએ કિસાન એકતા મોર્ચા નામથી સોશિયલ મીડિયા એકાઉન્ટ બનાવ્યુ છે. જેના દ્વારા આંદોલનની જાણકારી શેર કરવામાં આવી રહી છે. યુવા ખેડૂતોએ આંદોલનને લઈને પુરી આઈટી સેલ તૈયાર કરી છે, જેના દ્વારા ફેસબુક, ટ્વિટર, યૂ ટ્યુબ, ઈંસ્ટાગ્રામ અને સ્નેપચેટ પર એકાઉન્ટ બનાવવામાં આવ્યા છે. આ એકાઉન્ટ દ્વારા આંદોલન સાથે જોડાયેલી લાઈવ અપડેટ્સ, માંગ, વીડિયો અને અન્ય મેસેજ શેર કરવામાં આવી રહ્યા છે. ૧૬ ડિસેમ્બરથી શરૂ થયેલા એકાઉન્ટને અત્યાર સુધી હજારોની સંખ્યામાં લોકો ફોલો કરી ચુક્યા છે. આંદોલનમાં ભાગ લેવા પહોચેલી અભિનેત્રી સ્વરા ભાસ્કરનો પણ એક વીડિયો ટ્વિટર એકાઉન્ટ પર નાખવામાં આવ્યો છે, જેમાં તે લોકોને સોશિયલ મીડિયા પર ચાલી રહેલી મુહિમ સાથે જોડાવાની અપીલ કરી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિડીયો કોન્ફરન્સ દ્વારા મધ્યપ્રદેશના ખેડૂતોને સંબોધન કર્યું. વડાપ્રધાને કહ્યું કે કેટલાક લોકો ખેડૂતોના ખભા પર રાખીને બંદૂક ચલાવી રહ્યા છે. કૃષિ સુધારણા પર જુઠ્ઠાણું ફેલાવી રહ્યા છે. આજે ખેડૂતોના ખાતામાં કોઈ વચેટિયા વગર ૧૬૦૦ કરોડ જમા કરવામાં આવી રહ્યા છે. ટેક્નોલોજીનાને કારણે આ શક્ય બન્યું છે.ભારતે આ જે આધુનિક સિસ્ટમ બનાવી છે તેની સમગ્ર વિશ્વમાં ચર્ચા થઈ રહી છે. આજે અહીંના ઘણા ખેડુતોને ક્રેડિટ કાર્ડ સોંપવામાં આવ્યાં છે. પહેલાં દરેકને તે મળતું ન હતું. અમારી સરકારેઆ માટેના નિયમોમાં ફેરફાર કર્યા. હવે ખેડુતોને ખેતી માટે જરૂરી મૂડી મળી રહી છે. ખેડુતોને હવે લોન લેવાની મુક્તિ મળી છે. સમય આપણી રાહ જોતો નથી. ઝડપથી બદલાતા માહોલમાં ભારતનાં ખેડુતો સુવિધાઓના અભાવને કારણે પાછળ રહી શકે છે, આ યોગ્ય નથી. ૨૫-૩૦ વર્ષ પહેલાં જે કામ થવું જોઈતું હતુ, તે હવે થઈ રહ્યું છે. છેલ્લા ૬ વર્ષમાં સરકારે ખેડૂતોને ધ્યાનમાં રાખીને અનેક પગલા લીધા છે. નવા કાયદાઓની ઘણી ચર્ચા થઈ રહી છે. આ કાયદાઓ રાતોરાત આવ્યા ન હતા. એમએસપીની જાહેરાત અગાઉની જેમ જ કરી હતી, તે જ મંડીઓમા ખરીદી કરવામાં આવી હતી. કાયદો લાગુ થયા બાદ એમએસપીની જાહેરાત કરવામાં આવી હતી, આ જ એમએસપી પર પાકની ખરીદી કરવામાં આવી હતી. હું એમ કહેવા માંગુ છું કે એમએસપી બંધ નહીં થાય, કે ન તો ખતમ થશે. અમારી સરકારે ઘઉં અને ડાંગરની ખરીદી પર ખેડૂતોને ૮ લાખ કરોડથી વધુ આપ્યા. અગાઉની સરકારમાં દાળ વિદેશથી મંગાવવામાં આવતી હતી. જે દેશમાં દાળનું સૌથી વધુ ઉત્પાદન છે, ત્યાંના ખેડુતોનો બરબાદ કરવામાં આ લોકોએ કોઈ કસર છોડી નહીં. ખેડુતો પરેશાન હતા, આ લોકો મજા લઈ રહ્યા હતા. તે સાચું છે કે ક્યારેય કોઈ કુદરતી આપત્તિ કે સંકટ આવે છે ત્યારે વિદેશથી મદદ લઈ શકાય છે, પરંતુ તે હંમેશાં આવું કરી શકાતું નથી.

મહારાષ્ટ્રના ૩૦૦૦થી વધુ ખેડૂતો ૨૧ ડિસેમ્બરે ખેડૂત આંદોલનને સમર્થન આપવા દિલ્હી કૂચ કરશે

મહારાષ્ટ્રમાંથી ૩૦૦૦થી વધુ ખેડૂતો ૨૧મી ડિસેમ્બરે ખેડૂતોના આંદોલનને સમર્થન આપવા દિલ્હી જશે. ઓલ ઈન્ડિયા કિસાન સભાના મહારાષ્ટ્ર એકમે શુક્રવારે જાહેરાત કરી હતી કે મોટા ભાગના ખેડૂતોની રેલી નાસિકથી સોમવારે રવાના થશે. એ.આઈ.કે.એસ.ના નેતા અશોક ધવલે જણાવ્યું હતું કે અમે વાહનો દ્વારા જઈશું નહિ કે પગપાળા. રાજ્યમાં ઘણા સ્થળોએ અમારું સ્વાગત કરશે. અમે મહારાષ્ટ્રથી મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ત્યાંથી દિલ્હી બોર્ડર સુધી જઈશું. અમે ઘણા બધા મુદ્દાઓ ઉઠાવીશું જેમાં ટેકાના ભાવો, વીજ બિલમાં રાહતો પણ છે. અમે નાસિકમાં ૨૧ ડિસેમ્બરે એક જાહેર સભાનું આયોજન પણ કરીશું. ત્યાંથી અમારી સાથે બીજા ખેડૂતો પણ જોડાશે. અમે ટેમ્પો, ટ્રકો, બસો અને કારો દ્વારા મુસાફરી કરીશું. આ વાહનોના કાફલાને અમે 'જથ્થો' નામ આપ્યું છે. અમારો જથ્થો વિવિધ સ્થળોએ સભાઓ અને રેલીઓ કરશે. બધા રાજકીય પક્ષો અમને સમર્થન આપી રહ્યા છે અને ખેડૂતોનું ઘણા સ્થળોએ સ્વાગત કરવામાં આવશે. ઉમરને અને માલેગાંવમાં વિવિધ ધર્મોના લોકો ખેડૂતોનું સ્વાગત કરશે. આ રેલીનો હેતુ દિલ્હીમાં પ્રદર્શનો કરી રહેલ ખેડૂતોને સમર્થન આપવાનો છે. અમારા મતે આ રાષ્ટ્ર વ્યાપી સંઘર્ષ છે અને કોઈ પણ ખેડૂતોના સમર્થનમાં આગળ આવ્યું નથી. અમારી કૂચ ૧૩૦૦ કિ.મી. લાંબી છે અને આ પહેલી વખત છે કે મહારાષ્ટ્રના ખેડૂતો દિલ્હીમાં પ્રદર્શન કરનારાઓને સમર્થન આપવા જઈ રહ્યા છે.

ખેડૂતોને સાંભળો, કૃષિ વિરોધી કાયદા નાબૂદ કરો : રાહુલ ગાંધી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ દિલ્હીના સીમાડે ચાલી રહેલા ખેડૂત આંદોલન સંદર્ભે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર શાબ્દિક હુમલો કરતાં કહ્યું હતું હજુ તમારે કેટલાં ખેડૂતોનાં બલિદાન લેવાં છે. ચોવીસ કલાક પહેલાં સંત બાબા રામસિંઘે આત્મહત્યા કર્યા બાદ ગુરૂવારે વધુ એક ખેડૂતનું મરણ થયું હતું. તેમણે કહ્યું કે, પીએમ મોદી ખેડૂતોને સાંભળે અને કૃષિવિરોધી કાયદા રદ કરે. મધ્ય પ્રદેશ સરકારે યોજેલા ખેડૂત અધિવેશનને સંબોધનારા વડા પ્રધાન નરેન્દ્ર મોદી ના સંબોધનની પૂર્વસંધ્યાએ રાહુલ બોલી રહ્યા હતા. મધ્ય પ્રદેશમાં ૨૩ હજાર ગ્રામ પંચાયતના ખેડૂતો હાજરી આપવાના હતા એવો દાવો રાજ્ય સરકારે કર્યો હતો. અત્યાર અગાઉ કેન્દ્રના ખેતીવાડી પ્રધાન નરેન્દ્ર સિંઘ તોમરે ખેડૂતોને સંબોધીને લખેલા પત્રમાં આઠ મુદ્દાની સ્પષ્ટતા કરી હતી. રાહુલ ગાંધીએ ટ્વીટર પર લખ્યું હતું કે હજુ તમારે કેટલા ખેડૂતોનાં બલિદાન લેવાં છે એ કહો. સંત બાબા રામસિંઘે આપઘાત કર્યો ત્યારે રાહુલ ગાંધીએ એવી ટ્વીટ કરી હતી કે મોદી સરકારે ક્રૂરતાની હદ વટાવી દીધી હતી.

પંજાબમાં ભાજપ શીખો વિરૂદ્ધ હિંદુઓને મૂકી રહ્યો છે : અકાલી દળ

શિરોમણી અકાલી દળે આરોપ લગાવ્યો હતો કે, ભારતીય જનતા પાર્ટીએ પોતાના જ પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના સિદ્ધાંતોને કોરાણે મુકી દીધા છે અને નફરતની રાજનીતિ લાવીને ગઠબંધન ધર્મનું ઉલ્લંઘન કર્યું છે. આના કારણે માત્ર શાંતિ અને કોમી એખલાસ ખોરવાશે. શિરોમણી અકાલી દળના નેતા પ્રોફેસર પ્રેમસિંહે કહ્યું હતું કે, પંજાબના ભાજપે ભાગલા પાડો અને રાજ કરોની નીતિ અપનાવી છે જેના કારણે રાજ્યમાં અરાજકતા સર્જાશે. તેઓ પંજાબમાં એક સિખને બીજા હિંદુ સાથે લડાવવાની નીતિ અપનાવી રહ્યા છે. જ્યારે રાજ્યમાં ત્રણેય નફરતભર્યા કેન્દ્ર સરકારના કાયદાઓને લોકોએ ફગાવી દીધા છે. અમે પૂછવા માગીએ છીએ કે, તમે શા માટે તમે ખેડૂતો વિરોધ બની રહ્યા છો. ભાજપ શા માટે કોર્પોરેટ ક્ષેત્રને મોકળું મેદાન આપે છે.

ભારતીય અમેરિકન ફોરમ ખેડૂતોની ચળવળ માટે ઓનલાઈન વિરોધ પ્રદર્શન શરૂ કરશે

ધર્મનિરપેક્ષ અને ઉદાર ફોરમ ભારતીય અમેરિકન ફોરમ ખેડૂતોની ચાલી રહેલી ચળવળ સાથે એકતા દર્શાવવા માટે ઓનલાઈન વિરોધ પ્રદર્શન શરૂ કરશે. સંગઠને સમગ્ર વિશ્વના લોકોને આ વિરોધ પ્રદર્શનમાં જોડાવાનો અનુરોધ કર્યો છે. આ અંગે ઝૂમ પર ૨૦મી ડિસેમ્બરે એક કોન્ફરન્સ યોજાશે. તમામ ભારતીય અમેરિકીઓને અનુરોધ છે કે, તેઓ આ ઓનલાઈન પ્રદર્શનમાં જોડાય. આ ફોરમમાં મુખ્ય વક્તાઓ તરીકે કિરન વિસ્સા(રિથુ સ્વરાજિયા વેદિકા), સુખદેવ સિંઘ(ખેડૂત), સરસ્વતી કાવુલા(ખેડૂત-કર્મશીલ), નીરજસિંઘ(ખેડૂત-બિહાર) જોડાશ. જ્યારથી સંસદમાં ત્રણેય કાળા કાયદાને મંજૂરી આપવામાં આવી છે ત્યારથી પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને છત્તીસગઢ સહિત ભારતભરના ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરીને ભારે વિરોધ કરી રહ્યા છે અને કેન્દ્રના નિર્ણયની સામે આંદોલન ચલાવી રહ્યા છે.

કાશ્મીરમાં ઠંડીએ ૧૦ વર્ષનો રેકોર્ડ તોડ્યો, શ્રીનગર માઈનસ ૬.૪ ડિગ્રીએ થથરી ગયું

રાજસ્થાન સહિતના પાંચ મેદાની રાજ્યોમાં ગંભીર શીતલહેર : હવામાન વિભાગ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે કાશ્મીરની પર્વતમાળાઓમાં ભારે હિમવર્ષાના પગલે કાશ્મીર ખીણમાં ડિસેમ્બર મહિનામાં પડતી ઠંડીએ છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. જમ્મુ-કાશ્મીરની ઉનાળુ રાજધાની શ્રીનગરમાં માઈનસ ૬.૪ ડિગ્રી તાપમાન સાથે છેલ્લા ૧૦ વર્ષની ડિસેમ્બરની સૌથી ઠંડી રાત નોંધાઈ હતી. શ્રીનગરમાં બુધવારનું મહત્તમ તાપમાન ૩ ડિગ્રી નોંધાયું હતું. લદ્દાખના દ્રાસમાં માઈનસ ૨૬.૫ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. જ્યારે લદ્દાખમાં માઈનસ ૧૬.૧ અને કારગિલમાં માઈનસ ૧૬.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. કાશ્મીરના સ્કી

રિસોર્ટ ગણાતા ગુલમર્ગમાં માઈનસ ૧૧, પહેલગામમાં માઈનસ ૮.૯, કાઝિગુંડમાં માઈનસ ૪.૯, કુપવાડામાં માઈનસ ૫.૮, કોકરનાગમાં માઈનસ ૪.૮, સોનમર્ગમાં માઈનસ ૭.૧, અનંતનાગમાં માઈનસ ૬.૦ અને શોપિયાંમાં માઈનસ ૮.૪ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. કાતિલ ઠંડીના કારણે કાશ્મીરનું વિશ્વવિખ્યાત દાલ સરોવર થીજવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. કાશ્મીર ખીણમાં સંખ્યાબંધ સ્થળે સબઝીરો તાપમાનના કારણે નદી-નાળા થીજી ગયાં છે. શ્રીનગરમાં ગુરુવારે સવારે પાણીની પાઈપલાઈનો પણ ચોકઅપ થઈ ગઈ હતી. હિમાલયના રાજ્યોની સાથે સાથે ઉત્તરભારતના મેદાની રાજ્યોમાં પણ હાડ થીજવતી ઠંડી પડી રહી છે. રાજસ્થાનના સીકરમાં ગુરુવારે લઘુતમ તાપમાન સામાન્યથી પાંચ ડિગ્રી નીચે ૦.૫ ડિગ્રી નોંધાયું હતું. રાજસ્થાનના ૧૮ શહેરોમાં લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રીથી નીચે ચાલ્યું હતું. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, દિલ્હી સહિતના મેદાની રાજ્યોમાં ઠંડીનો પારો સામાન્યથી પાંચ ડિગ્રી ઓછો નોંધાયો હતો. ભારતીય હવામાન વિભાગના કુલદીપ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પશ્ચિમી હિમાલયમાં ભારે હિમવર્ષા થઈ છે. તેના કારણે કાતિલ ઠંડા પવનો મેદાની વિસ્તારો તરફ વહેતાં તાપમાનનો પારો ગગડી રહ્યો છે. પશ્ચિમ રાજસ્થાનમાં ગંભીર શીતલહેર વ્યાપી છે. રાજસ્થાનના અન્ય વિસ્તારોમાં કોલ્ડવેવ ચાલી રહ્યો છે. હરિયાણા, દિલ્હી, પશ્ચિમ ઉત્તરપ્રદેશ અને પંજાબમાં પણ શીતલહેર ચાલી રહી છે.

કોરોના રસીને લઈને WHOએ કહ્યું રસી બાદ પણ માસ્ક તો પહેરવું જ પડશે

આ રસી કોઈ અચૂક હથિયાર નથી કે, જેનાથી એક ઝાટકામાં બધું ખતમ થઈ જશે

(એજન્સી) જીનીવા, તા.૧૮

જ્યારે આખી દુનિયા કોરોનાવાયરસ વેક્સીનને આ મહામારીની વિરૂદ્ધ બ્રહ્માસ્ત્ર માની રહી છે ત્યારે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક નિવેદને બધાને ચોંકાવી દીધા છે. "હું"ની વેસ્ટર્ન પેસિફિક ઓફિસે કહ્યું છે કે આ રસી કોઈ સિલ્વર બુલેટ (અચૂક હથિયાર) નથી કે જેનાથી એક ઝાટકામાં છેલ્લાં એક વર્ષથી આખી દુનિયાને પ્રભાવિત કરી રહેલ મહામારી ખત્મ થઈ જશે. ચાલો સમજીએ કે "હું" શું કહેવા માંગે છે. પહેલાં પણ કહેવામાં આવ્યું છે કે રસી આવ્યા બાદ પણ પરિસ્થિતિમાં કંઈ એકાએક સુધારો આવવાનો નથી. તાકેશી કાસઈના જણાવ્યા મુજબ આપણે આપણા વર્તનમાં ફેરફાર કરવાની જરૂર નથી. ફક્ત આપણે પોતાનું જ નહીં પરંતુ આપણી સાથે સંકળાયેલા તમામ લોકોને કોરોનાથી સુરક્ષિત રાખવાના છે. આ માટે આપણે જાગૃત રહેવું પડશે. તેમણે ફરીથી કહ્યું કે વારંવાર હેન્ડવોશ, ઘરની બહાર માસ્ક પહેરવું પડશે, સોશિયલ ડિસ્ટેંસિંગ હંમેશા જાળવવું પડશે અને ટ્રાન્સમિશનના હાઈ રિસ્કવાળા વિસ્તારોમાં જવાનું ટાળવું જોઈએ. અત્યારે આપણે એવા નિર્ણયો લેવા પડશે જે ટ્રાન્સમિશન રોકે. આમ કરીને આપણે ૨૦૨૧માં આશાઓ સાથે જઈ શકીએ છીએ. "હું"માં વેસ્ટર્ન પેસિફિકના રીજનલ ડાયરેકટર તાકેશી કાસઈએ વર્ચુઅલ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે જ્યાં સુધી સોસાયટીમાં વેકસીન સર્કુલેટ થઈ રહી છે ત્યાં સુધી આપણે બધા રિસ્ક પર છીએ. ૪૦ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો અને સોશિયલ સ્તર પર એક્ટિવ લોકોને ઈન્ફેકશનથી પોતાને બચાવવા પડશે. તેમણે કહ્યું કે સલામત અને અસરકારક રસી બનાવવી એક વાત છે અને તેનું પૂરતું ઉત્પાદન કરીને દરેક સુધી પહોંચાડવી બીજી વાત છે. આ શરૂઆતમાં થોડાંક લોકો સુધી જ પહોંચવાની છે. હાઈ-રિસ્ક ગ્રૂપ્સને પ્રાથમિકતાના આધાર પર રસી આપવામાં આવી રહી છે. એવું કહેવું ખોટું હશે કે કંઈપણ બદલાશે નહીં. ખરેખર, રસીકરણની પ્રક્રિયા બ્રિટન, અમેરિકા સહિતના ઘણા દેશોમાં શરૂ થઈ છે. તેમ છતાં વેક્સીન એટલી બધી નથી કે બધાને મળી જાય. નિષ્ણાંતોનું કહેવું છે કે આ રસી તમારા શરીરને વાયરસ સામે લડવા માટે તૈયાર કરે છે. આનો અર્થ એ નથી કે વાયરસનું ટ્રાન્સમિશન બંધ થઈ જશે. કેટલાક લોકોમાં તે ગંભીર સ્થિતિમાં પણ જઈ શકે છે. આ કારણોસર, ડબ્લ્યુએચઓનો તમામ સરકારોને આગ્રહ છે કે માસ્ક પહેરવાનું બંધ ન કરાવે, સોશિયલ ડિસ્ટેંસિંગ જાળવી રાખે અને હાઈ-રિસ્કવાળા વિસ્તારોમાં જવાનું ટાળે.

ચાર સપ્તાહમાં ફાયર NOC મેળવવા કોવિડ હોસ્પિટલોને સુપ્રીમ કોર્ટનો આદેશ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

દેશભરમાં કોરોના વાયરસ સંક્રમણની સ્થિતિ પર સુપ્રીમ કોર્ટમાં સુનાવણી શુક્રવારે થઈ. આ દરમિયાન સુપ્રીમ કોર્ટે અનેક દિશા નિર્દેશ જાહેર કર્યા. કોર્ટ તરફથી જાહેર દિશા નિર્દેશોમાં કોવિડ હૉસ્પિટલો માટે આગામી ચાર સપ્તાહની અંદર ફાયર એનઓસી લેવા માટે કહેવામાં આવ્યું છે .કોર્ટે કહ્યું છે કે જે હૉસ્પિટલોએ ફાયર એનઓસી નથી લીધો તો તાત્કાલિક ચાર સપ્તાહની અંદર એનઓસી લઈ લે. કોર્ટે નિર્દેશ કર્યા છે કે જો ચાર સપ્તાહમાં હૉસ્પિટલ ફાયર એનઓસી ન લે તો તેની સામે રાજ્ય સરકાર કાર્યવાહી કરે. કોર્ટે કહ્યું કે, દરેક

રાજ્યને એક નોડલ અધિકારી નિયુક્ત કરવાનો રહેશે જે રિપોર્ટ રાજ્યને સોંપશે. કોર્ટે તમામ રાજ્યોને કોવિડ-૧૯ સમર્પિત હોસ્પિટલોમાં આગ સંબંધી સુરક્ષા તપાસ (ફાયર સેફ્ટી ઓડિટ) કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે તેની સાથે જ રાજ્યોને તમામ એસઓપી અને ગાઈડલાઈન પાલ કરવું પડશે. સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને દર મહિને કોવિડ-૧૯ દેખભાળ સુવિધાઓ સહિત તમામ હૉસ્પિટલોની ફાયર સેફ્ટી ઓડિટ કરાવવા માટે સમિતિઓની રચના કરવા માટે કહ્યું છે. સાથોસાથ એવું પણ કહ્યું છે કે રાજ્યને એક નોડલ અધિકારી નિયુક્ત કરવા જોઈએ જે હૉસ્પિટલોમાં આગથી સુરક્ષા માટે જવાબદાર હશે. કોર્ટે કહ્યું કે રાજ્યોમાં ચૂંટણી રેલીઓના સંબંધમાં ગાઈડલાઈનનું પાલન કરવાની જવાબદારી ચૂંટણી પંચની જ હશે. નોંધનીય છે કે રાજકોટમાં ઉદય શિવાનંદ કોવિડ હોસ્પિટલમાં આગ લાગતા ૬ દર્દીના મોત થયા હતા. આ બનાવની નોંધ સુપ્રીમ કોર્ટે સુઓમોટો નોંધ લીધી હતી અને કહ્યુ હતું કે, આ અત્યંત આઘાતજનક ઘટના છે, જવાબદાર સામે કાર્યવાહી થવી જોઈએ. સર્વોચ્ચ અદાલતે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું કે આ ઘટનાની ફક્ત તપાસ થાય અને તેનો અહેવાલ રજૂ કરવામાં આવે એટલા પૂરતું મર્યાદિત ન હોવું જોઈએ. ગુજરાત સરકારે આનો જવાબ આપવો પડશે અને જે જવાબદાર હોય તેની સામે કાર્યવાહી થવી જોઈએ. સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકાર પાસેથી પણ હૉસ્પિટલોની સુરક્ષાને લઈ જવાબ માંગ્યા હતા.

તૃણમૂલમાંથી ૨૪ કલાકમાં ચાર નેતાઓના રાજીનામા બાદ સ્પીકરનો વળાંક

પ્રક્રિયાગત ખામીને કારણે સુવેન્દુ અધિકારીનું રાજીનામું સ્પીકરે ફગાવ્યું, ૨૧ ડિસેમ્બરે ફરીથી મળવા કહેવાયું

(એજન્સી) કોલકાતા, તા.૧૮

બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શુક્રવારે પોતાના બે બીજા નેતાઓ ગુમાવ્યા હતા જેમાં ધારાસભ્યનો પણ સમાવેશ થાય છે. એક સિનિયર નેતા દ્વારા પદ છોડ્યા બાદ આ નવો ઘટનાક્રમ સામે આવ્યો છે. આગામી ચાર મહિનામાં રાજ્યમાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યારે તૃણમુલ ધારાસભ્ય શિલાભદ્ર દત્તા અને લઘુમતી સેલના નેતા કબિરૂલ ઈસ્લામે પાર્ટી છોડી છે. બીજા તરફ બંગાળના સ્પીકરે ગુરૂવારે રાજીનામું આપનારા વરિષ્ઠ નેતા સુવેન્દુ અધિકારીનું રાજીનામું સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે જે તૃણમુલા કોંગ્રેસની હતાશા દર્શાવે છે. સ્પીકર બિમન બેનરજીએ સુવેન્દુને સોમવારે મળવા કહ્યું છે અને જણાવ્યું હતું કે, પત્ર યોગ્ય ક્રમમાં નથી અને તેઓ આ પત્ર પ્રમાણિત છે કે અંગત છે તેનાથી સંતુષ્ટ નથી. સ્પીકર દ્વારા આ નિર્ણય બરાકપોરના ધારાસભ્ય શિલાભદ્રના રાજીનામા બાદ લેવાયો હતો. દત્તાએ આ પહેલાં પણ કેટલાક બળવાખોરો સાથે અસંતોષ દર્શાવ્યો હતો જેમાં ચૂંટણી નિષ્ણાત પ્રશાંત કિશોર સાથે ઉમેદવારોની પસંદગી મામલે મામલો બિચક્યો હતો. મુખ્યમંત્રીને તેમનું રાજીનામું ઈમેલ કર્યા બાદ દત્તાએ કહ્યું હતું કે, હું એક ધારાસભ્ય પદેથી શા માટે રાજીનામું આપું ? હું લોકોના મતોથી જીત્યો છું. જો હું જતો

રહું તો તેઓ ક્યાં જશે ? ગુરૂવારે સુવેન્દુના રાજીનામા બાદ તરત જ ધારાસભ્ય જીતેન્દ્ર તિવારીએ પણ પોતાનું રાજીનામું આપ્યું હતું. તિવારીના નજીકના ગણાતા અને સાઉથ બંગાળ સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને રાજ્યના ગ્રિવન્સીસ મોનિટરિંગ સેલના અધ્યક્ષ દિપતાન્શુ ચૌધરીએ પોતાના પદેથી રાજીનામું આપી દીધું હતું. તેમણે મમતા બેનરજી સાથે રાજ્યપાલને પોતાનું રાજીનામું આપી દીધું હતું. બાદમાં તેઓ તૃણમુલ છોડીને ભાજપમાં જોડાયા હતા. તૃણમુલમાં રાજીનામા પડવાની શરૂઆત અમિત શાહના બંગાળ પ્રવાસ પહેલાં થઈ છે. અનેક તૃણમુલ નેતાઓ અમિત શાહની હાજરીમાં ભાજપમાં જોડાવા માટે આગળ આવવાનું વિચારી રહ્યા હોવાનું દેખાય છે. મુકુલ રોયે ૨૦૧૭માં તૃણમુલ છોડીને ભાજપમાં જોડાયા હતા અને તેઓ પહેલાં મમતાના જમણા હાથ ગણાતા હતા, તેઓ નરાડા સ્ટિંગ ઓપરેશન અને શારદા કૌભાંડની તપાસનો સામનો કરી રહ્યા હતા અને હવે ભાજપમાં જોડાયા બાદ તેમની સામે તપાસ રોકી દેવાઈ છે.

સુપ્રીમ કોર્ટે ક્રિમિનલ કેસોમાં કોઈ પગલાં ન લેવાનું કહેતાં ભાજપ નેતાઓ માટે રાહત, બંગાળ સરકારને નોટિસ મોકલાઈ

(એજન્સી) કોલકાતા, તા.૧૮

સુપ્રીમ કોર્ટે ભાજપના નેતાઓને રાહત આપતા કહ્યું છે કે, આગામી સુનાવણી સુધી તેમની સામે કોઈ કાર્યવાહી કરવામાં ન આવે. નેતાઓ ટીએમસી અને બંગાળ સરકાર વિરૂદ્ધ પીછો કરવા અને બદલાની રાજનીતિનો આરોપ લગાવી સુપ્રીમ કોર્ટમાં ગયા હતા અને તેમની વિરૂદ્ધ નોંધાયેલા તમામ કેસોને ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી. સુપ્રીમમાં પહોંચીને કૈલાશ વિજયવર્ગીય, પવનસિંહ, સૌરવસિંહ, મુકુલ રોય અને કબિર શંકરે કહ્યું હતું કે, તમામ કેસોને ટ્રાન્સફર કરવામાં આવે અને સ્વતંત્ર એજન્સીને તપાસ સોંપવામાં આવે. અર્જુનસિંહે કહ્યું કે, ૨૦૧૯માં જ્યારે મેં ટીએમસી છોડીને ભાજપમાં જોડાયો ત્યારે આ ૬૪ કેસો દાખલ કરાયા હતા. તમામ તોફાનોના કેસ છે, હું સાંસદ છું. તેમની અરજીઓને સાંભળીને સુપ્રીમે નેતાઓને સુરક્ષા આપી છે અને બંગાળ સરકારને નોટિસ મોકલી છે.

અમિત શાહની મુલાકાત પહેલાં ભાજપે ‘મિશન બંગાળ’માં છ મંત્રી ઉતાર્યા

(એજન્સી) કોલકાતા, તા.૧૮

ગૃહમંત્રી અમિત શાહની બંગાળ મુલાકાત પહેલાં સંભવત પાંચ મહિના બાદ આવનારી વિધાનસભા ચૂંટણીઓ માટે ભાજપે રાજ્યના જુદા-જુદા ભાગોમાંથી છ મંત્રીઓને મેદાને ઉતાર્યા છે. આ મંત્રીઓને બંગાળ લોકસભાના વિવિધ સીટોમાથી ભાજપના અભિયાનનો કાર્યભાર સંભાળવા માટેનું કામ અપાયું છે. આ મંત્રીઓમાં ગજેન્દ્રસિંહ શેખાવત, અર્જુન મુંડા, પ્રહલાદ પટેલ, સંજીવ બાલિયાન, નિત્યાનંદ રાય અને મનસુખ માંડવિયાનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશના ડેપ્યુટી મુખ્યમંત્રી કેશવપ્રસાદ મૌર્ય અને મધ્યપ્રદેશના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રા પણ પોતાના મતવિસ્તારોમાંથી આવશે. પ્રહલાદ પટેલને છ લોકસભા વિસ્તારનો ચાર્જ અપાયો છે અને અન્ય પાંચને પાંચ લોકસભા વિસ્તારમાં કામ અપાયું છે.

રાજ્યએ દિલ્હીની બે વખત મુલાકાતનો ઈન્કાર કર્યા બાદ ગૃહમંત્રાલય બંગાળના અધિકારીઓ સાથે વીડિયો કોલથી વાત કરવા સહમત

(એજન્સી) કોલકાતા, તા.૧૮

પશ્ચિમ બંગાળ રાજ્ય દ્વારા પોતાના અધિકારીઓને બે વખત દિલ્હી મોકલવાનો ઈન્કાર કર્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રાલયે રાજ્યના વીડિયો કોલ દ્વારા વાત કરવાના પ્રસ્તાવનો સ્વીકાર્યો છે. ગૃહમંત્રાલયે ભાજપના અધ્યક્ષ જે.પી.નડ્ડાની કારના કાફલા પર હુમલા બાબતે ૧૪મી ડિસેમ્બરે બંગાળના મુખ્ય સચિવ અલાપન બેનરજી અને ડીજીપી વિરેન્દ્રને દિલ્હી બોલાવવા માટે સમન્સ પાઠવ્યા હતા. જો કે, અલાપન અને વિરેન્દ્રએ પોતાની અનિચ્છા દર્શાવી હતી. ગૃહ સચિવ અજય ભલ્લાને મોકલાયેલા સત્તાવાર પત્રમાં બંગાળના મુખ્ય સચિવે કહ્યું હતું કે, રાજ્ય સરકાર આ મુદ્દાને એકદમ ગંભીરતાથી પહેલાંથી જ જોઈ રહી છે. જો કે, ગૃહમંત્રાલયે તેમની દલીલો સાંભળવાનો ઈન્કાર કર્યો હતો અને નવી નોટિફિકેશન મોકલી હતી. જેમાં શુક્રવારે સાંજે ૫:૩૦ વાગે બંનેને દિલ્હી મોકલવાનો આદેશ અપાયો હતો.

‘લાગે છે કે દેશ વેચાણ પર છે’ CAGએ PM કેર્સ ફંડનું ઓડિટ કરવું જોઈએ : TMC

(એજન્સી) કોલકાતા, તા.૧૮

તૃણમૂલ કોંગ્રેસે માગણી કરી છે કે, આ વર્ષે માર્ચ મહિનામાં કેન્દ્ર સરકાર દ્વારા રચાયેલ પીએમ કેર્સ ફંડનું ઓડિટ CAG દ્વારા કરાવવું જોઈએ. ટીએમસીના લોકસભાના સાંસદ કાકોલી ઘોષે બીએસએનએલના કર્મચારીઓને છેલ્લા આઠ મહિનાઓથી પગારો નહીં ચૂકવવાના મુદ્દાને ઊઠાવતા કહ્યું કે, લાગે છે કે દેશ પોતે વેચાણ પર છે. અમે માગણી કરીએ છીએ કે, CAGએ પીએમ કેર્સ ફંડનું ઓડિટ કરવું જોઈએ. કેન્દ્ર સરકારે આ માટે જવાબ આપવો પડશે. જ્યારથી કોવિડ-૧૯નો સામનો કરવા લોકો પાસેથી યોગદાનની રકમો ભેગી કરવા પીએમ કેર્સ ફંડની રચના કરાઈ છે. ત્યારથી વિપક્ષોની માગણી છે કે, આ ફંડને આરટીઆઈના દાયરા હેઠળ લાવવામાં આવે અથવા જવાબદારી નિર્ધારિત કરવા એનું ઓડિટ CAG દ્વારા કરાવવામાં આવે. જો કે, સરકારે બંને માગણીઓ રદ્દ કરી છે. કાકોલી ઘોષે આક્ષેપો મૂક્યા કે ભાજપ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી ઉપર હુમલાઓ કરી રહ્યું છે. કારણ કે, તેઓ બંગાળ પહોંચી શકતા નથી. એમણે કહ્યું અમારો પક્ષ શિસ્તબદ્ધ પક્ષ છે અને જેઓ મમતા બેનરજીની નીતિઓમાં વિશ્વાસ ધરાવે છે તેઓ પક્ષ સાથે જ છે, જો ભાજપની રણનીતિ અમને ભયમાં મૂકવાની હોય તો તેઓ ભૂલ ભૂલૈયામાં છે. દેશનું ફેડરલ માળખું સંપૂર્ણપણે ભાંગી ગયું છે તેઓ રાજ્ય સરકારના અધિકારીઓને ધમકીઓ આપવા પ્રયાસો કરી રહ્યા છે. એમને પૂછાયું કે, ટીએમસીના અમુક ધારાસભ્યો ચૂંટણીના થોડા જ સમય પહેલાં પક્ષ છોડી જઈ રહ્યા છે. એના જવાબમાં એમણે કહ્યું કે, પક્ષમાં સફાઈ થઈ રહી છે. જેઓ મમતા સાથે હતા તેઓ અત્યારે પણ મમતા સાથે જ છે. લોકો એક પક્ષમાંથી બીજા પક્ષમાં જાય છે એમાં કોઈ નવી વાત નથી પણ એનાથી એમને કોઈ લાભ થવાનો નથી. જેઓ વિચારે છે કે તેઓ ભાજપમાં જોડાઈ તાત્કાલિક જીત મેળવશે, એમને હું યાદ કરાવવા માંગું છું કે, બંગાળ અનૈતિકતાને ક્યારેય સ્વીકારશે નહીં. લોકો એમનો સ્વીકાર કરશે જ નહીં.

હવે CPMના મહિલા ધારાસભ્યે કહ્યું : શનિવારે અમિત શાહની રેલીમાં ભાજપમાં જોડાશે

(એજન્સી) કોલકાતા, તા. ૧૮

ટીએમસીના અનેક નેતાઓ ભાજપમાં જોડાવાની અફવાઓ વચ્ચે સીપીએમના મહિલા ધારાસભ્યે જાહેરાત કરી હતી કે, તેઓ કેન્દ્રીય મંત્રી અમિત શાહની રેલી દરમિયાન ભાજપમાં જોડાશે. હલદિયામાંથી સીપીએમના ધારાસભ્ય તાપસી મોંડલે કહ્યું હતું કે, તેઓ પાર્ટીમાંથી માનસિક રીતે થાકી ગયા છે અને હવે ભાજપમાં જોડાશે. મોંડલે કહ્યું હતું કે, હું સીપીએમમાં અહીં માનસિક રીતે બરબાદ થઈ ગઈ છું. હું પાર્ટી સાથે તેના સૌથી મુશ્કેલ સમયમાં રહી પરંતુ પાર્ટી ગરીબો સુધી પહોંચી રહી નથી. સ્થાનિક સંગઠન પડી ભાંગ્યું છે. તેથી મને નથી લાગતું કે અમે આ પાર્ટીમાં રહીને લોકો માટે કામ કરી શકીએ. તેમણે કહ્યું હતું કે, તેઓ શનિવારે અમિત શાહની રેલીમાં ભાજપમાં જોડાશે. આ દરમિયાન સીપીએમે મોંડલને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા હતા. અમિત શાહ શુક્રવારે રાતે બે દિવસની પશ્ચિમ બંગાળની મુલાકાતે પહોંચ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળમાં આગામી પાંચ મહિનામાં વિધાનસભા ચૂંટણી યોજાય તેવી શક્યતા છે.

ટ્રિપલ તલાકનો કાયદો આગોતરા જામીનના અધિકારને રોકી શકે નહીં : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

એક નોંધપાત્ર ચુકાદામાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે, મુસ્લિમ વુમન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઓન મેરિજ) એક્ટ જેમાં છૂટાછેડા આપવા માટે ટ્રિપલ તલાકની જોગવાઈ રદ્દ કરવામાં આવી છે, એ કાયદા હેઠળ કોઈ વ્યક્તિના સક્ષમ કોર્ટમાંથી આગોતરા જામીન મેળવવાના અધિકારને છીનવી લેતો નથી.

જજ ડી.વાય.ચંદ્રચૂડની આગેવાની હેઠળની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો. આ કેસમાં એક વ્યક્તિની તરછોડાયેલ પત્નીએ એમની ઉપર ટ્રિપલ તલાક દ્વારા છૂટાછેડા આપી બીજા લગ્ન કરવાના આક્ષેપો મૂક્યા હતા જેથી આ વ્યક્તિ સામે આ કાયદાની કલમ ૪ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.

એ સાથે એમણે પોતાના પતિ અને એમની માતા ઉપર દહેજ માટે ત્રાસ આપવાના આક્ષેપો પણ મૂક્યા હતા. આ વ્યક્તિએ જણાવ્યું હતું કે, એમની પ્રથમ પત્ની એમને ત્રણ વર્ષ પહેલાં છોડી જતી રહી હતી. એમણે કહ્યું કે, ૬ મહિના પહેલાં એમણે મસ્જિદ કમિટી સમક્ષ ફરિયાદ નોંધાવી હતી પણ એમાં દહેજ અને ત્રાસના આક્ષેપો મૂક્યા ન હતા. જ્યારે મેં બીજા લગ્ન કર્યા, જે અમારા મુસ્લિમ ધર્મમાં માન્ય છે એ પછી મારી પહેલી પત્નીએ ટ્રિપલ તલાકના કાયદા હેઠળ અને આઈપીસીની કલમ ૪૯૮-એ હેઠળ કેસ દાખલ કર્યો. મેં પત્નીને ટ્રિપલ તલાક દ્વારા છૂટાછેડા આપ્યા નથી. એમણે કહ્યું કે, મારી માતાને પણ ખોટી રીતે આમાં જોડવામાં આવ્યા છે.

જજ ચંદ્રચૂડે કહ્યું કે, ટ્રિપલ તલાક વિરૂદ્ધના કાયદામાં આગોતરા જામીનની જોગવાઈની વિરૂદ્ધમાં જણાવેલ નથી જે રીતે એસ.સી./એસ.ટી. એક્ટમાં આગોતરા જામીન ઉપર સંપૂર્ણ પ્રતિબંધ છે. આ કાયદા હેઠળ આગોતરા જામીન માટે પ્રતિબંધ મૂકાયેલ નથી.

કર્ણાટક સરકારે શાળાના પાઠ્યપુસ્તકોમાંથી “બ્રાહ્મણોની લાગણીને દુભાવતી” સામગ્રી રદ્દ કરી

(એજન્સી) તા.૧૮

કર્ણાટકના બ્રાહ્મણ સમુદાયના કેટલાક વર્ગો દ્વારા શાળાના પાઠ્યપસ્તકોના અમુક ફકરાઓ સામે “ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા” બદલ વાંધો ઊઠાવ્યાના બે દિવસ બાદ રાજ્ય સરકારે ગુરૂવારે તેને રદ્દ કરી દેવાનો આદેશ આપ્યો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમંત્રી એસ. સુરેશકુમારે જાહેર સૂચનાના અધિક્ષક (સીપીઆઈ)ને છઠ્ઠા ધોરણના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોમાંથી કેટલાક ભાગો રદ્દ કરવા માટે પત્ર લખ્યો હતો. “નવા ધર્મોનો ઉદ્‌ભવ”ના શીર્ષક હેઠળ પાના નં.૮૨ અને ૮૩ પર જે ફકરાઓ દેખાય છે તે અસંગત છે અને આટલી નાની વયના બાળકો માટે યોગ્ય નથી. સીપીઆઈએ તાત્કાલિક આ અભ્યાસક્રમમાંથી આ ભાગો રદ્દ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા પગલાં ભરવા જોઈએ. કર્ણાટક રાજ્યના બ્રાહ્મણ વિકાસ મંડળના એક પ્રતિનિધિએ મંગળવારે સત્તાધીશો સમક્ષ આ મુદ્દો ઊઠાવ્યો હતો. તેઓએ પાઠ્યપુસ્તકના તે ફકરાઓને ગુનાહિત ગણાવ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે, “વૈદિક કાળમાં બ્રાહ્મણો દ્વારા કરવામાં આવેલા “હવન” દરમિયાન અગ્નિદેવને કૃષિ પ્રાણીઓના બલિદાન અને દૂધ અને ઘી અર્પણ કરવાના કારણે ખોરાકની અછત સર્જાઈ હતી. કુમારે આ વાતની પુષ્ટિ કરતા જણાવ્યું કે, મંત્રાલયા રાઘવેન્દ્ર સ્વામીજીએ મારી સાથે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આવા ફકરાઓથી બ્રાહ્મણ સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચે છે. કુમારે કર્ણાટક પાઠ્યપુસ્તકોની સોસાયટીને એક નિષ્ણાંત સમિતિની રચના કરવા સૂચનાઓ આપી જે ધો.૧થી ૧૦ સુધીની સામાજિક વિજ્ઞાન અને ભાષાના પુસ્તકોનું વિશ્લેષણ કરે અને આવી જટિલ સામગ્રીની સમીક્ષા કરે અને ૧૫ દિવસમાં એક અહેવાલ સુપરત કરે.

દેશમાં ૨૪ કલાકમાં કોરોનાના ૨૨,૮૯૦ નવા કેસ, ૩૩૮ દર્દીનાં મોત

સંક્રમિતોની સંખ્યા ૧ કરોડની નજીક, હાલમાં ૩,૧૩,૮૩૧ એક્ટિવ કેસો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસના નવા ૨૨,૮૯૦ કેસ નોંધાતા કુલ કેસલોડ ૯૯.૭૯ લાખ થયો છે.દરમિયાન કોરોનાથી રિકવર થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૯૫ લાખથી વધી ગઈ હતી. આરોગ્ય મંત્રાલયના ડેટા મુજબ છેલ્લા એક દિવસમાં વધુ ૩૩૮ દર્દીનાં મોત થતા કુલ મૃત્યુઆંક ૧,૪૪,૭૮૯ થયો હતો.

સરકારના ડેટા મુજબ છેલ્લા ઘણા સમયથી કોરોનાના કેસોમાં ઘટાડો નોંધાયો છે. કુલ કેસ ૨૩,૦૦૦થી નીચે રહે છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ પોઝિટિવ કેસનો આંક ૯૯,૭૯,૪૪૭ થયો છે. રિકવરી રેટ વધીને ૯૫.૪૦ થયો છે તેમજ મૃત્યુદર ૧.૪૫ ટકા નોંધાયો છે. સળંગ ૧૨માં દિવસે કોરોનાના સક્રિય કેસો ચાર લાખથી નીચે રહ્યા છે.

દેશમાં કોરોનાના કુલ સક્રિય કેસો ૩,૧૩,૮૩૧ રહ્યા છે જે કુલ કેસલોડના ૩.૧૪ ટકા થાય છે. આઈસીએમઆરના મતે દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૧૫,૮૯,૧૮,૬૪૬ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગઈકાલે દેશમાં ૧૧,૧૩,૪૦૬ કોરોના સેમ્પલ ટેસ્ટ થયા હતા. વધુ ૩૩૮ દર્દીનાં મોત થયા છે જે પૈકી મહારાષ્ટ્રમાં ૬૫, પશ્ચિમ બંગાળમાં ૪૪, દિલ્હીમાં ૩૫ અને કેરળમાં ૨૭ દર્દીનાં મોત થયા હતા.

૬૦ વર્ષના વૃદ્ધ ૧૦૦૦ કિલોમીટર સાઈકલ ચલાવી ખેડૂત આંદોલનને સમર્થન આપવા દિલ્હી પહોંચ્યા

(એજન્સી) તા.૧૮

ત્રણ નવા કૃષિ કાયદાની વિરૂદ્ધ ભારતના ખેડૂતોમાં આક્રોશ વધતો જ જઈ રહ્યો છે. પાછલા ૨૦થી વધુ દિવસોથી દિલ્હી બોર્ડર પર ખેડૂતોનું આંદોલન જારી છે. સમાચાર મુજબ આ આંદોલનની શરૂઆત પહેલા પંજાબ, હરિયાણા અને પશ્ચિમી ઉત્તરપ્રદેશના ખેડૂતોએ કરી હતી. પરંતુ હવે દેશના અન્ય ભાગોમાંથી અહિં ખેડૂત આંદોલનકારી ખેડૂતોના સમર્થનમાં પહોંચી રહ્યા છે. આ જ કડીમાં ખેડૂતોને સમર્થન આપવા માટે બિહારના સિવાન જિલ્લાના એક વૃદ્ધ સાઈકલ ચલાવીને દિલ્હી પહોંચ્યા છે. કૃષિ બિલને પરત કરવા કિસાન સત્યેન્દ્ર માંગી બિહારના સિવાન જિલ્લાના રહેવાસી છે. તે ૧૧ દિવસ સુધી સતત સાઈકલ ચલાવીને ટીકરી બોર્ડર પર ચાલી રહેલા ખેડૂત આંદોલનમાં ભાગ લેવા પહોંચ્યા તેમણે કેન્દ્રની મોદી સરકારને માંગ કરી છે કે સરકાર ખેડૂતોના હિતમાં આ કાયદાઓને પરત લઈ લે. ટીકરી પહોંચતા તેમણે જણાવ્યું કે, સિવાનથી અહિં સુધી આવવામાં મને



૧૧ દિવસ લાગ્યા છે. હું સરકારને આપીલ કરૂ છુ કે તે કૃષિ કાયદો પરત લઈ લે. જણાવી દઈએ કે કૃષિ કાયદા પર વિવાદ સુપ્રીમકોર્ટ પહોંચી ગયો છે. કોર્ટે જણાવ્યું છે કે સરકાર અને ખેડૂતોની વચ્ચે વાતચીત થવી જરૂરી છે. ખેડૂતો અને કેન્દ્ર સરકારની વચ્ચે અથડામણ સતત લાંબી ખેંચાતી જઈ રહી છે. વડાપ્રધાન મોદી પણ તેને પરત લેવાના મુદ્દા પર મૌન છે અને તેના લાભ બતાવી રહ્યા છે, જ્યારે હૃદય કંપાવી દેતી ઠંડીમાં આંદોલન કરી રહેલા ખેડૂત સરકારને કહી રહ્યા છે કે બિલ સારૂ હોય તો પણ અમને જોઈતું નથી. જો બિલ સારૂ હોત તો અમે ખેડૂત આંદોલન કેમ કરતા ?

મુંબઈની ગોવંડી ઝૂંપડપટ્ટીના છ વિદ્યાર્થીઓએ મેડિકલની પ્રવેશ પરીક્ષા પાસ કરી

ઝેબાખાન અને સૈફ આસીફ બાળપણથી પોતાના સ્વપ્નને પૂરા કરવામાં લાગી ગયા હતા

(એજન્સી) મુંબઈ, તા. ૧૮

મુંબઈના છ વિદ્યાર્થીઓએ બધી મુશ્કેલીઓ અને અડચણોને પાર કરી આ વર્ષે નીટ-૨૦૨૦ની પરીક્ષા પાસ કરવાની સફળતા મેળવી છે. જે વિદ્યાર્થીઓ પોતાના સ્વપ્ન પૂરા કરવા માંગે છે એમના માટે મુંબઈની ગોવંડી ઝૂંપડપટ્ટીમાં રહેતા આ છ લોકોએ એક ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. મુંબઈની ગોવંડી ઝૂંપડપટ્ટી ડ્રગ અને ક્રાઈમ માટે પ્રખ્યાત છે. પરંતુ આ વખતે આ વિસ્તારની ચર્ચા તેમની સફળતાને લઈ કરવામાં આવી રહી છે. નીટની પરીક્ષા પાસ કરનારી ઝેબાખાને કહ્યું કે, મેં કોરોના મહામારી દરમ્યાન ડૉક્ટરોની અછતને ધ્યાનમાં રાખતા નીટની પરીક્ષાને પાસ કરવાનો સંકલ્પ કર્યો હતો. ઝેબાના પિતા પણ ડૉક્ટર છે, ઝેબાએ જણાવ્યું કે, તેઓ બાળપણથી પોતાના પિતાની જેમ ડૉક્ટર બનવા માંગતી હતી. હુ મારા પિતાને જરૂરી લોકોને મદદ કરતા જોતા મોટી થઈ છું. જો કે, નીટની પરીક્ષામાં પાસ થવું આસાન નથી. પ્રોપર અભ્યાસ અને પ્લાનિંગની મદદથી આ પરીક્ષા પાસ કરવામાં સફળતા મળી છે. કોરોના મહામારી સંકટમાં ડૉક્ટરોની અછતની અસર આપણે બધાએ જોઈ છે.

વધુ એક વિદ્યાર્થી સૈફ આસીફ જોગ્લે જેના પિતા કેટરિંગનું કામ કરે છે તેણે નીટની પરીક્ષામાં ૭૨૦માંથી ૫૯૧ માર્કસ મેળવ્યા છે. સૈફે જણાવ્યું કે, મારા બાળપણ દરમ્યાન માતા-પિતાને સારવાર માટે આર્થિક પરિસ્થિતિનો સામનો કરતા જોયા છે. જેથી મેં તેમના માટે કામ કરવાનો નિર્ણય લીધો મેં મારા મિત્રનું મંડળ ઓછું કરી નાંખ્યુ જેથી હું મારી પરીક્ષા માટે ફોકસ કરી શકું.આર્થિક રીતે નબળા લોકો કઈ રીતે સારવાર માટે મુશ્કેલીઓનો સામનો કરે છે જોઈને મેં ડૉક્ટર બનવાનો સંકલ્પ લીધો. સૈફે કહ્યું કે, મારા માતા-પિતાએ મને ખૂબ જ સપોર્ટ કર્યો. ગોવંડી ઘણા ખરાબ કામો માટે જાણીતી છે પણ મેં મારી જાતને આનાથી દૂર રાખી. મેં ખૂબ જ ઓછા મિત્રો બનાવ્યા જેથી હું મારા અભ્યાસમાં ફોકસ રાખી શકું, તે જ સમયે, ગોવંડીમાં ડૉક્ટરોની સ્થાનિક મંડળની સ્થાપના કરનાર ડૉ.જાહિદખાને કહ્યું કે, વિસ્તારની ખરાબ ઈમેજને કારણે ઘણા ડૉક્ટરો અહીં આવવાથી ડરતા હોય છે. તેથી, અમે અમારા બાળકોને અહીં માત્ર ડૉક્ટરો જ નહીં, પણ એન્જિનિયરો, વકીલો વગેરે બનવા પ્રેરણા આપવાનું નક્કી કર્યું છે. અમારૂં એસોસિએશન દર વર્ષે એક ફંક્શનનું આયોજન કરે છે, જ્યાં આપણે માતા-પિતાને શિક્ષિત કરીએ છીએ અને ઉચ્ચ શાળામાં સારા ગુણ મેળવતા વિદ્યાર્થીઓનું સન્માન પણ કરીએ છીએ.

અર્નબ ગોસ્વામીના CEOને કસ્ટડીમાં લીધા બાદ TRP કૌભાંડમાં મુંબઈ પોલીસે ટીવી રેટિંગ એજન્સી બાર્કના પૂર્વ COOની ધરપકડ કરી

(એજન્સી) મુંબઈ,તા.૧૮

કથિત ટીઆરપી (ટેલીવિઝન રેટિંગ પોઈન્ટ) કૌભાંડમાં મુંબઈ પોલીસે બ્રોડકાસ્ટ ઓડિયન્સ રિસર્ચ કાઉન્સિલ (બાર્ક)ના પૂર્વ મુખ્ય સીઓઓ(ચીફ ઓપરેટિંગ ઓફિસર)ની ગુરુવારે ધરપકડ કરી હતી. એક અધિકારીએ જણાવ્યું કે, ટીઆરપી મામલે તપાસ કરી રહેલી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાર્કના પૂર્વ સીઓઓ રોમિલ રામગઢિયાની બપોરે ધરપકડ કરી લીધી છે. ટીઆરપી કૌભાંડ કેસમાં આ ૧૪મી ધરપકડ છે. પોલીસ અધિકારીએ કહ્યું કે, “ તપાસ દરમિયાન આ મામલે રાગગઢિયાની કથિત સંડોવણી હોવાનું સામે આવ્યું છે, તેના બાદ તેની ધરપકડ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, રામગઢિયાને એક સ્થાનિક કોર્ટમાં રજુ કરાશે.” આ પહેલા પોલીસે રિપબ્લિક મીડિયા નેટવર્કના સીઈઓ વિકાસ ખાનચંદાનીની ટીઆરીપ કૌભાંડ મામલે રવિવારે ધરપકડ કરી હતી. જો કે, એક કોર્ટે બુધવારે તેને જામની આપી દીધા છે.

ઉલ્લેખનીય છે કે, બાર્ક દ્વારા હંસા રિસર્ચ એજેન્સીના માધ્યમથી કેટલીક ચેનલો વિરૂદ્ધ ટીઆરીપમાં ચેડા કરવાની ફરિયાદ કરવામાં આવી હતી. તેના બાદ પોલીસે આ કથિત કૌભાંડની તપાસ શરૂ કરી હતી.

કેન્દ્રએ ૨૮ હજાર કરોડની કિંમતના સૈન્ય હથિયારોનાં સંપાદનને મંજૂરી આપી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ભારતીય સેના હવે વધુ તાકાતવર થવાની છે. કારણ કે રક્ષા મંત્રાલયે સેનાને ત્રણે અંગો માટે ૨૮૦૦૦ કરોડ રૂપિયાની કિંમતથી હથિયાર અને સૈન્ય ઉપકરણોની ખરીદીના સોદાને પોતાની મંજૂરી આપી દીધી છે. ગુરૂવારે અધિકારીઓએ આ વિશે જાણકારી આપી. આ ખરીદીને એવા સમયે મંજૂરી આપવામાં આવી છે જ્યારે ભારત અને ચીન વચ્ચે, પૂર્વી લદ્દાખમાં સરહદ પર લાંબા સમયથી ગતિરોધ ચાલી રહ્યો છે. અધિકારીઓએ જણાવ્યું કે, મંજૂર કરવામાં આવેલા લગભગ તમામ હથિયારો અને સૈન્ય ઉપકરણોની ઘરેલૂ ઉદ્યોગોમાંથી ખરીદી કરવામાં આવશે. રક્ષા મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું કે રક્ષા મંત્રી રાજનાથ સિંહના નેતૃત્વમાં રક્ષા ખરીદ પરિષદ (ડીએસી)એ ઘરેલુ ઉદ્યોગોમાંથી ૨૭૦૦૦ કરોડ રૂપિયાના ખરીદ પ્રસ્તાવોને મંજૂરી આપી છે. અધિકારીઓએ જણાવ્યું કે રક્ષા મંત્રાલયની ખરીદી પર નિર્ણય લેનારી સર્વોચ્ચ એકમ ડીએસીએ ખરીદીના કુલ સાત પ્રસ્તાવોને મંજૂરી આપી. મંત્રાલયે કહ્યું કે ૨૮૦૦૦ કરોડ રૂપિયાના સાત પ્રસ્તાવોમાંથી છ પ્રસ્તાવ ૨૭૦૦૦ કરોડ રૂપિયાના છે. આ અંતર્ગત ‘મેક ઈન ઈન્ડિયા’ અને ‘આત્મનિર્ભર ભારત’ અભિયાનને પ્રોત્સાહન આપવા માટે ભારતીય ઉદ્યોગોને એઓએન (સ્વીકાર્યતા મંજૂરી) આપવામાં આવશે. ખરીદ પ્રસ્તાવોમાં ડીઆરડીઓ દ્વારા તૈયાર વાયુ સેના માટે પૂર્વ ચેતવણી પ્રણાલી (હવાઈ જહાજોની હાજરી વિશે), નૌસેના માટે આગલી પેઢીઓના પેટ્રોલિંગ જહાજ અને થલ સેના માટે મૉડ્યૂલર બ્રિગેડ સામેલ છે.

ક્લોરેક્સિડાઈન માઉથવોશથી ૩૦ સેકન્ડમાં સમાપ્ત થશે કોરોના વાયરસ : અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો

(એજન્સી) તા.૧૮

એક પ્રાથમિક પ્રયોગશાળા આધારિત શોધ અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો કે કલોરેક્સિડાઈન માઉથવોશ માત્ર ૩૦ સેકન્ડની અંદર કોરોનાને મારી શકે છે. સમાચાર મુજબ સીએસઆઈઆર ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીના સહયોગથી ડો. એચએસજે ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેન્ટલ સાઈન્સ દ્વારા પંજાબ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવામાં આવ્યો હતો. કલોરેક્સિડાઈન માઉથવોશ અભ્યાસમાં સામેલ સંશોધનકર્તાઓએ જોયુ કે ૦.૨ ટકા એકાગ્રતામાં માઉથવોશ માત્ર ૩૦ સેકન્ડમાં ૯૯.૯ ટકાથી વધુ કોરોના વાયરસને મારી શકે છે. ડો. એચએસજે ઈન્સ્ટીટ્યુટ ઓફ ડેન્ટલ સાઈન્સના ડો. આશિષ જૈન જે અભ્યાસના લેખક પણ છે, તેમણે જણાવ્યું કે આ પ્રયોગશાળા અભ્યાસોથી પ્રારંભિક પરિણામ છે. નૈદાનિક અભ્યાસની જરૂરત છે. તે ઉપરાંત હૈદરાબાદ સ્થિત ફાર્મા પ્રમુખ ડો. રેડ્ડીજ લેબોરેટરીજ અને પંજાબ યુનિવર્સિટીમાં ડીઝાઈન ઈનોવેશન સેન્ટરે ક્લોરેક્સિડાઈન એક અસરકારક કોરોના માઉથવોશ શિર્ષકથી અભ્યાસનું સમર્થન કર્યું. માઉથવોશ વાયરસથી પીડિત હોવાની સંભાવનાને ઘટાડી શકે છે. કારણ કે કેટલાક અભ્યાસોએ જણાવ્યું છે કે કોરોના વાયરસ મોખિક અને નાક ગુનામાં ઉપનિવેશ કરે છે.

ગૃહ મંત્રાલયે નવા નિયમો તાત્કાલિક અસરથી અમલી બનાવ્યા

પ્રાઈવેટ સિક્યુરિટી ગાર્ડે ૨૦ દિવસની ટ્રેનિંગ લેવી પડશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

તમામ ખાનગી સિક્યુરિટી ગાર્ડ્સને ઓછામાં ઓછા ૨૦ દિવસ ટ્રેનિંગ લેવાની રહેશે. આ ટ્રેનિંગમાં ભીડ પર અંકુશ, આગ પર નિયંત્રણ અને આઈઈડી ઓળખવાની તાલીમ આપવામાં આવશે. જ્યારે પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સીઓના માલિકોને ઈન્ટરનલ સિક્યુરિટી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની છ દિવસની ટ્રેનિંગ લેવાની રહેશે. ગૃહ મંત્રાલયે એક નોટિસફિકેશનમાં જણાવ્યું છે કે આ નવા નિયમો તાત્કાલિક અસરથી અમલમાં મૂકવાના રહેશે.

ગૃહ મંત્રાલયે વધુમાં જણાવ્યું છે કે પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સી(રેગ્યુલેશન) એક્ટ, ૨૦૦૫ની કલમ ૨૪ હેઠળ આ નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે. ગૃહ મંત્રાલયે આ નવા નિયમોને પ્રાઈવેટ સિક્યુરિટી એજન્સી સેન્ટ્રલ મોડેલ રૂલ્સ નામ આપ્યું છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું છે કે પ્રાઈવેટ સિક્યુરિટી ગાર્ડની એન્ટ્રી લેવલની ટ્રેનિંગ ઓછામાં ઓછા ૨૦ દિવસની રહેશે. જેમાં ૧૦૦ કલાક કલાસરૂમમાં ટ્રેનિંગ અને ૬૦ દિવસ ફિલ્ડ ટ્રેનિંગ આપવામાં આવશે. એક્સ સર્વિસમેન અને પોલીસના પૂર્વ કર્મચારીઓને ઓછામાં ઓછા સાત દિવસની ટ્રેનિંગ લેવાની રહેશે. જેમાં ૨૦ કલાક કલાસરૂમની ટ્રેનિંગ અને ૧૬ કલાક ફિલ્ડ ટ્રેનિંગના રહેશે.

તાલીમમાં ફિઝિકલ ટ્રેનિંગ, ફિઝિકલ સિક્યુરિટી, મિલકતોની સુરક્ષા, બિલ્ડીંગ અને એપાર્ટમેન્ટની સુરક્ષા, પર્સનલ સિક્યુરિટી, હાઉસહોલ્ડ સિક્યુરિટી, ફાયર ફાઈટિંગ, ભીડ પર અંકુશ, આઈડી કાર્ડ, પાસપોર્ટ અને સ્માર્ટ કાર્ડ સહિતના ઓળખના દસ્તાવેજોની ચકાસણી શીખવવામાં આવશે. નવા નિયમ મુજબ પ્રાઈવેટ સિક્યુરિટી ગાર્ડને અંગ્રેજી આલ્ફાબેટ તેમજ અંકો વાંચતા અને સમજતા આવડવું જોઈએ કારણકે મોટા ભાગના આઈ કાર્ડમાં નામ અને નંબર અંગ્રેજીમાં હોય છે.

કાશ્મીરની કોર્ટે કેદીઓના પરિજનોને કોર્ટની પરવાનગી વિના એમને મળવા મંજૂરી આપી

(એજન્સી) શ્રીનગર, તા.૧૮

કાશ્મીરની સ્થાનિક કોર્ટે કહ્યું છે કે, કેદીઓ સાથે મળવા ઈચ્છતા પરિજનોએ કોર્ટમાંથી પરવાનગી લેવાની કોઈ જરૂર નથી. આના લીધે કોર્ટ ઉપર કારણ વિનાનો બોજો પડી રહ્યો છે જે કોર્ટો પહેલેથી જ વધુ પડતા કેસોથી ભરાયેલ છે. કોવિડ-૧૯ના પ્રતિબંધોને ધ્યાનમાં રાખી જેલ સત્તાવાળાઓ કેદીઓના પરિજનોને એમની સાથે મુલાકાતની પરવાનગી નથી આપી રહ્યા અને એ માટે એમને કોર્ટમાંથી પરવાનગી મેળવવા કહે છે. શ્રીનગરની ટાડા, પોટાના વધારાના સ્પે. જજની કોર્ટે જેલના ડીજીને નિર્દેશો આપ્યા હતા કે, કેદીઓના પરિજનોને વિવિધ જેલોમાં રહેલ કેદીઓ સાથે મળવાની પરવાનગી મેળવવા કોર્ટમાં નહીં મોકલવામાં આવે.

કોર્ટે કહ્યું કે, કોર્ટમાંથી મંજૂરી મેળવવાની કોઈ જરૂર નથી. જેલ અધિકારીએ સરકાર દ્વારા વખતો વખત જાહેર કરાયેલ કોવિડની એસઓપીનું અમલ કરી પરિજનોને જેલના નિયમો મુજબ મળવા પરવાનગી આપી શકે છે. કોર્ટે કહ્યું કે, બિનજરૂરી અરજીઓ કોર્ટમાં આ માટે દાખલ કરવામાં આવે છે. કોર્ટે કહ્યું કે, આ બિનજરૂરી બોજો કોર્ટો પર પડી રહ્યો છે જે પહેલેથી જ કેસોના ભાર હેઠળ દબાયેલ છે. એ માટે કાચાકામના અને જેલવાસ ભોગવી રહેલ દોષિત કેદીઓના પરિજનોને મુલાકાત માટે પરવાનગી જેલ સત્તાવાળાઓ આપી શકશે. વકીલોએ કહ્યું કે, કેદીઓ સાથે મળવા માટે એમના પરિજનો દ્વારા લગભગ રોજની ત્રણ અરજીઓ કોર્ટમાં દાખલ થાય છે.

રાજ્યના મદ્રેસાઓને નિયમિત શાળાઓમાં રૂપાંતરિત કરવાના આસામના નિર્ણયને જમિયત ઉલમા કાયદેસર લડત આપશે

(એજન્સી) તા.૧૮

આસામ રાજ્યની જમિયત ઉલમાએ ૨૦૨૧-૨૨ના શૈક્ષણિક સત્રથી સરકાર દ્વારા સંચાલિત તમામ મદ્રેસાઓને નિયમિત શાળામાં રૂપાંતરિત કરવાના ડીસપુરના નિર્ણયને કાયદેસર પડકાર આપવાનો નિર્ણય કર્યો છે. રાજ્યની જમિયત દ્વારા આ નિર્ણય મંગળવારે અહીં ગારીગાંવ મદ્રેસા ખાતે યોજાયેલી ચાર કલાકની બેઠક દરમિયાન લેવામાં આવ્યો હતો. શિક્ષણમંત્રી હેમાંતા બિશ્વા શર્માએ સોમવારે જાહેરાત કરી હતી કે, ૧ એપ્રિલ, ૨૦૨૧થી

સરકાર સંચાલિત મદ્રેસાઓ અને ધર્મશાસ્ત્રના અભ્યાસક્રમોમાંથી "મદ્રેસા" શબ્દને કાઢી નાખવામાં આવશે. ૨૦૨૨થી અસરગ્રસ્ત કોઈપણ ઉચ્ચ મદ્રેસામાં પરીક્ષા લેવાશે નહીં. ઉચ્ચ મદ્રેસાઓ, ઉચ્ચ શાળાઓની સમકક્ષ છે અને આસામના માધ્યમિક શિક્ષણ બોર્ડ હેઠળ છે. રાજ્યની જમિયતના સામાન્ય સચિવ હાફિઝ બશીર કાસીમીએ સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે, જો સરકાર વટહુકમ અથવા કોઈ નવો અધિનિયમ લાવશે તો તેઓ સરકારના નિર્ણયને પડકારશે. તે જ સમયે અમે સરકારને મદ્રેસા શિક્ષણને બંધ કરવાને બદલે તેને આધુનિક બનાવવા માટે પણ વિનંતી કરીશું. સરકારના નિર્ણયના ભાગરૂપે, આસામ રાજ્યના મદ્રેસા શિક્ષણ બોર્ડ હેઠળના મદ્રેસાઓને બોર્ડ સહિત ૨૦૨૧-૨૨ની પરીક્ષાઓના પરિણામોની જાહેરાત પછી વિસર્જિત કરવામાં આવશે. જો કે, રાજ્ય સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે, તેના નિર્ણયનો ખાનગી મદ્રેસાઓ પર કોઈ અસર નહીં પડે જે તેમની પ્રવૃત્તિઓ આગળ ધપાવી શકે છે.

કોરોનાની સારવાર માટે ઉપયોગમાં લેવાતા સ્ટીરોઈડથી અમુક દર્દીઓને ફંગલ ચેપ થઈ શકે છે

(એજન્સી)

હૈદરાબાદ, તા.૧૮

કોરોનાની સારવાર માટે ઉપયોગમાં લેવાતા સ્ટીરોઈડ દર્દીઓમાં આડઅસરો કરી શકે છે, જે ફંગલ ચેપ સુધી દોરી શકે છે. આનું કારણ એ છે કે, કોવિડ-૧૯માંથી સજા થયેલ દર્દીઓ વધુ પ્રમાણમાં રોગપ્રતિકારક-સમાધાન ધારણ કરી લે છે. હજુ સુધી ૫૦ દર્દીઓએ ફંગલ ચેપની ફરિયાદ કરી છે કે, આ દર્દીઓને ફંગલ ચેપની અસર બીમારીના મધ્યમાં અથવા અંતિમ તબક્કામાં જોવા મળી છે. આના માટે કોવિડ-૧૯ની સારવાર માટે ઉપયોગમાં લેવાતા સ્ટીરોઈડ પણ એક કારણ હોવાનું તબીબો કહી રહ્યા છે. જો કે, આ પ્રકારનું ચેપ એવા દર્દીઓમાં પણ જોવાય છે જેઓ યકૃત અથવા કિડનીના નિરૂપણ પ્રક્રિયાથી

પસાર થયા હોય અને એ માટે એમને અગાઉથી ચેતવણી પણ આપવામાં આવે છે. કોવિડ-૧૯માંથી સાજા થયેલ દર્દીઓમાં ફંગલ ચેપ એવા દર્દીઓમાં વધુ જોવાયું છે જેઓ નાક, કાન, ગળા, કિડની, ડાયાબિટીસ, સાયનસ, અને દાંતની બીમારીઓથી પીડાય છે. એઇનટી સર્જને જણાવ્યું કે, એમણે છેલ્લા ૧૫ દિવસોમાં ૧૦ દર્દીઓ ફંગલ ચેપ ધરાવતા જોયા છે. આ બધા કોવિડમાંથી સાજા થયેલ હતા. ફંગલ ચેપ શરીરના જુદા-જુદા અંગોમાં જોવા મળે છે જેમ કે આંખ, મસ્તિષ્ક અને હાડકાઓ, આ ચિંતાજનક બાબત છે. કારણ કે, આનાથી કાયમી અંધાપો આવી શકે છે અને અંગોને નુકસાન થઈ શકે છે. જેઓ કોવિડમાંથી સાજા થયા છે એમણે તકેદારી રાખવાની જરૂર છે.

અબ્દુર રહીમ ખાન-એ-ખાનાનો મકબરો ફરી સ્થાપિત કરાયો, મુલાકાતીઓ માટે ખુલ્લો મૂકાયો

(એજન્સી) નવી દિલ્હી,તા.૧૮

અબ્દુર રહીમ ખાને ખાના (૧૫૫૬-૧૬૨૭)નો મકબરો જેને અકબરના નવરત્નોના રહીમ નામથી ઓળખવામાં આવે છે, અને એક સૈન્ય નેતા, જે આજથી મહેમાનોના આગમનોનું કામ પુરૂં કરી રહ્યા છે. ખાન ટ્રસ્ટ ફોર કલ્ચર અને ઈન્ટરગ્લોબ ફાઉન્ડેશન આ કબ્ર રાષ્ટ્રીય રાજધાનીના નિઝામુદ્દીન ક્ષેત્રમાં ૧૬મી શતાબ્દિના મધ્યયુગના સ્મારકોની એક ટુકડીની અંદર છે. સંરક્ષણ યોજના ૨૦૧૪માં શરૂ થઈ અને તેમાં રહીમનો વારસો અને કવિતાનું એક સાંસ્કૃતિક પુનઃદ્વાર સામેલ હતું. કેન્દ્રીય પર્યટન અને સંસ્કૃતિ રાજય મંત્રી પ્રસાદસિંહ પટેલ, રહીમની જયંતી ૧૭ ડિસેમ્બરે રહીમના મકબરાના સમાપન સમારોહની અધ્યક્ષતા કરવાના છે. મુગલ વાસ્તુકળાની અભિવ્યકિત, રહીમના મકબરાએ તાજમહેલ માટે ડીઝાઈનની માહિતી આપી. લાલ બલુઆ પથ્થર અને સંગેમરમરમાં સમાધિ, મકબરાના આંતરિક સણગાર પ્લાસ્ટરની સાથે શણગારવામાં આવ્યો છે, આ ઉચ્ચ પુરાતાત્વિક મહત્વના ક્ષેત્રની અંદર હુમાયુના મકબરાની વિશ્વ ધરોહર સ્થળના બહાર ઝોનના કિનારે સ્થિત છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ સ્મારકનું સંરક્ષક છે. રતિશ નંદા, સીઈઓ, આગાખાન ટ્રસ્ટ ફોર કલ્ચરે જણાવ્યું કે, રહીમના મકબરા પર સંરક્ષણ એક જાહેર ખાનગી ભાગીદારીથી સંભવ થઈ શકયું છે. ના માત્ર પોસ્ટર માટે એક મહત્વપૂર્ણ સ્મારકને સંરક્ષિત કરવામાં આવ્યું છે, પરંતુ સાંસ્કૃતિક આઈકન, રહીમના આરામ સ્થળે ગરિમાને સ્થાપીત કરી છે. ભારતીય સંદર્ભમાં સંરક્ષણ શિલ્પ પરંપરાઓના નિર્માણના હજારો વર્ષોથી લાભ ઉઠાવી શકે છે અમે એક અંતઃવિષય



વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ માટે મદદ થઈ શકે છે. ૧૭૫૦૦૦ શિલ્પ દિવસોના કામે આ ભવ્યતાને સ્થાપિત કરવામાં મદદ કરી છે. રહીમના સાહિત્યિક કાર્યોને પ્રસારિત કરવા માટે ૨૦૧૭માં ત્રણ દિવસીય સંગીત સમારોહ પણ આયોજીત કરવામાં આવ્યો હતો. જેમાં સંગીતમય ગાયનનું સંગમ, રહીમના બહુમુખી વ્યકિતત્વ પર વિદ્વાનોની ચર્ચા અને એક જાણકારીપૂર્ણ પ્રદર્શની હતી.

હાથરસ પીડિતા પર આરોપીઓ દ્વારા સામૂહિક બળાત્કાર અને હત્યા કરાઈ હતી : CBI ચાર્જશીટ

(એજન્સી) તા.૧૮

સીબીઆઈએ શુક્રવારે, હાથરસમાં ૧૯ વર્ષીય દલિત યુવતી પર સામૂહિક બળાત્કાર અને હત્યાના કેસમાં ચાર આરોપીઓ સામે ચાર્જશીટ ફાઈલ કરી હતી, એજન્સીએ ચારેય આરોપીઓ સામે ગેંગરેપ અને હત્યાના આરોપો મુકયા હતા જેને હાથરસની સ્થાનિક અદાલતે ધ્યાનમાં લીધુ છે. એમ આરોપીના વકીલોએ કોર્ટની બહાર પત્રકારોને જણાવ્યું હતું. આ ચારેય આરોપીઓ ઉચ્ચ જાતિના સમુદાયના શખ્સો છે. જેમણે ૧૪ સપ્ટેમ્બરે દલિત પીડિતા પર સામૂહિક બળાત્કાર ગુજાર્યો હતો, ત્યાર બાદ

દિલ્હીની એક હોસ્પિટલમાં ઈજાઓના કારણે તેણીનું મોત નીપજયું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે સીબીઆઈએ આરોપીઓની ભૂમિકા વિશે તપાસ કરી છે, અને ગાંધીનગરમાં એફએસએલ ખાતે તેમના પર જુદા જુદા ફોરેન્સિક પરીક્ષણો પણ કરવામાં આવ્યા હતા. યોગી સરકારને આ કેસ માટે ઘણો વિરોધનો સામનો કરવો પડયો હતો, જે ત્યાર પછી સીબીઆઈને સોંપવામાં આવ્યો હતો. સીબીઆઈએ આ ઘટનાની તપાસ માટે એક ટીમ બનાવી હતી અને તપાસને તેની ગાઝિયાબાદ યુનિટને સોંપી હતી.

જો ભારતે કોવિડ-૧૯ને સારી રીતે સંભાળ્યું છે, તો કેન્દ્રએ સંસદનું શિયાળુ સત્ર કેમ રદ કર્યું ?

મોટો વિરોધ પેદા કરનારા કૃષિ કાયદાઓમાં સૂચિત સુધારા અંગે ચર્ચા કરવા માટે લોકસભાથી વધુ સારૂં સ્થાન શું હોઈ શકે ?

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ ડિસેમ્બરે નવી દિલ્હીમાં નવા સંસદ ભવનનો શિલાન્યાસ કરવા માટે તકતીનું અનાવરણ કરી રહ્યા છે.

(એજન્સી) તા.૧૮

છેલ્લા કેટલાક દિવસોમાં કેન્દ્ર તરફથી થયેલા આ દાવાઓને સમજાવો : ભારતે કોવિડ-૧૯ માટે "ખૂબ જ સારૂં" કર્યું છે, જે બીજા ઘણા દેશો કરતા વધુ સારૂં છે. દિલ્હી સરકારને ખાસ કરીને તેના પ્રયત્નો બદલ અભિનંદન પાઠવ્યા હતા. તે દરમિયાન, બ્રિટિશ વડાપ્રધાન બોરીસ જહોનસનને એક મહિના કરતા પણ ઓછા સમયમાં યોજાનારા ૨૦૨૧ના પ્રજાસત્તાક દિનની પરેડમાં મુખ્ય મહેમાન બનવા માટે આમંત્રણ અપાયું છે. તેમ છતાં, કેન્દ્ર દાવો કરે છે કે સંસદનું શિયાળુ સત્ર યોજવા માટે સ્થિતિ પૂરતી સલામત નથી, કેમ કે સપ્ટેમ્બરમાં શંકાસ્પદ સંજોગોમાં પસાર કરાયેલા ત્રણ કાયદાના વિરોધમાં હજારો લોકો રસ્તાઓ પર ઉતર્યા છે. સંસદીય બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીની સ્પષ્ટતા એ હતી કે શિયાળો ત્યારે જ છે જ્યારે કોવિડ-૧૯નો ખતરો સૌથી ખરાબ રહેશે. વધુમાં, શિયાળાને દોષી ઠેરવવા છતાં, સરકારે સંકેત આપ્યો છે કે તે જાન્યુઆરીમાં સંસદનું બજેટ સત્ર યોજવા માટે તૈયાર છે – તે પણ ગરમ-હવામાનનો મહિનો નથી.

શું આપે છે ?

આમાં કોઈ શંકા નથી કે જાહેર લોકો, ભારતના રાજકારણીઓ અને જન પ્રતિનિધિઓ માટે, કોવિડ-૧૯ એ નોંધપાત્ર જોખમ છે. તદુપરાંત, સંસદના ચોમાસા સત્ર દરમિયાન વાયરસના ફેલાવાને રોકવા માટે ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં કરવામાં આવેલી ગોઠવણો પર્યાપ્ત જણાતી નહોતી, કારણ કે તેને સમય પહેલા જ મુલતવી રાખવાની ફરજ પડી હતી. છતાં જો એકલા રોગચાળાના ખતરાનો મુદ્દો હતો, તો જાન્યુઆરીમાં પણ સત્ર યોજવાનો કોઈ સવાલ ઉભો થતો નથી. તેના બદલે, સરકાર દ્વારા શિયાળુ સત્ર રદ કરવાનો અને સીધા બજેટ સત્ર પર જવાનો સંકલ્પ એ સપ્ટેમ્બરમાં મતની યોગ્ય ગણતરી કર્યા વિના અસ્તવ્યસ્ત સંજોગોમાં પસાર થયેલા ત્રણ કૃષિ કાયદાઓની ચર્ચા ટાળવાનો છૂપો પ્રયાસ છે. કાયદાઓ રદ કરવાની માંગ સાથે હજારો ખેડૂતોને શેરીઓ પર ઉતરવાની અને દિલ્હીની સરહદો પર જવા માટેની જરૂરિયાત ઊભી થઈ. સરકારની આશા છે કે તે જાન્યુઆરી સુધીમાં ચાલી રહેલા વિરોધને કંઈક અંશે કાબૂમાં કરી શકશે અથવા તેને ખતમ કરી શકશે અને બજેટ સત્ર પર મુખ્યત્વે ધ્યાન પર કેન્દ્રિત કરી, ખેડૂત આંદોલન, વેક્સિન માટેની સરકારની યોજનાઓ જેવા મહત્વના મુદ્દાઓને નજરઅંદાજ કરી શકશે. સમાચાર એ છે કે ભારતમાં કુપોષણ ખરેખર ૨૦૧૫ અને ૨૦૧૯ની વચ્ચે ભયંકર થઈ ગયું છે અને પૂર્વી લદ્દાખ ક્ષેત્ર પર સતત ચીની કબજો ચાલુ રહ્યો છે. કરૂણતા એ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી હેઠળ, સંસદનો ઉપયોગ વહીવટી કાર્યવાહી માટે રબર સ્ટેમ્પ તરીકે કરવામાં આવ્યો છે જે ચકાસણી, પરામર્શ અથવા દેખરેખ દ્વારા પ્રતિબંધિત નથી. તે અર્થમાં, સરકારને શિયાળુ સત્ર યોજવામાં ચિંતા કરવાની જરૂર ન હોવી જોઈએ, જ્યારે ભારતની બંધારણીય સંસ્થાને તેનું યોગ્ય કાર્ય આપવાનું ઢોંગ કરવામાં આવી રહ્યું છે. આવા ઢોંગને કારણે, ખરાબ હેડલાઈન્સ અથવા કડક સવાલોનો થોડા દિવસો સુધી ડર વગર સામનો કરવામાં આવશે આમ મોદી સરકાર સ્પષ્ટ કરે છે કે તે ભારતીય સંસદ અને પ્રજાસત્તાક સાથેની સુસંગતતા વિશે શું વિચારે છે.

- રોહન વેંકટારામકૃષ્ણન (સૌ. : ધ સ્ક્રોલ)

વાગરાના મુલેર-ચાંચવેલ નજીક ONGCની પાઈપલાઈનમાંથી ઓઈલ ચોરીનું કૌભાંડ ઝડપાયું

વાગરા, તા.૧૮

વાગરા તાલુકાના મુલેર-ચાંચવેલ રોડ ઉપર સરકારી પડતરની જમીનમાં બાવળિયાની અંદરથી પસાર થતી ઓ.એન.જી.સી.ની ક્રૂડ ઓઈલની પાઈપ લાઈનમાં પંક્ચર કરી વાલ્વ બેસાડી કરવામાં આવતી ઓઈલ ચોરીના કૌભાંડને ભરૂચ એસઓજીએ ઝડપી પાડ્યુ હતુ. પોલીસે એક ઓઈલ ચોરની ધરપકડ કરી હતી. જ્યારે બે આરોપી વોન્ટેડ જાહેર કર્યા હતા.

ભરૂચ પોલીસના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપના પી.એસ.આઈ. એન જે. ટાપરિયાને વાગરા તાલુકામાં ઓ.એન.જી.સી.ની પાઈપ લાઈનમાંથી ઓઈલ ચોરી થતી હોવાની બાતમી મળી હતી.જેના આધારે એસ.ઓ.જી ની ટીમે વાગરા તાલુકામાં ઓઈલ ચોરી શોધી કાઢવા સઘન તપાસ હાથધરી હતી.જેમાં ગંધાર થી વડોદરા જતી ઓ.એન.જી.સી.ની ક્રૂડ ઓઈલની પાઈપ લાઈનમાં મુલેર અને ચાંચવેલ ગામ વચ્ચેના માર્ગ પર સરકારી પડતરની જગ્યામાં બાવળિયાની પાઈપ લાઈન માં પંક્ચર કરી વાલ્વ બેસાડી થતી ઓઈલ ચોરી ઝડપી પાડી હતી. પોલીસે ઓ.એન.જી.સી ના અધિકારીને બોલાવી તપાસ કરાવતા વાલ્વ ચોરી કરવા માટે જ બેસાડાયો હોવાનું બહાર આવ્યુ હતુ.જેના આધારે પોલીસે ઓઈલ ચોરોને ઝડપી પાડવા કવાયત હાથ ધરી હતી.તપાસ દરમ્યાન વાગરા તાલુકાના આછોદ ગામના રહીશ ઈમ્તિયાઝ અહેમદ ઉર્ફે દેડકો પટેલ નું નામ બહાર આવતા એસ.ઓ.જી.પોલીસે તેની અટકાયત કરી પૂછતાછ હાથ ધરતા ઓઈલ ચોરીના કૌભાંડનો પર્દાફાશ થવા પામ્યો હતો. ઈમ્તિયાઝ પટેલની પૂછતાછ માં આછોદ ના ઈકબાલ નિઝામ પઠાણ અને વડોદરા ના ભાઈલી ખાતે રહેતા વિજય ઉર્ફે મુન્નો ગણપત ગોહિલના નામ બહાર આવ્યા હતા.જેના પગલે પોલીસે ઈમ્તિયાઝ પટેલનો કોવિડ ટેસ્ટ કરાવ્યા બાદ ધરપકડ કરી હતી. જ્યારે ઈકબાલ પઠાણ અને વિજય ગોહિલને વોન્ટેડ જાહેર કરી તેમને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

ફ્રેન્ડશીપમાં યુવતી સાથે ઝઘડો થતાં જામનગરના યુવાને ગળેફાંસો ખાધો

જામનગર, તા.૧૮

જામનગરમાં મોહનનગર નજીક આવાસ કોલોની વિસ્તારમાં રહેતા એક યુવાને પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જિંદગીનો અંત લાવી દીધો છે. એક યુવતી સાથે મિત્રતા કેળવ્યા પછી તેની સાથે ઝઘડો થતાં યુવતીના ટેન્શનમાં આવી જઈ આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનું પોલીસમાં જાહેર થયો છે.

આ ચકચારી બનાવની વિગત એવી છે કે જામનગરમાં નવા આવાસના બ્લોક નંબર બી-૧૪માં રહેતા અને એક ટ્રકમાં કામ કરતા દિવ્યેશ ગીરીશભાઈ ચૌહાણ નામના ૩૦ વર્ષના યુવાને પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જિંદગીનો અંત લાવી દીધો હતો.

આ બનાવ અંગે મૃતકના નાનાભાઈ પ્રતિક ગીરીશભાઈ ચૌહાણે પોલીસને જાણ કરતાં સીટી-એ ડિવીઝન પોલીસે મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટમોર્ટમ કરાવ્યું છે.

મૃતકના નાનાભાઈ દ્વારા જાહેર કરાયા અનુસાર ભોગ બનનાર દિવ્યેશ કે જે થોડા સમયથી એક યુવતી સાથે મિત્રતા કેળવતો હતો, જે યુવતી સાથે તાજેતરમાં જ ઝઘડો થયો હતો. જેના કારણે પોતે ટેન્શનમાં આવી ગયો હતો. અને તે કારણોસર જ ગળાફાંસા દ્વારા પોતાનો જીવ દઈ દીધો હોવાનું જણાવાયું હતું. સીટી એ ડીવીઝન પોલીસે મૃતક યુવાનના મોબાઈલ ફોનની કોલ ડીટેઈલના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

વડોદરામાં બાળ મજૂરી કરતાં બે બાળકોને મુક્ત કરાવાયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૮

વડોદરા શહેરના નવા બજાર રોડ પર જૈન કચોરી વાળાની દુકાનમાં બાળ મજૂરી કરતાં બે બાળકોને શ્રમ આયુક્તની કચેરી દ્વારા મુક્ત કરવામાં આવ્યા છે અને દુકાનના સંચાલક વિરૂદ્ધ બાળ મજૂરી કરાવી આર્થિક શોષણ મામલે સિટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. શ્રમ વિભાગની ટીમના અધિકારીઓ હોટલ, દુકાન તેમજ અન્ય વાણિજ્ય સંસ્થાઓ તથા વિસ્તારોમાં ચેકિંગ અર્થે નીકળ્યા હતા. દરમિયાન રોકડનાથ પોલીસ ચોકી પાસે નવા બજાર રોડ પર જૈન કચોરીવાળાની દુકાનમાં તપાસ કરતાં બે બાળકો મજૂરી કામ કરતા જણાઈ આવ્યા હતા. પૂછપરછ દરમિયાન બંને બાળકો ૧૩ અને ૧૬ વર્ષની ઉંમરના તેમજ ઉત્તરપ્રદેશના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. દુકાનના સંચાલક મધુબેન દિનેશચંદ્ર પ્રજાપતિ (રહે.રોકડનાથ, કુંભારવાળાની ગલી, વડોદરા) તથા માંગીલાલ હકીમસીહ કુશવાહ (રહે.કડક બજાર, સયાજીગંજ, વડોદરા) દુકાનમાં બાળ શ્રમિક રાખી સાફ-સફાઈ કામ, રસોઈ કામ, શાક સમારવું વગેરે કામગીરી કરાવતા હોવાથી બંને સંચાલકો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી અને એક બાળકને ભુતડીજાપા સ્થિત બાલ ગોકુલમ સંરક્ષણ ગૃહમાં મોકલી આપવામાં આવ્યો હતો. જ્યારે અન્ય એક બાળક વયસ્ક જણાતા સંચાલકને નોટિસ આપવામાં આવી હતી.

બેંક શરૂ થાય તે પહેલાં જ આગ લાગતાં મોટી દુર્ઘટના ટળી

સુરતના ઉધના ત્રણ રસ્તા પર આવેલી દેના બેંકમાં ભીષણ આગ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

ઉધના ત્રણ રસ્તા ગુરૂદ્વારા પાસે આવેલી દેના બેન્કમાં આજે સવારે બેંક શરૂ થાય તે પહેલા જ એકાએક ભીષણ આગ ફાટી નિકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ અંગેની જાણ ફાયરબ્રિગેડને કરવામાં આવતા ફાયરના લાશ્કરો તાકિદે ઘટના સ્થળે દોડી ગયા હતા અને આગ ઉપર પાણીનો મારો ચલાવી આગને ગણતરીના કલાકોમાશ્ચં કાબુમાં મેળવ્યો હતો. ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ ઉધના ત્રણ રસ્તા ગુરૂદ્વારાની બાજુમાં દેના બેંક આવેલી છે. બેંકમાં આજે સવારે સાફ સફાઈ ચાલી રહી હતી તે દરમિયાન સાડા નવેક વાગ્યાના આરસામાં એકાએક આગ ફાટી નિકળી હતી. બેંકમાં આગ લાગતા સાફસફાઈ કરતા મયુર નામના પતાવાળો પોતાનો જીવ બચાવી બેંકમાંથી બહાર દોડી જઈ બાજુમાં ટાયરની દુકાન ધરાવતા ચિરાગભાઈને બેંકમાં આગ લાગી હોવાની વાત કરતા તેઓએ તાકિદે બનાવ અંગે ફાયરબ્રિગેડને જાણ કરી હતી ફાયર બ્રિગેડ દ્વારા મજુરા, માન દરવાજા અને નવસારી બજાર ફાયર સ્ટેશનમાંથી છ ગાડીઓ સાથે સ્ટાફ ઘટના સ્થળે દો ડી ગયો હતો.અને આગ પર પાણીનો મારો ચલાની કાબુમાં લીધી હતી. આગમાં બેંકમાં ફર્નિચર, કોમ્પ્યુટર, ઈલેકટ્રીક વાયરીંગ તેમજ ડોક્યુમેન્ટ બળીને ખાખ થઈ ગયા હતા. સદનસીબે બેંક શરૂ થવા પહેલા આગ લાગી હોવાને કારણે કોઈ જાનહાની થઈ ન હતી. પરંતુ આગનો ધુમાડો આકાશમાં દેખાતા રાહદારીઓની જાવા માટે ભીડ લાગી ગઈ હતી.

સુરત સહિત દ.ગુજરાતમાં ઠંડી વધી તાપમાનનો પારો વધુ બે ડિગ્રી ગગડ્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

છેલ્લા ત્રણેક દિવસથી સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં ફુલગુલાબી ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. જેમાં આજે વધારો છે. સવારે લઘુત્તમ તાપમાનનો પારો વધુ બે ડિગ્રી સેલ્સીયસ ગગડી જવાની સાથે પારો ૧૫.૬ ડીગ્રી સેલ્સીયસ પર સ્થિર થયો હતો. ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સાથે સાઈક્લોનિક સરક્યુલેશન સિસ્ટમ સક્રિય થઈ છે. હિમાલય સહિતના ઉતર ભારતના પહાડી વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. જેના પગલે ત્રણ દિવસ સુધી પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાન, વેસ્ટ યુપીમાં કોલ્ડવેવને લઈને ઓરેન્જ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર-પૂર્વના ઠંડા પવનો ગુજરાત તરફ ફુંકાવાતા તેની અસર સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં જાવા મળતા ફુલગુલાબી ઠંડીમાં વધારો થયો છે અને આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થવાની શકયતા છે. છેલ્લા ત્રણેક દિવસથી પડતી ફુલગુલાબી ઠંડીમાં આજે વધારો થયો હતો. ઉત્તર પુર્વની દિશામાંથી છ કિલોમીટરની ઝડપે પવન ફુંકાવાની સાથે તાપમાનનો પારો વધુ બે ડિગ્રી નીચે ગગડી ૧૭ ડિગ્રી સેલ્સયસ પરથી ૧૫.૬ ડિગ્રી સેલ્સીયસ પરશ્ચ અટક્યો છે સ્થાનિક હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે સવારે શહેરનું મહત્તમ તામપાન ૨૮.૦ અને લઘુત્તમ તાપમાન ૧૫.૬ ડિગ્રી સેલ્સયસ નોંધાયું છે જયારે હવામાં ભેજનું પ્રમાણ ૯૪ ટકા અને દબાણ ૧૦૧૬.૨ મીલીબાર રહેવા પામ્યું છે. આજે સવારેથી ૬ કિલોમીટરની ઝડપે પવન ફુંકાયો હતો.

ન્યુટ્રીશન ગાર્ડનમાં ઉગેલ ફળ શાકભાજીનું બાળકોને વિતરણ

(તસવીર : ઈસ્હાક શેક, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લામાં પોષણ અભિયાન અંતર્ગત પોષણ માહ ૨૦૨૦ની ઉજવણી દરમ્યાન આંગણવાડી કેન્દ્રો ખાતે ન્યુટ્રીશન ગાર્ડન બનાવાવમાં આવ્યા હતા. તેમાં ન્યૂટ્રીશનથી ભરપૂર એવા શાકભાજી અને ફળના છોડની વાવણી કરવામાં આવી હતી. આ ગાર્ડનમાં ન્યુટ્રીશન થી ભરપૂર ફૂટ અને શાકભાજી ઉગે છે. તે તમામ શાકભાજી અને ફૂટ અમારી આંગણવાડી વર્કર બહેનો દ્વારા કૂપોષિત બાળકોને ઘરે ઘરે જઈને આપવામાં આવી રહ્યા છે. જેથી બાળકોમાંથી કૂપોષણ દૂર કરી પોષણ સ્તરમાં સુધારો લાવી શકીએ.

ડભોઈ પેન્શનર મંડળ દ્વારા પેન્શનર દિવસની ઉજવણી કરાઈ

ડભોઈ, તા.૧૮

ડભોઈ બ્રાહ્મણની વાડી ખાતે આજે ૧૭મી ડિસેમ્બરના દિવસે પેન્શનર દિવસ હોય આ દિવસની ડભોઈ તાલુકા પેન્શનર મંડળ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્ટેટ બેંકના મેનેજર સહિત સ્ટાફ મેમ્બર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ઠાકોરભાઈ પટેલ દ્વારા સૌ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના બ્રાન્ચ મેનેજર અભિષેક પાંડે અને કર્મચારી દિનેશભાઈ સોલંકી ખાસ ઉપસ્થિત રહી પેન્શનરો અને હોદ્દેદારો સાથે વાતચીત કરી તેમણે બેંકમાં પડતી હાલાકીઓ દૂર કરવા હૈયા ધારણ આપી હતી. હાલ ચાલી રહેલા કોરોના મહામારીને પગલે સેનેટાઈઝર અને સોશિયલ ડિસ્ટન્સ તેમજ માસ્ક પહેરી ભારે ઉત્સાહ પૂર્વક અને સાદાઈથી પેન્શનર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રી રાજુભાઈ પુરોહિત દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચતુરભાઈ, મનોજભટ્ટ, પી.સી.પટેલ, સહિત સંસ્થાના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ડીસા મોઢેશ્વરી સોસાયટીમાં બંધ કરાયેલ રસ્તો ફરીથી ના ખોલવા રજૂઆત

ડીસા, તા.૧૮

ડીસા શહેરમાં આવેલ મોઢેશ્વરી સોસાયટીમાં શ્રી નગર સોસાયટીથી જે રસ્તો શિવગંગા ભાગ-૨ સર્વે નં.૫૩/૮નો શ્રી નગર સર્વે નં.૫૪/૨ રસ્તા ઉપર રાત્રે બેફામ દારૂની ગાડીઓ ચાલતી હોવાથી સોસાયટીના રહીશોએ સોસાયટીની સમિતિ સાથે મળી રસ્તો બંધ કર્યો છે. ત્યારે બંને સોસાયટીના સર્વે નંબર પણ અલગ- અલગ છે. જો કે, માણસોની અવર-જવર માટે જગ્યા છોડવામાં આવી છે જેથી સાધન માટે આ રસ્તો તદ્દન બંધ કરવામાં આવ્યો છે. સ્થાનિકો દ્વારા સર્વે અલગ-અલગ હોવાથી આ રાહદારી રસ્તો ન હોવાના કારણે બંધ કરેલ છે. જો કે, રસ્તો ખોલવા માટેની અરજી આપેલી છે કે, તે તદ્દન ખોટી છે. અસામાજિક તત્ત્વોને અવર-જવર માટે તેમજ તેઓ સાધન લઈ શોર્ટકટમાં નીકળતા હોઈ રસ્તો બંધ કરેલ છે અરજી કરેલ છે તે તદ્દન ખોટી છે. આ રસ્તાનો સર્વે નં.૫૪/૨ પૈકી પૂરો થાય છે એટલા માટે બંધ કરેલ છે. તેમજ આ રસ્તો ફરીથી ના ખોલવામાં આવે તેવી રજૂઆત આજરોજ ડીસા નગરપાલિકામાં ચીફ ઓફિસરને આવેદનપત્ર આપીને રજૂઆત કરવામાં આવી હતી.

ફૂટપાથ પરના દબાણો દૂર કરવા લોકમાંગ

અંકલેશ્વરના ત્રણ રસ્તા સર્કલ નજીક ટ્રાફિકની સમસ્યાથી લોકો ત્રાહિમામ

અંકલેશ્વર, તા.૧૮

(તસવીર :- અયાઝ શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વરના ત્રણ રસ્તા સર્કલ નજીક દિવસેને દિવસે ટ્રાફિકની સમસ્યા વકરી રહી હોય તેમ અહિયા સર્જાતી પરિસ્થિતિ ઉપરથી કહી શકાય તેમ છે. આ વિસ્તારમાં બરાબર સામે જ રસ્તા વચ્ચે પોલીસના જવાનો ઊભા રહે છે તેમ છતાં આ વિસ્તારમાં ટ્રાફિક હળવો થવાનું નામ ન લેતું હોય તેવી સ્થિતિનું નિર્માણ જોવા મળતું હોય છે. ટ્રાફિકના કારણે અનેક વાહનચાલકો ફસાઈ જતાં હોય છે. અંકલેશ્વર શહેરમાં વાહનોનો સ્ટેશન પોલીસ ચોકીની સામે ત્રણ રસ્તા સર્કલ સામે પીરામણ નાકા અને ચૌટાનાકા અને ભરૂચી નાકા પર સવાર સાંજ ભારે જમાવડો હોય છે. કેટલીક વખતે રાહદારીઓને આવન-જાવન કરવા માટે પણ રસ્તો હોતો નથી અને જે સમસ્યા કેટલાક વર્ષોથી છે એવી જ પરિસ્થિતિ ત્રણ રસ્તા માર્કેટ પાસે પણ વાહનોનો જમાવડો થતો હોવાથી ટ્રાફિકજામની સમસ્યા વારંવાર થતી હોય છે. દિવસમાં કેટલીક સરકારી અધિકારીઓએ તથા કર્મચારીઓ આ રસ્તે પસાર થતાં હોય છે તેઓ પણ કેટલી વખતે ટ્રાફિકજામની સમસ્યાનો ભોગ બનતા હોય છે. જે પોલીસ ખાતું ટ્રાફિકજામ વહેલી તકે દૂર કરાવે એવી લોકમાંગ ઊઠવા પામી છે.

ગિફ્ટેડ-૩૦નું ફરી એક વખત આવ્યું ઉત્કૃષ્ટ પરિણામ

સુરત, તા.૧૮

ફરી એકવાર ગિફ્ટેડ-૩૦નું ઉત્કૃષ્ટ પરિણામ આવ્યું છે અને વિદ્યાર્થીઓ સરકારી મેડિકલ કોલેજોમાં પ્રવેશ મેળવવામાં સફળ થયા છે. જેમાં બી.જે.મેડિકલ કોલેજમાં બે વિદ્યાર્થીઓ, એક સુરત મેડિકલ કોલેજમાં, એક વિદ્યાર્થી રાજકોટ મેડિકલ કોલેજમાં, અને બાકીના સાત વિદ્યાર્થીઓ GMERS કોલેજમાં પ્રવેશ મેળવ્યો છે. MBBS સિવાય બે વિદ્યાર્થીઓ B.A.M.S.માં અને ચાર વિદ્યાર્થીઓ B.H.M.Sમાં પ્રવેશ મેળવ્યો છે. મેડીકલ પ્રવાહ સિવાય બે વિદ્યાર્થીઓએ S.V.N.I.T.સુરતમાં અને છ વિદ્યાર્થીઓએ અન્ય નામાંકિત એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ મેળવ્યો છે. છેલ્લા ૪ વર્ષમાં પ્રવેશ મેળવનાર ગિફ્ટેડ-૩૦ના વિદ્યાર્થીઓની ૪થી બેચ નીચે મુજબ છે :

1) MBBS - 45
2) BHMS - 16
3) BAMS - 08
4) PERA MEDICAL - 21
5) IIT - 03
6) NIT – 08
7) IIIT – 01
8) REPUTED ENGINEERING COLLEGE – 37

ગુજરાતના મુસ્લિમ વિદ્યાર્થીઓ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર બને/હરણફાળ ભરે તે હેતુથી MMMCT-ભરૂચ અને PMET-સુરત ખાતે યોગ્ય અને પુરતું માર્ગદર્શન સાથે કોચિંગ આપવામાં આવે છે.

શું છે GIFTED-30 ?

મુસ્લિમ વિદ્યાર્થીઓ STD 12 વિજ્ઞાન પ્રવાહમાં સફળતા મેળવે ત્યારબાદ મેડિકલ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવે તે માટે બંને ભગીની સંસ્થાઓ MMMCT ભરૂચ અને PMET સુરત સંયુક્ત રીતે પ્રયાસરત છે. MMMCT અને PMET વિદ્યાર્થીઓને JEE EXAM, AIIMS અને NEETની પરીક્ષા માટે સંપૂર્ણ માર્ગદર્શન પૂરૂં પાડે છે.

જામનગરની પરિણીતાનું અગ્નિસ્નાન

જામનગર, તા.૧૮

જામનગરના સ્વામિનારાયણ નગર શેરી નંબર ૮માં રહેતી શાંતાબેન ગૌતમભાઈ ખીમસુરીયા નામની આડત્રીસ વર્ષની પરિણીત મહિલાએ આજે વહેલી સવારે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર કાયા પર કેરોસીન રેડી દીવાસળી ચાંપી અગ્નિસ્નાન કરી લીધું હતું. જેના કારણે તેણી ગંભીર સ્વરૂપે દાઝી ગઈ હતી, અને બનાવના સ્થળે જ કમકમાટી ભર્યું મૃત્યુ નિપજયું હતું.

આ બનાવ અંગે પોલીસને જાણ કરાતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો, અને મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

ઉછીના લીધેલા રૂપિયા પરત નહીં આપતા મિત્રએ જ મિત્રની હત્યા કરી

સુરતના અમરોલી વિસ્તારનો બનાવ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

સપ્તાહ પૂર્વે અમરોલી વિસ્તારમાંથી હત્યા કરેલી લાશ મળી આવવાના પ્રકરણમાં પોલીસે હત્યારાની ધરપકડ કરી લીધી છે. લોકડાઉનમાં ઉછીના લીધેલા રૂપિયા પરત આપવાને બદલે નાગાઈ પર ઉતરી આવેલા મિત્રએ તમામ સીમા પાર કરી દેતાં તેની હત્યા કરવામાં આવી હતી. બનાવ અંગે અમરોલી પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ અંજની ઈન્ડસ્ટ્રીઝમાંથી ગત તા ૧૨મીના રોજ મળસ્કે આસરે ૩૫થી ૪૦ વર્ષના અજાણ્યાની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. બનાવની જાણ થતા અમરોલી પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી જેમાં મૃતકની ઓળખ કલ્પનાથ યાદવ (ઉ.વ.૪૦,રહે, અંજની ઈન્ડસ્ટ્રીઝ, મૂળ બલીયા યુપી) થઈ હતી અને સીસીટુજેના આધારે કલ્પનાથની હત્યામાં સંડોવાયેલા કુન્નુકુમાર મહેશકુમાર પરીડા (ઉ.વ.૨૮.અંજની ઈન્ડસ્ટ્રીઝ)ની ધરપકડ કરી હતી. પોલીસે કુન્નુકુમારની પ્રાથમિક પૂછપરછમાં મૃતક કલ્પનાથ યાદવે લોકડાઉનમાં તેની પાસે ઉછીના એક હજાર લીધા હતા જે પૈસાની અવાર નવાર માંગણી કરતા છંતાયે કલ્પનાથ આપતો ન હતો અને બનાવના દિવસે પણ પૈસાની માંગણી કરતા કલ્પનાથે જે થાય તે કરી લેવાની ધમકી આપતા બંને વચ્ચે બોલાચાલી થઈ ઝઘડો થયો હતો જેમાં કુન્નુકુમારે ઉશ્કેરાઈને હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી.

વિશ્વામિત્રી નદીમાં જલદ એસિડ છોડનારા કંપની માલિક સહિત જવાબદારો સામે ફરિયાદ

ત્રણ વર્ષ અગાઉ આવા જ ગુનામાં વડસરના પિતા-પુત્ર સહિત ત્રણની સંડોવણી બહાર આવી

વડોદરા, તા.૧૮

શહેરના વડસર વિસ્તારમાં પાલિકાને કચરાની ગાડીઓ મૂકવા માટેની જગ્યા ફાળવી તે જ જગ્યા પર પાઈપલાઈન ગોઠવીને વિશ્વામિત્રી નદીમાં જલદ એસિડ છોડનારા પાંચ શખ્સ અને કંપનીના માલિક સામે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વડસરના ભીખા ભાલિયા અને તેનો પુત્ર દિપક તથા મહેશ ભાલિયા નામના શખ્સો આ કૌભાંડ આચરી રહ્યા હોવાનું બહાર આવ્યું છે. જીપીસીબીના ઈન્ચાર્જ પ્રાદેશિક અધિકારી એચ. સી. પાદરિયાએ માંજલપુર પોલીસમાં પાંચ શખ્સ સામે ફરિયાદ નોંધાવતાં જણાવ્યું હતું કે, વડસર પૂલ પાસે આવેલા વીએમસીના કચરાની ગાડીઓ મૂકવાના સ્ટેશનની જગ્યામાં જોખમી પ્રદૂષિત ઔદ્યોગિક એસિડિક પાણી (તેજાબ) ફ્લેક્સિબલ હોઝ પાઈપલાઈન થકી વિશ્વામિત્રી નદીમાં નિકાલ કરવા માટેની વ્યવસ્થા કરી હોવાનું જાણવા મળ્યું હતું. કેટલાક અજાણ્યા શખ્સો દ્વારા પાઈપલાઈનનો ઉપયોગ કરી આયોજનપૂર્વક વિશ્વામિત્રી નદીમાં ગેરકાયદેસર રીતે જોખમી પ્રદૂષિત ઔદ્યોગિક એસિડિક પાણી અને દુર્ગંધ મારતું પાણીનો નિકાલ કરવાનું ગંભીર કૃત્ય સમજીને આચર્યું છે. આ જગ્યા વિજેશભાઈ ગાંધી દ્વારા ભાડે આપવામાં આવી છે અને તેના સુપરવાઈઝર તરીકે રવિભાઈનું નામ જાણવા મળ્યું હતું. આ અંગે વડોદરા મહાનગરપાલિકાને મૌખિક જાણ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ત્રણ વર્ષ અગાઉ આ જગ્યા ઉપર આ પ્રકારનું જ ગેરકાયદેસર કૃત્ય પકડી પાડવામાં આવ્યું હતું અને જે સંદર્ભે માંજલપુર પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાઈ હતી. જેમાં વડસર ગામના ભીખાભાઈ ભાલિયા, દીપકભાઈ ભાલિયા અને મહેશભાઈ ભાલિયાની સંડોવણી બહાર આવી હતી. વિશ્વામિત્રી નદી અંતે ઢાઢર નદીમાં ભળે છે અને વિશ્વામિત્રી નદીમાં વિપુલ માત્રામાં મગરોનો વસવાટ છે. લાંબા સમયથી આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલતી હોવાનું જણાવી જીપીસીબીએ આ એસિડની પીએચ-૨ હોવાનું બહાર આવ્યું હતું.

ત્રણ કૃષિ વિષયક કાળા કાયદારૂપી ખિચડીનો કાર્યક્રમ યોજાયો

સરકારે બનાવેલા ત્રણ કૃષિ વિષયક કાયદાથી ખેડૂતોને કોઈ ફાયદો થવાનો નથી : પાલ આંબલિયા

(તસવીર : ઈદ્રીશ કાઉજી, ભરૂચ)

ભરૂચ, તા.૧૮

રાજસ્થાન દિલ્હી સીમા ઉપર શાહજા પૂર ખાતે ત્રણ કૃષિ વિષયક કાળા કાયદા વિરૂદ્ધ આંદોલન કરનારા ખેડૂતોમાં ગુજરાતથી ઉપસ્થિત ખેડૂતોએ એક આશ્ચર્યજનક કાર્યક્રમ "ખિચડી"નો આપ્યો હતો.

ગુજરાત કિસાન સંઘર્ષ સમિનિા વાઈસ ચેરમેન ડાહ્યાભાઈ ગજેરા, ગુજરાત પ્રદેશ કિસાન કોંગ્રેસ સમિતિના ચેરમેન પાલભાઈ આંબલીયા સાથે ગુજરાતથી પોલીસને ચકમો આપી દિલ્હી પહોંચેલા વિવિધ જિલ્લાના ખેડૂતો સાથે ભરૂચથી ગયેલા ભરૂચ જિલ્લા કિસાન કોંગ્રેસ સમિતિના ચેરમેન યાકુબ ગુરજી સહિતનાઓ દિલ્હી બોર્ડર ઉપર રોજ રોજ નવા કાર્યક્રમો કરી આંદોલન કરી ખેડૂતોમાં નવો ઉત્સાહ પૂરવાનું અને કેન્દ્ર સરકારની ખેડૂત વિરોધી નિતીઓને ઉજાગર કરવાના કાર્યક્રમ આપવામાં આવે છે.

ગતરોજ ગુજરાતની સંસ્કૃતિને રજૂ કર્તા ગરબાનો કાર્યક્રમ યોજયો હતો જેમાં ગુજરાતની મહિલાઓએ પણ ઉત્સાહ સાથે જોડાઈ ભાજપના ગુજરાત મોડલની પોલ ખોલવાનો પ્રયાસ કર્યો હતો તેમ આજ રોજ ત્રણ કૃષિ વિષયક કાળા કાયદારૂપી ખિચડીનો કાર્યક્રમ હાજર ખેડૂતો અને મીડિયા સમક્ષ રજૂ કરી કેન્દ્ર સરકારને સંદેશ આપવાનો પ્રયત્ન કર્યો હતો.

સદર કાર્યક્રમ સમયે ગુજરાત કિસાન કોંગ્રેસ સમિતિના ચેરમેન પાલભાઈએ મીડિયાને જણાવતા કહ્યું હતું સરકારે બનાવેલા ત્રણ કૃષિ વિષયક કાળા કાયદાઓથી દેશના ખેડૂતોને પણ કોઈ ફાયદો થવાનો નથી.

શહેરા બસ સ્ટેશનમાં કંટ્રોલર અને સ્કેનિંગ મેન દ્વારા માસ્કનું વિતરણ કરાયું

શહેરા, તા.૧૮

કોરોના વાયરસની મહામારીનો કપરો સમય વર્તમાન સ્થિતિએ રહ્યો છે. જેના પડધા ચારેકોર વધતા હાહાકાર મચી જવા પામ્યો છે. જો કે આવી વિકટ પરિસ્થિતિને કાબુમાં લેવા અનેક સેવાભાવીઓ ફુલ નહીં તો ફુલની પાંખડી અર્પી મદદરૂપ થાય છે. ત્યારે કોરોના મહામારીના પગલે શહેરા બસ સ્ટેશનમાં માસ્કનું વિતરણ કરવામાં આવ્યું શહેરા બસ સ્ટેશનમાં ફરજ બજાવતા કંટ્રોલર દિનેશ પંચાલ સાહેબ તેમજ સ્કેનિંગ મેન આમીન ભાઈ શેખ દ્વારા અંદાજીત ૧૦૧ એક માસનું વિતરણ કરી સરાહનીય કામગીરી કરી હતી અને તમામ મુસાફરોને જાગૃત કર્યા હતા.

કદવાલ પોલીસે રૂા.૬૩ હજારનો દારૂ ઝડપી લીધો

પાવીજેતપુર, તા.૧૮

પાવીજેતપુર તાલુકાની કદવાલ પોલીસ કાફલા સાથે ઝરી ગામે તળાવ ફરિયામાં રહેતા નાનકાભાઈ ટીનાભાઈ રાઠવાને ત્યાં રેડ પાડતા તેઓના મકાનની પાછળના ભાગે બનાવેલા છાપરામાંથી વિવિધ બ્રાન્ડના અંગ્રેજી દારૂની ૧૮૦ નંગ બોટલો કિંમત રૂપિયા ૬૩,૯૦૦/- ના મુદ્દામાલ સાથે ધરપકડ કરવામાં આવી છે. નાનકાભાઈને વધુ પુછતા આ દારૂનો માલ છોટાઉદેપુર તાલુકાના ધડાગામના રહીશ દિનેશભાઈ દહરિયાભાઈ રાઠવાનાઓ આપી ગયા હોય, તેથી દિનેશભાઈ રાઠવાની ધરપકડ કરવાના ચર્કો ગતિમાન કદવાલ પોલીસ દ્વારા કરવામાં આવ્યા છે.

કોડીનારના બુટલેગરની પાસા હેઠળ અટકાયત

કોડીનાર તા.૧૮

કોડીનારના પીઆઈ એસ.એન.ચુડાસમાં તથા તેમની ટીમના પીએસઆઈ ગરચર, સ્ટાફના એસ.એમ.વાજા, વી.વી. પરમાર, એસ.એચ. રાયજદા, ભીખા ભાઈ, અશ્વિનભાઈ અને પ્રતાપભાઈએ સંયુક્ત કામગીરી કરી કોડીનારમાં દારૂ જેવી અસામાજીક પ્રવૃતિઓ ડામવા માટે આવી પ્રવૃત્તિમાં સંડોવાયેલા અને ૨૦ જેટલા પ્રોહીબેશનના ગુનામાં સંડોવાયેલા કુખ્યાત બુટલેગર રમેશ અરજણ ચુડાસમાની પાસા હેઠળ અટકાયત કરવા માટે દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલી આપતા જિલ્લા મેજિસ્ટ્રેટે કોડીનાર પોલીસની દરખાસ્ત મંજુર કરતા કોડીનાર પોલીસે રમેશ અરજણ ચુડાસમાની પાસા હેઠળ અટકાયત કરી સેન્ટ્રલ જેલ અમદાવાદ ખાતે મોકલી આપતા તેમજ કોડીનાર પોલીસ દ્વારા બે વર્ષ પછી પાસા હેઠળ કાર્યવાહી હાથ ધરાતા અન્ય બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

તંત્રની ઉદાસીનતાને લીધે રાત્રી કરફ્યુમાં પણ વાહન-વ્યવહાર યથાવત્

વિશાલાથી સરખેજનો રોડ

ગીતામંદિર એસ.ટી. બસ સ્ટેન્ડ રોડ

ગુજરાતમાં દિવાળી બાદ કોરોનાના કેસોમાં અચાનક ઉછાળો આવતા અમદાવાદ સહિત રાજ્યના ચાર મહાનગરોમાં રાત્રી કરફ્યુ લાદી દેવાયો છે. પરંતુ તંત્રની ઢીલી નીતિને લીધે રાત્રી કરફ્યુમાં પણ કેટલાક લોકો બિન્દાસ્ત ફરી રહ્યા છે. અમદાવાદના વિશાલાથી સરખેજ જવાના રોડ ઉપર રાત્રી કરફ્યુમાં પણ વાહનોની અવર-જવર થતી જોવા મળી રહી છે. જ્યારે ગીતા મંદિર એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે રાત્રી કરફ્યુનો અમલ કરાવવા માટે પોલીસનો પોઈન્ટ છે પણ કર્મચારીઓ જોવા મળતા નથી. એટલે રાત્રી કરફ્યુનો અમલ કરાવવામાં તંત્રની ઉદાસીનતાને લીધે વાહન-વ્યવહાર થતો જોવા મળી રહ્યો છે.

માઈનોરિટી કો-ઓર્ડિનેશન કમિટી દ્વારા લઘુમતી અધિકાર દિવસની ઉજવણી

રાજ્યમાં લઘુમતી સમુદાય પ્રત્યે સરકારનું ભેદભાવભર્યું વલણ : લઘુમતીઓ માટે મંત્રાલય પણ નથી

રાજ્યમાં લઘુમતી સમુદાયના વિકાસ અને રક્ષણ માટે ગુજરાત વિધાનસભા સત્ર પહેલાં સર્વદળની બેઠક યોજવામાં આવશે

અમદાવાદ,તા.૧૮

૧૮ ડિસેમ્બર સમગ્ર વિશ્વમાં લઘુમતી અધિકાર દિવસ તરીકે ઉજવવામાં આવે છે. માઈનોરિટી કો-ઓર્ડિનેશન કમિટી (એમસીસી) ગુજરાત દર વર્ષે આ દિવસની ઉજવણી કરે છે. ગુજરાતમાં લઘુમતીઓના વિકાસ અને રક્ષણ માટે સરકાર અમારી બંધારણીય માગોને સાંભળે અને તેને પુરી કરાવવા માટે પુરતા પ્રયત્નો કરે તે માટે એમસીસી દ્વારા દર વર્ષે આંતરરાષ્ટ્રીય લઘુમતી દિવસની ઉજવણી કરે છે. એમસીસીના કન્વીનર મુજાહિદ નફીસે જણાવ્યું કે ગુજરાતમાં મુસ્લિમ સમુદાયની છોકરીઓ ૧-૫ ધોરણમાં ૧૦.૫૮ટકા ડ્રોપ આઉટ થઈ રહી છે છતાં પણ સરકાર તેની ઉપર કોઈ નક્કર કામગીરી નથી કરી રહી. રાજયમાં લઘુમતી કલ્યાણ મંત્રાલય નથી જેથી ૧૧.૫ ટકા લઘુમતી સમુદાયનું વિકાસ અટવાયો છે, રાજયમાં લઘુમતી આયોગ નથી જેથી રાજયના લોકોની ભેદભાવની રજૂઆત અટવાય છે લઘુમતી વિસ્તારોમાં ૧૨ ધોરણ સુધીની શાળા ખોલવી જોઈએ જેથી ડ્રોપ આઉટ સંખ્યા ઓછી થઈ શકે અને આ પાછલા સમાજ પણ રાજય અને દેશના વિકાસમાં સક્રિય યોગદાન આપી શકે. આ વર્ષથી ગુજરાતના ધારાસભ્યોના રિપોર્ટ કાર્ડ જારી કરવામાં આવશે જે ધારાસભ્ય લઘુમતી સમાજના પ્રશ્ન વધુ સંખ્યામાં વિધાનસભામાં ઉઠાવશે તેના નામ સાર્વજનિક મંચથી લેવામાં આવશે. ગુજરાતમાં લઘુમતી સમુદાય ડરમાં જીવી રહ્યું છે, આ સરકાર બેટી બચાવો-બેટી પઢાઓનો જુઠ્ઠો નારો લગાવે છે. આ ભેદભાવનું સ્પષ્ટ ઉદાહરણ છે. ગુજરાતમાં લઘુમતી સમુદાયને એ અધિકારો પણ નથી મળી રહ્યા જે બીજા રાજયોને પ્રાપ્ત છે અને રાજયમાં લઘુમતી કલ્યાણ મંત્રાલય (વિભાગ)ની સ્થાપના કરવામાં આવે. રાજયના બજેટમાં લઘુમતી સમુદાયના વિકાસ માટે નક્કર રકમની ફાળવણી કરવામાં આવે, રાજયમાં લઘુમતી આયોગ રચના કરવામાં આવે અને તેને બંધારણીય મજબૂતી માટેનું વિધેયક વિધાનસભામાં પસાર કરવામાં આવે, રાજયના લઘુમતી બહુસંખ્યા ધરાવતા વિસ્તારોમાં ધોરણ ૧૨ સુધીની સરકારી શાળાઓ ખોલવામાં આવે, મદ્રસાના શિક્ષણને ગુજરાત બોર્ડની સમકક્ષ માન્યતા આપવામાં આવે. જેવી માંગો કરવામાં આવી છે. ઉસ્માન ગની શેરસિયા, છુવારા આબિદ હુસૈન, અશફ અલી સૈયદ, પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ નગરપાલિકા સિધ્ધપુર, સાજીદભાઈ મકરાણી અને સૈયદ મોહમ્મદઅલી બાવાસાહેબ ડીસાવાળા મુસ્લિમ ધર્મગુરૂએ સામુહિક પ્રવચન કરી જણાવ્યું હતું કે હજરત અલીની વાત કરીને પોતાની વાત કરતા જણાવ્યું હતું કે કોઈ એક કદમ આગળ વધે તો આપની ફરજ બને કે આપણે ૧૦ કદમ આગળ વધીએ અને મુસ્લિમ ગાદીઓ પર રહેલ ધર્મગુરૂઓને પૈગામ આપ્યો હતો કે આ ગાદી નશીન લોકોએ સમાજ માટે સૌથી પહેલા આગળ આવવું પડશે અને હું આજે જવાબદારી લઉં છુ કે ડીસામાં આ માઈનોરિટી કામમાં હમેશા આગળ રહીશ અને હવે પછીના આવા કોઈપણ કામમાં હું મારી જવાબદારી સમજીને આગળ રહીશ. તેમજ સાબરકાંઠાથી આવેલ હુરાબેન દાણીએ જણાવ્યું કે મુસ્લિમ મહિલાઓની સમસ્યા શું છે, તેમજ નિસારભાઈ શેખ, અહમદાબાદના હાજી અસરાર બેગ મીરજા, રફીક ગદ્દી, તેમજ ભૂજથી આવેલા ઈબ્રાહીમભાઈ તુર્ક કાર્યક્રમને અનુરૂપ વકતવ્ય આપ્યું હતું. પરેશ સાહેબ, જેવા મહાનુભાવો એ હાજરી આપી અને પોતાના વકતવ્યો પણ આપ્યા હતા આ સંમેલનમાં એવો પ્રસ્તાવ કરવામાં આવ્યો કે જો ગુજરાત સરકાર અમારી માગોને પૂરી નહીં કરે તો ગુજરાતમાં લઘુમતી સમુદાયના વિકાસ અને રક્ષણ માટે ગુજરાત વિધાનસભા સત્ર પહેલા સર્વદલીય બેઠક યોજવામાં આવશે.

વલસાડ જિલ્લાના ૧૨૪ ગામોને પીવાનું શુદ્ધ પાણી મળશે

કોંગ્રેસ ખેડૂતોના નામે મગરના આંસુ સારે છે; મુખ્યમંત્રીના આકરા પ્રહારો

૮૦થી ૯૦ના દશકમાં રાજ્યમાં પાણીની વિકટ સ્થિતિ હતી : રૂપાણી

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૧૮

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વલસાડ જિલ્લાના કાર્યક્રમમાં કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતોના નામે કોંગ્રેસ મગરના આંસુ સારે છે. ભૂતકાળમાં કોંગ્રેસની સરકારે ખેડૂતોને ગોળીએ દીધા હતા અને ૮૦થી ૯૦ના દશકમાં રાજ્યમાં પાણીની વિકટ સ્થિતિ હતી. લોકોને પાણી માટે વલખાં મારવા પડતા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વલસાડ જિલ્લાના ૧૨૪ ગામ અને ૪૦૪ ફળીયાને પીવાનું પુરતું શુદ્ધ પાણી પુરું પાડનારી ૧૪૫.૧૪ કરોડની પાંચ પાણી પુરવઠા સુધારણા યોજનાના ખાતમૂર્હત સંપન્ન કર્યા હતા. મુખ્યમંત્રીએ રાજ્યમાં વિશાળ વોટરગ્રીડના નિર્માણથી દક્ષિણ ગુજરાતના અંતરિયાળ ગામો સુધી પીવાનું શુદ્ધ પાણી પહોચાડવામાં ગુજરાતે સફળતા મેળવી છે તેવો સ્પષ્ટ મત આ વેળાએ તેમણે વ્યકત કર્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, રાજ્યમાં ઘરે ઘરે નળથી જળ, શૌચાલય, ગેસ-વીજ જોડાણ, જન-ધન એકાઉન્ટના લાભ આપ્યા છે. ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર થકી વચેટીયાઓની નાબુદી અને દરેક પરિવારને પાકા ઘર આપવા માટે સરકાર કૃતનિશ્ચયી છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતના ૩૦ ટકા વિસ્તારમાં ૭૦ ટકા વરસાદ પડે છે અને ૭૦ ટકા વિસ્તારમાં ૩૦ ટકા વરસાદ પડે છે. વલસાડ ગુજરાતનું ચેરાપુંજી છે. અહીં નદીના મુખ માટે વરસાદનું પાણી વહી જાય છે. આથી જિલ્લામાં જળસંચય અને વિતરણ માટે પાણી પુરવઠા વિભાગના વિવિધ પ્રકલ્પો-યોજનાઓ આવશ્યક બની રહે છે. લોકોને શુદ્ધ પાણી મળતા જમીનની નીચેનું ક્ષારયુક્ત પાણી પીવું નહીં પડે. દાંત પીળા થવા અને હાથીપગા જેવા અશુદ્ધ પાણીજન્ય રોગોમાંથી મુક્તિ મળશે. ભુતકાળમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાહોદ ખાતે રૂ. ૫૫૦ કરોડની પાણી પુરવઠા યોજનાની ખાતમુહુર્તની જાહેરાત કરી હતી તે અંતર્ગત તમામ કામો પૂરા થવા આવ્યા છે. વલસાડ જિલ્લામાં સરકારે ૧૫૦૦ કરોડની પાણી પૂરવઠા યોજનાઓ મંજુર કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

શહેરના વાસણા વિસ્તારની ઘટના

તાપણું કરવા ગયેલા યુવક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય

યુવકોએ મોબાઈલમાં ઉતારેલો વીડિયો અન્ય વ્યક્તિને બતાવતા ભાંડો ફૂટ્યો

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરના વાસણા વિસ્તારમાં વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. ચાલીમાં રહેતા ૪૦ વર્ષીય વ્યક્તિ ચાલીના કેટલાક યુવકો તાપણું કરતા હોવાથી તેમની પાસે તાપણું કરવા માટે ગયા હતા. બાદમાં મસ્તી મજાક કરતાં કરતાં આ યુવકોએ વ્યક્તિ સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું. આ મામલે ૪૦ વર્ષના વ્યક્તિએ ત્રણ યુવકો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી હતી. પોલીસ તપાસમાં માલુમ પડ્યું હતું કે એક યુવકે ગંદુ કામ કર્યું હતું જ્યારે અન્ય એક આરોપીએ વીડિયો ઉતાર્યો હતો. પોલીસે વીડિયો રેકોર્ડ કરનાર વિરૂદ્ધ પગલાં લીધા છે. યુવકોએ આ વીડિયો અન્ય લોકોને બતાવતા આ બનાવ સામે આવ્યો હતો. શહેરના વાસણા વિસ્તારમાં આવેલા પ્રવીણનગરમાં આવેલી એક ચાલીમાં ૪૦ વર્ષીય વ્યક્તિ રહે છે. તેઓ તેમના ભત્રીજા સાથે રહે છે અને ઘરના કામકાજમાં મદદ કરે છે. ગત તારીખ ૧૨ ડિસેમ્બરના રોજ તેઓ તેમના ઘરેથી નીકળીને તેમના ઘરની નજીકમાં આવેલી વાડાની ખુલ્લી જગ્યામાં કેટલાક છોકરાઓ તાપણું કરતા હતા ત્યાં ગયા હતા. અહીં ત્રણ યુવકોએ આ આધેડની મજાક-મસ્તી કરી હતી. ત્રણેય યુવકો ગંદુ કામ કરવા દેવાની વાત કરતા વ્યક્તિએ આવું ન બોલવાની વાત કરી હતી. જોકે, આ વાત પૂરી થયા બાદ તમામ લોકો તાપણું કરતા હતા. જે બાદમાં નવેક વાગ્યાના અરસામાં અમુક છોકરાઓ પોતાના ઘરે જતા રહ્યા હતા અને જે ત્રણ લોકો ત્યાં રોકાયા હતા તેમાંના એક યુવકે અન્ય યુવકને કહ્યું હતું કે, તારે આધેડ સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરવું હોય તો કર. આમ કહીને તે યુવકને ગંદુ કામ કરવા માટે ઉશ્કેરવા લાગ્યો હતો. તેવામાં એક શખ્સે પીડિતને પકડીને તેમના કપડાં કાઢવાનો પ્રયાસ કર્યો હતો. પીડિતે કપડાં ન કાઢવા દેતા તેમને લાત મારીને જમીન પર પાડી દીધા હતા. બાદમાં તેમની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. એટલું જ નહી, એક વ્યક્તિએ મોબાઈલ ફોનમાં આ અંગેનો વીડિયો ઉતાર્યો હતો. સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યા બાદ યુવાનો ત્યાંથી ભાગી ગયા હતા. સાથે જ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

બેરોજગાર એન્જિનિયરની ચાની કિટલી

એન્જિનિયરિંગ કરવા છતાં નોકરી ન મળી શકતા એક શખ્સે અમદાવાદમાં ચાની કિટલી શરૂ કરીને પરિવારના ગુજરાનનો માર્ગ અપનાવ્યો હતો.



ટ્રાફિક સિગ્નલો સોલાર પાવરથી સજ્જ

ઊર્જા બચત માટે સરકાર દ્વારા લેવામાં આવી રહેલાં પગલાંના ભાગરૂપે અમદાવાદમાં ટ્રાફિક સિગ્નલોને પણ હવે સોલાર પાવરથી સજ્જ કરાઈ રહ્યા છે.

અમદાવાદ રેલવે ડિવિઝને સૌથી વધુ દૂધ લોડ કરી રેકોર્ડ બનાવ્યો

અમદાવાદ,તા.૧૮

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝને વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ભારતીય રેલવેમાં અત્યાર સુધીમાં સૌથી વધુ દૂધ સ્પેશિયલ ટ્રેન ચલાવીને રેકોર્ડ ૧૦.૦૬ કરોડ લીટર દૂધ લોડ કરીને એક ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ડિવિઝનલ રેલવે મેનેજર દિપકકુમાર ઝાએ માહિતી આપી હતી કે પાલનપુરથી હિન્દ ટર્મિનલ (પલવલ) સુધી ભારતીય રેલવે દ્વારા સૌથી વધુ ૧૩૨ દૂધ સ્પેશિયલ ટ્રેનો હાલના કોરોના સમય દરમ્યાન ચલાવીને આવશ્યક ચીજવસ્તુઓનો અવિરત પુરવઠો ચાલુ રાખવામાં આવ્યો છે. મંડલે ગયા વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૧૦ રેક ચલાવીને ૭.૪૭ કરોડ લીટર દૂધ લોડ કર્યું હતું. જેમાં વધારો કરતા વર્ષ ૨૦૨૦-૨૧માં અત્યાર સુધીમાં ૧૩૨ રેક ચલાવીને ૧૦ કરોડ લીટરથી વધુ દૂધ પૂરું પાડવામાં આવ્યું છે. જે સંપૂર્ણ ભારતીય રેલવેમાં એક રેકોર્ડ છે. આ સાથે મંડલે ગયા વર્ષે રૂા.૧૨.૩૯ કરોડની તુલનામાં રૂા.૫ કરોડ વધુ ૧૭.૪૪ કરોડની આવક મેળવીને તેની આવકમાં નવો રેકોર્ડ બનાવ્યો છે.

કૃષ્ણનગરમાં લાકડીથી ફટકારીને યુવકની હત્યા

પોલીસે બે લોકો સામે સામાન્ય ગુનો દાખલ કર્યો, વાયરલ વીડિયોમાં સાતથી આઠ લોકો યુવકને મારતા દેખાયા છતાં પોલીસની ઢીલી કામગીરી સામે સવાલ ઊઠ્યા

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ શહેરનું કૃષ્ણનગર પોલીસ સ્ટેશન એટલે વિવાદોનું ઘર. તાજેતરમાં રાત્રિ કર્ફ્યૂ દરમિયાન મારામારીનો બનાવ સામે આવ્યો હતો. આ મારામારી દરમિયાન એક યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ કેસમાં પોલીસે બે લોકો સામે મારામારીનો જ ગુનો નોંધ્યો હતો. હત્યાની આ ઘટનામાં કૃષ્ણનગર પોલીસની કામગીરી પર અનેક સવાલો ઊભા થયા છે. યુવકની મારામારી સમયનો વીડિયો સામે આવ્યો છે, જેમાં સાતથી આઠ લોકો યુવકને લાકડી વડે મારી રહ્યા છે. આ મામલે કૃષ્ણનગર પોલીસે માત્ર બે લોકો સામે સામાન્ય ગુનો દાખલ કરીને કાર્યવાહી કરી હતી. જોકે, વાયરલ વીડિયોએ પોલીસની આ ભેદી કામગીરીની પોલ ખોલી નાખી છે. આ બાબતે કડક પગલા લેવા જરૂરી બન્યા હોવા છતાંય સ્થાનિક પીઆઈને બચાવવામાં આવી રહ્યા હોવાનો મૃતકના પરિવારજનો આક્ષેપ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે કૃષ્ણનગર વિસ્તારમાં આવેલી વિદ્યાવિહાર સ્કૂલ પાસે આવેલા ઉમિયા પાન પાર્લર નજીક આવેલા જાહેર રોડ ઉપર હિતેશ શાહ ઉર્ફે હિતેશ તલવાર અને તેના પુત્ર નિશુ શાહે ધ્રુવરાજસિંહ ભાટી નામના યુવકને લાકડીઓ અને ધોકા વડે માર મારતા તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. આ મામલે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના પીઆઈ જેઆર પટેલે હત્યાના પ્રયાસ ઘટના હોવા છતાં મૃતક ધ્રુવરાજસિંહના પરિવારની સામાન્ય મારામારીની ફરિયાદ લીધી હતી. પીઆઈએ ડાઈંગ ડિક્લેરેશન લેવાની પણ તસ્દી લીધી ન હોવાનો આક્ષેપ મૃતકના પરિવારે કર્યો છે. આ સમગ્ર બાબતમાં પીઆઈની ગંભીર બેદરકારી ખોલતો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો મન વિચલિત કરી દે એવો છે છતાંય પોલીસના પેટનું પાણી હલ્યું નથી. મૃતક ધ્રુવરાજસિંહને બે લોકોએ જ નહીં પરંતુ સાતથી આઠ લોકોએ ભેગા મળી માર માર્યો હોવાનું વીડિયોમાં જોવા મળ્યું છે. આ વીડિયોમાં અનેક લોકો માર મારતા દેખાય છે ત્યારે પીઆઈ શા માટે માત્ર બે લોકો સામે જ ગુનો નોંધ્યો હતો તે સવાલ ઉપસ્થિત થયો છે. અવારનવાર આ પોલીસ સ્ટેશનના અધિકારીઓ વિવાદમાં આવી રહ્યા છે પરંતુ ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ પગલાં લેવાતા નથી. મૃતકના પરિવારજનો ન્યાય માટે વલખા મારી રહ્યા છે.

આર્મીના જવાને શરીર સંબંધો બાંધી યુવતીને તરછોડી દીધી

માંગમાં સિંદૂર પૂરી યુવતીને લગ્નની લાલચ આપી હોવાનો આક્ષેપ

અમદાવાદ,તા.૧૮

અમદાવાદ શહેરના નોબલ નગર વિસ્તારમાં રહેતી એક યુવતીને ભીલવાસમાં રહેતા એક યુવાને પ્રેમમાં ફસાવી લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધી દિધા બાદ તરછોડી દેતા યુવતીએ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં યુવક વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. જે મામલે પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. શહેરમાં રહેતી એક યુવતીએ એનજીઓના મારફતે યુવક સહિત પરિવારજનો સામે ફરિયાદ દાખલ કરી છે. જેમાં બળાત્કાર સહિત મારપીટ તેમજ ગોંધી રાખવાનો આરોપ લગાવ્યો છે. યુવતીના જણાવ્યા મુજબ આરોપી યુવક અમિત મકવાણા હાલ સેનામાં ફરજ બજાવે છે. લેહ લદાખ ખાતે પોસ્ટીંગ છે. અમિતે લગ્નની લાલચ આપી અવાર નવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. જોકે લગ્નની સંમતિ થયા બાદ અમિત અને પરિવારજનોએ ના પાડી દીધી હતી. બાદમાં કોર્ટમાં મેરેજ કરવાનું નક્કી કર્યું હતું. કોર્ટમાં મેરેજ વગર અમિતના પરિવારજનો પીડિતાને સાથે ઘરે લઈ ગયા હતા. જ્યાં અમિત રોજ મરજી વિરુધ્ધ દુષ્કર્મ આચરતો અને પરિવારજનો માનસિક તેમજ શારીરિક રીતે ત્રાસ આપતા હતા. યુવતીએ આરોપ લગાવ્યો છે કે, આરોપી અમિત તેમના દૂરના સગામાં થાય છે. આજથી પાંચ વર્ષ પહેલા મોટર સાયકલમાં બેસાડી અમિત હિંમતનગર ખાતે લઈ ગયો હતો. જ્યાં ગેસ્ટ હાઉસમાં લઈ જઈ મરજી વિરુદ્ધ દુષ્કર્મ ગુજાર્યું હતું. દુષ્કર્મ બાદ આરોપીએ યુવતીને આશ્વાસન આપ્યું હતું કે, પીડિતા ૧૮ વર્ષની થશે ત્યારે લગ્ન કરીશું. પીડિતાએ જણાવ્યું કે, આજથી છ મહિના પહેલા નોબલનગર ખાતે નોકરીએ જવા માટે ઉભી હતી. આ દરમિયાન આરોપી અમિત ત્યાં આવ્યો હતો. અને માંગમાં સિંદૂર ભરી કોર્ટમાં લગ્ન કરવાની બાહેધરી આપી હતી. લગ્નનું વચન આપી આરોપી ફરી ગેસ્ટ હાઉસમાં લઈ ગયો હતો અને ત્યાં શારીરિક સબંધ બાંધ્યા હતા. આરોપી યુવકે લગ્નની વાત કરતાં યુવતીએ આ અંગે પરિવારજનોને વાત કરી હતી. ત્યારબાદ કોર્ટમાં લગ્ન કરવાનું નક્કી કર્યું હતું.આરોપીના પરીવારજનો અને યુવતીના પરિવારજનો લગ્ન માટે કોર્ટમાં હાજર થયા હતા.અમિતના પરીવારજનોએ મેરેજ અંગેનું લખાણ કરી આપીશું તેવું જણાવી લગ્ન કેન્સલ કરાવ્યા હતા. લગ્ન કેન્સલ થતાં યુવતીના પરિવારજનો ત્યાંથી રવાના થઈ ગયા હતા અને આરોપીના પરિવારજનો પીડિતાને ઘરે લઈ આવ્યા હતા.

"ગ્રામ વિકાસની વાત મુખ્યમંત્રીને સાથ" હેઠળ સરપંચો સાથે મુખ્યમંત્રીનો સંવાદ

ગામડાઓને સંપૂર્ણ રસીકરણયુક્ત કરવા સરપંચોને રૂપાણીનું આહ્વાન

કોરોના સામેની લડાઈનો આ અંતિમ તબક્કો; હવે આપણે કિનારે છીએ : રૂપાણી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૮

મુખ્યમંત્રીએ ગ્રામીણ સરપંચો સાથે સેટકોમ માધ્યમથી ગ્રામ વિકાસની વાત મુખ્યમંત્રીને સાથના નવીન અભિગમ અન્વયે ગાંધીનગરથી સંવાદ સાધ્યો હતો. મુખ્યમંત્રીએ સૌ સરપંચોને આહવાન કર્યું કે, કોરોના સામેની લડાઈનો આ અંતિમ તબક્કો છે હવે આપણે કિનારે છીએ અને નજીકના ભવિષ્યમાં જ કોરોના વેકસીન આવતા કોરોનાથી સૌ સલામત થઈ જવાના છીએ. ગ્રામીણ વિસ્તારોમાં આ કોરોના વેકસીન પણ સૌને મળે તેવી રાજય સરકારની વ્યવસ્થામાં સક્રિય સહભાગી બનવા તેમણે સરપંચોને પ્રેરણા આપી હતી. મુખ્યમંત્રીએ સ્પષ્ટ કહ્યું કે, જે ઢબે ચૂંટણીમાં પોલીંગ બુથ હોય છે અને પોલિયો રસીકરણ માટે પણ બુથ બનાવી છેવાડાના વ્યકિત સુધીના લોકોને આવરી લેવાય છે તે જ પદ્ધતિએ કોરોના વેકસીન માટે પણ આવા બુથ બનાવી સરપંચો, પદાધિકારીઓ, ગ્રામજનો સૌના સહયોગથી કોરોના વેકસીનનો ડોઝ છેવાડાના માનવી સુધી પહોંચાડવાનું સુદ્રઢ આયોજન કરાશે. આ વેકસીનને છેક ગ્રામીણ ઈલાકા સુધી પહોંચાડવાની સમગ્ર સપ્લાય ચેઈન, વેકસીનના સંગ્રહ અને પ્રિઝર્વેશન માટે કોલ્ડ સ્ટોરેજ જેવી વ્યવસ્થાઓ સરકાર વિકસાવી રહી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું કે રાજય સરકાર દ્વારા આ વેકસીન ગ્રામીણ નાગરિકોને મળી રહે તે માટે મોટા ભાગના ગામોમાં ૫૦ વર્ષથી ઉપરની વયજૂથના વ્યકિતઓના સર્વે શરૂ થઈ ગયા છે અને યાદી તૈયાર કરવાની કામગીરી શરૂ થઈ છે. ૫૦ વર્ષથી વધુ વયના લોકોને આ રસી અપાયા બાદ ૫૦થી નીચેના હોય પરંતુ કોઈને કોઈ ગંભીર બીમારી ધરાવતા હોય તેમની પણ અલગ યાદી બનાવી વેકસીનેશન કરાશે.

ધારાસભ્ય થયાને ત્રણ વર્ષ થતાં નરોડાના ધારાસભ્યે ઉજવણી કરી; સોશિયલ ડિસ્ટન્સિંગના ધજાગરા

અમદાવાદ, તા.૧૮

નરોડાના ધારાસભ્યએ ધારાસભ્ય થયાને ૩ વર્ષ થતાં તેની ઉજવણી કરી હતી અને તેમણે ઓફિસમાં કાર્યકરોનો જમાવડો ભેગો કર્યો હતો. કાયદાનો અમલ કરાવવાળા જ કાયદાનો ભંગ કરતા નજરે પડે તો તેની અસર આમ જનતા પર પડ્યા વગર રહેતી નથી. ભાજપના નરોડા વિધાનસભાના ધારાસભ્ય બલરામ થાવાની કોઈને કોઈ પ્રકારે ચર્ચામાં જ રહ્યા છે. આજે બલરામ થાવાનીએ ધારાસભ્ય થયાના ત્રણ વર્ષ પૂરા કર્યા હોવાની ખુશીમાં તેમની ઓફિસે જ કાર્યકરોનો જમાવડો ભેગો કર્યો હતો. ભાજપના કાર્યકરોએ કોવિડ-૧૯ કોરોના મહામારીના જાહેરનામનો જાહેરમાં ધજાગરા ઉડાવ્યા છે. ભાજપના ધારાસભ્યની વિરૂદ્ધ પોલીસ ગુનો દાખલ કરશે કે કેમ તે દેશની ભોળી જનતા સવાલો કરી રહી છે. નાગરિકોને પોતાના લગ્ન ,મરણ માટે પોલીસ પાસે પરવાનગી મેળવવામાં કમર કસવી પડી રહી છે. ત્યારે ભાજપ સત્તાના નશામાં મશગૂલ બની આમ જનતાની ભાવના સાથે રમી રહી છે. આ દ્રશ્ય જોઈ કોરોનાનો કેર વધુ વકરે તેવી ભીતી પણ જોવા મળી રહી છે. આવો પહેલા બનાવ નથી. ઘણા નેતાએ કોરોના ગાઈડલાઈડ સાઈડમાં મુકીને નિયમોનાં ભંગ કર્યા છે.

મધ્ય અફઘાનિસ્તાનમાં ધાર્મિક મેળવડામાં પ્રચંડ વિસ્ફોટ, ૧૫ નાગરિકોનાં મોત

(એજન્સી) કાબૂલ, તા.૧૮

અફઘાનિસ્તાનના આંતરિક મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે મધ્ય અફઘાનિસ્તાનમાં એક ધાર્મિક મેળવડા દરમ્યાન થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા ૧૫ નાગરિકોનાં મોત થયા. જ્યારે અન્ય ૨૦ લોકો ઘાયલ થયા હોવા અંદાજ છે. વિસ્ફોટને કારણે બાળકો અને મહિલાઓ પણ ઈજાગ્રસ્ત બની છે. ગજની પ્રાંતના આંતરિક મંત્રાલયના પ્રવક્તા તારીક અરિયને કહ્યું હતું કે, ધાર્મિક ગ્રંથના પઠન માટે યોજાયેલા કાર્યક્રમ દરમ્યાન આ વિસ્ફોટ થયો હતો. પ્રાથમિક અહેવાલો અનુસાર ગજની જિલ્લામાં યોજાયેલા આ કાર્યક્રમમાં એક રિક્ષામાં મૂકેલો બોમ્બ વિસ્ફોટ થવાની શંકા છે.

તુર્કીની મોટી જાહેરાત : સખત મુશ્કેલ દિવસોમાં અમે ઈરાનની પડખે ઊભા છીએ, અમારી બેન્કોમાં રાખેલી મૂડીનો લાભ ઉઠાવવા ઈરાનને તક આપીશું

(એજન્સી) તા.૧૮

તુર્કીના વાણિજિયક મંત્રીએ ઈરાનના ઉદ્યોગ, ખાણકામ અને વાણિજિયક મંત્રી સાથે ટેલિફોનિક વાતચીતમાં કહ્યું છે કે આ સખ્ત મુશ્કેલ દિવસોમાં અમે ઈરાનની પડખે ઉભા છીએ, અમે દવાઓ અને ખોરાક સામગ્રીને પ્રાથમિકતા આપીશું અને એવી પરિસ્થિતિઓની રચના કરીશું જેમાં ઈરાન, તુર્કીની બેન્કોમાં હાજર પોતાની ધનરાશીથી દવાઓ અને ખોરાક સામગ્રીની ખરીદી કરી શકે તુર્કીના વાણિજિયક મંત્રી રૂખસાર પેકઝાને આવી જ રીતે આ ટેલિફોનિક વાતચીતમાં કહ્યું કે તુર્કી ઈરાન સાથે વ્યાપાર અને સહકારમાં વધારો ઈચ્છે છે. તેમણે બંને દેશો વચ્ચે વેપાર અને સહકારની સંભાવનાઓનો ઉલ્લેખ કરતા કહ્યું કે અમે ઈરાન સાથે સમગ્ર રીતે સહકાર માટે તૈયાર છીએ અને બંને દેશો વચ્ચે કોરોના દરમ્યાન અને કોરોના પછી પણ સહકારમાં વધારો ઈચ્છીએ છે. રૂખસાર પેકઝાને ઈરાનની રાષ્ટ્રપતિ કચેરીના પ્રમુખ, મહેમુદ વાએઝી સાથે થયેલી પોતાની ટેલિફોનિક વાતચીતનો ઉલ્લેખ કરતા કહ્યું કે અમે બંને દેશોના વેપારીઓ માટે તક વધારવા અને વેપારને વધુ વિસ્તૃત કરવા માટે તૈયાર છીએ. પેકઝાને ઈરાન અને તુર્કી વચ્ચે યોજાનારા સહકાર કરારનો સમગ્ર રીતે પાલન કરવા પર ભાર મુકયો છે અમેરિકન પ્રતિબંધોના કારણે ઈરાન અન્ય દેશોમાં સંગ્રહીત પોતાના નાણાં અને મૂડીનો ઉપયોગ કરવા માટે અસમર્થ છે, પરંતુ તેમ છતાં ઘણા દેશો ઈરાનને સહકાર આપી રહ્યા છે, જેવું કે હવે તુર્કીએ પણ જાહેરાત કરી છે.

લેબેનોન બે મહિનામાં કોરોના રસીનો પ્રથમ જથ્થો મેળવશે

(એજન્સી) તા.૧૮

રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, લેબેનોને આ અઠવાડિયા માટે ફાઈઝર બાયોએનટેકની કોરોના વેકસીનના સપ્લાય માટે એક સમજૂતી પર હસ્તાક્ષર કરવાની આશા છે અને તેના આઠ અઠવાડિયા પછી પ્રથમ બેચ મેળવવાની તૈયારીમાં છે. ઈન્ફેકશનમાં વધારો લેબેનોનની આરોગ્ય સેવા સીસ્ટમને પ્રભાવિત કરી રહ્યો છે. જે નાણાકીય સંકટની વચ્ચે સંઘર્ષ કરી રહ્યું છે અને ઓગસ્ટમાં એક મોટા બંદર વિસ્ફોટ પછી બૈરૂતની હોસ્પિટલોમાં વિસ્ફોટ થઈ ગયો. દબાણોમાં વધારો થતા આર્થિક મંદીએ અનેક ડોકટરોને હેરાન કરવા માટે પ્રેરિત કર્યા અને ચિંતા વ્યકત કરી કે દવાઓ પર સબસિડી હટાવી દેવામાં આવશે. ૬ મિલિયનની જનસંખ્યાની સાથે લાવનાર કોરોનાના પરિણામ સ્વરૂપ ૧૨૧૦ મૃત્યુની સૂચના આપી છે. આરોગ્ય મંત્રી હમાદ હસને જણાવ્યું કે રાષ્ટ્રના વિદેશી ચલણની ભારે અછત છતાં સરકારે આ અઠવાડિયે ફાઈઝર બાયોએનટક વેકસીનના સપ્લાય માટે સમજૂતી પર હસ્તાક્ષર કરવાની આશા છે. અધિકારીઓએ પહેલા જણાવ્યું કે લેબેનોન રસીના ૧.૫ મિલિયન ડોઝને સુરક્ષિત કરવા માટે વાતચીત કરી રહ્યું છે. રસીની પ્રથમ બેચ હસ્તાક્ષરના આઠ અઠવાડિયા પછી આવવાની આશા છે. લેબેનોને ગરીબ દેશોને રસી આપવા માટે વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા સમર્થિત એક વૈશ્વિક યોજના (કોવેક્ષ)માં સામેલ થવા માટે પણ હસ્તાક્ષર કર્યા છે. અધિકારીઓએ એક એવા દેશમાં કોરોના વાયરસ પ્રતિબંધોને લાગુ કરવા માટે સંઘર્ષ કર્યો છે જયાં અડધો દેશ ગરીબીમાં જીવી રહ્યો છે. લેબેનોને આગામી બે મહિનામાં ૨૦૦ આઈસીયુ વોર્ડ જોડવાનું લક્ષ્ય રાખ્યું છે તેમને સંયુકત રાષ્ટ્રની એજન્સીઓ અને બિનસરકારી સંપત્તિને આગ્રહ કર્યો કે તે લેબેનોન માટે વધુ રસીઓને સુરક્ષીત રાખવામાં મદદ કરે. જયાં શરણાર્થી વસ્તી છે.

બાઈડેનની તાજપોશી પહેલાં સઉદીએ તેની છબી સુધારવા માટે ત્રણ દબાણ જૂથોની નિમણૂંક કરી

(એજન્સી) સી.એન.બી.સી.,તા.૧૮

સઉદી સત્તાવાળાઓ બાઈડેનની તાજપોશી પહેલા પોતાની છબી સુધારવા પ્રયાસો કરી રહ્યા છે, તેઓ અમેરિકાના લોબીસ્ટોની સેવાઓ મેળવી રહ્યા છે જેઓ સાંસદો સાથે સંપર્ક કરી શકે. સઉદી અરેબિયાએ જે એક જૂથની નિમણુંક કરી છે એ જન સંપર્ક કંપની એલ.એસ.૨ છે જેમની સાથે સઉદીએ ૨૦૧૯ના વર્ષમાં એક વર્ષ માટે ૧.૫ મિલિયન ડોલરનો કરાર કર્યો હતો. દસ્તાવેજોમાંથી માહિતી મળી છે કે સઉદી આરબ અરેના સ્ટ્રેટેજી ગ્રુપ પાસેથી પણ સેવાઓ મેળવશે. જેના માટે ૧લી ડિસેમ્બરે કરાર કરાયો હતો. જે કંપની લોકો, સરકારી અધિકારીઓ અને મીડિયાને અમેરિકા અને સઉદી આરબ વચ્ચેના સંબંધો મજબૂત બનાવવાનું મહત્વ જણાવશે. બાઈડેનની ચૂંટણી જીત્યા પછી ૫૦૦૦ ડોલર પ્રતિ મહિનાના હિસાબે કરાર કરાયો હતો. સઉદી આરબ ઓફ હિલ સ્ટ્રેટેજીસને ૨૫૦૦૦ ડોલર પ્રતિ મહિને ઓક્ટોબરથી ૧૮ જાન્યુઆરી ૨૦૨૧ સુધી ચૂકવશે જે ગ્રુપ કોંગ્રેસ સાથે સંપર્ક કરી અને સઉદી અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવા દૂતાવાસ દ્વારા કરાતા પ્રયાસોમાં મદદ કરશે. રાજકીય બાબતો અંગે અહેવાલ પુરા પાડતી વોશિંગ્ટન આધારિત સ્વતંત્ર કંપનીએ જણાવ્યું હતું કે ૨૦૧૮ના વર્ષમાં સઉદીએ ૩૦ મિલિયન ડોલરથી વધુ રકમ લોબીસ્ટો પાછળ ખર્ચી હતી અને ૨૦૨૦ના વર્ષમાં હજુ સુધી ૫ મિલિયન ડોલર ખર્ચ કર્યો છે. રિયાધના સંબંધો અમેરિકા સાથે ટ્રમ્પના શાસન દરમિયાન નોંધપાત્ર ઘનિષ્ઠ રહ્યા હતા. ટ્રમ્પે સઉદીના શાસકો સાથે અંગત સંબંધો વિકસાવ્યા હતા અને સઉદી દ્વારા કરવામાં આવી રહેલ માનવ અધિકારોના ભંગની અવગણના કરી એમના વિરોધી ઈરાન સામે અમેરિકા દ્વારા મહત્તમ દબાણો ઉભા કર્યા હતા. સઉદીને ચિંતા છે કે બાઈડેન ટ્રમ્પ દ્વારા ઈરાન ઉપર મુકાયેલ પ્રતિબંધો દૂર કરશે અને પરમાણુ સમજૂતીમાં ફરીથી જોડાશે જેના લીધે સઉદીને મળતા હથિયારોમાં કાપ મૂકવામાં આવશે અને એમને માનવ અધિકારોના ભંગ બદલ જવાબદાર ઠરાવવામાં આવશે.



અનેક દેશ અમેરિકાના આર્થિક આતંકવાદની ટીકાને બદલે રાષ્ટ્ર સંઘમાં ઈરાન વિરોધી પ્રસ્તાવ પસાર કરી રહ્યા છે

(એજન્સી) તા.૧૮

ઈરાનમાં માનવાધિકારોની સ્થિતિ પર સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના પ્રસ્તાવની ટીકા કરતા તહેરાને જણાવ્યું છે કે આ દસ્તાવેજમાં કાયદાકીય પાસાનો અભાવ છે. ગુરૂવારે ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા સઈદ ખતીબજાદેએ જણાવ્યું કે કેનેડાએ આ પ્રસ્તાવનો મુસદ્દો તૈયાર કર્યો હતો અને જે લોકો તેની પાછળ છે. તેમનો માનવાધિકારોના ઉલ્લંઘનનો ઈતિહાસ છે. ખાસ કરીને સૈન્ય હસ્તક્ષેપ કરવો અને અમલદારશાહી સરકારોને હથિયાર વેચવા. એક દિવસ પહેલાં જ સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ ઈરાનમાં માનવાધિકારોની સ્થિતિ પર એક પ્રસ્તાવ પસાર કર્યો હતો જેના પક્ષમાં ૮૨ વોટ પડ્યા અને વિરોધમાં ૩૦ જ્યારે ૬૪ સભ્ય ગેરહાજર હતા. આજ રીતે પોતાના અધિકારોનો ઉપયોગ કરનારી જેલોમાં કેદ મહિલા માનવાધિકારોની મુક્ત કરવાની માંગ કરવામાં આવી છે. લઘુમતીઓથી સંબંધિત અધિકારોના ઉલ્લંઘનને બંધ કરવાની માંગની સાથે જ ૨૦૨૧માં નિષ્પક્ષ રાષ્ટ્રપતિ ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે જણાવવામાં આવ્યું છે. ખતીબજાદેહનું કહેવું છે કે જે દેશ આ પ્રસ્તાવની પાછળ છે. તેમણે અમેરિકન ગુંડાગર્દીની અસરમાં ઈરાન રાષ્ટ્રની વિરૂદ્ધ અમેરિકાના આર્થિક આતંકવાદ પ્રતિ આંખો બંધ કરી રાખી છે. આ તે જ દેશ છે જે વોશિંગ્ટનના ગેરકાયદેસર અને અમાનવીય પ્રતિબંધોની ટીકા કરવાના સ્થાને તેના સહભાગી બની ગયો છે.

ઈઝરાયેલી સૈનિકો જેનિન સ્કૂલ નજીક ગોળીબાર કરતાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઘાયલ થયા

(એજન્સી) ગાઝાપટ્ટી, તા.૧૮

ઈઝરાયેલના વેસ્ટબેંક ખાતે આવેલા જેનિનમાં એક સ્કૂલમાં ઈઝરાયેલી સૈનિકો દ્વારા ગોળીબાર અને બોમ્બ બ્લાસ્ટ કરવાના કારણે અનેક વિદ્યાર્થીઓ અને શિક્ષકો અસરગ્રસ્ત થયા છે. ઈઝરાયેલી સૈનિકોએ આ દરમ્યાન ટીયરગેસનો મારો પણ ચલાવ્યો હતો. મીડિયા અહેવાલ અનુસાર ઈઝરાયેલી સૈનિકોએ અનિન સેકન્ડરી સ્કૂલમાં ગેસબોમ્બનો મારો ચલાવ્યા બાદ સ્કૂલને ઘેરી લીધી હતી. આ ઘટના બાદ સંખ્યાબંધ પેલેસ્ટીની નાગરિકોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ લઈ જવા પડ્યા. પેલેસ્ટીનનો શિક્ષણ વિભાગના અધિકારીઓ સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સાથે સંકળાયેલા લોકોને ઈઝરાયેલ દ્વારા કરાયેલ ઉલ્લંઘનને રોકવા માટે અપીલ કરી હતી.

લેબેનોનની મહિલા કાર્યકર્તાને ઈઝરાયેલ સાથે કથિત સંબંધો બદલ ત્રણ વર્ષની સખત મજૂરીની સજા

(એજન્સી) તા.૧૭

એક લેબેનીઝ મહિલા કાર્યકર્તાને ઈઝરાયેલ તરફ મુસાફરી કરવા અને ઈઝરાયેલ સાથે સંબંધો બાંધવાના આરોપો બદલ સોમવારે ત્રણ વર્ષની સખ્ત મજૂરીની સજા ફટકારવામાં આવી છે. ૨૩ વર્ષીય કિન્દા અલ-ખતીબને દુશ્મનને સહકાર આપવા કબજે કરેલા પેલેસ્ટીની પ્રદેશોમાં પ્રવેશ કરવા અને ઈઝરાયેલી દુશ્મનના જાસૂસો સાથે સહકાર આપવાના આરોપસર ધરપકડ કરવામાં આવી હતી. ઈઝરાયેલ અને લેબેનોન તકનીકિ રીતે યુદ્ધમાં છે અને બંને રાજયોએ નાગરિકોને એક બીજાના રાજયોની મુલાકાત લેવા પર પ્રતિબંધ લગાવ્યો છે. ઈઝરાયેલમાં સ્થાયી કોઈ વ્યકિત સાથે વાતચીત કરવુ પણ લેબેનોનમાં ગેરકાયદેસર માનવામાં આવે છે. અલ-ખતીબ, જેની જૂનમાં ધરપકડ કરવામાં આવી હતી. તેણે આ આરોપોને ફગાવી દીધા છે અને માત્ર એવો દાવો કર્યો છે કે એક અજાણ્યા ઈઝરાયેલી પત્રકારે, ટવીટર પર તેનો સંપર્ક કર્યો હતો. જો કે અન્ય આરોપોમાં દાવો કરવામાં આવ્યો હતો કે અલ-ખતિબે એક ઈઝરાયેલી ચેનલ અને યુ.એસ. સ્થિત લેબેનીઝ સરકારના વિરોધી, ચાર્બેલ હેજ, વચ્ચેના એક ઈન્ટરવ્યુની સગવડ કરી આપી હતી. ન્યૂ અરબના અહેવાલ અનુસાર, અલ-ખતિબ પર ત્યાર પછી કુવૈતના ગુપ્તચર અધિકારીને લેબેનોન વિશેની ગુપ્ત માહિતી પુરી પાડવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. અલ-ખતિબના મિત્રો અને પરિવારે તેની ધરપકડ અને જેલની સજાને રાજકીય ગણાવતા કહ્યું હતું કે હિઝબુલ્લાહની ઓનલાઈન ટીકા કરવા અને રાષ્ટ્રપતિ મિશેલ આઉન સહિત અન્ય લેબેનીઝ રાજકીય દળોની આલોચના કરવા બદલ તેની ધરપકડ કરાઈ છે અને સજા સંભળાવાઈ છે. અલ-ખતિબની બહેને આરોપો વિશે કહ્યું કે, તે આશ્ચર્યજનક છે કે તપાસ દરમ્યાન તેના પર કબજે કરેલા પ્રદેશોમાં આઠ વખત પ્રવેશ કરવાના આક્ષેપો છે, પછી ત્રણ વખત, પછી ફકત એક વખત. આર્થિક સંકટ અને કોરોના વાયરસ મહામારીને દુર કરવામાં સરકારની નિષ્ફળતા માટે સોશિયલ મીડિયા પોસ્ટ પર ટીકા કરનારા લેબેનોનના ઘણા કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી. જેમાંથી એક કિન્દા-અલ-ખતિબ છે.



માનવ અધિકાર જૂથોએ UAE પર તુર્કીના ઉદ્યોગપતિને મુક્ત કરવા માટે દબાણ કરવા વિનંતી કરી

(એજન્સી) અંકારા,તા.૧૮

તુર્કીના વકીલોએ ત્રણ વર્ષથી દુબઈની જેલમાં અટકાયત હેઠળ રખાયેલ તુર્કીના ધંધાર્થી મેહમેત અલી ઓઝતુર્ક ઉપર ગુજરાતા ત્રાસને અટકાવવા અને મુક્ત કરાવવા દુબઈ પર દબાણ લાવવા તુર્કીના માનવ અધિકાર અને સમાનતાની સંસ્થા અને રાષ્ટ્રીય મીકેનીઝમને વિનંતી કરી છે. વકીલો દ્વારા બહાર પડાયેલ એક નિવેદનમાં જણાવ્યું છે કે એમની વિનંતીમાં અટકાયત કરાયેલની પત્ની અમીનાની માહિતી પણ આપવામાં આવી છે. નિવેદનમાં મેહમેત અલી ઓઝતુર્ક ઉપર પોલીસ કસ્ટડીમાં સુરક્ષા એજન્સીઓ દ્વારા પૂછપરછ દરમિયાન ગુજારાતા ત્રાસ અને નિર્દયી વ્યવહારની વિગતો પણ જણાવાઈ છે અને એ સાથે એમના પુત્ર અમેરિકન નાગરિક અબ્દુલ્લાહ ઓઝતુર્કની એફ.બી.આઈ. દ્વારા કરાયેલ અટકાયતના ડેટા પણ જણાવાય છે. ''માનવ અધિકારોનો ભંગ કરી ઓઝતુર્ક અને તેના પરિવાર ઉપર આચરવામાં આવેલ ત્રાસ, દુરૂપયોગ અને ક્રૂરતા જેવા, સતત ત્રાસ, મૃત્યુની ધમકીઓ, મનસ્વી ધરપકડ, બળજબરીથી ગાયબ કરવું, સ્વતંત્રતા પર પ્રતિબંધ અને નિષ્પક્ષ ટ્રાયલ મેળવવાના અધિકારથી વંચિત રાખવામાં આવ્યા છે. HREITને વિનંતી કરવામાં આવી છે કે તેઓ ઓઝતુર્કને દુબઈના આવા ત્રાસથી મુક્ત કરાવે, જે યુએઈ તુર્કી પ્રત્યેની દુશ્મનીના ભાગ રૂપે આપી રહ્યું છે. ઓઝતુર્કની ધરપકડ ફેબ્રુઆરી ૨૦૧૮ના વર્ષમાં યુએઈમાં યોજાયેલ એક ફૂડ પ્રદર્શનીમાં ભાગ લેવા દરમિયાન કરાઈ હતી. આ પહેલા ઓઝતુર્કની પત્ની અમીનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમુક વ્યક્તિઓના એક જૂથે એમના અને એમાં પતિના હાથો બાંધી અજાણ્યા સ્થળે લઈ ગયા હતા. પતિને કસ્ટડીમાં રાખી મૂક્યો હતો જ્યારે એમને મુક્ત કરી તુર્કી મોકલી આપવામાં આવ્યું હતું. એ પછી ઓઝતુર્કને ૨૫ વર્ષની જેલની સજા ફટકારાઈ હતી. આ સમય દરમિયાન ઓઝતુર્ક ઉપર અતિશય ત્રાસ ગુજારવામાં આવ્યો હતો. એમની ઉપર તુર્કી અને રાષ્ટ્રપતિ એર્દોગન વિરુદ્ધ નિવેદનો કરવા બળજબરી કરાઈ હતી. યુએઈના સત્તાવાળાઓએ ઓઝતુર્ક પાસેથી બળજબરીથી તુર્કી-કતાર વચ્ચેના સંબંધો અને સીરિયામાં તુર્કીની ભૂમિકા બાબતે કબૂલાતનામું મેળવ્યું હતું. ૧૧મી ડિસેમ્બરે ધંધાર્થીના કુટુંબીજનોએ તુર્કીની કોર્ટમાં અબુધાબી વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

ગરીબોને અંધારામાં રાખીને જમ્મુ-કાશ્મીરના રોશની એક્ટનો કેવી રીતે દુરુપયોગ કરવામાં આવ્યો?

કાશ્મીર ઘાટી

- ઈરફાન અમિન મલિક

જમ્મુ અને કાશ્મીર વહીવટીતંત્ર રાજ્યની માલિકીની જમીન પરથી અતિક્રમણ કરનારાઓને દૂર કરવાનું આયોજન ધરાવે છે. તેણે હવે આ વિવાદાસ્પદ રોશની એક્ટ હેઠળ જેઓને જમીન આપવામાં આવી છે તેઓની

શ્રીનગરમાં બંધ થયેલી દુકાનોની નજીક બેઠેલા સ્થાનિક લોકો

પાસેથી છ મહિનામાં જમીન પરત લેવાના આયોજનની જાહેરાત કરતા આ કેન્દ્રશાસિત પ્રદેશમાં હજારો લોકો જાણે છેતરાયાની લાગણી અનુભવે છે અને તેઓ મોટાપાયા પર ઘર વગરના થઈ જાય તેવી સંભાવના છે.

૨૦૦૧માં જમ્મુ-કાશ્મીરમાં ફારુક અબ્દુલ્લાની સરકાર રોશની એક્ટ લાવી હતી, આ કાયદા હેઠળ જે લોકોએ સરકારી જમીન પર દબાણ કર્યુ હતુ કે અતિક્રમણ કર્યુ હતુ તેઓને તે જમીનના અધિકાર આપી દેવાયા હતા. આમાના કેટલાક લોકોએ તો તેમને મળેલી જમીનનો અમુક હિસ્સો અત્યંત ગરીબ કહી શકાય તેવા લોકોને વેચ્યો હતો અને તેના લીધે જમ્મુ-કાશઅમીરના દરેક ખૂણે મોટાપાયા પર બાંધકામ થયુ હતુ.

રાજ્યમાં પ્રવર્તતી વીજ કટોકટીને પહોંચી વળવા માટે અને જળવિદ્યુત યોજનાઓ બનાવવા માટે મોટાપાયા પર ભંડોળની જરૂરિયાત પૂરી કરવા માટે સરકારી જમીનના માલિકી હક્ક તેઓને આપવામાં આવ્યા હતા

રાજ્યમાં જળવિદ્યુત યોજનાઓ માટે ભંડોળ ઊભું કરવા માટે ૨૦૦૧માં રાજ્યની માલિકીની જમીન તેના પર અતિક્રમણ કરનારાઓને વેચવાનો કાયદો પસાર કરવામાં આવ્યો હતો જેને હવે ગેરબંધારણીય જાહેર કરવામાં આવતાં હજારો લોકો છેતરાયા હોવાનું અને ઘરવિહીન થઈ ગયા હોવાનું અનુભવે છે.

જેઓ ૧૯૯૦ પૂર્વેથી તેના પર ગેરકાયદેસરનો કબ્જો ધરાવતા હતા. તે સમયે તેઓને તે સમયના બજારભાવે જમીન અપાઈ હતી.

રોશની એક્ટ હેઠળ સમગ્ર કાશ્મીર ખીણમાં મોટાપાયા પર જમીનની લેવેચ થઈ હતી. લોકોએ લાખો રૂપિયા તેમના મકાનો, દુકાનો અને અન્ય બિલ્ડિંગ બનાવવા માટે રોક્યા હતા. આ એક્ટ હેઠળ જમીનના ખરીદ અને વેચાણ વેરિફાઈડ કરવામાં આવ્યા હતા અને મહેસૂલ વિભાગે તેની મંજૂરી આપી હતી, મહેસૂલ ઈન્સ્પેક્ટરોએ અને ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટ્સે તેની ચકાસણી કરી હતી. તેનો યોગ્ય રીતે અમલ કરવામાં આવ્યો હતો અને લોકોને સમયે-સમયે જમીનના દસ્તાવેજો આપવામાં આવ્યા હતા.

ભ્રષ્ટાચારનો આરોપ

રોશની એક્ટના લીધે ૩૦,૦૦૦ લોકોને ફાયદો થયો હતો. જમ્મુ સ્થિત જમણેરી જૂથ ઈક્કજુટે આરોપ કર્યો હતો કે આ કાયદો રાજ્યમાં લેન્ડ જેહાદના ભાગરૂપે પસાર કરવામાં આવ્યો હતો અને જમ્મુના હિંદુ બહુમતીવાળા વિસ્તારની ડેમોગ્રાફી બદલવા માટે આ કાયદો પસાર કરવામાં આવ્યો હતો.

૨૦૧૮માં જમ્મુ-કાશ્મીર રાજ્યના ગવર્નર સત્યપાલ મલિકે રોશની એક્ટ નાબૂદ કર્યો હતો અને તેથી તેના હેઠળ થતા વ્યવહારો અટકી ગયા હતા. બે વર્ષ પછી ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્રએ જણાવ્યુ હતું કે રોશની એક્ટ તેના ઈચ્છિત ધ્યેયો હાંસલ કરવામાં નિષ્ફળ ગયો છે. આ સિવાય તેની કેટલીક જોગવાઈઓનો દૂરુપયોગ થયાના પણ અહેવાલો છે. આ સિવાય તેમા ભ્રષ્ટાચારના આરોપો પણ મૂકાયા છે અને બધુ મળીને આ કાયદો જે ફાયદા પૂરા પાડવાના હતા તે પાડવામાં નિષ્ફળ ગયો છે.

જમ્મુ-કાશમીર હાઈકોર્ટે રોશની એક્ટને ગેરબંધારણીય ગણાવતા અને સીબીઆઈ તપાસનો આદેશ આપીને તેને ૨૫,૦૦૦ કરોડનું કૌભાંડ ગણાવ્યું છે. ૨૦૧૧માં એસ.કે. ભલ્લાએ તેમના વકીલ શેખ શકીલ દ્વારા દાખલ કરેલી ફરિયાદ અને ૨૦૧૪માં એડવોકેટ અંકુર શર્માએ ફાઈલ કરેલી પીટીશનમાં બંનેએ રાજ્યમાં અને વનવિભાગની જમીન પર મોટા પાયા પર અતિક્રમણ થયું હોવાનો આરોપ મૂક્યો હતો. મુખ્ય ન્યાયાધીશ ગીતા મિત્તલ અને ન્યાયાધીશ રાજેશ બિંદાલે તેમના છેલ્લા આદેશમાં સત્તાવાળાઓની આકરી ટીકા કરી હતી.

કોર્ટના આદેશના પગલે લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહાના નેજા હેઠળના જમ્મુ-કાશ્મીરના વહીવટીતંત્રએ જે એન્ડ કે સ્ટેટ લેન્ડ (ગેરકાયદેસરના કબ્જેદારોને માલિકી આપવી) એક્ટ ૨૦૦૧ જે રોશની એક્ટથી પણ જાણીતો હતો તેને રદબાતલ જાહેર કર્યો.

વહીવટીતંત્રએ જણાવ્યું હતું કે જમ્મુ-કાશ્મીર વહીવટીતંત્ર કોર્ટના આદેશનો અમલ કરશે, જેણે જમ્મુ એન્ડ કાશ્મીર સ્ટેટ લેન્ડ એક્ટ ૨૦૦૧ને સમય વીતવાની સાથે ગેરબંધારણીય અને ટકી ન શકે તેવો ગણાવ્યો છે. જ્યારે રોશની એક્ટ પસાર કરવામાં આવ્યો હતો ત્યારે સરકાર પાસે ૨૦,૬૪,૯૭૨ કેનલ (એક કેનલ બરાબર ૫૦૫.૮૫ ચોરસ મીટર) જમીન હતી, જેનો મૂલ્ય ૨૫,૪૪૮ કરોડ થાય છે, જેના પર અતિક્રમણ થઈ ચૂક્યું છે. આ કાયદાને પછી નેશનલ કોન્ફરન્સ, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી અને કોંગ્રેસની સરકારોએ સુધાર્યો હતો, પરંતુ તેમા ભ્રષ્ટાચાર અને નેપોટિઝમના આરોપો હેઠળ આ સ્કીમ ખરડાઈ ગઈ.

૨૦૧૪માં કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયાએ આ જમીન તેના પરના રહેવાસીઓને ફાળવવામાં અનિયમિતતા નોંધી હતી. અહેવાલ મુજબ સ્કીમ તેનો હેતુ પૂરો કરવામાં નિષ્ફળ ગઈ છે. ૨૫,૪૪૮ કરોડની આવકના અંદાજ સામે સ્કીમે ૨૦૦૭થી ૨૦૧૩ દરમિયાન ફક્ત ૭૬ કરોડની આવક જ મેળવી હતી.

તહેલકાના આ યોજનાના લાભાન્વિતોમાં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ જેવા રાજકીય પક્ષોનો સમાવેશ થાય છે. કાશ્મીરમાં તેના હેડક્વાર્ટરની જમીનની માલિકી ખિદમત ટ્રસ્ટ અને નવાઈ સુબહ ટ્રસ્ટની છે, જે શ્રીનગરમાં અપમાર્કેટ વિસ્તારમાં પ્રાઈમ રિયલ એસ્ટેટ પર કબ્જો ધરાવે છે.

તેના અન્ય લાભાન્વિતોમાં ગુલામ મોહી-ઉદ-દિન મલિક છે. તેઓ જમ્મુ-કાશ્મીર વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર હતા. આ સિવાય વિધાન પરિષદના ભૂતપૂર્વ સભ્ય કે.કે. અમલા, નિવૃત્ત અમલદારો જેવા ક ભૂતપૂર્વ મુખ્ય સચિવ સૈયદ મોહમ્મદ આગા અને મોહમ્મદ શફી પંડિત, જે એન્ડ કે પબ્લિક સર્વિસ કમિશનના ચેરમેન, નિવૃત્ત ન્યાયાધીશો, હકીમ ઈમ્તિયાઝ હુસૈન, જે એન્ડ કે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ, ખીણના ડોક્ટરો સહિતના આગેવાન નેથ્રોલોજિસ્ટ ડો. મુનીરખાનનો સમાવેશ થાય છે.

સ્ટેટ વિજિલન્સ કમિશ્નર (એસવીસી)એ બશીર એહમદ ખાન સામ એફઆઈઆર નોંધી છે. બશીર એહમદ ખાન હાલના જે એન્ડ કેના લેફ્ટનન્ટ ગવર્નરના સલાહકાર છે અને કાશઅમીરના પ્રખ્યાત સ્કી રિસોર્ટમાં સરકારી જમીનને અયોગ્ય રીતે ટ્રાન્સફર કરવામાં આવી છે. તેમા પર ગુલમર્ગમાં સરકારી જમીન ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરવાનો આરોપ છે, આ રીતે આ જોગવાઈઓને ચાતરી જવામાં આવી છે.

હકીકત

વહીવટીતંત્રા સૂત્રોએ ધ વાયરને જણાવ્યું હતું કે રાજકીય બુદ્ધિજીવીઓએ નબળા સંચાલનનો ફાયદો લઈને શ્રીનગરના અપમાર્કેટના વિસ્તારમાં મૂલ્યવાન જમીન પર અતિક્રમણ કર્યુ હતુ અને ગરીબોએ સસ્તી જમીન પર અતિક્રમણ કર્યુ હતુ. રોશની એક્ટ દૂર થવાના લીધે હવે ગરીબ માણસ જે વર્ષોથી આ જમીન પર રહેતો આવ્યો છે તે ડરી રહ્યો છે. તેને રાજકીય બુદ્ધિજીવીઓએ આ સરકારી માલિકીની જમીન ખરીદવા લલચાવ્યા હતા, સ્વાભાવિક છે કે તેઓને તે સમયે સરકારનો ટેકો હતો.

રોજ કમાઈને રોજ ખાતા લોકો થોડા ઘણા માર્લા (એક માર્લા બરાબર ૨૫થી ૨૯ ચોરસ મીટર જમીન) ખરીદી હતી. તેઓને હવે તેમની મિલકતોની ચિંતા છે, નેશનલ કોન્ફરન્સની સરકારે કરેલી આ છેતરપિંડીની કિંમત ગરીબ ચૂકવશે. સરકારે પોતે જ લોકોને જણાવ્યું હતું કે અરજી ફાઈલ કરો અને અમુક ફી ચૂકવીને જમીનના માલિક બની જાવ. તે સમયે ફી સરકારી ધારાધોરણ મુજબ ચૂકવાઈ હતી અને પછી મિલકત માલિકાના હાથમાં રેગ્યુલરાઈઝ્ડ કરવામાં આવી હતી. હવે ૨૦ વર્ષ પછી મારી પરસેવાની કમાણીની મહેનતમાંથી મેં મકાન બનાવ્યું છે તો સરકાર મારુ મકાન તોડીને મને ઘર વગરનો કેવી રીતે કરી શકે? એમ સાઉથ કાશ્મીરના પુલવામા જિલ્લામાં ૫૫ વર્ષની વ્યક્તિએ જણાવ્યું હતું.

સાઉથ કાશ્મીરમાં ત્રાલ ખાતેની ટાઉનશિપમાં બીજી એક પીઢ મહિલાએ જણાવ્યું હતું કે સરકાર અમારા એક માળના મકાનને તોડી પાડે તે અન્યાય કહેવાશે. હું ગરીબ છું અને મારા પતિ મજૂર છે. અમે માંડ-માંડ ૧૨ માર્લા જમીન ખરીદી હતી, જેની પાસેથી જમીન ખરીદી હતી તેણે અમને કહ્યું ન હતું કે આ સરકારી જમીન છે. હવે મેં તેના પર મકાન બનાવ્યું છે તો સરકાર કેવી રીતે મારા કુટુંબને ઘરવિહીન બનાવી શકે? અમે ક્યાં જઈશું અને કોને ત્યાં આશરો લઈશું, એમ મહિલાએ ઓળખ ન આપવાની શરતે જણાવ્યું હતું.

જ્યારે તેણે જમીનના ૧૨ માર્લા જેટલો ટુકડો ખરીદ્યો ત્યારે સરકારે તેને જમીનની માલિકીના દસ્તાવેજો પૂરા પાડ્યા હતા અને તેનુ સોગંદનામુ કરેલુ હતુ અને તેના પર રેવન્યુ ઈન્સ્પેક્ટરે સ્ટેમ્પ પણ માર્યો હતો. આમ સરકારે પોતે ગરીબ લોકોને અંધારામાં રાખ્યા હતા. હું આશા રાખું કે કોઈને ઘર વગરના કરવામાં ન આવે, તેમ મહિલાએ જણાવ્યું હતું.

રોશની એક્ટ પસાર કરવામાં આવ્યો તે પહેલા પણ જમીન ખરીદવાનો પ્રયત્ન કરી રહેલા ગરીબ કુટુંબો સાથે છેતરપિંડી આચરવામાં આવી હતી. મહેસૂલ વિભાગના વર્તુળોએ ધ વાયરને જણાવ્યું હતું કે સમયે સમયે પ્રધાનો, અમલદારો અને રાજકીય કાર્યકરોના નિર્દેશો મુજબ મહેસૂલ ઈન્સ્પેક્ટરોને જમીનના દસ્તાવેજો અંગે ખોટી વિગતો સુપ્રદ કરવાનું કહેવાતુ હતુ. તેના લીધે છેતરપિંડી થતી હતી અને ગરીબ ખરીદદારને નિરાશા મળતી હતી.

ધ વાયર પાસે ઉપલબ્ધ જમીનના દસ્તાવેજો પણ આ વાતને સમર્થન આપે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો આ દસ્તાવેજોમાં પ્લોટના સરવે નંબર જ નકલી છે.

અબ્દુલ રહીમ (નામ બદલ્યુ છે) આવા ઘણા લોકોમાં એક છે જેણે જમીન ખરીદી હતી, તેને મળેલા દસ્તાવેજો બરોબર સ્ટેમ્પ થયેલા હતા. તેના પર બરોબર સહી થયેલી હતી. હવે તેને વર્ષો પછી જણાવવામાં આવ્યું છે કે તેણે સરકારી જમીન ખરીદી છે અને તેણે જેની પાસેથી આ જમીન ખરીદી તે તેની જમીન હતી જ નહીં.

૧૯૯૪માં મેં શમિઅત અલ દેહ ખાતે ૧૨ માર્લા જમીન ખરીદી હતી, તેના માટે રેવન્યુ ઈન્સ્પેક્ટરે યોગ્ય દસ્તાવેજો સહિત એફિડેવિટ



દાલ સરોવરને વટાવી રહેલી મહિલા

પૂરી પાડી હતી. દસ્તાવેજો પર મહેસૂલ અધિકારીઓની સહી અને સ્ટેમ્પ હતા. મેં તેના પછી તેના પર ઘર બનાવવા ચૂકવણી પણ કરી છે. મ્યુનિસિપલ કમિટીના અધિકારીઓએ આ સ્થળની મૂલાકાત લીધઈ હતી અને બાંધકામને મંજૂરી આપી હતી. પછીના થોડા મહિનામાં જમ્મુ એન્ડ કાશ્મીર પાવર ડેવલપમેન્ટ વિભાગે મને વીજ જોડાણ પણ પૂરુ પાડ્યુ હતુ. તેના પછી સરકારનું જળશક્તિ વિભાગ પાણી પુરવઠો પણ વર્ષોથી નિયમિત રીતે પૂરો પાડે છે. વર્ષો વીતવાની સાથે રોડ અને બિલ્ડિંગ વિભાગે અમે જ્યાં રહીએ છીએ ત્યાં રસ્તા પણ બનાવ્યા છે. હવે આટલું બધુ થઈ ગયા પછી તેઓ કહે છે કે આ સરકારની જમીન છે. સરકારની જમીન હોય તો તેણે પછી આ ખરીદવા દેવા માટે છૂટ કેમ આપી અને તેણે તેની જમીન પર ગેરકાયદેસર અતિક્રમણ કરનારાઓને સગવડો કેમ પૂરી પાડે.

રહીમે સરકારને હવે વિનંતી કરી છે કે રોશની એક્ટના નાના લાભાન્વિતો માટે તે માલિકી માટેની પોલિસી લઈને આવે.

જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટે રોશની એક્ટને ગેરબંધારણીય ગણાવતાં અને સીબીઆઈ તપાસનો આદેશ આપીને તેને ૨૫,૦૦૦ કરોડનું કૌભાંડ ગણાવ્યું છે. ૨૦૧૧માં એસ.કે. ભલ્લાએ તેમના વકીલ શેખ શકીલ દ્વારા દાખલ કરેલી ફરિયાદ અને ૨૦૧૪માં એડવોકેટ અંકુર શર્માએ ફાઈલ કરેલી પિટિશનમાં બંનેએ રાજ્યમાં અને વનવિભાગની જમીન પર મોટાપાયા પર અતિક્રમણ થયું હોવાનો આરોપ મૂક્યો હતો.

(સૌ.: ધ વાયર.ઈન)

કંપની સરકારના કાળા કાયદા : ખેડૂતો અને નાગરિકો ગુલામ બનશે

દૃષ્ટિકોણ

-પ્રો.હેમંતકુમાર શાહ

કેન્દ્ર સરકારે ખેતી સાથે સંબંધિત ત્રણ કાયદા જૂન-૨૦૨૦માં કર્યા છે. બે નવા કાયદા છે અને એક જૂના કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે. આ માટે કોરોના મહામારીને કારણે લોકડાઉન હતું ત્યારે અચાનક વટહુકમ બહાર પડાયા અને પછી રાજ્યસભામાં તે ખૂબ ઉતાવળે અને મૌખિક મતદાનથી જ પસાર કરી દેવામાં આવ્યા. સરકારની નિયત ખેતીને દેશી-વિદેશી મહાકાય બહુરાષ્ટ્રીય કંપનીઓને હવાલે કરવાની છે અને જમીનના માલિક એવા ખેડૂતોને તેમની જ જમીન પર ખાનગી કંપનીઓના મજૂર બનાવી દેવાની લાગે છે. ખેડૂતોની આવક પાંચ વર્ષમાં બમણી કરવાની વાતો જોરશોરથી કરવામાં આવે છે પણ હકીકતમાં આ કાયદાથી આવક વધશે નહિ પણ ખેડૂતો કંપનીઓના ગુલામ બની જાય એવી દહેશત ઊભી થાય છે.

આ ત્રણેય કાયદા રાજ્ય સરકારોને પૂછ્યા વિના જ કે તેમની સાથે વાતચીત કર્યા વિના જ કરવામાં આવ્યા છે. ખરેખર તો ખેતી અને ખેતીના માલનું ખરીદ-વેચાણ એ બંધારણની અનુસૂચિ-૭ મુજબ રાજ્ય સરકારોનો વિષય છે. એને અંગે રાજ્ય સરકારોએ જ કાયદા કરવાના હોય અને નિયમો ઘડવાના હોય; પણ કેન્દ્ર સરકારે આ કાયદા કરીને રાજ્ય સરકારોની સત્તા આંચકી લીધી છે. બંધારણ મુજબ ભારત ૧૯૫૦થી એક સમવાયતંત્રી દેશ છે. તેથી રાજ્ય સરકારો દેશના રાજકારણ અને અર્થકારણમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે ત્યારે રાજ્ય સરકારોનો અનાદર કરીને કેન્દ્ર સરકાર મનમાની કરી રહી છે અને દેશના મૂળભૂત રાજકીય અને આર્થિક માળખાને જ હાનિ પહોંચાડી રહી છે.

અને હા, દેશમાં આશરે ૧૫ કરોડ ખેડૂતો છે અને તેમના ખેડૂત સંગઠનો પણ છે. પરંતુ સરકારે કોઈ પણ ખેડૂત સંગઠન સાથે આ કાયદા કરતાં પહેલાં કશી જ વાતચીત કરી નથી. જો સરકાર એમ કહેતી હોય કે આ કાયદાથી ખેડૂતોને લાભ થવાનો છે તો પછી આ કાયદા લાવતાં પહેલાં ખેડૂત સંગઠનો સાથે તેણે કેમ ચર્ચા-વિચારણા ના કરી ? સરકાર પોતે પારદર્શક છે એમ ઢોલ પીટે છે અને 'સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ' એ સરકારનું સૂત્ર છે, પણ આ ત્રણ કાયદા એવી સાબિતી આપે છે કે હકીકતમાં કેન્દ્ર સરકાર દેશી-વિદેશી મહાકાય કંપનીઓનો સાથ લઈને તેમનો જ વિકાસ કરવા માંગે છે અને તેમનો જ વિશ્વાસ જીતવા માંગે છે.

વળી, અત્યંત ગંભીર બાબત એ છે કે આ કાયદા લોકશાહીના એક મૂળભૂત સિદ્ધાંતનો જ ભંગ કરે છે. એક કાયદાની બે કલમોમાં એમ કહેવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારે કે રાજ્ય સરકારે કે બીજી કોઈ પણ વ્યક્તિએ આ કાયદા હેઠળ કોઈ નિર્ણય સારા ઈરાદા સાથે કર્યો હોય તો તેની સામે દેશની કોઈ પણ અદાલતમાં કેસ કદી પણ કરી શકાશે નહિ. આમ, સરકાર ન્યાય માગવાના નાગરિકોના અધિકારનો જ છેદ ઉડાડી દેવા માગે છે. સારો ઈરાદો સરકાર નક્કી કરે છે. આનો અર્થ એ થાય છે કે કોઈ ખાનગી કંપનીએ પણ ખેડૂતો સાથે કોઈ છેતરપિંડી કરી હોય અને ખેડૂતો લૂંટાયા હોય તો પણ કોઈ અદાલતમાં જઈ શકાય નહિ. આ તો દેશના બધા ખેડૂતો અને બધા નાગરિકો સરકાર અને ખાનગી કંપનીઓના ગુલામ થઈ ગયા. આ અદૃશ્ય ગુલામી છે !

ખેત ઉત્પન્ન બજાર સમિતિઓને બંધ કરવાનો કારસો

એક કાયદો દેશમાં જે ૨,૪૭૭ મુખ્ય માર્કેટ યાર્ડ અને ૪,૮૪૩ પેટા યાર્ડ છે અને તેમાં ગુજરાતના જે ૨૧૪ મુખ્ય યાર્ડ અને ૧૮૩ પેટા યાર્ડ છે તે બંધ થઈ જાય તે માટે જ કરવામાં આવ્યો છે. તેમાં કરવામાં આવેલી જોગવાઈઓ અને તેનાં ભાવિમાં આવી શકનાર પરિણામો નીચે મુજબ છે:

(૧) માર્કેટ યાર્ડમાં જે વેપાર થાય તેના પર વેરા અને ફી લાગે છે પણ જો યાર્ડની બહાર વેપાર થશે તો તેના પર વેરા કે ફી નહિ લાગે. આમ થાય તો ધીમે ધીમે યાર્ડ બંધ થઈ જશે.

(૨) જો માર્કેટ યાર્ડ બંધ થઈ જશે તો લઘુતમ ટેકાના ભાવે સરકાર કોઈ ખરીદી જ નહિ કરે એમ શંકા છે; અને તો ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ નહિ મળે. એટલે અત્યારે જેટલા ભાવ મળે છે તેટલા પણ ભાવ ખુલ્લા બજારમાં પણ નહિ મળે. કાયદામાં ભલે લઘુતમ ટેકાના ભાવની વ્યવસ્થા બંધ થશે એમ લખવામાં ના આવ્યું હોય પણ એવી શક્યતા તો ઊભી થાય છે જ.

(૩) માર્કેટ યાર્ડની બહાર ખાનગી કંપનીઓ ખેડૂતોનો માલ ખરીદશે તો તેઓ અંદરોઅંદર ભેગા મળીને ઓછા ભાવે ખરીદશે. બધી કંપનીઓ ભેગી થઈને ખેડૂતો પાસેથી માલખરીદીના ભાવ ઓછા કરી નાખશે. આમ, કંપનીઓને જ ફાયદો થશે અને ખેડૂતો લૂંટાશે.

(૪) પહેલાં તો માર્કેટ યાર્ડમાં ખેડૂતો માલ ના વેચે તે માટે માર્કેટ યાર્ડના વેપારીઓ કરતાં વધારે ભાવ કંપનીઓ આપશે, પણ એક વાર માર્કેટ યાર્ડના વેપારીઓ ખતમ થઈ જાય પછી કંપનીઓ ઊંચા ભાવ આપશે નહિ. કહેવાતી હરીફાઈવાળા બજારમાં અનેક વસ્તુઓમાં એમ જ બનતું હોય છે એ ભારતનો અને દુનિયાભરનો અનુભવ છે.

કરારી ખેતી : કેટલો લાભ, કેટલું નુકસાન ?

દેશભરમાં ગુજરાત સહિત જુદાં જુદાં રાજ્યોમાં આશરે ૩૦૦ કંપનીઓ ખેડૂતો સાથે કરારી ખેતી કરે છે. એટલે કરારી ખેતી એ કોઈ નવી વાત છે જ નહિ. ખેડૂતો કંપનીઓ સાથે કરાર કરે છે અને માલ પાકે ત્યારે કરારમાં લખેલા ભાવ મુજબ ખેડૂતને કંપની દ્વારા ભાવ આપવામાં આવે છે. ગુજરાતમાં પણ ૨૦૦૫માં કરારી ખેતી અંગે રાજ્ય સરકારે એક પરિપત્ર બહાર પાડ્યો હતો. દેશમાં બધે જ રાજ્યોના નિયમો કે કાયદાથી કરારી ખેતી થાય છે જ તો પછી કેન્દ્ર સરકારે કાયદો કરવાની શી જરૂર હતી ? કરારમાં શાની ખેતી કરવામાં આવશે, કેવી રીતે ખેતી કરવામાં આવશે, કંપની શી વ્યવસ્થા કરશે અને ખેડૂતે શું કરવાનું રહેશે અને જે પાકશે તેના કેટલા ભાવ કંપની આપશે વગેરે બાબતો લખવામાં આવી હોય છે. અનેક વાર અનેક સમયે ખાનગી કંપનીઓએ જાતજાતનાં બહાનાં કાઢીને ખેડૂતોને કરાર મુજબ ભાવ ના આપ્યા હોય એમ પણ બન્યું છે.

કરારી ખેતી અંગેના આ કાયદાની કલમ-૧૮ અને કલમ-૧૯ની જોગવાઈઓ લોકશાહીના કાયદાના શાસનના સિદ્ધાંતનો જ છેદ ઉડાડે છે. બંને કલમોમાં કરાયેલી જોગવાઈઓ આમ છે :

(૧) કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર કે આ કાયદા હેઠળ જે પણ અધિકારી છે તે, કે પછી કોઈ પણ વ્યક્તિએ, આ કાયદા હેઠળ કરેલી કામગીરી સામે કોઈ પણ કોઈ દાવો કરી શકાશે નહિ, કે પછી તેમની સામે કોઈ કાનૂની ફરિયાદ કરી શકાશે નહિ. અહીં ''કોઈ પણ વ્યક્તિ''નો અર્થ કોઈ પણ દેશી-વિદેશી કંપની આસાનીથી કરી શકાય. ભલે ''કંપની'' શબ્દ ના વાપરવામાં આવ્યો હોય પણ કંપનીના કોઈ પણ અધિકારી કે માલિક તો વ્યક્તિ જ ગણાય ને !

(૨) દેશની કોઈ પણ દીવાની અદાલતને આ કાયદા હેઠળ કોઈપણ અધિકારીએ ભરેલાં પગલાં સામે કેસ ચલાવવાની સત્તા રહેશે નહિ.

(૩) કોઈ પણ દીવાની અદાલત કાયદા હેઠળ લેવાયેલા કોઈ પણ પગલાં સામે કોઈ પણ હુકમ કરી શકશે નહિ.

(૪) કોઈ પણ રાજ્યના કોઈ પણ કાયદામાં આ કાયદાથી વિરુદ્ધની જોગવાઈ હશે તો પણ આ કાયદો જ લાગુ પડશે.

આ જોગવાઈઓ માત્ર લોકશાહીની જ હત્યા કરે છે એમ નથી પણ ભારતમાં બંધારણમાં લિખિત જે નાગરિક અધિકારો છે તેનો જ ભંગ કરે છે. કોઈ પણ નાગરિક સરકારના કોઈ પણ નિર્ણય સામે અદાલતમાં જઈ શકે અને ન્યાય મેળવી શકે એ લોકશાહીનો પાયાનો સિદ્ધાંત છે, એને જ કાયદાનું શાસન કહેવાય, અને તે ભારતના બંધારણમાં સ્વીકારવામાં આવેલો સિદ્ધાંત છે. આ સિદ્ધાંતને આ કાયદામાં કચરાટોપલીમાં ફેંકી દેવામાં આવ્યો છે.

સંઘરાખોરીની સત્તાવાર છૂટ

આવશ્યક ચીજવસ્તુ ધારો નામનો એક કાયદો ૧૯૫૫માં કરવામાં આવ્યો છે. આ કાયદા હેઠળ વેપારીઓ કે કંપનીઓ કઈ ચીજોનો કેટલો સંગ્રહ કરી શકે તેની મર્યાદા રાજ્ય સરકારો વખતોવખત નક્કી કરતી હતી. હવે આ સત્તા આ કાયદામાં સુધારો કરીને કેન્દ્ર સરકારે લઈ લીધી છે. કેન્દ્ર સરકાર હવે નક્કી કરશે કે સંગ્રહની મર્યાદા લાદવી કે નહિ. એટલે અનાજ, કઠોળ, બટાટા, ડુંગળી, તેલીબિયાં અને તેલનો સંઘરો કોઈ પણ વેપારી કે કંપની ગમે તેટલો કરી શકશે. બહુ ભાવવધારો થાય તો જ કેન્દ્ર સરકાર સંઘરાખોરી ડામશે. સંઘરાખોરીને પરિણામે થોડો ભાવ વધારો થાય તો ગ્રાહકોએ સહન કરવાનો !

ખેડૂતો પોતાના ઉત્પાદનનો સંગ્રહ કરી શકતા નથી. તેથી તેમને પૂરતા ભાવ મળતા નથી. જો વેપારીઓ કે કંપનીઓ સંગ્રહ કરશે તો તેઓ ઈચ્છે ત્યારે ભાવને રમાડી શકશે. હમણાં જ ડુંગળીના ભાવ બહુ વધી ગયા એટલે કેન્દ્ર સરકારે ડુંગળીની સંઘરાખોરી પર મર્યાદા લાદી દીધી. સરકારે લગભગ ચાર જ મહિનામાં થૂંકેલું ચાટવું પડ્યું છે.

વેપારીઓ અને કંપનીઓને ગમે તેટલી સંઘરાખોરી કરવાની છૂટ આપીને સરકારે ખેડૂતોને તેમના ઉત્પાદનના ભાવ ઓછા મળે એવી વ્યવસ્થા વધુ મજબૂત બનાવી છે, એટલું જ નહિ પણ ગ્રાહકોને પણ તેમની જ દયા પર છોડી દેવામાં આવ્યા છે. આમાં ગ્રાહકો અને ખેડૂતો બંનેનો મરો છે એમ લાગે છે.

ત્રણ પ્રકારના રોગચાળાને પહોંચી વળવાના પાંચ માર્ગ



ઉપાય

- ડો. કફીલ ખાન

હવા પ્રદૂષણ, શિયાળો, ઈન્ફ્લુએન્ઝાના ચેપનું કોકટેલ આગામી મહિનામાં કોરોના વાઈરસને ઝડપથી ફેલાવી શકે છે અને ગંભીર સ્થિતિ સર્જી શકે છે. બાળકો સુપર સ્પ્રેડર બની શકે છે.

વાઈરસથી થતી બીમારી

વાઈરસથી થતી શ્વાસની બીમારીઓમાં એક આરએસવી કે ઈન્ફ્લુએન્ઝા છે. શિયાળા દરમિયાન તે સૌથી વધારે જોવા મળે છે. શિયાળાની સીઝનમાં ગણનાપાત્ર કહી શકાય તેવા મોત ફ્લુના લીધે થાય છે. આજની તારીખે હજી સુધી કોઈ પુરાવો મળ્યો નથી કે વાતાવરણ બદલાતા કોરોના વાઈરસ ફેલાવવાનોછે. દિલ્હીમાં તેમા આવેલા અચાનક ઉછાળા અને દેશના બીજા ભાગમાં આવેલો ઉછાળો મજબૂતાઈથી નિર્દેશ કરે છે કે ભારત આગામી મહિનાઓમાં કોરોના વાઈરસના કેસોની બીજી પીક આગામી મહિનાઓમાં બનાવી શકે છે.

ફક્ત ભારતમાં જ નહી સમગ્ર વિશ્વમાં ઈન્ફ્લુએન્ઝા અને કોરોના વાઈરસના કો-ઈન્ફેક્શનના ચેપ વધ્યા છે. આ પ્રકારના કો-ઈન્ફેક્શનના કિસ્સામાં જોખમનું પ્રમાણ અનેકગણુ વધી જાય છે, તેના લીધે હોસ્પિટલનું રોકાણ લંબાઈ શકે છે, એમ ચીનમાં વુહાનમાં થયેલો પશ્ચાદવર્તી અભ્યાસ દર્શાવે છે. ફ્લુ અને કોરોના વાઈરસના સંયોજનમાં કોવિડ-૧૯ના કેસોમાં ફરીથી આવેલા ઉછાળાને વધેલા પ્રદૂષણથી વેગ મળી શકે છે. તે બાબતના પૂરતા પુરાવા છે કે ફક્ત શ્વાસમાંથી નીકળતા કણો જ નહી, પરંતુ હવામાં ઉડતા રજકણ અને ફાઈબર પાર્ટિકલ્સ પણ કોરોના વાઈરસ ફેલાવી શકે છે.

કોરોના વાઈરસ અને હવા પ્રદૂષણ

કોરોના વાઈરસ હવા પ્રદૂષણના રજકણોમાં પણ જોવા મળ્યો છે અને તે લાંબા અંતરો સુધી જોવા મળી શકે છે અને તેના લીધે ચેપગ્રસ્ત લોકોની સંખ્યા વધી શકે છે. હવા પ્રદૂષણના લીધે કોરોના વાઈરસ હવામાં વધારે પ્રવાસ ખેડે છે. આપણે જાણીએ છીએ કે હવાના પ્રદૂષણના લીધે આરોગ્યની તકલીફ થાય છે. બ્રોન્કિયલ અસ્થમા, ફેફસાની તકલીફ, હૃદયરોગના હુમલા, સ્ટ્રોક્સ, ડાયાબિટિસ અને હાઈ બ્લડ પ્રેશર તથા ફેફસાની ગંભીર બીમારીઓની સાથે કેટલાક બીજા રોગોને પણ નોતરે છે. આ પ્રકારના રોગોના લીધે કોરોનાના ચેપથી થતા મોતની સંભાવના વધી જાય છે.

સ્ટેટ ઓફ ગ્લોબલ એર (એસઓજીએ)ના અહેવાલ મુજબ ભારતમાં ૨૦૧૯માં લાંબા સમય સુધી બહારના પ્રદૂષણ અને ઘરના પ્રદૂષણના લીધે ૧૬,૬૭,૦૦૦ લોકોના મોત થયા હતા. નવું રિસર્ચ દર્શાવે છે કે વર્ષો વીતવાની સાથે કેવી રીતે વધુને વધુ પ્રમાણમાં પ્રદૂષિત થતી હવાના લીધે કોરોનાનો રોગચાળો વકર્યો છે.

નવો અભ્યાસ દર્શાવે છે કે શ્વાસમાં લેવાતી હવા વધુને વધુ પ્રમાણમાં ઝેરી થઈ છે. આજે કોરોનાની સંખ્યામા ઉછાળો જોવા મળે છે તેની પાછળ આ પણ એક કારણ છે. હવામાં એક માઈક્રોગ્રામ ક્યુબિક મીટરના પ્રદૂષણમાં વધારો થાય તો કોરોનાના મૃત્યુદરમાં સીધો આઠ ટકાનો વધારો થાય છે.

સ્વચ્છ હવાનું કહેતા ડોક્ટરો

ડોક્ટર્સ ફોર ક્લિન એર (ડીએફસીએ)એ ચેતવણી આપીછે કે હવાના પ્રદૂષણના લીધે ફેફસામાં આવતી તકલીફના લીધે કોરોનાથી અસર પામેલા દર્દીઓને ગંભીર તકલીફ થઈ શકે છે.

હવાનું પ્રદૂષણ દર્દીમાં કોરોનાના લક્ષણો લાંબા સમય સુધી જાળવી શકે છે, જેના લીધે તેને કોરોનાના લક્ષણ તેને કેટલાય અઠવાડિયાઓ સુધી લાગી શકે છે અને તેને રિકવરીમાં મહિનાઓ લાગી શકે છે. તેમાં કફ, થાક, ડાયેરિયા, સાંધાનો દુઃખાવો, સ્નાયુઓનો દુઃખાવો અને ફેફસાંની તકલીફ, હૃદય અને કિડનીને નુકસાન જેવી સ્થિતિ જોવા મળી શકે છે. તેમાં થાક સર્વસામાન્ય લક્ષણ છે.

હવાનું પ્રદૂષણ દર્દીમાં કોરોનાના લક્ષણો લાંબા સમય સુધી જાળવી શકે છે, જેના લીધે તેને કોરોનાના લક્ષણ તેને કેટલાય અઠવાડિયાઓ સુધી લાગી શકે છે અને તેને રિકવરીમાં મહિનાઓ લાગી શકે છે. તેમા કફ, થાક, ડાયેરિયા, સાંધાનો દુઃખાવો, સ્નાયુઓનો દુઃખાવો અને ફેફસાંની તકલીફ, હૃદય અને કિડનીને નુકસાન જેવી સ્થિતિ જોવા મળી શકે છે. તેમા થાક સર્વસામાન્ય લક્ષણ છે.

રોગચાળાની આ ત્રેવડી અસરનો સામનો કરવો ?

આવું હોય તો આ પ્રકારની પરિસ્થિતિને કઈ રીતે ટાળવી?

અહીં કેટલાક મુદ્દા છે જેના અંગે હું સૂચન કરું છું.

૧. કોરોના અને ઈન્ફ્લુએન્ઝા બંનેનું પરીક્ષણ કરીને દર્દીઓ આ પ્રકારના બંનેના લક્ષણો વચ્ચેનો તફાવત જોઈ શકે છે.

૨. ઈન્ફ્લુએન્ઝાની રસીનો યુનિવર્સલ ઈમ્યુનાઈઝેશન પ્રોગ્રામમાં સમાવેશ કરવો જોઈએ.

૩. સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્ક વીયરિંગની સાથે હાથ ધોવાની બાબત ઈન્ફ્લુએન્ઝા અને કોરોના બંનેની સંયુક્ત અસરને ટાળવા પૂરતી છે.

૪. લાંબા ગાળાના આયોજન દ્વારા હવાના પ્રદૂષણમાં ઘટાડો કરી શકાય. કોલસા આધારિત વીજમથકના પ્રદૂષણના નિયમો વધારે મજબૂત બનાવી શકાય, તેની સાથે-સાથે ડીઝલ તથા પેટ્રોલ વાહનોના પ્રદૂષણના નિયમો પણ વધારે મજબૂત બનાવી શકાય. બાંધકામના અમલીકરણ તથા સોલિડ વેસ્ટ અંગે મજબૂત ધારાધોરણે અપનાવી શકાય. આ સિવાય શ્વાસના રોગોના લીધે લોકો મરે છે. તેથી હવે હાલનો સમય તે સમય નથી જેમા ઉદ્યોગને હવાના પ્રદૂષણ માટે છૂટ આપી શકાય.

૫. કોરોનાના ચેપમાંથી બહાર આવેલા દરેક જણ અને શહેર કે સૌથી વધુ હવાઈ પ્રદૂષણ ધરાવતા વિસ્તારમાં રહેતા લોકોને ફ્લુ શોટ લાગવો જોઈએ.

(પીડિયાટ્રિક્સમા એમ.બી.બી.એસ, એમ.ડી. છે. તેમને બે વખત સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, તે ઉત્તરપ્રદેશની ગોરખપુરની બીઆરડી મેડિકલ કોલેજના પીડિયાટ્રિક વિભાગના સહાયક પ્રાધ્યાપક રહી ચૂક્યા છે. બાળકોનો જીવ બચાવવા માટે ઓક્સિજન સિલિન્ડરોની જાતે વ્યવસ્થા કરવા જવા બદલની કિંમત તેમણે ચૂકવવી પડી છે) **(સૌ. : સિયાસત. કોમ)**

સંસ્કાર સૌરભ

અનાજની ઈજ્જત કરો; તેને વેડફો નહીં.
(હદીસ બોધ)

બોધ વચન

પ્રયત્ન વિના માત્ર એક જ ચીજ મળે છે અને તે છે આયુ.
- એચ.જી.બોહન

આજની આરસી

૧૯ ડિસેમ્બર શનિવાર ૨૦૨૦
૩ જમાદિલ અવ્વલ ૧૪૪૨
માગશર સુદ પાંચમ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૫૪
ખત્મેઝવાલ ૧૨-૩૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૧૫
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૮

ગુસપુસિયું

પતિ : માય કમ્પ્યુટર પર રાઈટ ક્લિક કર
પત્ની : કર્યું
પતિ : ફોલ્ડર ખુલ્યું ?
પત્ની : હા
પતિ : હવે ઉપર જો શું દેખાય છે ?
પત્ની : પંખો.

વાંધા અરજી નહીં આવે તો મંજૂરી માટે મોકલી અપાશે

પાલનપુર પાલિકામાં નવીન વિકાસ નકશો ૬૦ દિ' સુધી લોકો જોઈ શકશે

(સંવાદદાતા દ્વારા)
પાલનપુર, તા.૧૮

પાલનપુર નગરપાલિકા દ્વારા અગાઉ વિકાસ નકશો મંજૂરી માટે મૂકવામાં આવ્યો હતો. જે કોઈ કારણોસર રદ થયો હતો. જેથી વિકાસ નકશાની વિસંગતાઓ દૂર કરી ફરી પાલિકાની બોડી દ્વારા વિકાસ નકશો મંજૂર કરવામાં આવ્યો હતો. જે વિકાસ નકશામાં કોઈ ત્રુટી હોય તો વાંધા સુચન માટે પાલિકાની લોબીમાં વિકાસ નકશો મૂકવામાં આવ્યો છે. જેને લોકો નિહાળવા આવી રહ્યા છે.

પાલનપુર શહેરમાં વિકાસને લઈ પાલિકા દ્વારા અગાઉ વિકાસ નકશો મંજૂરી માટે મૂકવામાં આવ્યો હતો. પરંતુ તેમાં ગેરરીતી કરવાની ફરિયાદો ઉઠવા પામી હતી. જેના પગલે ભાજપ તેમજ પાલિકાના કેટલાક પદાધિકારીઓ દ્વારા તે વિકાસ નકશો રદ કરવા મુખ્ય મંત્રી સુધી રજૂઆત કરવામાં આવી હતી. તે બાદ કોઈ કારણોસર નકશામાં વિસંગતતા જણાઈ આવી હતી. જેથી વિકાસ નકશો રદ થયો હતો. જેથી ફરી વિકાસ નકશા માટે ટી.પી.કમિટીની બે બેઠકો રદ થયા બાદ ત્રીજી બેઠકમાં વિકાસ નકશાને ટી.પી. કમિટીમાં મંજૂરી મળ્યા બાદ પાલિકાની સાધારણ સભામાં બહુમતીના જોરે વિકાસ નકસાને મંજૂર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મંજૂર થયેલો વિકાસ નકશાને પાલિકાની લોબીમાં લોકોને જોવા માટે મૂકવામાં આવ્યો છે. જે ૬૦ દિવસ સુધી રાખવામાં આવશે અને જો કોઈ વાંધા અરજીઓ નહીં આવે તો તે મંજૂરી માટે ઉચ્ચ કક્ષાએ મૂકવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. જેથી શહેરનો વિકાસ કરી શકાશે.

છાછર ગામમાં શોકનો માહોલ

કોડીનારના છાછર ગામનાં આશાસ્પદ યુવકનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા)
કોડીનાર, તા.૧૮

તાજેતરમાં કોડીનારમાં રહેતા હર્ષદભાઈ પીઠાભાઈ સોસા તથા છાછર ગામે રહેતા તેમના ફઈના દીકરા મયૂરભાઈ નાનજીભાઈ ચાવડા ઉ.વ.૨૧ હીરો હોન્ડા સ્પલેન્ડર પ્લસ મોટરસાયકલ ઉપર દામલીથી કોડીનાર આવી રહ્યા હતા ત્યારે દેદાની દેવળી ગામેના તળાવ પાસે રોડ પર પહોંચતા હર્ષદભાઈ મોટર સાયકલ ઉપરનો કાબૂ ગુમાવી દેતા તે પોતે તથા પાછળ બેઠેલ મયૂરભાઈ નાનજીભાઈ ચાવડા ગાડી એકાએક સ્લીપ થઈ જતા ફંગોળાઈ જઈ નીચે પડી ગયેલ ત્યારે આસપાસના માણસોએ ૧૦૮ બોલાવી કોડીનારની રા.ના.વાળા હોસ્પિટલમાં ખસેડાયા હતા જ્યાં ફરજ પરના ડોક્ટરોએ પ્રાથમિક સારવાર આપી વેરાવળ લઈ જવાનું કહેતા એમ્બયુલન્સમાં વેરાવળ નીલકંઠ હોસ્પિટલમાં દાખલ કરેલ જ્યાં સારવાર દરમ્યાન મયૂરભાઈ નાનજીભાઈ ચાવડાનું મૃત્યુ થયેલ. મયૂરભાઈના પિતાનું પણ ત્રણ વર્ષ પહેલા અવસાન થઈ ગયેલ હોઈ, આ પરિવાર ઉપર જાણે આભ તૂટી પડ્યું છે. મિલનસાર સ્વભાવના મયૂરભાઈના આમ અકાળે અકસ્માતથી મૃત્યુ થયું છે તેવા સમાચાર નાના એવા છાછર ગામમાં પહોંચતા ગામ શોક મગ્ન બની ગયેલ.

વ્યાજખોરો સામે જૂનાગઢ પોલીસની લાલ આંખ : બે ગુના નોંધી ત્રણને પકડયા

(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ શહેર-જિલ્લામાં કોઈ નાગરિકોને વ્યાજખોરો તરફથી બળજબરી કરવામાં આવતી હોય અને નાણાં કઢાવવા માટે ધમકીઓ આપવામાં આવતી હોય કે ગેરકાયદેસર વ્યાજ વટાવનો ધંધો કરવામાં આવતો હોય, તેઓની માહિતી આપવા હેલ્પલાઈન નંબર (પ્રદીપસિંહ જાડેજા, ડીવાયએસપી, જૂનાગઢ મોબાઈલ નંબર ૯૯૭૮૪૦૭૮૯૮ ઉપર તેમજ એચ.આઈ. ભાટી, પો.ઈન્સ., સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ મોબાઈલ નંબર ૯૭૨૭૭૨૨૪૮૮ ઉપર તથા અથવા પોલીસ કંટ્રોલ રૂમો આપી, મદદ માંગવા જાણ કરવામાં આવેલ છે. જે હેલ્પલાઈન નંબર આધારે જૂનાગઢ ડિવિઝનના ડીવાયએસપી પ્રદીપસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે બે ગુનાઓ નોંધી ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત ભેંસાણ પોલીસ સ્ટેશનના પીએઈઆઈ આર.એ.જાડેજા, સહિતની ટીમ દ્વારા સઘન કાર્યવાહી કરી, વધુ એક ફરિયાદ નોંધી, આરોપી અમિત લાલજીભાઈળ જોષી ઉર્ફે બાવલી (ઉ.વ.૨૬ રહે.ભેંસાણ, જિ.જૂનાગઢ) વિરૂદ્ધ મની લોન્ડરીંગ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવેલ છે. જે ગુનાના ફરિયાદીએ આરોપી પાસેથી રૂા.૧૫,૦૦૦/- વ્યાજે લીધેલા અને દર મહિને રૂા.૭૫૦/- લેખે કુલ રૂા.૧૯,૦૦૦/- વ્યાજના આપેલ હોવા છતાં, હજુ વ્યાજ તથા આપેલ રૂપિયા માગી રહ્યો હોઈ અને વ્યાજના આટલા બધા રૂપિયા આપેલ હોવા છતાં પોતાની મોટરસાયકલ પણ લઈ લીધેલ અને બીજાને આપી દઈ, ધાક ધમકી આપી, ત્રાસ આપવાનું ચાલુ રાખવામાં આવેલ હોઈ, ફરિયાદીએ ફરિયાદ કરતા, ભેંસાણ પોલીસ ટીમ દ્વારા આરોપી અમિત લાલજીભાઈ જોષી ઉર્ફે બાવલી (ઉ.વ.૨૬ રહે.ભેસાણ, જિ.જૂનાગઢ)ની ધરપકડ કરવામાં આવેલ છે. તેમજ ફરિયાદીની મોટરસાયકલ કબજે લેવામાં આવેલ છે.

પોશીના તાલુકામાં કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

પોશીના, તા.૧૮

પોશીના તાલુકા સેવાસદન સાબરકાંઠા તાલુકા કક્ષાએ કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ હતી. જેમાં પોશીના તાલુકાના લોકોમાં પર્યાવરણ જાગૃતિનો અભાવ હોય જેને લઈ લોકોને જાગૃત કર્યા હતા. પર્યાવરણના કાયદાનું મહત્ત્વ, કાયદાની સાચી માહિતી એડવોકેટ-નોટરી નરેન્દ્રસિંહ જી.ચાવડા દ્વારા આપવામાં આવી હતી. આ પ્રસંગે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વિરમગામ પંથકના માર્ગોને રિસરફેસ કરવા ધારાસભ્યની CMને રજૂઆત

(સંવાદદાતા દ્વારા)
વિરમગામ, તા.૧૮

વિરમગામ વિધાનસભા વિસ્તાર કોંગ્રેસના ધારાસભ્ય લાખાભાઈ ભરવાડ દ્વારા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને પોતાના મત વિસ્તારના લોકો પ્રાથમિક જીવન જરૂરિયાત અને સુખાકારી માટે છેલ્લા ૭ વર્ષ કરતા વધુ સમયથી રિસરફેસ ન થયેલ સ્ટેટ હાઈવે સહિતના રિસરફેસ કરવા માટે લેખિત રજૂઆત કરી હતી. વિરમગામ-નળસરોવર રોડને કુલ ડેપ્થ પરમેનેન્ટ રિપેર અંતર્ગત રૂા.૫ કરોડ ફાળવી આપવા ભલામણ કરી હતી. જેમાં વિરમગામ-સુરેન્દ્રનગર હાઈવે રોડ, કટોસણ સાદરા-ભોયણી રોડ, વિરમગામ-ડુમાણા, ગૈરયા, ઉપરીયાણ રોડ, બાલસાસણ, સહિત વિરમગામ માંડલ દેત્રોજ તાલુકાના વિવિધ ગામોને જોડતા ૨૦થી વધુ રોડ રસ્તા રિસરફેસ કરવા માટે રજૂઆત કરાઈ છે.

વિરમગામ : ટ્રેન હેઠળ ઝંપલાવી યુવકે આત્મહત્યા કરતાં ચકચાર

(સંવાદદાતા દ્વારા)
વિરમગામ, તા.૧૮

વિરમગામ માંડલ રોડ ઉપર ભોજવા રેલવે ફાટક પાસે બપોરના સમયે પેસેન્જર ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે પાટડી તાલુકાના સલી ઝાકિયાણા ગામના વતની સતિષ કનુભાઈ ભાલૈયા ઉ.વ.૨૬ના યુવાને ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી મોતને વાહલ કર્યું હતું. આ ઘટનાની જાણ ડિઝાસ્ટર મેનેજમેન્ટના નગીનભાઈ દલવાડી અને પોલીસને થતા ઘટનાસ્થળે પોલીસ કાફલો આવી પહોંચી મૃતકની લાશને પી.એમ. માટે વિરમગામ મહાત્માગાંધી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. બાદમાં લાશને પરિવારજનોને સોંપવામાં આવી હતી.

સાવરકુંડલાના હોમગાર્ડ નગમાબેનની પ્રામાણિકતા : અઢી લાખનો થેલો પરત કર્યો

ભાવનગર, તા.૧૮

સાવરકુંડલા હોમગાર્ડ યુનિટમાં ફરજ બજાવતા નગમાબેન અબ્દુલભાઈ ઝાખરાએ પોતાની ઈમાનદારીનું ઉદાહરણ પૂરૂં પાડ્યું છે. નગમાબેન હોમગાર્ડમાં છેલ્લા પાંચ વર્ષથી માનવ સેવા આપી રહ્યા છે, પણ તા.૧૧ના રોજ નગમાબેન મેઈન બજાર સાવરકુંડલા ખાતે ફરજ પર કાર્યરત હતા જેને લઈને નગમાબેન પેટ્રોલ પૂરાવવા અમરેલી રોડ પર આવેલ પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલ પૂરાવતી વેળાએ એક બાઈકચાલક પર નજર પડી જેનો થેલો થોડો પડી જવાની હાલતમાં હોય પરંતુ બાઈક સવારને બૂમ પાડતા તેમણે સાંભળી નહીં, પરંતુ નગમાબેન પોતાની ઈમાનદારીને ધ્યાને રાખી તેની પાછળ ૭થી ૮ કિલોમીટર થેલા સાથે ચરખડિયા પુલ સુધી પહોંચી થેલાના મૂળ માલિકને થેલો સોંપી ઈમાનદારીનું ઉદાહરણ પૂરૂં પાડ્યું હતું. થેલાના મૂળ માલિક ગુણવંતભાઈએ જણાવેલ કે થેલામાં અઢી લાખ રોકડા અને અગત્યના ડોક્યુમેન્ટ હતા, ગુણવંતભાઈ ૧૦,૦૦૦ ઈનામ સ્વરૂપે આપતા નગમાબેન કહે કે, આ વસ્તુ પર મારો કોઈ અધિકાર નથી. જ્યારે નગમાબેન સાથે વાત કરતા નગમાબેને જણાવ્યું હતું કે, ઈમાનદારીને નિષ્ઠાથી કામ કરતા રહીએ તો ઉપરવાળો બેઠો જ છે તથા વધારેમાં જેને એક રૂપિયાના મુલની કિંમત ખબર હોયને તે ક્યારેય લાખો

મળવાથી લલચાતો નથી.

સુરતમાં કરફ્યુ દરમિયાન મોબાઈલની દુકાનમાં ચોરી

સુરત, તા.૧૮

વેડરોડ અખંડ આનંદ કોલેજની સામેની ગલીમાં લક્ષ્મી મોબાઈલ શોપ નામની દુકાન આવેલી છે. દરમિયાન ગત મોડી રાતે ૪ વાગ્યાની આસપાસ અજાણ્યાઓએ દુકાનનું શટર ઉંચુ કરી અંદર ઘૂસી આઠથી દસ મોબાઈલ ચોરી કરી નાસી ગયા હતા. ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ જવા પામી છે. જેમાં ચોરીમાં લબરમુછીયા જેવા દેખાતા ચાર જણા હોવાનું બહાર આવ્યું છે. બનાવ અંગે આજે સવારે દુકાન માલીક આવતા ચોરી થઈ હોવાની ખબર પડતા પોલીસને જાણ કરી હતી. પોલીસે દુકાન માલિકની ફરિયાદ લઈ સીસીફુટેજના આધારે તસ્કરોને ઝડપી પાડવાના ચક્રોગમિતાન કર્યા હતા.

ખેડા જિલ્લામાં સર્જાયેલ ચાર માર્ગ અકસ્માતમાં એક વ્યક્તિનું મોત ; ચાર ઈજાગ્રસ્ત

નડિયાદ, તા.૧૮

ખેડા જિલ્લામાં વિવિધ ઠેકાણએ જુદા-જુદા ચાર માર્ગ અકસ્માતો સર્જાયાં હતાં. જેમાં કઠલાલ તાલુકાના લાડવેલ નજીક ટ્રકની અડફેટે વૃધ્ધનું મોત નિપજ્યું હતું. જ્યારે નડિયાદ તાલુકાના સલુણ તેમજ ખેડા તાલુકાના કનેરા અને બીડજ નજીક સર્જાયેલા અકસ્માતમાં કુલ ચાર વ્યક્તિઓને ઈજા પહોંચી હતી.

કઠલાલ તાલુકાના લાડવેલ તાબે આનંદપુરામાં રહેતાં ભેમાભાઈ ભુલાભાઈ પરમાર (ઉ.વ ૭૩) ગાયો ચરાવવા માટે નીકળ્યાં હતાં. ગાયો ચરાવતાં-ચરાવતાં તેઓ લાડવેલ ગામના સ્ટેન્ડ નજીક પહોંચ્યાં હતાં. જ્યાં માર્ગ પરથી પુરપાટ ઝડપે પસાર થતી ટ્રકના ચાલકે ભેમાભાઈને અડફેટે લેતા ટ્રકનું પાછળનું તોતિંગ વ્હીલ ભેમાભાઈના માથા પરથી ફરી વળતાં તેઓનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે કઠલાલ પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બીજો બનાવ નડિયાદ તાલુકાના સલુણમાં આવેલ દિવાન ફળીયામાં રહેતાં રૂકશાનાબાનું દિવાન ચાલતાં જઈ રહ્યાં હતાં. દરમિયાન માર્ગ પર પુરપાટ ઝડપે આવતા બાઈકના ચાલકે રૂકશાનાબાનુંને અડફેટે લઈ ઈજા પહોંચાડી હતી. આ બનાવ અંગે નડિયાદ રૂરલ પોલીસે બાઈકચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ત્રીજો બનાવ ખેડા તાલુકાના કાશીપુરામાં રહેતાં લાલાભાઈ ચુનારા અને કિશનભાઈ ચુનારા લઈને ખેડા તાલુકના કનેરા ગામની સીમમાંથી પસાર થઈ રહ્યાં હતાં. તે વખતે માર્ગ પર સામેથી પુરપાટ ઝડપે આવતી બોલેરો ગાડીના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈક પરથી ફંગોળાઈ રોડ પર પટકાયેલા લાલાભાઈ અને કિશનભાઈને ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસે બોલેરો ગાડીના ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ચોથો બનાવ ખેડા તાલુકાના બિડજ સીમમાં આવેલ ચીરીપાલ કંપનીના ગેટ સામે માર્ગ પરથી પુરપાટ ઝડપે પસાર થતી અલ્ટો ગાડીના ચાલકે રોડ ક્રોસ કરતાં ચીરીપાલ કંપનીના તેજશ જીવણભાઈ રાણા નામના એક કર્મચારીને અડફેટે લઈ ઈજા પહોંચાડી હતી. આ બનાવ અંગે ખેડા ટાઉન પોલીસે અલ્ટો ગાડીના ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



બેટિંગમાં ફરી ફ્લોપ રહ્યા બાદ ફિલ્ડિંગમાં પણ પૃથ્વી શોનું ભોપાળું

અશ્વિન સામે ઓસ્ટ્રેલિયા ઘૂંટણીએ બીજા દિવસે ૧૫ વિકેટો પડી

કાંગારૂઓની પ્રથમ ઈનિંગ ૧૯૧માં સમેટાઈ, ભારતે બીજા દાવમાં એક વિકેટ ગુમાવી ૯ રન કર્યા

નવી, દિલ્હી,તા.૧૮

ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની પહેલી ડે-નાઈટા ટેસ્ટ મેચના બીજા દિવસે યજમાન ટીમ ૧૯૧ રને ઓલઆઉટ થઈ હતી. ૫૩ રનની લીડ સાથે ભારતે બીજી ઈનિંગ શરૂ કરી હતી. ભારતની શરૂઆત નબળી રહી હતી. નવોદિત ઓપનર ફરી એકવાર માત્ર ૪ જ રને બોલ્ડ થયો હતો. બીજા દિવસના અંતે મયંક અગ્રવાલ ૫ અને જસપ્રીત બુમરાહ શૂન્ય રને અણનમ છે. ભારતનો કુલ સ્કોર ૧ વિકેટે ૯ રન બનાવ્યા હતાં. પહેલી ઈનિગના ૫૩ રન સાથે ભારતે ઓસ્ટ્રેલિયા સામે ૫૩ રનની લીડ લીધી છે. મયંક અગ્રવાલ ૨ રને કમિન્સની બોલિંગમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન ટિમ પેને જીવનદાન આપ્યું હતું. પેને મયંકનોનો કેચ છોડ્યો હતો. એડિલેડ ખાતે રમાઈ રહેલી ચાર મેચોની શ્રેણીની પહેલી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો ધબડકો બોલ્યો હતો.

ભારતીય બોલરોના પ્રભાવશાળી પ્રદર્શનના પગલે ઓસ્ટ્રેલિયા પહેલી ઈનિંગમાં માત્ર ૧૯૧ રનમાં ખખડ્યું હતું. ઓસ્ટ્રેલિયા તરફથી સૌથી વધારે ટીમ પેને અણનમ ૭૩ રન બનાવ્યા હતાં. ભારતે પહેલી ઈનિંગમાં ૨૪૪ રન બનાવ્યા હતાં. ભારત તરફથી રવિચંન્દ્રન અશ્વિને સૌથી વધુ ૪ વિકેટ ઝડપી હતી. ઉમેશ યાદવે ૩ અને જસપ્રીત બુમરાહે ૨ વિકેટ પોતાના નામે કરી હતી. ભારતે ૫૩ રનની લીડ મેળવી છે. ભારતે ગઈ કાલે પહેલા દિવસે ૬ વિકેટે ૨૩૩ રન બનાવ્યા હતાં. આજે બીજા દિવસે ભારતે પોતાની ઈનિંગ આગળ ધપાવતા માત્ર ૧૧ જ રન જોડ્યા હતાં. ભારત તરફથી સૌથી વધુ કેપ્ટન વિરાટ કોહલીએ ૭૪ અને ચેતેશ્વર પુજારાએ ૪૩ રન બનાવ્યા હતાં. ઓસ્ટ્રેલિયાના મિશેલ સ્ટાર્કે સૌથી વધુ ૪ અને પેટ કમિન્સે ૩ વિકેટ ઝડપી હતી. જોશ હેઝલવુડ અને નાથન લાયને ૧-૧ વિકેટ ખેરવી હતી. ભારતના કપ્તાન વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયા સામે ચાર ટેસ્ટ સિરીઝની પહેલી મેચમાં એડિલેડ ખાતે ટોસ જીતીને બેટિંગ લીધી હતી. આ વિદેશમાં ભારતની પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ છે. આજે ઓસ્ટ્રેલિયાની શરૂઆત અત્યંત ધીમી રહી હતી. ભારત સામે ચાર ટેસ્ટ સિરીઝની પહેલી મેચમાં એડિલેડ ખાતે ૯ વિકેટે ૧૬૮ રન કર્યા છે. ટિમ પેન અને જોશ હેઝલવુડ ક્રિઝ પર ઊભા છે. પેને પોતાના ટેસ્ટ કરિયરની આઠમી ફિફ્ટી મારી છે. ભારત માટે રવિચંદ્રન અશ્વિને ૪, ઉમેશ યાદવે ૩ અને જ્યારે જસપ્રીત બુમરાહ ૨ વિકેટ લીધી છે.

મેસી-રોનાલ્ડોને પછાડી ફૂટબોલર લેવાનડૉસ્કીએ જીત્યો ફિફા અવોર્ડ

ન્યુ દિલ્હી,તા.૧૮

પોલેન્ડના રોબર્ટ લેવાનડૉસ્કીએ ફિફા બેસ્ટ મેન્સ પ્લેયર અવોર્ડ જીતી લીધો છે. આ સાથે જ ૩૨ વર્ષનો આ સ્ટ્રાઈકર મેસી-રોનાલ્ડોના પ્રભૂત્વને ખતમ કરીને ફીફા અવોર્ડ જીતનારો ખેલાડી બની ગયો છે. ગુરુવારે જ્યૂરિખમાં થયેલી વર્ચ્યુઅલ અવોર્ડ સેરેમનીમાં તેણે આ પ્રતિષ્ઠિત અવોર્ડ હાંસેલ કર્યો. આ વર્ષે યુઈએફએ મેન્સ પ્લેયર ઑફ ધ યરનો અવોર્ડ જીતી ચુકેલા લેવાનડૉસ્કી મેન્સ પ્લેયર કેટેગરીમાં ફીફા અવોર્ડ માટે પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યો હતો. વિજેતાનો નિર્ણય વોટિંગ દ્વારા થયો, જેમાં રાષ્ટ્રીય ટીમના કેપ્ટન અને કોચની સાથે સાથે સિલેક્ટેડ પત્રકાર તથા પ્રશંસક (ઓનલાઈન) પણ સામેલ થયા. લેવાનડૉસ્કીએ ૨૦૧૯-૨૦ ચેમ્પિયંસ લીગમાં પોતાના દમ પર કલબ બાયર્ન મ્યૂનિખને ચેમ્પિયન બનાવ્યુ હતુ. આ ઉપરાંત લેવાનડૉસ્કીએ બાયર્ન મ્યૂનિખને જર્મન લીગ, જર્મન કપ અને યુઈએફએ સુપર કપ જીતાડવામાં મદદ કરી હતી. લેવાનડૉસ્કીએ બાયર્ન મ્યૂનિખથી રમતા ૨૦૧૯-૨૦ સીઝનમાં તમામ લીગ અને કપ મળીને ૪૭ મેચમાં ૫૫ ગોલ કર્યા. રૉબર્ટ લેવાનડૉસ્કીને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિયોનેલ મેસી જેવા દિગ્ગજો સાથે ફીફા બેસ્ટ મેન્સ પ્લેયર અવોર્ડ માટે શૉર્ટલિસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં પોલિશ કેપ્ટને બાજી મારી. મેસીએ ગત વર્ષે રેકોર્ડ છઠ્ઠી વાર આ અવોર્ડ જીત્યો હતો. રસપ્રદ બાબત એ છે કે ૨૦૦૮-૨૦૧૯ દરમિયાન મેસી (૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૫, ૨૦૧૯)એ ૬ અને રોનાલ્ડો (૨૦૦૮, ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૬, ૨૦૧૭)એ ૫ વાર આ અવોર્ડ પોતાના નામે કર્યો. આ દરમિયાન ૨૦૧૮માં ક્રોએશિયા અને રિયસ મેડ્રિડના લુકા મોડરિકે આ અવોર્ડ જીત્યો હતો. એટલે કે મેસી-રોનાલ્ડોના યુગમાં મોડરિક બાદ લેવાનડૉસ્કી ȁȁછનો બીજો સર્વશ્રેષ્ઠ ખેલાડી બન્યો.

ખંભાતના કાળી તલાવડી નજીક અજાણ્યા વાહનની ટક્કરે બાઈકચાલકનું મોત

આણંદ, તા.૧૮

ખંભાત તાલુકાના કાળી તલાવડી ચબુતરાવાળા ફળિયામાં રહેતા નગીનભાઈ અંબાલાલ પટેલ પોતાની મોટરસાયકલ લઈને કાળી તલાવડી, ટીમ્બા, સાયમા ટી પોઈન્ટ પાસેથી પસાર થતા હતા ત્યારે કોઈ અજાણ્યા વાહનના ચાલકે નગીનભાઈની મોટરસાયકલને ટક્કર મારતા તેઓ ઉછળીને રોડ ઉપર પટકાયા હતા. જેથી નગીનભાઈને માથામાં અને શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ ઘટનાને લઈને આસપાસના લોકો દોડી આવ્યા હતા. અને આ અંગે ખંભાત ગ્રામ્ય પોલીસને જાણ કરતા પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આ બનાવ અંગે નટુભાઈ અંબાલાલ પટેલની ફરિયાદના આધારે અજાણ્યા વાહનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જાહેર નિવિદા નંબર ૬ સને ૨૦૨૦-૨૧

ગુજરાત રાજ્યના આ કામના અનુભવી ઠેકેદારો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેર, જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ, બં.નં. ૩૦૩૯/૨, પહેલો માળ, શ્રીરામનગર સોસાયટી, બાલાસિનોર રોડ સેવાલિયા તા. ગલતેશ્વરની કચેરીએથી જૂથ યોજનાની મરામત અને નિભાવણી વનોડા જૂથ યોજનાની અંતર્ગત હાંડીયા હેડ વર્ક્સ ખાતે પાઈપલાઈનની કામગીરી માટે ૧.૨૩ લાખ માટેના કોરા ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ ૨૪-૧૨-૨૦૨૦ તથા ભરેલ ટેન્ડર રજિ.પોસ્ટ એ.ડી/સ્પીડ પોસ્ટથી સીલ કવરમાં પરત લેવાની છેલ્લી તારીખ ૦૪/૦૧/૨૦૨૧ના રોજ કચેરી સમય દરમ્યાન રાખવામાં આવેલ છે. આ માટે વિસ્તૃત વિગતો અને શરતોની માહિતી ઓફિસ સમય દરમ્યાન સંબંધકર્તાઓએ મેળવવાની રહેશે અને સર્વેને બંધનકર્તા રહેશે. તમામ ભાવપત્રકો સ્વીકારવા કે નહીં તે અંગેની તમામ સત્તા સક્ષમ અધિકારીની અબાધિત રહેશે. શરતી ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં.

ટોલ ફ્રી નંબર-૧૯૧૬ માહિતી/નડિ/૪૫૬/૨૦૨૦

પરિશિષ્ટ – IV,
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના (CIN:L65922DL2005PLC136029) અધિકૃત અધિકારી છે અને કલમ 13(2) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **29.04.2019** નારોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદારો **ભાવેશ ત્રિકમભાઈ ઝાલાવાડીયા પ્રૉપરાઈટર ઓમ ક્રિએશન્સ, કૃષ્ણાબેન ત્રિકમભાઈ ઝાલાવાડીયા અને ત્રિકમભાઈ એ ઝાલાવાડીયા** ને નોટિસમાં જણાવેલી **લોન ખાતું નં.HLAPSUR00419745 (''લોન કરાર નં.1'') અને લોન ખાતું નં.HLAPSUR00419684 (''લોન કરાર નં.2'')** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **29.04.2019** થી વ્યાજ દરે **(''લોન કરાર નં.1 માટે'') રૂ. 15,25,318/- (રૂપિયા પંદર લાખ પચ્ચીસ હજાર ત્રણસો અઢાર માત્ર)** અને **(''લોન કરાર નં.2 માટે'') રૂ. 2,88,661/- (રૂપિયા બે લાખ અઠ્યાસી હજાર છસો એકસઠ માત્ર)** મળી કુલ રકમ **રૂ. 18,13,979/- (રૂપિયા અઢાર લાખ તેર હજાર નવસો ઓગણાએંસી માત્ર) (''લોન કરાર નં.1 અને 2 માટે'')**ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે.

કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ)–2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા – કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકત્તનો **કબ્જો** તારીખ **16.12.2020**ના રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને ખરીદદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકત્તના સોદામાં પડવું નહી અને જો તે મિલકત્તને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **(''લોન કરાર નં.1 માટે'') રૂ. 15,25,318/- (રૂપિયા પંદર લાખ પચ્ચીસ હજાર ત્રણસો અઢાર માત્ર)** અને **(''લોન કરાર નં.2 માટે'') રૂ. 2,88,661/- (રૂપિયા બે લાખ અઠ્યાસી હજાર છસો એકસઠ માત્ર)** મળી કુલ રકમ **રૂ. 18,13,979/- (રૂપિયા અઢાર લાખ તેર હજાર નવસો ઓગણાએંસી માત્ર) (''લોન કરાર નં.1 અને 2 માટે'') 29.04.2019** ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના હકને આધીન રહેશે.

સુરક્ષિત અસ્ક્યામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

દુકાન નં.7 ગ્રામ પંચાયતના મંજુર પ્લાન પ્રમાણે (દુકાન નં.5 સુદા મંજુર પ્લાન પ્રમાણે) જેનું સુપર બિલ્ટ અપ એરિયા જેના માપ 352.08 સ્કે.ફીટ અને ગ્રાઉન્ડ ફ્લોર બિલ્ટ અપ એરિયા જેના માપ 21.47 સ્કે.મીટર્સ, લૉ રાઇસ બિલ્ડિંગ, જે રેસીડેંશીયલ અને કોમર્શિયલ હેતુ માટે વિકસિત સ્કિમ જે '' શાયોના એનક્લેવ'' થી જાણીતી છે. દેસાઈ ફળીયામાં ગામ તલની જમીનમાં સ્થિત અને પંચાયત ઓફિસમાં નોંધાયેલ જેના ક્રમાંક નં.240 નોંધાયેલ મિલકત્ત ક્રમાંક નં.240 સાથે જમીનનો માપ 476.67 સ્કે મીટર્સ ગ્રાઉન્ડ ફ્લોર હેઠળની જમીન મિલકત્ત અને સંલગ્ન માર્ગ વાળી મિલકત્ત, જમીનમાં કુલ અવિભાજ્ય ભાગ માપ 6.39 સ્કે.મીટર જેમાં પાર્કિંગ અધિકાર, સીઢી, માર્ગ, ઉપરઆવેલ ટાંકી, ગટર, બોરિંગ અને લીફ્ટ અને મિલકત્તના બીજા તમામ વપરાશના અધિકાર જે રજીસ્ટ્રેશન જીલ્લા સુરત અને ઉપ જીલ્લો કામરેજ મોજે, ગામ વાવ સુરત–395006, ગુજરાત

મિલકત્ત નીચે પ્રમાણે સિમીત છે :
પૂર્વમાં : યોગેશભાઈ મનુભાઈ ભક્તનું ઘર
પશ્ચિમમાં : ખુલ્લી જગ્યા
ઉત્તરમાં : રોડ
દક્ષિણમાં : રમેશભાઈ દયારામભાઈ ભક્તનું ઘર

સહી/–
અધિકૃત અધિકારી
તારીખ : 16.12.2020
સ્થળ : સુરત
ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

પરિશિષ્ટ – IV,
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,

નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના (CIN:L65922DL2005PLC136029) અધિકૃત અધિકારી છે અને કલમ 13(2) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **29.04.2019** નારોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદારો **ભાવેશ ત્રિકમભાઈ ઝાલાવાડીયા પ્રૉપરાઈટર ઓમ ક્રિએશન્સ, કૃષ્ણાબેન ત્રિકમભાઈ ઝાલાવાડીયા અને ત્રિકમભાઈ એ ઝાલાવાડીયા** ને નોટિસમાં જણાવેલી **લોન ખાતું નં. O001XII-01 (પહેલા લોન ખાતા નં. HLAPSUR00419745) (''લોન કરાર નં.1 માટે'') રૂ. 15,25,318/- (રૂપિયા પંદર લાખ પચ્ચીસ હજાર ત્રણસો અઢાર માત્ર)** અને **લોન ખાતું નં.O001XII-02 (પહેલા લોન ખાતા નં. HLAPSUR00419684) (''લોન કરાર નં.2 માટે'') રૂ. 2,88,661/- (રૂપિયા બે લાખ અઠ્યાસી હજાર છસો એકસઠ માત્ર) (''લોન કરાર નં.1 અને 2 માટે'')** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **29.04.2019** થી વ્યાજ દરે કુલ રૂ. કુલ રકમ **રૂ. 18,13,979/- (રૂપિયા અઢાર લાખ તેર હજાર નવસો ઓગણાએંસી માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે. વધુમાં, આઈએફએચએલે ઈન્ડિયાબુલ્સ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડના પક્ષમાં ઉપર્યુક્ત એમના તમામ અધિકાર, શિર્ષક અને ઈન્ટ્રેસ્ટને **ઈંડિયાબુલ્સ એઆરસી–XII, ટ્રસ્ટ**ના ટ્રસ્ટીના રૂપમાં તા. 31.12.2019ના અસાઈનમેંટ કરાર દ્વારા **ઈંડિયાબુલ્સ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ**ને સોંપી દીધા છે.

કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ)–2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા – કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકત્તનો **કબ્જો** તારીખ **16.12.2020**ના રોજ લેવામાં આવ્યો છે.

ખાસ કરીને ખરીદદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકત્તના સોદામાં પડવું નહી અને જો તે મિલકત્તને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો તા.29.04.2019ના રોજ **રૂ. 15,25,318/- (રૂપિયા પંદર લાખ પચ્ચીસ હજાર ત્રણસો અઢાર માત્ર) (''લોન કરાર નં.1 માટે'') રૂ. 2,88,661/- (રૂપિયા બે લાખ અઠ્યાસી હજાર છસો એકસઠ માત્ર)** મળી કુલ રકમ **રૂ. 18,13,979/- (રૂપિયા અઢાર લાખ તેર હજાર નવસો ઓગણાએંસી માત્ર) (''લોન કરાર નં.1 અને 2 માટે'') 29.04.2019**ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈંડિયાબુલ્સ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ**ના હકને આધીન રહેશે.

સુરક્ષિત અસ્ક્યામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

દુકાન નં.7 ગ્રામ પંચાયતના મંજુર પ્લાન પ્રમાણે (દુકાન નં.5 સુદા મંજુર પ્લાન પ્રમાણે) જેનું સુપર બિલ્ટ અપ એરિયા જેના માપ 352.08 સ્કે.ફીટ અને ગ્રાઉન્ડ ફ્લોર બિલ્ટ અપ એરિયા જેના માપ 21.47 સ્કે.મીટર્સ, લૉ રાઇસ બિલ્ડિંગ, જે રેસીડેંશીયલ અને કોમર્શિયલ હેતુ માટે વિકસિત સ્કિમ જે '' શાયોના એનક્લેવ'' થી જાણીતી છે. દેસાઈ ફળીયામાં ગામ તલની જમીનમાં સ્થિત અને પંચાયત ઓફિસમાં નોંધાયેલ જેના ક્રમાંક નં.240 નોંધાયેલ મિલકત્ત ક્રમાંક નં.240 સાથે જમીનનો માપ 476.67 સ્કે મીટર્સ ગ્રાઉન્ડ ફ્લોર હેઠળની જમીન મિલકત્ત અને સંલગ્ન માર્ગ વાળી મિલકત્ત, જમીનમાં કુલ અવિભાજ્ય ભાગ માપ 6.39 સ્કે.મીટર જેમાં પાર્કિંગ અધિકાર, સીઢી, માર્ગ, ઉપર આવેલ ટાંકી, ગટર, બોરિંગ અને લીફ્ટ અને મિલકત્તના બીજા તમામ વપરાશના અધિકાર જે રજીસ્ટ્રેશન જીલ્લા સુરત અને ઉપ જીલ્લો કામરેજ મોજે, ગામ વાવ સુરત–395006, ગુજરાત

મિલકત્ત નીચે પ્રમાણે સિમીત છે :
પૂર્વમાં : યોગેશભાઈ મનુભાઈ ભક્તનું ઘર
પશ્ચિમમાં : ખુલ્લી જગ્યા
ઉત્તરમાં : રોડ
દક્ષિણમાં : રમેશભાઈ દયારામભાઈ ભક્તનું ઘર

સહી/–
અધિકૃત અધિકારી
તારીખ : 16.12.2020
સ્થળ : સુરત
ઈંડિયાબુલ્સ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ
ઈંડિયાબુલ્સ એઆરસી–XII વતી ટ્રસ્ટી

સંસ્કાર સૌરભ

અનાજની ઈજ્જત કરો; તેને વેડફો નહીં.

(હદીસ બોધ)

બોધ વચન

પ્રયત્ન વિના માત્ર એક જ ચીજ મળે છે અને તે છે આયુ.

- એચ.જી.બોહન

આજની આરસી

૧૯ ડિસેમ્બર શનિવાર ૨૦૨૦
૩ જમાદિલ અવ્વલ ૧૪૪૨
માગશર સુદ પાંચમ સંવત ૨૦૭૭
સુબ્હ સાદિક ૫-૫૪
ખત્મે ઝવાલ ૧૨-૩૬
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૧૫
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૮

ગુસપુસિયું

પતિ : માય કમ્પ્યુટર પર રાઈટ ક્લિક કર
પત્ની : કર્યું
પતિ : ફોલ્ડર ખુલ્યું ?
પત્ની :હા
પતિ : હવે ઉપર જો શું દેખાય છે ?
પત્ની : પંખો.

છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા કોરોનાના નવા કેસ

જિલ્લો/કોર્પોરેશન	કેસ
અમદાવાદ કોર્પોરેશન	૨૨૧
સુરત કોર્પોરેશન	૧૩૯
વડોદરા કોર્પોરેશન	૧૦૮
રાજકોટ કોર્પોરેશન	૮૬
વડોદરા	૪૧
રાજકોટ	૩૬
સુરત	૩૪
મહેસાણા	૩૩
સાબરકાંઠા	૩૩
ગાંધીનગર	૨૮
કચ્છ	૨૫
પંચમહાલ	૨૫
બનાસકાંઠા	૨૩
દાહોદ	૨૩
ગાંધીનગર કોર્પોરેશન	૧૭
ખેડા	૧૭
સુરેન્દ્રનગર	૧૭
અમરેલી	૧૪
જામનગર કોર્પોરેશન	૧૪
ભાવનગર કોર્પોરેશન	૧૩
ભરૂચ	૧૨
નર્મદા	૧૨
અમદાવાદ	૧૧
જુનાગઢ કોર્પોરેશન	૧૧
આણંદ	૧૦
મહીસાગર	૦૯
મોરબી	૦૯
જુનાગઢ	૦૮
જામનગર	૦૭
પાટણ	૦૭
અરવલ્લી	૦૬
બોટાદ	૦૬

લો બોલો, કેટલાક શરારતી તત્વોએ પીએમ મોદીની વારાણસીની ઓફિસ OLX પર વેચી દીધી

વારાણસી,તા.૧૮
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંસદીય મત વિસ્તાર વારાણસીથી હેરાન કરનાર કિસ્સો સામે આવ્યો છે. અહીં કેટલાંક શરારતી તત્વોએ પીએમ મોદીના સંસદીય કાર્યાલયને વેચાણ માટે ઓએલએક્સ પર મૂકી દીધું. પીએમ મોદીના સંસદીય ઓફિસની તસવીર ખેંચીને ઓએલએક્સ પર મૂકી દીધી અને તેની કિંમત ૭.૫ કરોડ રૂપિયા બતાવવામાં આવી. ઓએલએક્સ પર જે જાહેરાત આપવામાં આવી તેમાં ઓફિસની અંદરની માહિતી. રૂમ, પાર્કિંગની સુવિધા અને અન્ય તમામ વાતો અહીં બતાવામાં આવી. આ અંગે જાણ પોલીસને થઈ તો જાહેરાતને હટાવી. પોલીસે આ કેસમાં એફઆઈઆર નોંધી અને ચાર લોકોની ધરપકડ કરી લીધી છે. પોલીસનું કહેવું છે કે જે વ્યક્તિએ ફોટો ખેંચીને ઓએલએક્શ પર મૂકયો હતો તેની પણ ધરપકડ થઈ ચૂકી છે. આ કેસમાં પોલીસની તરફથી નિવેદન પણ રજૂ કરાયુ. પોલીસનું કહેવું છે કે આ કેસમાં પગલાં ભરાયા છે અને ચાર લોકોને કસ્ટડીમાં લેવાયા છે, એકની ધરપકડ કરીને પૂછપરચ્છ ચાલુ છે. આપને જણાવી દઈએ કે પીએમ મોદીએ પોતાના સંસદીય ક્ષેત્રમાં કાર્યાલય બનાવ્યું છે. જયાં લોકો પોતાની મુશ્કેલીઓ બતાવા માટે આવે છે. પીએમ મોદીનું આ કાર્યાલય વારાણસીના ભેલૂપુર વિસ્તારના જવાહરનગર એક્સટેંશનમાં આવેલું છે. પીએમ મોદી સતત વારાણસીના લોકો સાથે સંવાદ કરતા રહે છે. પાછલા દિવસોમાં પીએમ એ વારાણસીની મુલાકાત પણ લીધી હતી. આ સિવાય કેટલાંય કાર્યક્રમોમાં તેઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સામેલ થયા છે.

વિશ્વમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૭.૫૨ કરોડથી વધુ થયો

મોલ્ડોવા,તા.૧૮
વિશ્વમાં કોરોનાના દર્દીઓનો આંકડો ૭.૫૨ કરોડથી વધુ થઈ ગયો છે. ૫ કરોડ ૨૮ લાખથી વધુ લોકો સાજા થઈ ચૂક્યા છે. અત્યાર સુધીમાં ૧૬ લાખ ૬૭ હજારથી વધુ લોકોએ જીવ ગુમાવ્યો છે. અમેરિકા અને જર્મની પછી કોલંબિયામાં સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. તેનું કારણ રાજાઓ દરમિયાન લોકોએ પ્રતિબંધોની અવગણના કરી હોવાનું મનાઈ રહ્યું છે. ગુરુવારે અહીં ૧૨ હજારથી વધુ કેસ પ્રકાશમાં આવ્યા છે. કોલંબિયામાં ગુરુવારે કુલ ૧૨ હજાર ૧૯૬ કેસ પ્રકાશમાં આવ્યા છે. આ પહેલા ઓગસ્ટમાં એક દિવસમાં ૧૩ હજાર ૫૫ મામલાઓ પ્રકાશમાં આવ્યા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૪ લાખ ૬૮ હજાર ૭૯૫ મામલાઓ પ્રકાશમાં આવ્યા છે. આ દરમિયાન ૩૯ હજાર ૭૮૭ લોકોના મોત થયા છે. રાષ્ટ્રપતિ ઈવાન ડુકે ગુરુવારે હેલ્થ મિનિસ્ટ્રીના અધિકારીઓ સાથે મીટિંગ કરી. તે પછી આપવામાં આવેલા નિવેદનોમાં લોકોને ચેતવણી આપી છે. કહ્યું- ફેસ્ટિવ સિઝનમાં સંયમ રાખો, કારણ કે સંક્રમણ ઓછું થવાની જગ્યાએ ઝડપથી ફેલાઈ રહ્યું છે. કોલંબિયા સરકારનું કહેવું છે કે જાન્યુઆરી ૨૦૨૧ પહેલા વેક્સિનેશન શરૂ થવું મુશ્કેલ છે. આ સિવાય સરકાર તેના માટે પણ તૈયારીઓ કરી ચૂકી છે. દક્ષિણ અમેરિકાના દેશો બ્રાઝીલ સિવાય કોલંબિયા પણ સૌથી પ્રભાવિત છે.

બાઈડેનનો રિપોર્ટ કોરોના નેગેટિવ

અમેરિકાના પ્રેસિડેન્ટ ઈલેક્ટ જો બાઈડનનો ટેસ્ટ રિપોર્ટ ગુરુવારે રાતે નેગેટિવ આવ્યો. તેમના વ્હાઈટ હાઉસ એડવાઈઝર સેડ્રિક રિચમંડ ગુરુવારે જ પોઝિટિવ આવ્યા હતા. તેઓ ઘણા દિવસોથી બાઈડનના સતત સંપર્કમાં હતા. બાઈડનના પ્રવક્તાએ કહ્યું- પ્રેસિડેન્ટ ઈલેકટનો કોરોનાનો ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. તેમનો ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. તેમના એડવાઈઝર મિસ્ટર રિચમંડ પોઝિટવ આવ્યા હતા. પ્રેસિડેન્ટ ઈલેક્ટ આગામી સપ્તાહે સાર્વજનિક રીતે વેક્સિનેશન કરાવશે. બીજી તરફ હેલ્થ મિનિસ્ટ્રીએ સ્પષ્ટ કર્યું છે કે રાજયોને મોકલવામાં આવનારા વેક્સિનના ડોઝમાં સોમવારથી ઘણી તેજી આવશે.

વડાપ્રધાન મોદી જેવા ન બનો માસ્ક પહેરો નહીં તો કોરોના ઘરે આવશે : આપ

નવી દિલ્હી,તા.૧૮
આમ આદમી પાર્ટીએ એક જાહેર સમારંભમાં માસ્ક નહીં પહેરવા બદલ ટ્વીટર પર વડાપ્રધાન મોદીને ટ્રોલ કર્યા હતા. આપે કોરોના મહામારી મુદ્દે લોકોને ગંભીરતા દાખવવા અને વડાપ્રધાન મોદી જેવા નહીં બનવાની સલાહ આપતાં માસ્ક પહેરવા જણાવ્યું હતું. જોકે, મોદીએ કયા જાહેર સમારંભમાં માસ્ક નહોતો પહેર્યો તે જાણી શકાયું નથી. આમ આદમી પાર્ટીએ ગુરૂવારે એક વીડિયો ટ્વીટ કર્યો હતો, જેમાં વડાપ્રધાન મોદી એક જાહેર કાર્યક્રમમાં માસ્ક પહેર્યા વિના ફરી રહ્યા હતા જ્યારે તેમના સુરક્ષા અને અન્ય અધિકારીઓએ માસ્ક પહેર્યા હતા. વડાપ્રધાન મોદીને હેન્ડીક્રાફ્ટ વસ્તુઓ વેચતા એક દુકાનદાર સાથે વાતચીત કરતા વીડિયો ક્લિપમાં દર્શાવાયા છે. જોકે, આ વીડિયો ક્યારે અને ક્યાં રેકોર્ડ કરાયો હતો તે સ્પષ્ટ નથી. દેશમાં કોરોના મહામારી ફેલાઈ ત્યારથી વડાપ્રધાન મોદી લોકોને સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અને માસ્ક પહેરવા વિનંતી કરી રહ્યા છે. વધુમાં રાષ્ટ્રજોગ અનેક સંબોધનો અને સભાઓમાં પણ મોદીને માસ્ક પહેરેલા જોઈ શકાયા છે. તાજેતરમાં દેશમાં કોરોના મહામારી આંશિક રીતે નિયંત્રણમાં આવી હોવા છતાં વડાપ્રધાન મોદીએ લોકોને કોરોના વાઈરસની રસી શોધાઈ ન જાય ત્યાં સુધી આ ચેપી બીમારીને હળવાશથી નહીં લેવા, સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અને માસ્ક પહેરવાની સલાહ આપી હતી. આપે માસ્ક વિના ફરતા વડાપ્રધાન મોદીનો વીડિયો વાયરલ કરીને તેમને ટ્રોલ કરવાની સાથે લોકોને મોદી જેવા બેજવાબદાર નહીં બનવા સલાહ આપી હતી. ભાજપે હજી સુધી આ હુમલાનો જવાબ નથી આપ્યો, પરંતુ ટ્વીટર પર વડાપ્રધાન મોદીના ટેકેદારોએ આપ નેતાઓ પર વળતો હુમલો કરતાં આક્ષેપ કર્યો હતો કે તાજેતરના કેટલાક મહિનામાં આપના અનેક નેતાઓ અનેક જાહેર સમારંભમાં માસ્ક વિના ફરતા જોવા મળ્યા હતા.

કેન્દ્રએ MSP ભંગ માટે દંડાત્મક કાયદો લાવવો જોઈએ : પ્રકાશ આંબેડકર

(એજન્સી) મુંબઈ, તા. ૧૮
વંચિત બહુજન અઘાડી(વીબીએ)ના પ્રમુખ પ્રકાશ આંબેડકરે ગુરૂવારે માગણી કરી હતી કે, ખેડૂતોને નાણાકીય સુરક્ષા કવચ પુરૂં પાડવા માટે એમએસપીના ભંગને ગંભીર દંડાત્મક ગુનો બનાવતો કાયદો કેન્દ્ર સરકારે લાવવો જોઈએ. આંબેડકરે જણાવ્યું હતું કે, અમારી પાર્ટી ત્રણેય કૃષિ કાયદાઓનો સખત રીતે વિરોધ કરે છે જેને સંસદમાં મોદી સરકાર દ્વારા બળજબરીથી લવાયા છે. અમે કોઈ સુધારા કે ફેરફારને મંજૂર કરવા જઈ રહ્યા નથી. અમે આ કાયદાઓ પરત ખેંચાવા જોઈએ તેના પર અડગ છીએ કારણ કે તેઓ મોટા કોર્પોરેટ હાઉસીસની તરફેણમાં જઈ રહ્યા છે. અમારી પાર્ટી દલિતો, આદિવાસીઓ અને ઓબીસી સમાજને આ કાયદાઓનો વિરોધ કરવા માટે એકત્ર કરી રહ્યા છીએ. ગુરૂવારે વીબીએના કાર્યકરોએ સમગ્ર મહારાષ્ટ્રમાં કલેક્ટર કચેરીઓ બહાર ધરણા પ્રદર્શન કર્યા હતા અને ત્રણેય કાયદાઓ પરત ખેંચવાની માગણી કરી હતી.

સાબરમતી વિસ્તારનો બનાવ

જમીન વેચાણની રકમના ચેક ભરાવી રૂા.૧.૪૦ કરોડની ઠગાઈ

અમદાવાદ,તા.૧૮
જમીન વેચાણના જુદી જુદી રકમના ચેક બેન્કમાં ભરાવીને રૂા.૧.૪૦ કરોડની છેતરપિંડી કરાતા બેન્કના મેનેજર સહિત ચાર લોકો સામે સાબરમતી પોલીસે ફરિયાદ નોંધી છે. તુલસીરામ ગ્યાપ્રસાદ પાસી (ઉ.વ.૪૫ રહે. થલતેજ)એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે. કે તા.૧૪-૯-૨૦૨૦થી તા.૨૬-૧૧-૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી જીગરભાઈ વિજય તુલી, સપના જીગરભાઈ તુલી, વિણાબહેન વિજય તુલી (ત્રણેય રહે. સી-૨/૩૦૧ આશ્રય-૯ ખોડીયાર માતાના મંદિર પાસે ન્યુ રાણીપ સાબરમતી) તથા ન્યુ રાણીપ કોર્પોરેશન બેંક (યુનિયન બેન્ક) મેનેજર પુજાબહેન રમેશભાઈ શાહે ભેગા મળી સાબરમતી ન્યુ રાણીપ કોર્પોરેશન બેન્ક (યુનિયન બેન્ક)માં ઓળખાણ હોવાનું જણાવી તે જ બેન્કમાં ખાતુ ખોલાવ્યું હતું. ત્યારબાદ તુલસીરામ પાસીના જમીનના વેચાણ પેટેના અલગ અલગ રકમના ચેક બેન્કમાં ભરાવ્યા હતા. ત્યારબાદ તુલસીરામ પાસીના ખાતામાંથી અન્ય ખાતાઓમાં કુલ રૂપિયા ૧,૪૦,૦૩,૮૯૧/- ટ્રાન્સફર કરી મેળવી છેતરપિંડી કરી હતી.

બેટિંગમાં ફરી ફ્લોપ રહ્યા બાદ ફિલ્ડિંગમાં પણ પૃથ્વી શોનું ભોપાળું

અશ્વિન સામે ઓસ્ટ્રેલિયા ઘૂંટણીએ બીજા દિવસે ૧૫ વિકેટો પડી

કાંગારૂઓની પ્રથમ ઈનિંગ ૧૯૧માં સમેટાઈ, ભારતે બીજા દાવમાં એક વિકેટ ગુમાવી ૯ રન કર્યા

નવી, દિલ્હી,તા.૧૮
ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચેની પહેલી ડે-નાઈટા ટેસ્ટ મેચના બીજા દિવસે યજમાન ટીમ ૧૯૧ રને ઓલઆઉટ થઈ હતી. ૫૩ રનની લીડ સાથે ભારતે બીજી ઈનિંગ શરૂ કરી હતી. ભારતની શરૂઆત નબળી રહી હતી. નવોદિત ઓપનર ફરી એકવાર માત્ર ૪ જ રને બોલ્ડ થયો હતો. બીજા દિવસના અંતે મયંક અગ્રવાલ ૫ અને જસપ્રીત બુમરાહ શૂન્ય રને અણનમ છે. ભારતનો કુલ સ્કોર ૧ વિકેટે ૯ રન બનાવ્યા હતાં. પહેલી ઈનિગના ૫૩ રન સાથે ભારતે ઓસ્ટ્રેલિયા સામે ૫૩ રનની લીડ લીધી છે. મયંક અગ્રવાલ ૨ રને કમિન્સની બોલિંગમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન ટિમ પેને જીવનદાન આપ્યું હતું. પેને મયંકનોનો કેચ છોડ્યો હતો. એડિલેડ ખાતે રમાઈ રહેલી ચાર મેચોની શ્રેણીની પહેલી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાનો ધબડકો બોલ્યો હતો.

ભારતીય બોલરોના પ્રભાવશાળી પ્રદર્શનના પગલે ઓસ્ટ્રેલિયા પહેલી ઈનિંગમાં માત્ર ૧૯૧ રનમાં ખખડ્યું હતું. ઓસ્ટ્રેલિયા તરફથી સૌથી વધારે ટીમ પેને અણનમ ૭૩ રન બનાવ્યા હતાં. ભારતે પહેલી ઈનિંગમાં ૨૪૪ રન બનાવ્યા હતાં. ભારત તરફથી રવિચંન્દ્રન અશ્વિને સૌથી વધુ ૪ વિકેટ ઝડપી હતી. ઉમેશ યાદવે ૩ અને જસપ્રીત બુમરાહે ૨ વિકેટ પોતાના નામે કરી હતી. ભારતે ૫૩ રનની લીડ મેળવી છે. ભારતે ગઈ કાલે પહેલા દિવસે ૬ વિકેટે ૨૩૩ રન બનાવ્યા હતાં. આજે બીજા દિવસે ભારતે પોતાની ઈનિંગ આગળ ધપાવતા માત્ર ૧૧ જ રન જોડ્યા હતાં. ભારત તરફથી સૌથી વધુ કેપ્ટન વિરાટ કોહલીએ ૭૪ અને ચેતેશ્વર પુજારાએ ૪૩ રન બનાવ્યા હતાં. ઓસ્ટ્રેલિયાના મિશેલ સ્ટાર્કે સૌથી વધુ ૪ અને પેટ કમિન્સે ૩ વિકેટ ઝડપી હતી. જોશ હેઝલવુડ અને નાથન લાયને ૧-૧ વિકેટ ખેરવી હતી. ભારતના કપ્તાન વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલિયા સામે ચાર ટેસ્ટ સિરીઝની પહેલી મેચમાં એડિલેડ ખાતે ટોસ જીતીને બેટિંગ લીધી હતી. આ વિદેશમાં ભારતની પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ છે. આજે ઓસ્ટ્રેલિયાની શરૂઆત અત્યંત ધીમી રહી હતી. ભારત સામે ચાર ટેસ્ટ સિરીઝની પહેલી મેચમાં એડિલેડ ખાતે ૯ વિકેટે ૧૬૮ રન કર્યા છે. ટિમ પેન અને જોશ હેઝલવુડ ક્રિઝ પર ઊભા છે. પેને પોતાના ટેસ્ટ કરિયરની આઠમી ફિફ્ટી મારી છે. ભારત માટે રવિચંદ્રન અશ્વિને ૪, ઉમેશ યાદવે ૩ અને જ્યારે જસપ્રીત બુમરાહ ૨ વિકેટ લીધી છે.

મેસી-રોનાલ્ડોને પછાડી ફૂટબૉલર લેવાનડૉસ્કીએ જીત્યો ફિફા અવોર્ડ

ન્યુ દિલ્હી,તા.૧૮
પોલેન્ડના રોબર્ટ લેવાનડૉસ્કીએ ફિફા બેસ્ટ મેન્સ પ્લેયર અવોર્ડ જીતી લીધો છે. આ સાથે જ ૩૨ વર્ષનો આ સ્ટ્રાઈકર મેસી-રોનાલ્ડોના પ્રભૂત્વને ખતમ કરીને ફીફા અવોર્ડ જીતનારો ખેલાડી બની ગયો છે. ગુરુવારે જ્યૂરિખમાં થયેલી વર્ચ્યુઅલ અવોર્ડ સેરેમનીમાં તેણે આ પ્રતિષ્ઠિત અવોર્ડ હાંસેલ કર્યો. આ વર્ષે યુઈએફએ મેન્સ પ્લેયર ઑફ ધ યરનો અવોર્ડ જીતી ચુકેલા લેવાનડૉસ્કી મેન્સ પ્લેયર કેટેગરીમાં ફીફા અવોર્ડ માટે પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યો હતો. વિજેતાનો નિર્ણય વોટિંગ દ્વારા થયો, જેમાં રાષ્ટ્રીય ટીમના કેપ્ટન અને કોચની સાથે સાથે સિલેક્ટેડ પત્રકાર તથા પ્રશંસક (ઓનલાઈન) પણ સામેલ થયા. લેવાનડૉસ્કીએ ૨૦૧૯-૨૦ ચેમ્પિયંસ લીગમાં પોતાના દમ પર ક્લબ બાયર્ન મ્યૂનિખને ચેમ્પિયન બનાવ્યુ હતુ. આ ઉપરાંત લેવાનડૉસ્કીએ બાયર્ન મ્યૂનિખને જર્મન લીગ, જર્મન કપ અને યુઈએફએ સુપર કપ જીતાડવામાં મદદ કરી હતી. લેવાનડૉસ્કીએ બાયર્ન મ્યૂનિખથી રમતા ૨૦૧૯-૨૦ સીઝનમાં તમામ લીગ અને કપ મળીને ૪૭ મેચમાં ૫૫ ગોલ કર્યા. રૉબર્ટ લેવાનડૉસ્કીને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અને લિયોનેલ મેસી જેવા દિગ્ગજો સાથે ફીફા બેસ્ટ મેન્સ પ્લેયર અવોર્ડ માટે શૉર્ટલિસ્ટ કરવામાં આવ્યો હતો, જેમાં પોલિશ કેપ્ટને બાજી મારી. મેસીએ ગત વર્ષે રેકોર્ડ છઠ્ઠી વાર આ અવોર્ડ જીત્યો હતો. રસપ્રદ બાબત એ છે કે ૨૦૦૮-૨૦૧૯ દરમિયાન મેસી (૨૦૦૯, ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૫, ૨૦૧૯)એ ૬ અને રોનાલ્ડો (૨૦૦૮, ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૬, ૨૦૧૭)એ ૫ વાર આ અવોર્ડ પોતાના નામે કર્યો. આ દરમિયાન ૨૦૧૮માં ક્રોએશિયા અને રિયસ મેડ્રિડના લુકા મોડરિકે આ અવોર્ડ જીત્યો હતો. એટલે કે મેસી-રોનાલ્ડોના યુગમાં મોડરિક બાદ લેવાનડૉસ્કી FIFAનો બીજો સર્વશ્રેષ્ઠ ખેલાડી બન્યો.

જુહાપુરામાં આધેડએ એસિડ ગટગટાવ્યું

અમદાવાદ, તા.૧૮
અમદાવાદ શહેરમાં વધુ એક આત્મહત્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. અરસુદ્દીન અબ્દુલરહેમાન શેખ (ઉ.વ.૫૨, રહે.જુહાપુરા) લકવાગ્રસ્ત અપંગ હોઈ અને પત્ની છેલ્લા ચાર વર્ષથી રિસામણે હોઈ મનમાં લાગી આવતા તા.૧૭/૧૨/૨૦૨૦ સવારના સુમારે પોતાના ઘરે એસિડ પી લીધું હતું. સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી છે.

જાહેર નિવિદા નંબર ૬ સને ૨૦૨૦-૨૧

ગુજરાત રાજ્યના આ કામના અનુભવી ઠેકેદારો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેર, જાહેર આરોગ્ય સુખાકારી પેટા વિભાગ, બં.નં.૩૦૩૯/૨, પહેલો માળ, શ્રીરામનગર સોસાયટી, બાલાસિનોર રોડ સેવાલિયા તા.ગલતેશ્વરની કચેરીએથી જૂથ યોજનાની મરામત અને નિભાવણી વનોડા જૂથ યોજનાની અંતર્ગત હાંડીયા હેડ વર્ક્સ ખાતે પાઈપલાઈનની કામગીરી માટે ૧.૨૩ લાખ માટેના કોરા ટેન્ડર મેળવવાની છેલ્લી તારીખ ૨૪-૧૨-૨૦૨૦ તથા ભરેલ ટેન્ડર રજિ.પોસ્ટ એ.ડી/સ્પીડ પોસ્ટથી સીલ કવરમાં પરત લેવાની છેલ્લી તારીખ ૦૪/૦૧/૨૦૨૧ના રોજ કચેરી સમય દરમ્યાન રાખવામાં આવેલ છે. આ માટે વિસ્તૃત વિગતો અને શરતોની માહિતી ઓફિસ સમય દરમ્યાન સંબંધકર્તાઓએ મેળવવાની રહેશે અને સર્વેને બંધનકર્તા રહેશે. તમામ ભાવપત્રકો સ્વીકારવા કે નહીં તે અંગેની તમામ સત્તા સક્ષમ અધિકારીની અબાધિત રહેશે. શરતી ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહીં.

ટોલ ફ્રી નંબર-૧૯૧૬ માહિતી/નડિ/૪૫૬/૨૦૨૦

પરિશિષ્ટ – IV,
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,
નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના (CIN:L65922DL2005PLC136029) અધિકૃત અધિકારી છે અને કલમ 13(2) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **29.04.2019** નારોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદારો **ભાવેશ ત્રિકમભાઈ ઝાલાવાડીયા પ્રૉપરાઈટર ઓમ ક્રિએશન્સ, કૃષ્ણાબેન ત્રિકમભાઈ ઝાલાવાડીયા અને ત્રિકમભાઈ એ ઝાલાવાડીયા** ને નોટિસમાં જણાવેલી **લોન ખાતું નં.HLAPSUR00419745 (''લોન કરાર નં.1'') અને લોન ખાતું નં.HLAPSUR00419684 (''લોન કરાર નં.2'')** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **29.04.2019** થી વ્યાજ દરે (**''લોન કરાર નં.1 માટે'') રૂ. 15,25,318/- (રૂપિયા પંદર લાખ પચ્ચીસ હજાર ત્રણસો અઢાર માત્ર)** અને (**''લોન કરાર નં.2 માટે'') રૂ. 2,88,661/- (રૂપિયા બે લાખ અઠ્યાસી હજાર છસો એકસઠ માત્ર)** મળી કુલ રકમ **રૂ. 18,13,979/- (રૂપિયા અઢાર લાખ તેર હજાર નવસો ઓગણાએંસી માત્ર) (''લોન કરાર નં.1 અને 2 માટે'')**ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે.
કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ)–2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા – કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકત્તનો **કબ્જો** તારીખ **16.12.2020**ના રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને ખરીદદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકત્તના સોદામાં પડવું નહી અને જો તે મિલકત્તને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો **(''લોન કરાર નં.1 માટે'') રૂ. 15,25,318/- (રૂપિયા પંદર લાખ પચ્ચીસ હજાર ત્રણસો અઢાર માત્ર) અને (''લોન કરાર નં.2 માટે'') રૂ. 2,88,661/- (રૂપિયા બે લાખ અઠ્યાસી હજાર છસો એકસઠ માત્ર)** મળી કુલ રકમ **રૂ. 18,13,979/- (રૂપિયા અઢાર લાખ તેર હજાર નવસો ઓગણાએંસી માત્ર) (''લોન કરાર નં.1 અને 2 માટે'') 29.04.2019** ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના હકને આધીન રહેશે.
સુરક્ષિત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

દુકાન નં.7 ગ્રામ પંચાયતના મંજુર પ્લાન પ્રમાણે (દુકાન નં.5 સુદા મંજુર પ્લાન પ્રમાણે) જેનું સુપર બિલ્ટ અપ એરિયા જેના માપ 352.08 સ્કે.ફીટ અને ગ્રાઉન્ડ ફ્લોર બિલ્ટ અપ એરિયા જેના માપ 21.47 સ્કે.મીટર્સ, લૉ રાઈસ બિલ્ડિંગ, જે રેસીડેંશીયલ અને કોમર્શિયલ હેતુ માટે વિકસિત સ્કિમ જે '' શાયોના એનકલેવ'' થી જાણીતી છે. દેસાઈ ફળીયામાં ગામ તલની જમીનમાં સ્થિત અને પંચાયત ઓફિસમાં નોંધાયેલ જેના ક્રમાંક નં.240 નોંધાયેલ મિલકત્ત ક્રમાંક નં.240 સાથે જમીનનો માપ 476.67 સ્કે મીટર્સ ગ્રાઉન્ડ ફ્લોર હેઠળની જમીન મિલકત્ત અને સંલગ્ન માર્ગ વાળી મિલકત્ત, જમીનમાં કુલ અવિભાજ્ય ભાગ માપ 6.39 સ્કે.મીટર જેમાં પાર્કિંગ અધિકાર, સીઢી, માર્ગ, ઉપરઆવેલ ટાંકી, ગટર, બોરિંગ અને લીફ્ટ અને મિલકત્તના બીજા તમામ વપરાશના અધિકાર જે રજીસ્ટ્રેશન જીલ્લા સુરત અને ઉપ જીલ્લો કામરેજ મોજે, ગામ વાવ સુરત–395006, ગુજરાત

મિલકત્ત નીચે પ્રમાણે સિમીત છે :
પૂર્વમાં : યોગેશભાઈ મનુભાઈ ભક્તનું ઘર
પશ્ચિમમાં : ખુલ્લી જગ્યા
ઉત્તરમાં : રોડ
દક્ષિણમાં : રમેશભાઈ દયારામભાઈ ભક્તનું ઘર સહી/–
તારીખ: 16.12.2020 અધિકૃત અધિકારી
સ્થળ : સુરત ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

પરિશિષ્ટ – IV,
જુઓ નિયમ 8(1)
કબજા નોટિસ
(સ્થાવર મિલકત માટે)

જે અંતર્ગત,
નીચે સહી કરનાર, કે જે સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શનુ ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ **ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**ના (CIN:L65922DL2005PLC136029) અધિકૃત અધિકારી છે અને કલમ 13(2) ના વાંચન સાથે સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ 2002 ના નિયમ 3 હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરતાં **29.04.2019** નારોજ ડિમાન્ડ નોટિસ જારી કરવામાં આવી છે. જેમાં ખરીદારો **ભાવેશ ત્રિકમભાઈ ઝાલાવાડીયા પ્રૉપરાઈટર ઓમ ક્રિએશન્સ, કૃષ્ણાબેન ત્રિકમભાઈ ઝાલાવાડીયા અને ત્રિકમભાઈ એ ઝાલાવાડીયા** ને નોટિસમાં જણાવેલી **લોન ખાતું નં. O001XII-01** (પહેલા લોન ખાતા નં. **HLAPSUR00419745**) (**''લોન કરાર નં.1 માટે'') રૂ. 15,25,318/- (રૂપિયા પંદર લાખ પચ્ચીસ હજાર ત્રણસો અઢાર માત્ર)** અને **લોન ખાતું નં.O001XII-02** (પહેલા લોન ખાતા નં. **HLAPSUR00419684**) (**''લોન કરાર નં.2 માટે'') રૂ. 2,88,661/- (રૂપિયા બે લાખ અઠ્યાસી હજાર છસો એકસઠ માત્ર) (''લોન કરાર નં.1 અને 2 માટે'')** સામે કથિત સૂચના પ્રાપ્ત થયાની તારીખથી 60 દિવસની અંદર હકીકતમાં ચુકવણી થાય ત્યાં સુધી **29.04.2019** થી વ્યાજ દરે કુલ રૂ. કુલ રકમ **રૂ. 18,13,979/- (રૂપિયા અઢાર લાખ તેર હજાર નવસો ઓગણાએંસી માત્ર)** ની સૂચનામાં ઉલ્લેખ કરાયેલી રકમની ભાવિ વ્યાજે ચુકવણીની તારીખ સુધી પુનઃ ચુકવણી કરવા માટે આ સાથે જાણ કરવામાં આવેલ છે. વધુમાં, આઈએફએચએલે ઈન્ડિયાબુલ્સ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડના પક્ષમાં ઉપર્યુક્ત એમના તમામ અધિકાર, શિર્ષક અને ઈન્ટ્રેસ્ટને **ઈંડિયાબુલ્સ એઆરસી–XII, ટ્રસ્ટ**ના ટ્રસ્ટીના રૂપમાં તા. **31.12.2019**ના અસાઈનમેંટ કરાર દ્વારા **ઈંડિયાબુલ્સ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ**ને સોંપી દીધા છે.
કર્જદાર આ રકમ ચુકવવામાં નિષ્ફળ જવાથી સામાન્ય જનતાને આ દ્વારા સૂચના આપવામાં આવે છે કે, નીચે સહી કર્તા દ્વારા સિક્યુરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ)–2002 સૂચિત કાયદો નિયમ 8 સાથે વાંચતા તેની કલમ 13 ની પેટા – કલમ (4) હેઠળ તેને અપાયેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણન કરાયેલી મિલકત્તનો **કબ્જો** તારીખ **16.12.2020**ના રોજ લેવામાં આવ્યો છે.
ખાસ કરીને ખરીદદાર અને જાહેર જનતાને અત્રે ચેતવવામાં આવે છે કે કથિત મિલકત્તના સોદામાં પડવું નહી અને જો તે મિલકત્તને લગતા કોઈ પણ સોદા કરવામાં આવશે તો તા.29.04.2019ના રોજ **રૂ. 15,25,318/- (રૂપિયા પંદર લાખ પચ્ચીસ હજાર ત્રણસો અઢાર માત્ર) (''લોન કરાર નં.1 માટે'') રૂ. 2,88,661/- (રૂપિયા બે લાખ અઠ્યાસી હજાર છસો એકસઠ માત્ર)** મળી કુલ રકમ **રૂ. 18,13,979/- (રૂપિયા અઢાર લાખ તેર હજાર નવસો ઓગણાએંસી માત્ર) (''લોન કરાર નં.1 અને 2 માટે'') 29.04.2019**ની તારીખથી અને તેના ઉપર ચડત વ્યાજ **ઈંડિયાબુલ્સ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ**ના હકને આધીન રહેશે.
સુરક્ષિત અસ્કયામતોને પરત મેળવવા માટે ઉપલબ્ધ સમયના સંબંધમાં અધિનિયમની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈ મુજબ ઉધાર લેનાર નું ધ્યાન દોરવામાં (આમંત્રિત) કરવામાં આવે છે.

સ્થાવર મિલકતનું વર્ણન

દુકાન નં.7 ગ્રામ પંચાયતના મંજુર પ્લાન પ્રમાણે (દુકાન નં.5 સુદા મંજુર પ્લાન પ્રમાણે) જેનું સુપર બિલ્ટ અપ એરિયા જેના માપ 352.08 સ્કે.ફીટ અને ગ્રાઉન્ડ ફ્લોર બિલ્ટ અપ એરિયા જેના માપ 21.47 સ્કે.મીટર્સ, લૉ રાઈસ બિલ્ડિંગ, જે રેસીડેંશીયલ અને કોમર્શિયલ હેતુ માટે વિકસિત સ્કિમ જે '' શાયોના એનકલેવ'' થી જાણીતી છે. દેસાઈ ફળીયામાં ગામ તલની જમીનમાં સ્થિત અને પંચાયત ઓફિસમાં નોંધાયેલ જેના ક્રમાંક નં.240 નોંધાયેલ મિલકત્ત ક્રમાંક નં.240 સાથે જમીનનો માપ 476.67 સ્કે મીટર્સ ગ્રાઉન્ડ ફ્લોર હેઠળની જમીન મિલકત્ત અને સંલગ્ન માર્ગ વાળી મિલકત્ત, જમીનમાં કુલ અવિભાજ્ય ભાગ માપ 6.39 સ્કે.મીટર જેમાં પાર્કિંગ અધિકાર, સીઢી, માર્ગ, ઉપર આવેલ ટાંકી, ગટર, બોરિંગ અને લીફ્ટ અને મિલકત્તના બીજા તમામ વપરાશના અધિકાર જે રજીસ્ટ્રેશન જીલ્લા સુરત અને ઉપ જીલ્લો કામરેજ મોજે, ગામ વાવ સુરત–395006, ગુજરાત

મિલકત્ત નીચે પ્રમાણે સિમીત છે :
પૂર્વમાં : યોગેશભાઈ મનુભાઈ ભક્તનું ઘર
પશ્ચિમમાં : ખુલ્લી જગ્યા
ઉત્તરમાં : રોડ સહી/–
દક્ષિણમાં : રમેશભાઈ દયારામભાઈ ભક્તનું ઘર અધિકૃત અધિકારી
તારીખ: 16.12.2020 ઈંડિયાબુલ્સ એસેટ રિકંસ્ટ્રક્શન કંપની લિમિટેડ
સ્થળ : સુરત ઈંડિયાબુલ્સ એઆરસી–XII વતી ટ્રસ્ટી

આતંકી જેની પત્ની ગત સપ્તાહ મૃત્યુ પામી તે ઘાયલ અવસ્થામાં સંગમ શૂટઆઉટ ખાતે ઝડપાયો

(એજન્સી) અનંતનાગ , તા.૧૮
દક્ષિણ કાશ્મીરનાં અનંતનાગ જિલ્લા ખાતે એક આંતકી સેના સાથે થયેલ અથડામણમાં ગંભીર રીતે ઘવાયો હતો. આંતકીની ઓળખ ઝહીર અબ્બાસ લોન નામે થઈ છે જે પુલવામા જિલ્લા ખાતે ઈન્દર ગામમાં થઈ હતી. એક મહિના પહેલાં તે આંતકી ગ્રુપ સાથે જોડાયો હતો. ૧૧ ડિસેમ્બરના રોજ લોનની પત્નીનું હાર્ટએટેકથી મોત નીપજ્યુ હતુ. દંપતીને બે બાળકો હતા. એક ૧૨ વર્ષનો પુત્ર અને ૧૮ વર્ષની પુત્રી છે. તે એક મહિના પહેલાં હિઝબુલ મુજાહિદ્દીન સાથે જોડાયો હોવાનુ સોશિયલ મિડીયા પર જાહેર કર્યુ હતુ. તેનો ભાઈ પણ એક આંતકી હતો જે ૯૦નાં દાયકામાં ગનફાઈટમાં મૃત્યુ પામ્યો હતો. ગુરૂવારે અનંતનાગ ખાતે સંગમ વિસ્તારમાં ગુંદબાબા ખલીલ ગામે ગનફાઈટ થઈ હતી. પોલીસ પ્રવક્તાએ જણાવ્યુ કે, જિલ્લા અનંતનાગના ગુંડ બાબા ખલીલ વિસ્તાર નજીક સંગમ નૈના રોડ પર એક ચોકી બનાવવામાં આવી હતી અને મોટરસાયકલ પર સવાર બે શંકાસ્પદ વ્યક્તિને રોકવા હાથ બતાવ્યો હતા. ત્યાર બાદ બંને વ્યકિતઓએ પોલીસ પર અંધાધૂન ફાયરિંગ શરૂ કરી દીધુ હતુ અને ત્યાર બાદ તેઓ ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આની વચ્ચે એક આંતકીને બાઈક પર ગોળી વાગતા નીચે પડ્યો હતો અને ગંભીર રીતે ઘાયલ થતાં તે પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો. તેને તાકીદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. તેની હાલત ગંભીર બતાવવામાં આવી છે.

વાયરસથી દુનિયાભરમાં ૧૬,૫૭,૦૬૨ લોકોનાં મોત થઈ ચૂક્યાં છે

કોરોનાના એક વર્ષ પછી WHOની ટીમ હકીકત જાણવા વુહાન જશે

હાહાકાર મચાવનારા કોરોના વાયરસની ઉત્પત્તિ સંબંધી તપાસ માટે વિશ્વ આરોગ્ય સંગઠનની ટીમ જાન્યુઆરીમાં ચીનના વુહાન શહેરની મુલાકાત લેશે

નવી દિલ્હી,તા.૧૮

દુનિયાભરમાં ૭ કરોડથી વધુ લોકોને પોતાનો શિકાર બનાવનારા કોરોના વાયરસની ઉત્પત્તિ સંબધિત તપાસ માટે વિશ્વ આરોગ્ય સંગઠનની ટીમ જાન્યુઆરીમાં ચીનના વુહાન શહેરની મુલાકાત લેશે. ૧ વર્ષ પછી આ વૈશ્વિક મહામારીની તપાસ માટે ડબલ્યુએચઓની ટીમ વુહાન જઈ રહી હોવાથી ઘણા લોકોએ સવાલ પણ ઉઠાવ્યા છે. લોકોને આશંકા છે કે, આ મુલાકાતનું કોઈ સાર્થક પરિણામ નીકળશે કે કેમ. બીજી તરફ, ચીન પહેલેથી જ વુહાનમાંથી કોરોનાની ઉત્પત્તિની આશંકાઓને પાયાવિહોણી જણાવતું રહ્યું છે. ડબલ્યુએચઆના પ્રવક્તા હેડિન હેલ્ડર્સને જણાવ્યું કે, આ આંતરાષ્ટ્રીય મિશન જાન્યુઆરીના પહેલા સપ્તાહમાં ચીન જાય તેવી શક્યતા છે. અત્યાર સુધીમાં આ ઘાતક વાયરસથી દુનિયાભરમાં ૧૬,૫૭,૦૬૨ લોકોના મોત થઈ ચૂક્યા છે, જ્યારે સંક્રમિતોની સંખ્યા ૭,૪૬,૧૩,૭૪૫એ પહોંચી ગઈ છે. તો પણ લોકોને ચોક્કસ જાણ નથી કે, કોરોના વાયરસનું સંક્રમણ ક્યાંથી ફેલાયું છે. ડબલ્યુએચઆ પર આરોપ લાગતા રહ્યા છે કે, તે ચીનના ખોળામાં રમી રહ્યું છે. જણાવાઈ રહ્યું છે કે, જે ટીમ વુહાનની મુલાકાત લેશે, તેની પસંદગી પણ ચીન જ કરી રહ્યું છે. તેના માટે ડબલ્યુએચઓએ તજજ્ઞોની એક યાદી ચીનને સોંપી હતી, જેમાંથી એ લોકોના નામ સામેલ થશે, જે આ મામલાની તપાસ કરશે. સંયુક્ત રાષ્ટ્રના આ સંગઠનને હવે ચીનની મંજૂરી મળી ચૂકી છે. ડબલ્યુએચઓનો નિર્ણય લેનારા એકમ વર્લ્ડ હેલ્થ એસેમ્બલીએ મે મહિનામાં પોતાના વાર્ષિક સંમેલનમાં વાયરસની ઉત્પત્તિની તપાસ કરવાનો પ્રસ્તાવ સર્વસંમત્તિથી પસાર કર્યો હતો. ચીને પણ આ પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું. આ એકમની અધ્યક્ષતા હાલમાં ભારત કરી રહ્યું છે. ડબલ્યુએચઓના બે સભ્યોની ટીમે ઓગસ્ટમાં ચીનનો પ્રવાસ કર્યો હતો અને કોવિડ-૧૯ના સ્રોતને જાણવા સંબંધમાં ગ્રાઉન્ડ વર્ક પૂરું કર્યું હતું. રિપોર્ટ મુજબ, સોમવારની બેઠકમાં અમેરિકા, યુરોપીય સંઘ, ઓસ્ટ્રેલિયાના પ્રતિનિધિઓએ ડબલ્યુએચઓને

કહ્યું કે, ટીમને મોકલવામાં આવે અને મિશન વિશે વધુ જાણકારી આપવામાં આવે. એવું પણ કહેવાયું કે, ડબલ્યુએચઓ સભ્ય દેશની મંજૂરી વિના કોઈ ટીમને મોકલી શકે નહીં. ડબલ્યુએચઓની તપાસ પહેલા જ ચીને દાવો કર્યો કે, વુહાનમાં કોવિડ-૧૯નો પહેલો મામલો આવવાનો અર્થ એ નથી કે, સંક્રમણની શરૂઆત ચીનના આ શહેરથી થઈ હતી. હાલમાં ચીન સરકારના નિયંત્રણવાળી ઘણી મીડિયા સંસ્થાઓએ એવા અહેવાલ ચલાવ્યા છે કે, જેમાં કહેવાયું કે વિદેશથી આયાત કરાયેલી ખાદ્ય સામગ્રીના પેકેટ પર કોરોના વાયરસ મળ્યા. ચીને દાવો કર્યો હતો કે, ભારતથી આવેલી દરિયાઈ માછલીના પેકેટ પર પણ કોરોના વાયરસ મળ્યા. આરોપ લગાવાયો કે, વિદેશથી આવેલા આ પેકેટોના દ્વારા જ કદાચ વાયરસ ચીનમાં આવ્યો હશે. ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઝાઓ લિજિયાને કહ્યું કે, ચીનમાં સંક્રમણનો પહેલો મામલો આવ્યો, પરંતુ તેનો અર્થ એ નથી કે કોરોના વાયરસની શરૂઆત ચીનથી થી. એટલે અમારું માનવું છે કે, વાયરસની શરૂઆત ક્યાંથી થઈ, તે એક જટિલ વૈજ્ઞાનિક મુદ્દો છે, જેના માટે દુનિયાભરના વૈજ્ઞાનિકોએ સહયોગ કરવો જોઈએ. એવું કરીને આપણે ભવિષ્યમાં જોખમોને ઓછા કરી શકીએ છીએ, કેમકે સંક્રમણના આરંભને શોધવાનું કામ જટિલ પ્રક્રિયા છે અને તેમાં ઘણા દેશો સામેલ હોવા જોઈએ.

જમણેરી જૂથના ટ્વિટર યુઝર્સે સોનિયા ગાંધીની 'નૈતિકતા' પર સવાલ ઉઠાવવા માટે હોલીવુડ એક્ટર્સની છબીઓ પોસ્ટ કરી

(એજન્સી) તા.૧૮

૯ ડિસેમ્બરે, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધીએ તેમનો ૭૪ મો જન્મદિવસ ઉજવ્યો હતો. અનેક રાજકારણીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી હતી અને ટ્વિટર પર તેમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી હતી. તે જ સમયે, આ સામાજિક પ્લેટફોર્મ પર ખૂબ જ પરિચિત વિભાગ, જેને આપણે જમણેરી કટ્ટરવાદીઓ તરીકે ઓળખીએ છીએ તેઓએ સોનિયા ગાંધી સાથે હોલીવુડ સ્ટાર્સની છબીઓ પોસ્ટ કરી હતી અને તેઓના જન્મદિવસને આંતરરાષ્ટ્રીય બાર ડાન્સર ડે અને ઈ બાર્ડન્સર ના હેશટેગ્સ સાથે તેમની છબી ખરાબ કરવાનો નિરર્થક પ્રયાસ કર્યો હતો. આવા મલીન ઈરાદા ધરાવતા ટ્વિટર વપરાશકર્તાઓએ @6OWwcX17fWGrqeD, @avinash0785 અને @dtortorrichabjp પર ફોટો પોસ્ટ કર્યા છે. જેમાં ડાબી બાજુ સોનિયા ગાંધીની તાજેતરની તસવીર છે, જ્યારે જમણી બાજુ અમુક મહિલાઓની ત્રણ બ્લેક એન્ડ વ્હાઈટ તસવીરો છે. તેમના દાવા મુજબ, આ બ્લેક-વ્હાઈટ છબીઓમાં ૧૯૭૦ માં સોનિયા ગાંધી તરીકે રજૂ કરવામાં આવ્યુ હતા. એક ટ્વિટર યુઝરે લખ્યું છે કે, "તે મહિલાને તેના જન્મદિવસની શુભેચ્છાઓ કે જેઓ સૌથી ટૂંકા કપડા પહેરતા હતા અને હવે સૌથી મોંઘા વસ્ત્રો પહેરે છે." હોલીવુડની અભિનેત્રીઓના ફોટાઓનો ઉપયોગ કરીને સોનિયા ગાંધી પર લૈંગિકવાદી ટિપ્પણીઓ કરવી એ પ્રથમ વાર થયું નથી. આવું પહેલી વાર નથી જ્યારે સોનિયા ગાંધીને હોલીવુડની

કોંગ્રેસના નેતાને નિશાન બનાવવા માટે જમણેરી કટ્ટરવાદીઓ દ્વારા હોલીવુડ અભિનેત્રીઓના ફોટોગ્રાફ્સ શેર કરીને વારંવાર લૈંગિકવાદી ટિપ્પણીઓ કરવામાં આવે છે

અભિનેત્રીઓની છબીઓ સાથે નિશાન બનાવવામાં આવ્યા છે. માર્ચ ૨૦૧૯માં, ઓલ્ટ ન્યૂઝે એવો અહેવાલ આપ્યો હતો કે સોનિયા ગાંધીના ચહેરા સાથે મેરિલીન મનરોના ફોટોગ્રાફને મોર્ફ કરવામાં આવ્યો હતો, જેમાં તેણીને "બાર ડાન્સર" કહેવામાં આવ્યા હતા. આ છબી સ્ટોક ઈમેજ વેબસાઈટ આલ્મી પર ઉપલબ્ધ છે. તેમાં જમણી બાજુના કેપ્શન મુજબ, તે ૧૯૫૦ના દાયકામાં યુ.એસ.ની એક દંપતીનો ફોટો છે. વાચકોએ નોંધવું જોઈએ કે સોનિયા ગાંધીનો જન્મ ૧૯૪૬માં થયો હતો અને ૧૯૫૦માં તેઓ માત્ર ૪ વર્ષના હતા. આ છબીમાં ઓછા વસ્ત્રોમાં રહેલી મહિલા સ્વિસ એક્ટર ઉર્સુલા એન્ડ્રેસ છે. આ છબી ૧૯૬૨ની જેમ્સ બોન્ડની ફિલ્મના સેટ પર લેવામાં આવી છે. આ તસવીર આપણે ઈન્ટરનેટ મૂવીઝ ડેટાબેઝ પર જોઈ શકીએ છીએ. ઉપરની છબી જે સોનિયા ગાંધીની યુવાનીની છબી તરીકે રજૂ કરવામાં આવે છે પણ આ છબી પણ એન્ડ્રેસની છે. અમને તે રશિયાની એક સેલિબ્રિટી છે અને આ ફોટો વેબસાઈટ, ધ પ્લેસ પર મળી શકે છે. આ ફોટોમાં ડાબી બાજુ મેરિલીન મનરોનો ઓરીજનલ ફોટોગ્રાફ છે અને જમણી બાજુની છબીમાં સોનિયા ગાંધીના ચહેરા સાથે મોર્ફ કરવામાં આવ્યો હતો. આ ફોટો સોશિયલ મીડિયા પર તેવા દાવા સાથે શેર કરવામાં આવી રહ્યો છે કે સોનિયા ગાંધી એક "બાર ડાન્સર" હતા. અલ્ટ ન્યૂઝે આ ખોટી માહિતીને વર્ષ ૨૦૧૮માં પુરાવા સાથે રજૂ કરી હતી. હોલીવુડની અભિનેત્રીઓના ફોટોગ્રાફ્સનો ઉપયોગ સોનિયા ગાંધીની 'નૈતિકતા' પર સવાલ ઉઠાવવા માટે કરવામાં આવે છે. આવા વાયરલ દાવાઓ ફક્ત સોનિયા ગાંધીને જ નહીં પરંતુ આ બધી લોકપ્રિય અભિનેત્રીઓને પણ નિશાન બનાવે છે અને આવા નિમ્ન સ્તરના લોકો સસ્તા રાજકીય પ્રચાર માટે તેનો ઉપયોગ કરે છે.

રાત્રે આવેલા ભૂકંપના આંચકાએ લોકોને ડરાવી દીધા

દિલ્હી સહિત અલગ-અલગ ત્રણ રાજ્યોમાં ભૂકંપના આંચકા

દિલ્હીમાં ગુરૂવાર રાત્રે ૧૧.૪૫ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા, આંચકાને લીધે લોકા ઘરોની બહાર નીકળ્યા

નવી દિલ્હી,તા.૧૮

કડકડથી ઠંડીમાં જ્યારે ઊંઘ વધારે લાંબી થઈ જાય છે ત્યારે આવામાં ભૂકંપના આંચકાએ પાછલી રાત્રે લોકોને વધારે ધ્રૂજાવી દીધા હતા. પાછલી રાત્રે આવેલા ભૂકંપના આંચકા મોટા હોવાના કારણે લોકો રસ્તાઓ પર દોડી આવ્યા હતા. માત્ર દિલ્હી જ નહીં ગાઝિયાબાદ અને રાજસ્થાન તથા મણિપુરમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. દિલ્હી-એનસીઆરમાં લગભગ ૧૧.૪૫ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકો આંચકા અનુભવીને ઘરોની બહાર નીકળી ગયા હતા. શુરઆતની જાણકારી પ્રમાણે ભૂકંપની તિવ્રતા ૪.૨ જણાવાઈ રહી છે. ભૂકંપનું કેન્દ્ર ગુરુગ્રામથી ૪૮ કિલોમીટર દૂર દક્ષિણ-પશ્ચિમમાં બતાવી રહ્યું છે. આ પહેલા ૨ ડિસેમ્બરે સવારે દિલ્હી-એનસીઆરમાં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. રાજસ્થાનના સીકર જિલ્લામાં પણ ગુરુવારે સાંજે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. હવામાન વિભાગને મળેલી વિગતો પ્રમાણે ભૂકંપની તીવ્રતા ૩.૦ રિએક્ટર મપાઈ હતી. આ સંબંધમાં ભારત સરકારના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયએ રાષ્ટ્રીય વિજ્ઞાન કેન્દ્રએ પણ પૃષ્ટિ કરી છે. મળતી વિગતો પ્રમાણે ભૂકંપનું લેટિટ્યુડ નોર્થ સાઈડમાં ૨૭.૪૦ અને લોંગિટ્યુડ ઈસ્ટ તરફ ૭૫.૪૩ માપવામાં આવ્યું છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી મુજબ ગુરુવારે રાત્રે મોઈરંગમાં મણિપુરની નજીક રિક્ટર સ્લેક



પર ભૂકંપનો આંચકો ૩.૨ની તીવ્રતાનો નોંધાયો હતો. એજન્સી મુજબ ભૂકંપનું કેન્દ્ર મોઈરંગથી ૩૮ કિલોમીટર દક્ષિણમાં હતું. ભૂંકપ ભારતીય સમય પ્રમાણે ૧૦.૦૩ વાગ્યે જમીનથી ૩૬ કિલોમીટર ઊંડો હતો. ભારતીય ઉપખંડમાં વિનાશકારી ભૂકંપ આવ્યા રહ્યા છે. ૨૦૦૧માં ગુજરાતના કચ્છમાં આવેલા ભૂકંપમાં હજારોની સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા હતા. ભારતમાં લગભગ ૪૭ કિલોમીટર પ્રતિ વર્ષની ગતિથી એશિયા સાથે ટકરાય છે. ટેક્ટોનિક પ્લેટોમાં ટક્કરના કારણે જ ભારતીય ઉપખંડોમાં વારંવાર ભૂકંપના આંચકા આવતા રહે છે. જોકે, ભૂજળમાં ઘટાડાના કારણે ટેક્ટોનિક પ્લેટોની ગતિમાં ઘટાડો થયો છે.

ભારતમાં પબજીને ફરી શરૂ કરવા મંત્રાલયની મંજૂરી નથી

પબજી ગેમ ડેવલપ કરનારી કંપની પોપ્યુલર ગેમના ઈન્ડિયન વર્ઝનને લોન્ચ કરવા માટે લાંબા સમયથી તૈયારી કરે છે

નવી દિલ્હી,તા.૧૮

પોપ્યુલર બેટલ મોબાઈલ ગેમનું ઈન્ડિયન વર્ઝન પબજી મોબાઈલ ઈન્ડિયાની રાહ જોતા લોકો માટે એક ખરાબ સમાચાર છે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે પબજી મોબાઈલ ઈન્ડિયાને ભારતમાં શરૂ કરવાની મંજૂરી આપી નથી. પબજી ગેમ ડેવલપ કરનારી કંપની આ પોપ્યૂલર ગેમના ઈન્ડિયન વર્ઝનને લોન્ચ કરવા માટે લાંબા સમયથી તૈયારી કરી રહી છે, પરંતુ મંત્રાલયના અધિકારીઓ સાથે વાતચીત થઈ શકી નથી. આ વચ્ચે મંત્રાલયે કહ્યું છે કે તેમની પાસે ભારતમાં પબજી મોબાઈલ ઈન્ડિયા શરૂ કરવાની પરવાનગી નથી. જો કે, પબજી મોબાઈલ ઈન્ડિયાને શરૂ કરવાના તમામ પ્રયાસો ચાલુ છે. ભારત-ચીન સરહદ વિવાદ પછી કેટલાક મહિનાઓ પહેલા, ભારતે ટિકિટોક અને પબજી સહિતની અનેક ચાઈનીઝ મોબાઈલ એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારબાદથી તેના લાખો વપરાશકર્તાઓમાં ફરીથી પરત ફરે તેની રાહ જોઈ રહ્યા છે. યુવાનો પબજી મોબાઈલ ઈન્ડિયાના ભારતીય અવતાર છે અને દેશી પબ્સ FAU-G ગેમની એપ્લિકેશનની રાહ જોઈ રહ્યા છે. આ કિસ્સામાં પબજી મોબાઈલ ઈન્ડિયાન હાલની સ્થિતિમાં લોંચ કરવા અને હાલના સ્ટેટસ અંગે માહિતી મેળવવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં ૨ અલગ અલગ

આરટીઆઈ દાખલ કરવામાં આવી હતી. જેના જવાબમાં મંત્રાલયે ગુરુવારે કહ્યું હતું કે પબજી મોબાઈલ સાથે સંકળાયેલ કોઈપણ સર્વિસ, મોબાઈલ એપ્લિકેશન અને વેબસાઈટ્સને ફરી શરૂ કરવા માટે કોઈ મંજૂરી આપવામાં આવી નથી. એક આરટીઆઈ મીડિયા નેમ દ્વારા દાખલ કરવામાં આવી હતી અને બીજી જીઈએમ ઈસ્પોર્ટ્સ દ્વારા. બંને આરટીઆઈમાં એ જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો કે મંત્રાલયે ગુગલ પ્લે સ્ટોર અને એપલ એપ સ્ટોર પર પબજી મોબાઈલ ઈન્ડિયાની નોંધણી કરવાની મંજૂરી આપી નથી.

અદ્વિતીય સઈદાબાનોએ ચીલાચાલુ માર્ગથી હટીને જીવન જીવ્યું

(એજન્સી) તા.૧૮

પુસ્તક સમીક્ષા

સઈદાબાનો આ પુરૂષપ્રધાન સમાજમાં પોતાની શરતો પર જીવન જીવ્યા. અદ્વિતીય સઈદાબાનો ૧૯૪૭થી ઓલ ઈન્ડિયા રેડિયો (AIR)માં પ્રથમ મહિલા ન્યૂઝ રીડર હતા. તેમને પ્રેમથી બીબી બોલાવવામાં આવતા. તેઓ ૧૯૧૩માં ભોપાલમાં જન્મ્યા હતા. ૨૦મી સદીની શરૂઆતમાં ભોપાલમાં નવાબ સુલતાન જહાં બેગમનું શાસન હતું. સ્ત્રીને રાજ્યના વડાં તરીકે રાખવાનો અણધાર્યું પરિણામ તે સમાજની અંદરની લૈંગિકતાની સ્થિતિમાં સુધારો કરવા માટે પૂરતું હતું. કિશોરાવસ્થામાં, સઈદાને ૧૯૨૫માં લખનૌની કરામત હુસેન મુસ્લિમ ગર્લ્સ હાઈસ્કૂલમાં બોર્ડર તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. સઈદા લખનૌની પ્રતિષ્ઠિત ઈસાબેલા થોબર્ન કોલેજમાંથી સ્નાતક થયા. ધીમે ધીમે પશ્ચિમ જીવનશૈલીએ લખનૌના રૂઢિવાદી સમાજમાં તેના ઉદાર મૂળોને ફેલાવવાનું શરૂ કર્યું. તેણીના વડીલો દ્વારા ૧૯ વર્ષની ઉંમરે લગ્ન કરાવી દીધા હતા. તેમણે પોતાના મનની સ્થિતિ દર્શાવવા ગાલિબને ટાંકયા:

ફિર વાઝ-એ-અહતેયાત સે ઘૂટને લગા હૈ દમ

જ્યારે તેમને લખનૌમાં રહેવાનું અશક્ય લાગ્યું, ત્યારે તે AIRમાં ન્યૂઝ રીડર તરીકે કામ કરવા દિલ્હી જતા રહ્યા. આ પહેલા કોઈ પણ મહિલાને સમાચાર વાંચવા માટે બીબીસી અથવા એઆઈઆર દ્વારા નોકરી આપવામાં આવતી ન હતી. તેણીને દિલ્હીમાં યંગ વુમન્સ ક્રિશ્ચિયન એસોસિએશન (YMCA) ખાતે રહેવા માટે એક ઓરડો મળ્યો, જ્યાં તે કોઈને જાણતા ન હતા. તે વર્ષે ૧૫ ઓગસ્ટના રોજ આઝાદી દિવસની ઉજવણી પછી, ૧૯૪૭માં દિલ્હીના જુદા જુદા વિસ્તારોમાં સાંપ્રદાયિક હિંસાની ઘટનાઓ તીવ્ર બની હતી. તેણીને ભારતના કૃષિ પ્રધાન રફી અહમદ કિદવાઈના ઘરે સેંકડો અન્ય લોકો સાથે શરણ લેવાની ફરજ પડી હતી. અહીં બીબીની નજર સમક્ષ ઈતિહાસ પ્રગટયો. તેમણે જોયું કે કાર્યકર અને રાજકારણી મૃદુલા સારાબાઈ



કિડવાઈને મળવા માટે આવતા હતા. ૧૯૪૮માં બીબી બિરલા હાઉસની મુલાકાત ગયા, જ્યાં ગાંધીજીને રૂબરૂ બોલતા સાંભળ્યા. રાષ્ટ્રપિતાએ ભાગલાને કારણે વેદના ભોગવતી જનતાને દિલાસો આપવાનો પ્રયત્ન કર્યો હતો. થોડા દિવસો પછી, ૩૦ જાન્યુઆરીએ ગાંધીજીની હત્યા કરવામાં આવી. તે સાંજે બીબી ૬ વાગ્યે ન્યૂઝ બુલેટિન આપવાના હતા. ત્યારે એક વરિષ્ઠ અંગ્રેજી સમાચાર વાચકે કહ્યું કે કોઈએ ગાંધીજીને ગોળી મારી દીધી છે. બીબીને લાગ્યું કે તે સમાચાર વાંચી શકશે નહીં. તે ખૂબ રડી રહી હતી. એ ઉદાસીની સાંજે કોઈ અન્યને સમાચાર વાંચવા બોલાવા પડ્યા. બીબી કહેતા હતા કે એકવાર જીવન સ્થાયી થઈ ગયું પછી, તેમની સવારો, બપોર અને રાત દિલ્હીમાં રેડિયો સ્ટેશન પર શિફ્ટ માટે આવવા જવામાં પસાર થઈ. ૧૯૩૦ના દાયકામાં જ્યારે તેણી લગભગ ૬૦ વર્ષની હતી, બીબીએ એક એવા વ્યક્તિ સાથે લગ્ન કર્યા, જેને તે બે દાયકા પહેલાથી જાણતા હતા.

બીબીની સલાહ હંમેશા થોડી મોડી આવે છે. તેણીએ પહેલેથી જ અનંત શક્યતાઓની મશાલ પ્રગટાવી હતી જે જીવન સ્ત્રીને પણ પ્રદાન કરે છે. તે મશાલ હવે બધાને જોવા માટે તેજસ્વી રીતે બળી રહી છે. બીબીની વાર્તા આપણને શીખવે છે કે જો આપણે ન ઇચ્છતા હોઈએ તો આપણામાંથી કોઈએ ચીલાચાલુ રસ્તાને અનુસરવું જોઈએ નહીં. અંતે પસંદગી સ્પષ્ટપણે આપણી છે.

CAAની તરફેણમાં ભાજપ દ્વારા સોશિયલ મીડિયા પર જાહેર અભિપ્રાયને બદલવાનો પ્રયાસ કેવી રીતે કરાયો

CAA વિરોધી વિરોધ પ્રદર્શન દેશભરમાં ફેલાઈ ગયું હોવાથી ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં # ભારત સપોર્ટ્સ CAA અભિયાન પાછળ સરકારે લોકોનું સમર્થન મેળવવા ઓનલાઈન જંગી નાણાં નાંખ્યાં

(એજન્સી) તા.૧૮

નેતાવિહીન ચળવળમાં સોશિયલ મીડિયાએ આજે 'નેતા' તરીકે મહત્વ મેળવ્યું છે. અગાઉ, અખબારો અથવા માઉથપિસોનો ઉપયોગ લોકોના અભિપ્રાયને વધારવા માટે કરવામાં આવતો હતો; આજે, લોકો તેમને સંબંધિત મુદ્દાઓ પર સમાચાર અને માહિતી મેળવવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરે છે. તે ઓનલાઈન પ્રેક્ષકોને ઓફલાઈન કાર્ય કરવા માટે એકત્રિત કરવામાં મદદ કરે છે. રાજકીય ચર્ચાઓ માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ મુખ્ય સ્થળ બની ગયું છે. કપટી રીતે, તે લોકશાહીનું ધ્યાન ભટકાવવા, ભય ફેલાવવા અને અસંમતિને લક્ષ્ય બનાવવા તાનાશાહી શાસકો માટે એક સરળ સાધન બની ગયું છે. એક મુદ્દો એ છે કે ગયા વર્ષે ભારતના નાગરિકત્વ કાયદામાં સુધારા કર્યા પછી જે બન્યું હતું. સિટીઝનશિપ એમેન્ડમેન્ટ એક્ટ (CAA) ૧૧ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ પસાર થયો હતો, જેનાથી સમગ્ર ભારતમાં પ્રકોપ અને વિરોધ પ્રદર્શિત થયો હતો.

CAA માટે ટેકો મેળવવા માટેની વ્યૂહરચના : દેશવ્યાપી વિરોધને કારણે દબાણ હેઠળ સરકારે CAAની તરફેણમાં જાહેર સમર્થન મેળવવા માટે સોશિયલ મીડિયા અભિયાન, મિસ કોલ અભિયાન અને દેશવ્યાપી જન જાગરણ અભિયાન સહિત અનેક ઓનલાઈન અને ઓફલાઈન અભિયાનો શરૂ કરવાનો નિર્ણય કર્યો. CAAના ટેકાને બદલે

ઓલ આસામ સ્ટુડન્ટ્સ યુનિયનના કાર્યકરોએ નલબારીમાં CAAનો વિરોધ કર્યો.

'સેક્સના વચન', 'જોબ્સ', 'ફ્રી મોબાઈલ ડેટા' અને 'નેટફ્લિક્સ એકાઉન્ટ્સ' જેવી લાલચો આપવા 'મિસ્ડ કોલ ઝુંબેશ' ચલાવવામાં આવી, ભાજપે સદગુરુ તરીકે જાણીતા, જગ્ગી વાસુદેવના વીડિયો દ્વારા પ્રચાર કરવાનું શરૂ કર્યું. ૩૦ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ, મોદીએ ટ્વિટ કર્યું, "સદગુરુ જગ્ગી વાસુદેવ દ્વારા સીએએ અને તેના વધારે પાસાઓ વિશેની આ સ્પષ્ટ સમજણ સાંભળશો. તે ઐતિહાસિક સંદર્ભ પ્રદાન કરે છે. તે જ દિવસે, સદગુરુ દ્વારા સંચાલિત ઈશા ફાઉન્ડેશને પણ એક ટ્વિટર પોલ પોસ્ટ કર્યું છે, જેમાં વપરાશકર્તાઓને પૂછવામાં આવ્યું છે કે શું તેઓ સીએએ અને એનઆરસીના વિરોધને ન્યાયી ઠેરવે છે, જ્યારે ૬૩% લોકોએ આ વિરોધને વાજબી ઠેરવ્યું તો તે જ દિવસે પોલ બંધ કરી દેવામાં આવ્યું.

 # ઈન્ડિયા સપોર્ટ્સ CAA અભિયાન માટે ધિરાણ : ૩૦ ડિસેમ્બર, ૨૦૧૯થી ૨૩ જાન્યુઆરી, ૨૦૨૦ સુધી, ફેસબુક જાહેરાતો પર ૧૫થી ૧૭ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો. ભાજપના મુખ્ય ફેસબુક પેજ જ નહીં, આ અભિયાનમાં અન્ય ભાજપ તરફી નેતાઓ અને મીડિયા હાઉસોએ કુલ ૨૨૦ ફેસબુક જાહેરાતો ચલાવી. આના ઉપર કેટલો ખર્ચ થયો હશે તેનો અંદાજ લગાવી શકાય.

છતાં, # ઈન્ડિયા સપોર્ટ્સ CAA એક નિષ્ફળ અભિયાન છે

જ્યારે ભાજપે ૨૩મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ આ અભિયાન માટે ચૂકવણી કરવાનું બંધ કરી દીધું હતું, તરત જ CAAની તરફેણમાં પોસ્ટ નહિવત થઈ ગઈ.

સોશિયલ મીડિયાની સાચી શક્તિનું શોષણ

પૈસાની શક્તિ અને સોશિયલ મીડિયા પર વધતો પ્રભાવ લોકશાહી મૂલ્યોને કચડી નાખવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી શકે છે, અને તેની પાસે સમાજમાં વિભાજન ઊભું કરવાની ક્ષમતા છે.આપણી સામેનો આ પડકાર ગઈકાલ કરતા ઘણો મોટો છે.

- બુદ્ધદેબ હલ્દર (સૌ. : ધ વાયર.ઈન)

હિંમતનગરમાં લેબ સંચાલકોની અણઆવડત કે ભૂલ ?

રેપિડ ટેસ્ટ નેગેટિવ અને RTPCR ટેસ્ટ પોઝિટિવ આવતા દર્દી અચંબામાં

હિંમતનગર, તા.૧૮

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાએ ફેલાવેલા વિકરાળ પંજાનો અનેક લોકો ભોગ બની રહ્યા છે. ત્યારે હિંમતનગરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલ એક લેબોરેટરીમાં હિંમતનગર તાલુકાના એક ગામના દર્દીએ કોરોના રિપોર્ટ કરાવવા માટે સેમ્પલ આપ્યા હતા. ત્યારબાદ શુક્રવારે તેનો રિપોર્ટ બે વખત આવ્યો છે. જેમાં એકમાં નેગેટિવ જ્યારે બીજામાં કોરોના પોઝિટિવ લક્ષણો હોવાનું જણાવાયું છે. જેથી આ અંગે આરોગ્ય વિભાગે ઘટતી તપાસ કરવી જોઈએ. આ અંગે આધારભૂત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલ સ્ટર્લિંગ એક્યુરસી લેબોરેટરીમાં ગુરૂવારે હાથરોલ ગામના એક રહીશ કોરોનાનો ટેસ્ટ કરાવવા આવ્યા હતા. અગાઉ તેમણે કરાવેલા ટેસ્ટમાં નેગેટિવ રિપોર્ટ આવ્યા બાદ તેઓએ સ્ટર્લિંગ એક્યેરસી લેબમાં આરટીપીસીઆર ટેસ્ટ માટે સેમ્પલ આપ્યું હતું. ત્યારબાદ શુક્રવારે સવારે તેના બે રિપોર્ટ આવ્યા હતા. રેપિડ ટેસ્ટ નેગેટિવ આવ્યા બાદ આરટીપીસીઆર ટેસ્ટ અલગ આવતા ખુદ ટેસ્ટ કરાવનાર ઈસમ પણ અચંબામાં મૂકાઈ ગયા હતા. જેથી એ સમજાતું નથી કે, એક જ દર્દીના બે રિપોર્ટમાં ભિન્ન વિગતો આવી છે તે ખરેખર સાચી છે કે ખોટી તે અંગે આરોગ્ય વિભાગે તપાસ કરવાની જરૂર છે. નહીં તો જિલ્લાના અનેક લોકો ગમે ત્યાં કરાવ્યા બાદ ચિંતામાં મૂકાઈને અડધા થઈ જશે હવે આરોગ્ય વિભાગ શું કાર્યવાહી કરે છે તે જોવાનું રહ્યું.

મુસ્લિમ એકતા મંચના ઈમ્તિયાઝ પઠાણનું નિવેદન

ઈસ્લામમાં "લવ જેહાદ" જેવી બાબતોને કોઈ સ્થાન નથી; કટ્ટરવાદીઓ લોકોને ગુમરાહ કરવાનું બંધ કરે

મુસ્લિમ યુવતીની ત્રણ વખત રઝા હોય તો જ તેના લગ્ન થતાં હોય તો પછી અન્ય ધર્મની યુવતી સાથે તેની રઝામંદી વિના લગ્ન કઈ રીતે થઈ શકે ?

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૮

આમ જનતા વચ્ચે અવારફ-નવાર સંભળાતા શબ્દોની સમાજીકરણ પર અસરકારક ભૂમિકા હોય છે. અવાર-નવાર નેતાઓના નિવેદનોમાં અખબારોમાં વાચવા અને સાંભળવા મળતો શબ્દ લવ જેહાદને ઈસ્લામ ધર્મ સાથે કોઈ લેવા દેવા નથી. આ માત્ર સભ્ય સમાજને ગુમરાહ કરવા ઉપજાવી કાઢેલી આભાષી માન્યતા છે. તેવો દાવો ગુજરાતમાં મુસ્લિમ એકતા મંચના નેજા હેઠળ મુસ્લિમ સમાજને સંગઠીત કરવાનું એલાન કરી ચુકેલા ઈમ્તિયાઝ પઠાણ દ્વારા કરવામાં આવ્યો છે. ઈમ્તિયાઝ પઠાણ દ્વારા જાહેર કરાયેલ એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, અમુક લોકો લવ જેહાદ જેવા શબ્દોનો ઉપયોગ કરી સમાજને ગેર માર્ગે દોરી રહ્યા છે. મુસ્લિમ ધર્મમાં લગ્ન વિધિમાં સર્વે પ્રથમ જે તે કન્યા (દુલહન)ની રજા કે તે જેમની સાથે તેના લગ્ન થઈ રહ્યા છે. તેમની સાથે લગ્ન (નિકાહ) કરવા રાજી છે કે કેમ ? અને તે પણ સમાજના બે પીઢ વ્યક્તિ જેને આ વિધિમાં ગવાહ કહેવામાં આવે છે. તેની રૂબરૂમાં કન્યા (દુલહન)ની ત્રણવાર રજા મેળવી અને જો કન્યા (દુલહન) હા પાડે તો જ નિકાહની વિધિ આગળ વધે છે અને યુવકની (દુલ્હા)ની રજા પછી લેવાય છે. જ્યારે જન્મથી જ મુસ્લિમ ધર્મ પાળનાર મહિલાની ત્રણ વાર રજા લીધા સિવાય નિકાહ શકય નથી તો અન્ય ધર્મની યુવતી સાથે કઈ રીતે નિકાહ થઈ શકે ? ઈસ્લામ ધર્મમાં સખતીથી કહેવાયું છે કે, કોઈ પ્રકારની જોર જબરજસ્તીની સાફ મનાઈ છે. અમુક તત્વો દ્વારા એવો પણ દાવો કરાય છે કે, હિન્દુ યુવતીઓની સાથે પ્રેમ કરવા માટે મુસ્લિમ યુવકોને આર્થિક મદદ કરવામાં આવે છે તે પણ સંપુર્ણ રીતે ખોટી વાત છે. હાલમાં જ ભરૂચના સાંસદ મનસુખ વસાવા દ્વારા રાજયના મુખ્ય મંત્રીને સંબોધી ગુજરાતમાં પણ લવ જેહાદનો કડક કાયદો બનાવવા લેખિત માંગ કરાય છે. આજના દોરમાં પોતાના છેડેથી છેડા ભેગા કરવામાં મથતો મુસ્લિમ યુવક કોઈ આ પ્રકારની પળોજણમાં પડે તે શકય નથી અભ્યાસ જેવી જરૂરી બાબતમાં આર્થિક મદદ મેળવવા મુસ્લિમ સમાજના જરૂરતમદ યુવકોને અનેક સંસ્થાઓના સંપર્ક કરવા તળિયા ઘસવા પડે છે, તેમ છતાં કોઈ સખી દાતાઓથી માંડ અતી જરૂરી બાબતમા આર્થિક મદદ મળતી હોય છેર. તેવામાં આ પ્રકાર બાબતોમાં આર્થિક મદદ મળતી હોય તે એકદમ હાસ્યાસપદ વાત છે. અને મુસ્લિમ સમાજમાં દિકરીઓની કોઈ અછત નથી તે જગ જાહેર વાત છે. ખાસ તો ઈસ્લામમાં માનવતા અને ભાઈચારા પર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો છે. તેવામાં પોતાને સાચા અર્થમાં મુસ્લિમ માનતા એક સાચા મુસલમાન કયારેય પણ અન્ય ધર્મનું બુરૂ વિચારી શકે નહીં માત્ર રાષ્ટ્રવાદની સુફિયાણી વાતો કરનાર મુઠ્ઠીભર લોકોના કારણે હિન્દુ-મુસ્લિમ એક્તા પર સવાલ ઉઠવા પામ્યા છે અને લવ જેહાદ જેવા રાજકીય બિનરાજકીય અભિયાનથી સમાજમાં અરાજકતા ફેલાઈ અને કોમી એકતાને નુકસાન પહોચી રહ્યું છે. જ્યારે દેશનો કાયદો પણ બે પુખ્ત વ્યક્તિઓ ભલે તે અલગ-અલગ ધર્મના હોય તેને સાથે રહેવાની છૂટ આપે છે. તેવામાં કોઈ એક ચોક્કસ વર્ગને ટાર્ગેટ કરી નિવેદનો આપવાએ વાજબી નથી. આ તકે હિન્દુ-મુસ્લિમ બન્ને કોમોના જવાબદાર આગેવાનોએ સામે આવી આ પ્રકારની કોઈપણ પાયા વિહોણી વાતોને વખોડી કાઢી અને આવા કોઈપણ અભિયાનને સમર્થન આપવું જોઈએ નહીં.

ઔદ્યોગિક અકસ્માતોના નિવારણ માટે ગુજરાત સરકારની પહેલ

ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા અંકલેશ્વરના SRICT સાથે શરૂઆત

અંકલેશ્વર, તા.૧૮

એક તરફ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૪૨ જેટલા કામદારોના ઔદ્યોગિક અકસ્માતમાં મૃત્યુ નિપજ્યા છે. જ્યારે અનેક બાબતે આ અંગે અનુમાન કર્યા બાદ ગુજરાત રાજ્ય ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય વિભાગે અંકલેશ્વરની પ્રતિષ્ઠિત શ્રોફ રોટરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ ટેકનોલોજી સાથે સંલગ્ન થઈ મહત્ત્વના પગલાં ઊઠાવ્યા છે. ગુજરાત સરકારના ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય વિભાગ દ્વારા અંકલેશ્વર ખાતે કાર્યરત શ્રોફ રોટરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ ટેકનોલોજી સાથે એક મહત્ત્વનો કરાર કર્યો છે જેમાં અંકલેશ્વર સ્થિત SRICT સાથે તમામ ઔદ્યોગિક અકસ્માત સર્જવા પાછળના કારણ અંગેની જવાબદારી સોંપવામાં આવી છે. ભરૂચ જિલ્લો ઔદ્યોગિક હબ છે અને સાત જેટલી ઔદ્યોગિક વસાહત અહીં કાર્યરત છે. ત્યારે એક વર્ષમાં ૪૨ જેટલા ગરીબ કામદારોનાં મોત પાછળનું કારણ શોધવું એની જવાબદારી હવે ગુજરાત સરકારનો ઔદ્યોગિક સુરક્ષા અને આરોગ્ય વિભાગ અને SRICT સંભાળશે.

આ અંગે SRICTના અશોક પંજવાણીએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક અકસ્માતો નિવારવા માટે અને ઉદ્યોગોને સુરક્ષા મુદ્દે જાગૃત કરવા માટે આ એક ઉત્કૃષ્ટ પહેલ છે જેને અમે સંપૂર્ણપણે નિઃશુલ્ક સેવા આપીશું. અકસ્માતો સર્જાવા પાછળના કારણો અને જે ભોગ બન્યા છે કે, બને છે એમને પૂર્ણ વળતર મળે તેમજ તેમના પરિવારજનોને આર્થિક રીતે કોઈ પણ ન રહેવું પડે એની પણ સમીક્ષા કરવામાં આવશે.

મહુવા કોર્ટે સગીરા સાથે દુષ્કૃત્ય આચરનાર આરોપીને ૧૦ વર્ષની સજા ફટકારી

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૧૮

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં ૨૦૧૪માં એક ૧૪ વર્ષીય સગીરાને દુષ્કર્મના ઈરાદે લઈ જનાર આરોપી સામે પોક્સો સહિતનો ગુનો નોંધાયો હતો. આ અંગેના કેસ મહુવાના એફટીસી અને સ્પે. પોકસો જજ એમ.એસ. સિંધીની અદાલતમાં ચાલી જતા અદાલતે આરોપીને ૧૦ વર્ષની સશ્ર કેદની સજા ફટકારી હતી. પ્રાપ્ત વિગતો મજબ તળાજાના પસવી ગામે રહેતા આરોપી સુરેશ સોરઠિયા રાવળ જોગી નામનો શખ્સ એક સગીરા (ઉ.વ.૧૪)ને લોભલાલચ અને ફોસલાવી ઘરેથી ભગાડીને અપહરણ કરી સગીરાની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ ગુજારેલ આ બનાવ અંગે તળાજા પોલીસે ગુનો નોંધેલ આ અંગેનો કેસ મહુવાના એફટીસી અને સ્પે. પોકસો જજ એમ.એસ. સિંધીની કોર્ટમાં ચાલી જતા વિવિધ પુરાવાના આધારે કોર્ટે આરોપીને તકસીરવાર ઠરાવી ૧૦ વર્ષની સશ્ર કેદની સજા અને રૂા.૧૦ હજાર રોકડ દંડ ફટકારેલ છે. આરોપી દંડની રકમ ન ભરે તો વધુ છ માસની કેદની સજા અદાલતે ફટકારી છે.

કુડોલ (ઘાંટા) પ્રાથમિક શાળામાં યુવકની ઘાતકી હત્યા

શિક્ષકો લાશ જોઈ ગભરાયા : પોલીસે ત્રણ શકમંદોને દબોચ્યા

મોડાસા, તા.૧૮

મોડાસા તાલુકાના કુડોલ (ઘાંટા) પ્રાથમીક શાળામાં ગામના જ ૪૨ વર્ષીય યુવકની તીક્ષ્ણ હથીયારના ઘા ઝીંકેલી લોહીથી લથબથ હાલતમાં લાશ પડેલી જોઈ શિક્ષકો ગભરાઈ ગયા હતા. કુડોલ (ઘંટા) પ્રાથમીક શાળાના ઓરડાઓ નજીક ગામના જ નાનાભાઈ રતાભાઈ તરાર (ઉ.વર્ષ-૪૨)ની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકેલી હાલતમાં લોહીથી લથબથ હાલતમાં લાશ મળી આવતા શાળાના શિક્ષકો સહીત ગ્રામજનો ચોકી ઉઠ્યા હતા ગામના જ યુવકની હત્યા કરાયેલ હાલતમાં લાશ મળી આવતા ગામમાં તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું હતું ડીવાયએસપી ભરત બસિયા સહીત મોડાસા રૂરલ પોલીસ હત્યાની ઘટનાના પગલે કુડોલ (ઘાંટા) સ્કૂલમાં પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી હતી મૃતક યુવકની લાશને પીએમ માટે ખસેડી ગ્રામજનો અને પરિવારજનો ની પૂછપરછ હાથધરાતા યુવકની હત્યા તેના નજીકના પરિવારજનોએ કરી હોવાની માહિતી પ્રાપ્ત થતા પોલીસે ત્રણ શકમંદ હત્યારાઓને ઝડપી લીધા હતા.

કોઈ દુર્ઘટના થશે તો જવાબદાર કોણ ? : તંત્રની કામગીરી પર પ્રશ્ન

અંકલેશ્વર નગર તથા GIDCમાં ગેસ બોટલ રીફિલિંગનો ધિકતો ધંધો

અંકલેશ્વર, તા.૧૮

અંકલેશ્વર પંથકમાં અનેક વિસ્તારોમાં ગેરકાયદેસર ગેસ બોટલના રિફિલિંગ અને વેચાણનો ગોરખધંધો વધવા પામ્યો છે. કોઈ દુર્ઘટના બને તો જવાબદાર કોણ તેવા પણ સવાલો ઉઠતા મામલતદાર પુરવઠા વિભાગ અને તંત્ર ની કામગીરી પર સવાલો ઊભા થવા પામ્યા છે. અગાઉ ભરૂચમાંથી સરકારી અનાજ નું મસમોટું ગેરકાયદેસર કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું હતું. જે બાદ ગતરોજ એસ.ઓ.જી. પોલીસ દ્વારા ચાવજ ગામેથી ગેરકાયદેસર વેચાણ થતો રાંધણ ગેસના બોટલના ગોરખધંધાનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. જેમાં ૪૦ બોટલ અને વાહનો કબ્જે કરવામાં આવ્યા હતા. તેવામાં અંકલેશ્વર પંથકમાં પરપ્રાંતીય વિસ્તારમાં ચાલતા રાંધણગેસના ગોરખધંધાની કામગીરી અંગે સરકારી બાબુઓ પર અનેક સવાલો ઊભા થવા પામ્યા છે. જયા અંકલેશ્વરના મીરાંનગર અને શાંતિનગરમાં રાંધણ ગેસનું ધૂમ વેચાણ થતું નજરે પડી રહ્યું છે. અનેક દુકાનોમાં સરકારી કંપનીના રાંધણ ગેસના બોટલો દ્વારા બીજી ખાનગી કંપનીના નાના ગેસ બોટલોમાં વગર સેફ્ટિએ રિફિલિંગ કરતા નજરે પડી રહ્યા છે. ત્યારે આ જોતા અંકલેશ્વરના પુરવઠા વિભાગ, મામલતદાર પર અનેક સવાલો ઊભા થવા પામ્યા છે.

વાલિયા બેંકના એટીએમમાંથી ૪૦ હજાર ઉપાડી લેતો ગઠિયો

અંકલેશ્વર, તા.૧૮

વાલિયાની શિવદર્શન સોસાયટીમાં રહેતા નયનાબેન ટંડેલના એસબીઆઈ બેન્કના સેવિંગ ખાતા ધરાવે છે અને એટીએમ કાર્ડ તેઓની પાસે હોવા છતાં ગઠિયા દ્વારા ઈલોક્ટ્રોનિક માધ્યમ દ્વારા એટીએમ મશીનમાંથી તેમના એટીએમનું કોલિંગ કરી અથવા ડુપ્લીકેટ કાર્ડ બનાવી અલગ અલગ રીતે રૂપિયા ૪૦ હજાર ઉપાડી લીધા હતા. જે અંગેની જાણ નયનાબેન ટંડેલને થતા તેઓએ અજાણ્યા ઈસમ વિરૂદ્ધ વાલિયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

નેત્રંગના ઝોકલા લૂંટના એક વર્ષથી ફરાર બે આરોપીઓ ઝડપાયા

અંકલેશ્વર, તા.૧૮

નેત્રંગના ઝોકલા ગામની લૂંટના એક વર્ષથી ફરાર બે આરોપીઓ પકડી પાડી જેલભેગા કરી દીધા હતા. પ્રાપ્ત માહિતી મુજબ નેત્રંગ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલ ઝોકલા ગામના અજય મંગળ વસાવાના ઘરે અતુલ કમલેશ વસાવા અને સુરેશ રામુ વસાવાએ સહિતના ઈસમોએ પથ્થરમારો કરીને અજય મંગળ વસાવાની પત્ની લાકડીના સપાટા વડે માર મારી તોડફોડ કરીને ચાંદીનું મંગળસુત્ર, સોનાની બુટ્ટી અને સાકળા સહિત રોડક રકમની લૂંટ કરીને ફરાર થઈ ગયા હતા, આ બાબતે નેત્રંગ પો.સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. એક વર્ષ જેટલો લાંબો સમય પસાર થયા બાદ બંને ઈસમો ઝોકલા ગામે પોતાના ઘરે જ હોવાની બાતમી નેત્રંગ પો.સ્ટેશનના પીએસઆઈ એન.જી. પાંચાણી અને પો.કર્મી વિજયસિંહ મોરી, મુળજીભાઈ, જગદીશભાઈ, જીગ્નેશભાઈ, પ્રકાશભાઈ, કિશનભાઈ, અમિતભાઈ અને અજીતભાઈને મળતા બંને ઈસમોને પકડી જેલભેગા કરી કાર્યવાહી હાથ ધરી હતી.

શિક્ષણ સમાચાર

એન.એસ.પટેલ આર્ટ્સ કોલેજ (ઓટોનોમસ), આણંદના સંસ્કૃત વિભાગ દ્વારા 'પુરાણ પરિચય' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું

સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ, આણંદ દ્વારા સંચાલિત એન.એસ. પટેલ ઓટોનોમસ આર્ટ્સ કોલજ, આણંદના સંસ્કૃત વિભાગ દ્વારા 'પુરાણ પરિચય' વિષય ઉપર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અનુસ્નાતક સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રો.મનસુખ મોલિયાનું ઓનલાઈન વ્યાખ્યાન યોજાયું હતું. અધ્યક્ષ સ્થાનેથી કોલેજના આચાર્ય ડૉ.મોહનભાઈ પટેલે ઓટોનોમસ કોલેજમાં દરેક વિષયમાં વિવિધ પ્રવૃત્તિનું તથા વિવિધ વ્યાખ્યાનનું આયોજન કઈ રીતે કરી શકાય એનું માર્ગદર્શન આપ્યું હતું. ડૉ.મનસુખ મોલિયાએ ખૂબ સરળ ભાષામાં વિદ્યાર્થીઓને પુરાણના ઉદ્ભવ વિશે માહિતી આપી. પુરાણના વિવિધ અર્થમાં યાસ્કના અર્થની વિશેષતા સમજાવી. વ્યાસ પરંપરાની ચર્ચા કરી. પુરાણના વિષયવસ્તુ વિશે વિવેચન કર્યું. અંતે પુરાણના પાંચ લક્ષણો સમજાવ્યા હતા. વિદ્યાર્થીઓએ ખૂબ રસપૂર્વક વ્યાખ્યાનનું શ્રવણ કર્યું હતું. કોલેજના સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડૉ. હેમા સોલંકીએ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કર્યું તથા વિભાગના અધ્યાપકો આશિયાના સૈયદ તથા નાથાલાલ માછરે પણ આ કાર્યક્રમને સફળ બનાવવા પોતાનું યોગદાન આપ્યું હતું.

GUJARAT STATE WAQF BOARD

ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ

Dr.jivrajbhai Mehta Bhavan, Block No.8, Gandhinagar. ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ગાંધીનગર.

વક્ફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬

વિષય :-"ધુળધોવા કબ્રસ્તાન (મુસાફરખાના કબ્રસ્તાન) વક્ફ કમિટી"

ઉપરોક્ત જણાવેલ વક્ફના મુતવલ્લી **પઠાણ સીરાજખાન શરીફખાન મુ.પો.તા.કપડવંજ, જિ.ખેડા**નાઓએ મજકુર વક્ફના ઉદેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત વક્ફ/જંગમ/ સ્થાવર મિલકત વક્ફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

જિલ્લો અને તાલુકો	ગામ/મુ.પો./ઠે.	મિલકતનો પ્રકાર	સર્વે નં./મિલકત નં.	હે.આરે.ચો.મી.
તા.કપડવંજ જિ.ખેડા	મુ.પો. કપડવંજ	સરકારી કબ્રસ્તાન	સર્વે નં.૧૦૫/અ	૦-૫૦-૫૯

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વક્ફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમયમર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વક્ફના વક્ફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(મુનીર વ્હોરા)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ,
ગાંધીનગર.

GUJARAT STATE WAQF BOARD

ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ

Dr.jivrajbhai Mehta Bhavan, Block No.8, Gandhinagar. ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નંબર ૮, ગાંધીનગર.

વક્ફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬

વિષય :-"દનાદરા મુસ્લિમ જમાત કબ્રસ્તાન વક્ફ કમિટી"

ઉપરોક્ત જણાવેલ વક્ફના મુતવલ્લી **પઠાણ માજીદખાન હબીબખાન મુ.પો.દનાદરા, જિ.ખેડા**નાઓએ મજકુર વક્ફના ઉદેશો પૂર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલકત વક્ફ/જંગમ/ સ્થાવર મિલકત વક્ફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમૂનામાં દરખાસ્ત કરેલ છે. જે મિલકતની વિગત નીચે મુજબ છે.

જિલ્લો અને તાલુકો	ગામ/મુ.પો./ઠે.	મિલકતનો પ્રકાર	સર્વે નં./મિલકત નં.	હે.આરે.ચો.મી.
તા.કપડવંજ જિ.ખેડા	મુ.પો. દનાદરા	સરકારી કબ્રસ્તાન	સર્વે નં.૧૬૫/બ	૦-૮૦-૬૪

ઉક્ત જણાવેલ સ્થાવર મિલકત વક્ફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સંબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધા સૂચનો હોય તો તે દિન-૭માં ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ, ગાંધીનગરની કચેરીને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમયમર્યાદામાં બોર્ડની કચેરીમાં નહીં મળે તો ઉક્ત જણાવેલ વક્ફના વક્ફ અધિનિયમ ૧૯૯૫ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(મુનીર વ્હોરા)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વક્ફ બોર્ડ,
ગાંધીનગર.

કારમી મોંઘવારીમાં મુસ્લિમ સમાજની દીકરીઓને પરણાવવા માટે

ધોલકા અંજુમને નવજવાન ટ્રસ્ટે ઈમદાદિયા ઈજતેમાઈ શાદીનો નવો ચિલો ચાતર્યો

સખીદાતાઓ ઈમદાદ, હોંસલાઅફઝાઈ અને ગરીબો પ્રત્યેની હમદર્દી આ ભગીરથ કાર્યને પાર પાડવા " અંજુમન"ને હિંમત પૂરી પાડે છે

ધોળકા,૧૮

આ કારમી મોંઘવારી માંય સમાજનો અમીર તબકો તેમના ત્યાં આવતા શાદી- બ્યાહનાં શુભ પ્રસંગો નિહાયત આસાની સાથે રંગેચંગે પાર પાડવા શક્તિમાન છે.જ્યારે ગરીબીની રેખા નીચે જીવન પસાર કરતો દારુણ સ્થિતિમાં બે ટંકનાં ભોજન માટે ય વલખા મારતો ઝકાતનો હકદાર તબકો પોતાના લાડલાઓના હાથ પીળા કરવા જ્યાં વધારેમાં વધારે દહેજ આપવામાં આવતું હોય (ભલેને પછી તે ઝકાત ફંડમાંથી હોય) તેવા NGO નાં સમૂહ લગ્નમાં જોડાય છે અથવા પાંચ- પચીસ સાહેબ-એ - માલ પાસે હાથ ફેલાવી પ્રસંગને ઉકેલે છે.ખરી તકલીફ તો સમાજના એ ઉચ્ચ મધ્યમ વર્ગને છે કે જે ના તો ઝકાતનો હકદાર છે કે ના પોતાની તકલીફ દૂર કરવા હાથ ફેલાવી શકે છે. આ ન કહેવાય ન સહેવાયની અસમંજસ સ્થિતિનાં પરિણામે તેઓની શાદીલાયક બહેન - દીકરીઓની ઉંમર વધતી જાય છે અને મૂરતીયા હાથથી નીકળતા જાય છે. સમાજનો આવોજ એક હિસ્સો બહેન-દીકરીઓની વિદાય માટે પોતાની રોજી-રોટીનો જરીયો યાને જમીનનો ટુકડો કે પછી રહેવાનું ઘર ગીરો મુકવા મજબૂર બને છે.યા એમ કહો કે એક શાદી માટે ગુરબતભરી દારુણ પરિસ્થિતિમાં ધકેલાય છે અને આમ પહેલાથી ગરીબીમાં સબડતી પ્રજામાં દિન-બ-દિન ઈજાફો થતો જાય છે.આ વિકટ સમસ્યાના હલ માટે સમાજનાં બુદ્ધિજીવી વર્ગ અને આલિમે દિનનાં હલ્કામાં ચર્ચા-વિચારણાનાં અંતે નક્કી થયું કે ધોલકા અંજુમને નવજવાન ટ્રસ્ટે અન્ય તંઝીમોથી હટીને એક નવો ચિલો ચાતરવો યાને " ઈમદાદીયા ઈજતેમાઈ શાદી " નું આયોજન કરવું. જેથી સમાજનો દરેક વર્ગ તેનો વિના સંકોચ લાભ લઈ શકે. આમ છેલ્લા આઠ વર્ષથી દર વર્ષે ડિસેમ્બર - જાન્યુઆરીમાં સમૂહલગ્નનું " અંજુમન" તરફથી આયોજન કરવામાં આવે છે.અત્યાર સુધી દર વર્ષે ૪૦ જેટલા યુગલો લાભ લેતા હતા. હવે તા.૨૬-૦૧-૨૦૨૧ નાં રોજ સમસ્ત મુસ્લિમ સમાજનાં ૯ માં સમૂહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ૫૫ યુગલો નોંધાઇ ચુક્યા છે. હાલની પરિસ્થિતિની અસરરૂપે ઈમદાદની આવક ઉપર અંકુશ આવી ગયેલ છે. છતાં અલ્લાહ ઉપર તવક્કલ મજબૂત છે અને નિર્ધાર મક્કમ છે. ઈંશા અલ્લાહ આપ સહુ સખીદાતાઓની ઈમદાદ, હોંસલા અફઝાઈ અને ગરીબો પ્રત્યેની હમદર્દી આ ભગીરથ કાર્યને પાર પાડવા અમોને હિંમત , બળ અને આપને અજ્જે અઝીમનાં હકદાર બનાવશે...આમીન

સંકલન : ઘાંચી ઇસ્માઇલભાઈ ડોસી (ધોળકા)

ધોલકા અંજુમને નવજવાન

આયોજીત

નવમો સમૂહલગ્ન સમારોહ

55 શાદી

26 જાન્યુઆરી 2021

આજ કે માહૌલ મેં ગુરબત કી વજહ સે અનગીનત ખાનદાન અપની બેટીઓ ઔર બહેનો કી શાદી કે કાબિલ નહીં હૈ. ઔર ઉસીકે દબાવ મેં લડકી યા તો ઉસ્કે ખાનદાન કે લોગ ગલત કદમ ઉઠાને પર મજબૂર હો જાતે હૈ.

અંજુમન એસી લડકિયોં કા આસાન તરીકે સે નિકાહ કરવાતા હૈ ઔર ઘર કે લિયે નિહાયત જરૂરી ચિઝે દુલ્હન કો ગિફ્ટ કરકે ઉન્કે મુશ્કિલ હાલાત કો દૂર કરને કી કોશિશ કરતા હૈ. લીહાજા આપકો આજીજાના ગુજારીશ કી જાતી હૈ કે આપકી પાકીઝા કમાઈ મેં સે સંસ્થા કો લીલ્લાહ પૈસે યા તો ચીઝ દેકર મદદ કરે



PhonePe Paytm 9898354333

નેક કામનાં હકદાર બનવા માટે સંપર્ક કરો

9898354333, 9898327786
9924371758, 9824414596
9904124090, 9426172114

મુસ્લિમ એકતા મંચના ઈમ્તિયાઝ પઠાણનું નિવેદન

ઈસ્લામમાં "લવ જેહાદ" જેવી બાબતોને કોઈ સ્થાન નથી; કટ્ટરવાદીઓ લોકોને ગુમરાહ કરવાનું બંધ કરે

મુસ્લિમ યુવતીની ત્રણ વખત રઝા હોય તો જ તેના લગ્ન થતાં હોય તો પછી અન્ય ધર્મની યુવતી સાથે તેની રઝામંદી વિના લગ્ન કઈ રીતે થઈ શકે ?

(સંવાદદાતા દ્વારા)

જૂનાગઢ, તા.૧૮

આમ જનતા વચ્ચે અવારનવાર સંભળાતા શબ્દોની સમાજીકરણ પર અસરકારક ભૂમિકા હોય છે. અવાર-નવાર નેતાઓના નિવેદનોમાં અખબારોમાં વાચવા અને સાંભળવા મળતો શબ્દ લવ જેહાદને ઈસ્લામ ધર્મ સાથે કોઈ લેવા દેવા નથી. આ માત્ર સભ્ય સમાજને ગુમરાહ કરવા ઉપજાવી કાઢેલી આભાષી માન્યતા છે. તેવો દાવો ગુજરાતમાં મુસ્લિમ એકતા મંચના નેજા હેઠળ મુસ્લિમ સમાજને સંગઠીત કરવાનું એલાન કરી ચુકેલા ઈમ્તિયાઝ પઠાણ દ્વારા કરવામાં આવ્યો છે. ઈમ્તિયાઝ પઠાણ દ્વારા જાહેર કરાયેલ એક અખબારી યાદીમાં જણાવાયું છે કે, અમુક લોકો લવ જેહાદ જેવા શબ્દોનો ઉપયોગ કરી સમાજને ગેર માર્ગે દોરી રહ્યા છે. મુસ્લિમ ધર્મમાં લગ્ન વિધિમાં સર્વે પ્રથમ જે તે કન્યા (દુલહન)ની રજા કે તે જેમની સાથે તેના લગ્ન થઈ રહ્યા છે. તેમની સાથે લગ્ન (નિકાહ) કરવા રાજી છે કે કેમ ? અને તે પણ સમાજના બે પીઢ વ્યક્તિ જેને આ વિધિમાં ગવાહ કહેવામાં આવે છે. તેની રૂબરૂમાં કન્યા (દુલહન)ની ત્રણવાર રજા મેળવી અને જો કન્યા (દુલહન) હા પાડે તો જ નિકાહની વિધિ આગળ વધે છે અને યુવકની (દુલ્હા)ની રજા પછી લેવાય છે. જયારે જન્મથી જ મુસ્લિમ ધર્મ પાળનાર મહિલાની ત્રણ વાર રજા લીધા સિવાય નિકાહ શકય નથી તો અન્ય ધર્મની યુવતી સાથે કઈ રીતે નિકાહ થઈ શકે ? ઈસ્લામ ધર્મમાં સખતીથી કહેવાયું છે કે, કોઈ પ્રકારની જોર જબરજસ્તીની સાફ મનાઈ છે. અમુક તત્વો દ્વારા એવો પણ દાવો કરાય છે કે, હિન્દુ યુવતીઓની સાથે પ્રેમ કરવા માટે મુસ્લિમ યુવકોને આર્થિક મદદ કરવામાં આવે છે તે પણ સંપુર્ણ રીતે ખોટી વાત છે. હાલમાં જ ભરૂચના સાંસદ મનસુખ વસાવા દ્વારા રાજયના મુખ્ય મંત્રીને સંબોધી ગુજરાતમાં પણ લવ જેહાદનો કડક કાયદો બનાવવા લેખિત માંગ કરાય છે. આજના દોરમાં પોતાના છેડેથી છેડા ભેગા કરવામાં મથતો મુસ્લિમ યુવક કોઈ આ પ્રકારની પળોજણમાં પડે તે શકય નથી અભ્યાસ જેવી જરૂરી બાબતમાં આર્થિક મદદ મેળવવા મુસ્લિમ સમાજના જરૂરતમદ યુવકોને અનેક સંસ્થાઓના સંપર્ક કરવા તળિયા ઘસવા પડે છે, તેમ છતાં કોઈ સખી દાતાઓથી માંડ અતી જરૂરી બાબતમા આર્થિક મદદ મળતી હોય છેર. તેવામાં આ પ્રકાર બાબતોમાં આર્થિક મદદ મળતી હોય તે એકદમ હાસ્યાસપદ વાત છે. અને મુસ્લિમ સમાજમાં દિકરીઓની કોઈ અછત નથી તે જગ જાહેર વાત છે. ખાસ તો ઈસ્લામમાં માનવતા અને ભાઈચારા પર મુખ્ય ભાર મૂકવામાં આવ્યો છે. તેવામાં પોતાને સાચા અર્થમાં મુસ્લિમ માનતા એક સાચા મુસલમાન કયારેય પણ અન્ય ધર્મનું બુરૂ વિચારી શકે નહીં માત્ર રાષ્ટ્રવાદની સુફિયાણી વાતો કરનાર મુઠ્ઠીભર લોકોના કારણે હિન્દુ-મુસ્લિમ એક્તા પર સવાલ ઉઠવા પામ્યા છે અને લવ જેહાદ જેવા રાજકીય બિનરાજકીય અભિયાનથી સમાજમાં અરાજકતા ફેલાઈ અને કોમી એકતાને નુકસાન પહોચી રહ્યું છે. જયારે દેશનો કાયદો પણ બે પુખ્ત વ્યક્તિઓ ભલે તે અલગ-અલગ ધર્મના હોય તેને સાથે રહેવાની છૂટ આપે છે. તેવામાં કોઈ એક ચોક્કસ વર્ગને ટાર્ગેટ કરી નિવેદનો આપવાએ વાજબી નથી. આ તકે હિન્દુ-મુસ્લિમ બન્ને કોમોના જવાબદાર આગેવાનોએ સામે આવી આ પ્રકારની કોઈપણ પાયા વિહોણી વાતોને વખોડી કાઢી અને આવા કોઈપણ અભિયાનને સમર્થન આપવું જોઈએ નહીં.

મોટા ઉપાડે શરૂ કરાયેલ વડાપ્રધાનની મનગમતી સેવાને ગ્રહણ !

સી-પ્લેન સર્વિસના એરક્રાફ્ટ હજુ મેઈન્ટેનન્સમાં હોઈ સેવા બંધ રહેશે

છેલ્લા વિસેક દિવસથી સેવા બંધ : માલદિવ્સથી પ્લેન આવે તેની જોવાતી રાહ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાની મનગમતી સેવા એવી સી-પ્લેન સર્વિસનું પોતાના હસ્તે ગુજરાત આવી લોકાર્પણ કર્યું. પરંતુ આ સેવા થોડાક દિવસો સુધી કાર્યરત રહ્યા બાદ બંધ થઈ ગઈ હતી. સી-પ્લેનના એરક્રાફ્ટ હજુ સુધી મેઈન્ટેનન્સ માટે માલદિવ્સમાં હોઈ સર્વિસ બંધ છે અને તે માટે કદાચ હજુ વધુ રાહ જોવી પડે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. નાતાલ અથવા નવા વર્ષ પર જો તમે સી-પ્લેનથી સ્ટેચ્યુ ઓફ યુનિટી જવાનો વિચાર કરી રહ્યા છો તો, તમારે આ યોજના હાલ પડતી મૂકવી પડી શકે છે. કારણ કે, સૂત્રોનું માનીએ તો સી-પ્લેન ફ્લાઈટ્સ માટેનું બુકિંગ હજુ સુધી શરુ થયું નથી. એરક્રાફ્ટને મેન્ટેનન્સ માટે માલદીવ્સ મોકલાયું હોવાથી, ૨૮મી નવેમ્બરથી સી-પ્લેનની સેવાનું સંચાલન સ્થગિત કરવામાં આવ્યું હતું. સી-પ્લેન સેવા ઓપરેટ કરનારી એરલાઈન સ્પાઈસજેટે પોતાના એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સેવા ૧૫મી ડિસેમ્બરથી શરુ થઈ જશે. નવેમ્બરમાં એરલાઈને આપેલા નિવેદન પ્રમાણે, એરક્રાફ્ટના જરૂરી મેન્ટેનન્સ માટે સેવા હાલ પૂરતી બંધ કરવામાં આવી છે. 'અમદાવાદમાં હજુ મેન્ટેનન્સ ફેસિલિટી નિર્માણાધીન હોવાથી વિમાનને ફરીથી માલદીવ્સ મોકલવું પડ્યું હતું. એરક્રાફ્ટ પાછું આવશે કે તરત સેવા શરુ કરવામાં આવશે, તેમ એરલાઈનના પ્રવક્તાએ અગાઉ પોતાના નિવેદનમાં કહ્યું હતું. સી-પ્લેન સેવા શરુ થયાના એક અઠવાડિયા બાદ, તેને બે દિવસ માટે સસ્પેન્ડ કરાઈ હતી. જે સાબરમતી રિવરફ્રંટના વોટરડ્રોમ પર હાથ ધરવામાં આવી હતી. ૩૧મી ઓક્ટોબરે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શહેરના સાબરમતી રિવરફ્રંટથી કેવડિયા કોલોની ખાતેના સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી દેશની પહેલી સી-પ્લેન સેવાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઔપચારિક રૂપથી સી-પ્લેન સેવાની શરૂઆત ૧લી નવેમ્બરથી થઈ હતી. જે થોડાક દિવસો સુધી ચાલ્યા બાદ આખરે બંધ કરાઈ હતી. કેવડિયા અને અમદાવાદમાં વોટરડ્રોમ પર પણ તેના ટિકિટની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં એક વ્યક્તિ માટે ૧૫૦૦ રૂપિયા ભાડું રાખવામાં આવ્યું છે. આ ભાડું સીટોના ક્વોટાના હિસાબથી નક્કી થાય છે. જયારે વધુમાં વધુ ભાડું ૪૮૦૦ રૂપિયા પ્રતિ વ્યક્તિ સુધી રખાયું છે.

પ્રજાના પ્રશ્નોની ચર્ચા, રજૂઆત, સૂચનો તથા મંતવ્યો રજૂ કરી શકે તે હેતુથી

રાજ્યના ગૃહ વિભાગ રચિત સ્થાયી સમિતિમાં કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખનો સમાવેશ

૧૩ સભ્યોની સમિતિમાં ભાજપના ૮ ધારાસભ્ય, ૨ સંસદસભ્ય તથા કોંગ્રેસના ત્રણ ધારાસભ્ય

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૮

રાજ્યકક્ષાના ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને રચાયેલી ગૃહ વિભાગની સ્થાયી સમિતિમાં કોંગ્રેસના દરિયાપુર વિધાનસભાના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિમાં કોંગ્રેસના માણસા અને ટંકારાના અન્ય બે ધારાસભ્યોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રજાના પ્રતિનિધિઓ સામાન્ય જનતાને સ્પર્શતા પ્રશ્નો અંગે રજૂઆત કરી શકે, ગૃહ વિભાગની નીતિ અંગે ચર્ચા-વિચારણા કરી શકે, તેમજ તેમના સૂચનો તથા મંતવ્ય રજૂ કરી શકે, તે હેતુથી આ સ્થાયી સમિતિની રચના કરવામાં આવી છે. આ સમિતિમાં કુલ ૧૩ સભ્યો છે, જે પૈકી ૮ ધારાસભ્યો ભાજપના અને બે સંસદસભ્યો ઉપરાંત કોંગ્રેસના ત્રણ ધારાસભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, માણસાના ધારાસભ્ય સુરેશ પટેલ તથા ટંકારાના ધારાસભ્ય લલિત કગથરાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભાજપના ધારાસભ્યોમાં કાંકરેજના કિર્તિસિંહ વાઘેલા, ઊંઝાના ડૉ.આશાબેન પટેલ, ખંભાતના મહેશકુમાર રાવલ, કાલોલના સુમનબેન ચૌહાણ, ડભોઈના શૈલેષ મહેતા, ભરૂચના દુષ્યંત પટેલ, સુરત (પૂર્વ)ના અરવિંદ રાણા તથા કરજણના અક્ષયકુમાર પટેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભાજપના બે સંસદસભ્ય બારડોલીના સાંસદ પરભુભાઈ વસાવા તથા જામનગરના સાંસદ પૂનમબેન માડમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિની રચના કર્યા બાદ ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને સ્થાયી પરામર્શ સમિતિની બેઠક આગામી તા.૨૨/૧૨/૨૦૨૦ના રોજ ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ-૨ ખાતે બોલાવવામાં આવી છે.

કેબિનેટ મંત્રીના ગઢમાં ગાબડું

જૂનાગઢ : બુટલેગરનો બંગલો તોડી પડાતાં ભાજપના નેતાનું રાજીનામું

વંથલી, તા.૧૮

હાલમાં જ જૂનાગઢ એસ.ડી.એમ. અને મામલતદારના સંયુક્ત ઓપરેશનમાં જૂનાગઢ શહેરની મધ્યમાં ગાંધીગ્રામના પોશ વિસ્તારમાં આવેલ રજવાડી બંગલાને તોડી પાડવામાં આવ્યો હતો. આ બંગલો જૂનાગઢ વિસ્તારના નામચિન બુટલેગર સંજય ડોસાનો હોય, ત્યારે અધિકારીઓની આ સમગ્ર કડક કામગીરીની પ્રજામાંથી પ્રશંસા થઈ રહી છે. ત્યારે બીજી તરફ પાદરડી તાલુકા પંચાયત સીટ પરથી ભારે બહુમતીથી ચૂંટાઈ તાલુકા પંચાયતના સભ્ય બનેલા, ભાજપના સક્રિય સભ્ય એવા લાખાભાઈ ગળચરે તાલુકા પંચાયત અને ભાજપમાંથી રાજીનામું આપી દેતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા. આ બાબતે રાજીનામું આપનાર લાખાભાઈએ ટેલીફોનિક વાત કરતા જણાવ્યું કે સંજય ડોસાના બંગલાને તોડી પાડવાની ઘટનાના વિરોધમાં આ રાજીનામું આપ્યું છે. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ટર્મ પૂર્ણ થવાને હવે ફક્ત ચાર કે પાંચ દિવસની વાર છે. ત્યારે રાજીનામું આપી પોતાના સમાજના લોકોને સમર્થન જાહેર કરવું કે સરકારને દબાવવું કેટલા અંશે વ્યાજબી છે. જો કે લાખાભાઈના રાજીનામાંથી કેબિનેટમંત્રી જવાહર ચાવડાના ગઢમાં ગાબડું પડ્યું છે તેમ કહી શકાય.

એસ.ટી. બસ ઉપર પથ્થરમારો

અમદાવાદના રીંગ રોડના હેદગામ સર્કલ ખાતે તલોદ જતી એસ.ટી. બસ ઉપર કેટલાક અસામાજિક તત્વોએ પથ્થરમારો કરતા બસના કાચ તૂટી ગયા હતા જેમાં બસમાં સવાર એક મહિલાને પથ્થર વાગતા ઈજા થઈ હતી. ઉપરાંત કાચ વાગતા અન્ય ત્રણ જેટલા લોકોને પણ સામાન્ય ઈજા થઈ હોવાની વિગતો સાપડી છે.

જીવનસાથી શોધવા ગયેલી મહિલાને ગઠિયો ભટકાયો : અંતે ફરિયાદ

પ્રોફાઈલ જોઈ NRI યુવકે યુવતીને લગ્નનો પ્રસ્તાવ કરી ગિફ્ટના નામે છેતરપિંડી આચરી

અમદાવાદ, તા.૧૮

ટેકનોલોજીનો વ્યાપ બધા હવે લોકો ધીમે ધીમે હાઈટેક થતા જાય છે. જો કે બીજી તરફ કેટલાક લોકો તેનો ગેરલાભ ઉઠાવી રહ્યા છે અને નવી નવી મોડેસ ઓપરેન્ડીથી સાઈબર ક્રાઈમ કરી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી તો જાણે એવું લાગી રહ્યું છે કે ગઠિયાઓએ સાઈબર ક્રાઈમને પોતાનો કાયમી વ્યવસાય બનાવી દીધો છે. અમદાવાદ શહેરની એક મહિલાને મેટ્રોમોનિયલ સાઈટ પર જીવનસાથી શોધવાનું ભારે પડ્યું છે. મહિલાએ રાણીપ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ આપી છે કે તેમણે જીવન સાથે શોધવા માટે મેટ્રોમોનિયલ સાઈટ પર રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં અતુલ શર્મા નામની વ્યક્તિનો તેમને મેસેજ આવ્યો હતો. મહિલાએ અતુલ શર્માનો પ્રોફાઈલ પિક્ચર જોયું અને પોતે મૂળ ભારતીય પરંતુ હાલમાં યુકેમાં વસવાટ કરતો હોવાથી તેને પ્રોફાઈલમાં ઈન્ટરેસ્ટ વ્યક્ત હતો. ત્યારબાદ બંને ફોનથી વાતચીત કરી હતી અને અતુલે મહિલા સાથે લગ્નનો પ્રસ્તાવ મુક્યો હતો. અને યુ.કે થી મહિલા માટે એક ગિફ્ટ મોકલવાનું પણ કહ્યું હતું. કેટલાક દિવસ બાદ મહિલાના મોબાઈલ ફોન પર એરપોર્ટ ચેકિંગ પરથી સોનિયા શર્મા નામની યુવતીનો ફોન આવ્યો હતો અને તેણે કહ્યું હતું કે તેમનું પાર્સલ આવ્યું છે. જેમાં કરન્સી ચેન્જ કરવાના અને ટેક્સના ચાર્જ પેટે રૂપિયા ૬૫,૦૦૦ ભરવાના છે. તેમ કહીને ફરિયાદી મહિલાને એકાઉન્ટ નંબર આપ્યો હતો. જેથી મહિલાએ બેંકમાં જઈ આરટીજીએસ મારફતે રૂપિયા ૬૫,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. જો કે બીજે દિવસે સોનિયા શર્મા નો ફરી ફોન આવ્યો હતો અને ફરિયાદી મહિલાના બેંક એકાઉન્ટની ડીટેલ્સ માગી હતી. મહિલાને શંકા ગઈ હતી કે પોતાની સાથે છેતરપિંડી થઈ છે. જેથી તેને તરત જ બેંકનો સંપર્ક કર્યા બાદ સમગ્ર બનાવની જાણ પોલીસને કરી હતી અને પોલીસે આ સમગ્ર મામલે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. આમ મેટ્રિમોનિયલ સાઈટ પર પ્રોફાઈલ ધરાવતી અને લગ્ન કરવા માંગતી યુવતીઓ માટે આ કિસ્સો ચેતવણીરૂપ સમાન છે. કારણ કે ઠગ દ્વારા હવે રૂપિયા ખેખેરવાનો નવો કીમિયો શોધી લેવામાં આવ્યો છે.

સ્ટીલ-આયર્ન અને અન્ય રૉ-મટિરિયલના ભાવમાં વધારો થતાં ઉદ્યોગો ગંભીર પરિસ્થિતિમાં મૂકાયા

ઓલ ઈન્ડિયા એમએસએમઈ ફેડરેશન દ્વારા ઉચ્ચકક્ષાએ રજૂઆત

અમદાવાદ,તા.૧૮

સ્ટીલ-આર્યન અને અન્ય રો મટિરિયલના ભાવમાં વધારો થતા ઉદ્યોગો ગંભીર પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે, ભાવ વધવાથી દેશની રોજગારી તેમજ અર્થવ્યવસ્થા પર મોટો ફટકો પડશે, જેમાં ફેડરેશન દ્વારા ભાવ વધારા અંગે વડાપ્રધાન, કેન્દ્રીય નાણામંત્રી, પેટ્રોલિયમ-ગેસ અને સ્ટીલ મંત્રીને જુદા જુદા પત્રો દ્વારા રજૂઆત કરાઈ છે. ઓલ ઈન્ડિયા એમએસએમઈ ફેડરેશનના પ્રમુખ મગનભાઈ પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ અને પેટ્રોલિયમ-ગેસ અને સ્ટીલ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને પત્રો લખી એક નિવેદનમાં જણાવ્યું છે કે આર્યન એન્ડ સ્ટીલ કંપનીઓ દ્વારા છેલ્લા કેટલાક મહિનાથી શરૂ કરાયેલો ભાવ વધારો ડિસેમ્બર માસમાં પણ ચાલુ રહ્યો છે અને જુલાઈ, ૨૦૨૦થી દર મહિને સતત પ્રતિ ટન રૂા.૭૫૦૦થી રૂા.૮૦૦૦ સુધીનો ભાવ વધારો અને બીજા રાઉન્ડમાં નવેમ્બરથી પ્રતિ ટન ૮૦૦૦થી ૧૨૦૦૦નો વધારો આવી પડયો છે જેને લઈને વાહન ઉત્પાદન ખર્ચમાં પણ વધારો થઈ રહ્યો છે. બીજી બાજુ આયર્ન ઓરના ભાવમાં ખાસ વધારો થયો નથી પણ માંગ ઉંચી રહેતા કંપનીઓ છેલ્લા કેટલાક મહિનાથી ભાવ વધારો કરી રહી છે, તાજેતરના ભાવ વધારા સાથે હોટ ટોલ્ડ કોઈલના ભાવ પ્રતિ ટન વધી રૂપિયા ૪૭૦૦૦ પહોંચી ગયા છે સ્ટીલ અને આયર્નના ૨૦ ટકા ભાવ વધવાથી આજે ડાયરેકટ એકસપોર્ટ, લોકલ પ્રોડકટ જેવા કે રેલવે, હાઉસીંગ, એરપોર્ટ, ઈન્ફ્રાસ્ટકચર, એગ્રીકલચર ઈકયુપમેન્ટ જેવી ૬૦૦૦ પ્રોડકટને મશીનરીની જરૂર પડે છે, જેનો આધાર ફકત સ્ટીલ પર રહેલો છે તેના ઉપર ભારે અસર પડી ગ્લોબલ કોમ્પીટીશનમાં ટકવા જો સ્ટીલનો ભાવ ગ્લોબલ માર્કેટથી ઉપર જશે તો આપણા દેશમાં સ્ટીલથી બનતા સાધનોને અસર થશે, આથી દેશની રોજગારી તેમજ અર્થવ્યવસ્થા પર મોટો ફટકો પડશે. દેશની ઈકોનોમીનું નિકંદન નીકળી જશે તેમજ બેકારીમાં વધારો થશે. સ્ટીલનો ભાવ વધારો ફેકટરીને ૨ મહિના સુધી અસર કરશે પણ ભારણ ૧૩૦ કરોડ દેશની જનતા પર પડશે. વધુમાં જણાવ્યું છે કે પેટ્રોલિયમના ભાવ પણ ખુબ જ આસમાને પહોંચી રહ્યા છે જેની ઉત્પાદન, ટ્રાન્સપોર્ટિંગ અને દરેક સેકટરમાં નકારાત્મક અસર પડે છે દા.ત. પ્લાસ્ટીક ગ્રેન્યુઅલ્સમાં ૨૫ ટકાથી ૩૦ ટકા ભાવ વધારો થયો છે. જેમાં કિચનવેર, ડોમેસ્ટીક એગ્રીકલચર ઈન્ડસ્ટ્રીઝ, રમકડા, ઓટો, બિલ્ડીંગ મટિરિયલ્સથી માંડી એરોપ્લેન સુધી પ્લાસ્ટીકના જુદા જુદા ગ્રેડનો ઉપયોગ થાય છે, આ ભાવ વધારાએ આપણા દેશના ઉત્પાદકોને નિરાશાજનક પરિસ્થિતિમાં મુકી દીધા છે જેની અસર ડાયરેકટ ૧૩૦ કરોડની જનતા ઉપર પડશે. એક બાજુ કોરોનાની મહામારી, બીજી તરફ સ્ટીલ અને અન્ય રો મટિરિયલના ભાવમાં વધારો થતા ઉદ્યોગો સહન ન કરી શકે તેવી પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે. અ કોઈ નાનો પ્રશ્ન નથી. દેશની લગભગ ઈકોનોમીનો આધાર સ્ટીલ એન્ડ આયર્ન, પેટ્રોલિયમ અને મીનરલ પર છે. મોટા ભાગના ટેકસટાઈલ યાર્ન, મેનમેઈડ ફાઈબર્સ પણ પેટ્રોલિયમ પ્રોડકટસમાંથી બને છે. આયર્ન અને સ્ટીલ, પેટ્રોલિયમ, મીનરલ્સ દુનિયાના ઉદ્યોગોના પ્રાણવાયુ છે એના પર આખી દુનિયાની ઈકોનોમી ટકેલી છે. જો દુનિયામાં ઉદ્યોગો સાથે હરીફાઈમાં માર્કેટમાં ટકવું હોય અને દેશમાં પાછલા રસ્તે થતું ઈમ્પોર્ટ રોકવું હોય તો અગ્રતાથી ફકત ને ફકત સ્ટીલ, પેટ્રોલિયમ, માઈનીંગ ઉપર અભ્યાસ કરીને વધતા ભાવને અંકુશમાં લાવવા જોઈએ. દેશના ઔદ્યોગિક ક્ષેત્રે સ્ટીલ એન્ડ આયર્નના વધતા ભાવ એ સળગતો પ્રશ્ન છે જેની ગંભીરતાથી નોંધ લઈ જાણકાર અધિકારીઓ અને ઔદ્યોગિક સંગઠનોને સાથે રાખી આ પ્રશ્નો ચર્ચા વિચારણા કરી અને પરિણામલક્ષી દિશામાં કામગીરી થવી જોઈએ.

વેજલપુરમાં નોંધાયેલ રાયોટીંગના ગુનામાં ચાર મહિલાઓના જામીન મંજૂર

અમદાવાદ, તા.૧૮

વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ૧૧ આરોપીઓ સામે રાયોટીંગનો ગુનો નોંધાયો હતો. આ સંદર્ભે ઝડપાયેલ ૧૦ આરોપી પૈકી સેશન્સ કોર્ટે ૪ મહિલા આરોપીને જામીન ઉપર મુક્ત કર્યા છે. વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે તા.૧૨/૧૨/૨૦૨૦ના રોજ ૧૧ આરોપીઓ સામે રાયોટીંગનો ગુનો નોંધાયો હતો. વેજલપુર પોલીસ દ્વારા તા.૧૪/૧૨/૨૦૨૦ના રોજ ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી અને બધાને સેશન્સ કોર્ટમાં રજૂ કરતા નીચલી કોર્ટે જામીન અરજી નામંજૂર કરી હતી. આ જામીન અરજી સેશન્સ કોર્ટમાં દાખલ કરતા આજરોજ વીડિયો કોન્ફરન્સ ઉપર વકીલ દ્વારા દલીલો કરવામાં આવી હતી અને વકીલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ૧૦ આરોપી પૈકી ચાર મહિલાઓ છે અને મહિલાઓ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તે તદન ખોટી છે. જેથી સેશન્સ કોર્ટે ચાર મહિલાઓની જામીન અરજી મંજૂર કરી હતી.

માસ્કની જાગૃતિ માટે અનોખો પ્રયાસ

કોરોનાના કપરાં કાળમાં સંક્રમણથી બચવા માટે સૌથી અસરકારક મનાતા માસ્ક અંગે લોકોમાં જાગૃતી માટે અમદાવાદમાં એક શખ્સ સાંતા ક્લોઝ બનીને લોકોને માસ્ક પહેરાવીને તેનું મહત્વ સમજાવે છે. સાંતા કલોઝે વાહનચાલકો અને રાહદારીઓને રોકી માસ્ક વિતરણ કર્યું હતું.

સોલા સિવિલ હોસ્પિટલમાં ૪૫૦ સ્વસ્થ વ્યક્તિઓએ કોરોના વેક્સિન ટ્રાયલનો પ્રથમ ડોઝ મેળવ્યો

અમદાવાદ, તા.૧૮

કોરોનાકાળ દરમિયાન અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલની કામગીરી વિશે સંતોષ વ્યક્ત કરતા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કહ્યુ કે કોરોનાકાળમાં સોલા સિવિલ હોસ્પિટલ દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે. સોલા સિવિલ હોસ્પિટલમા કોરોનાકાળમાં આજ દિન સુધી ૧૪,૨૨૩ દર્દીઓ સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ થયા છે જેમાંથી ૧૩ હજારથી પણ વધુ દર્દીઓ સંપૂર્ણ પણે સ્વસ્થ થઈને પોતાના ઘરે પરત ફર્યા છે. આ ૧૪,૨૨૩ દર્દીઓમાંથી ૧૨,૭૨૨ દર્દીઓના કોરોના ટેસ્ટીંગ માટે સેમ્પલ લઈને આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવ્યા હતા જેમાંથી ૬૬૪૦ દર્દીઓ પોઝીટીવ આવ્યા હતા. પોઝીટીવ આવેલા દર્દીઓમાંથી મોટા ભાગના દર્દીઓ સોલા સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી સંપૂર્ણપણે સાજા થઈ પોતાના ઘરે પરત ફર્યા છે. સોલા સિવિલ હોસ્પિટલમાં કોરોનાકાળ દરમિયાન વેન્ટીલેટર થી લઈને તમામ પ્રકારના અત્યાધુનિક ઉપકરણો, તેમજ અન્ય પ્રકારની સ્વાસ્થ્ય સારવારને લગતી તમામ જરૂરિયાત સંતોષવામાં આવી છે.ભારત બાયો ટેક કંપની દ્વારા બનેલ કોરોના વેક્સિનની ટ્રાયલ વિશે નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલે કહ્યુ કે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલને ભારત બાયો ટેક કંપની માંથી બનેલ કોરોના વેક્સિનની ટ્રાયલ માટે પસંદગી કરવામાં આવી છે.પ્રથમ ટ્રાયલ અર્થે સોલા સિવિલ હોસ્પિટલમાં ૫૦૦ વેક્સિનના ડોઝ મોકલવામાં આવ્યા હતા. સ્વયંભુ વેક્સિન ટ્રાયલ લેવા ઈચ્છતા સંપૂર્ણપણે સ્વસ્થય વ્યક્તિઓ, યુવાનોને આ વેક્સિન ટ્રાયલની પ્રથમિક પ્રસંદગી કરવામાં આવી હતી. જેમાંથી ૪૫૦ જેટલા વ્યક્તિઓને વેક્સિન ટ્રાયલનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે. આ ૪૫૦ વ્યક્તિઓમાંથી એક પણ વ્યક્તિને વેક્સિન ટ્રાયલની આડઅસર થવાનો કેસ નોંધાયો નથી.

સુપ્રીમ કોર્ટે કોમિડિયન કૃણાલ કામરા અને કાર્ટૂનિસ્ટ રચિતા તનેજાને નોટિસ જારી કરી

સુપ્રીમ કોર્ટે બંનેને ચાર અઠવાડિયામાં લેખિત જવાબ આપવા કહ્યું, આ માટે તેમણે જાતે કોર્ટમાં હાજર રહેવાની જરૂર નથી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૮

સુપ્રીમ કોર્ટે શુક્રવારે સ્ટેન્ડિંગ કોમેડિયન કૃણાલ કામરા અને કાર્ટૂનિસ્ટ રચિતા તનેજાને ન્યાયપાલિકા અને ન્યાયાધીશોને કથિત રીતે ટાંકતા તેમની વિરૂદ્ધ કોર્ટની અવમાનનાનો ખટલો ચલાવવા માટેની દાદ માગતી અરજી પર નોટિસ મોકલી છે. જસ્ટિસ અશોક ભૂષણની આગેવાનીવાળી બેંચે કૃલાણ કામરા અને તનેજાને તેમના જવાબ છ અઠવાડિયામાં આપવા માટે નોટિસ મોકલી છે. કોર્ટે એવું પણ કહ્યું છે કે, આ માટે તેમણે અંગત રીતે કોર્ટમાં હાજર રહેવાની જરૂર નથી. આ પહેલા અરજદાર તરફથી હાજર થયેલા વકીલ નિશાંત કાટનેશ્વરકરે કહ્યું હતું કે, કૃલાણ કામરા દ્વારા કરાયેલા શરમજનક ટ્વિટ માટે આ બદનક્ષીની અરજી કરાઇ છે. કામરાએ ટ્વિટમાં લખ્યું હતું કે, દેશની સુપ્રીમ કોર્ટ આ દેશની સુપ્રીમ જોક છે. કાટનેશ્વરે કહ્યું હતું કે, એટોર્ની જનરલ કેકે વેણુગોપાલે પહેલાં જ અવમાનનાની સુનાવણી કરવા માટે મંજૂરી આપી દીધી છે. બેંચે કાટનેશ્વરને કહ્યું હતું કે, તેઓ બદનક્ષીવાળા કથિત ટ્વિટ્સને ના વાંચે. આ પહેલા વેણુગોપાલે ન્યાયપાલિકા અને જજો વિરૂદ્ધ કથિત રીતે અપમાજનક ટિપ્પણી કરવા બદલ સ્ટેન્ડિંગ કોમેડિયન સામે બદનક્ષીનો ખટલો ચલાવવા માટે પરવાનગી આપી હતી. કામરાએ પોતાના ટ્વિટમાં સુપ્રીમ કોર્ટની

ટીકા કરી હતી જેમાં અર્નબ ગોસ્વામીને વચગાળાના જામીન આપવાનો વિરોધ કરાયો હતો. જોકે, કામરાએ સુપ્રીમ કોર્ટની ટીકાવાળા ટ્વિટ્સ માટે માફી માગવાનો ઇન્કાર કર્યો હતો. તેમણે એક નિવેદનમાં એવું પણ જણાવ્યું હતું કે, અન્ય લોકોની અંગત આઝાદીની બાબતમાં સુપ્રીમ કોર્ટનું મૌન ટિકા વિના જવું જોઇએ નહીં. આ બદનક્ષીની નોટિસ ત્યારે ફટકારાઇ જ્યારે કામરા વિરૂદ્ધ અનેક લોકોએ એટોર્ની જનરલ કેકે વેણુગોપાલને કેસ ચલાવવા માટે મંજૂરી આપવાના પત્રો લખ્યા હતા.

વિશ્વના સૌથી ધનવાન બેંકર ઉદય કોટકે મોત સામે જંગ બાદ ૧૯ મિલિયન ડોલરની સંપત્તિ બનાવી

નવી દિલ્હી,તા.૧૮

ભારતના ઉદ્યોગપતિ ઉદય કોટક દુનિયાના સૌથી ધનવાન બેંકર છે જેમની કુલ સંપત્તિ ૧૯ અબજ ડોલર છે. તેઓ દુનિયાના ૧૨૫માં સૌથી ધનિક વ્યક્તિ છે. આ વર્ષે તેમની સંપત્તિમાં ૧.૨૪ અબજ ડોલરનો વધારો થયો છે. ઉદય કોટક મૂળ સ્વરૂપે ગુજરાતના રહેવાસી છે. ૧૯૮૫માં તેમણે ઈન્વેસ્ટમેન્ટ કંપનીને શરૂઆત કરી હતી. આ માટે તેમણે ૩૦ લાખ રૂપિયાની વ્યવસ્થા પોતાના પરિવાર અને મિત્રો પાસેથી કરી હતી. ત્યાર બાદ તેમણે મહિન્દ્રા ગ્રુપ સાથે ભાગીદારી કરી. ઉદય કોટકે ધીમે ધીમે પોતાનો વિસ્તાર વધારીને સ્ટોક બ્રોકિંગ, ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ, ઈન્સ્યોરન્સ, મ્યુચ્યુઅલ ફંડમાં કર્યો. ૨૦૦૩માં તેમને આરબીઆઈ તરફથી બેંકિંગનું લાઈસેન્સ પણ મળી ગયું. જોકે ઉદય કોટકના અંગત જીવન વિષે ખુબ જ ઓછા લોકો જાણે છે. કોટક બાળપણમાં ક્રિકેટર બનવા માંગતા હતાં. એક દિવસ રમતા રમતા તેમના માથામાં ગંભીર ઈજા થઈ ગઈ જેના કારને તેમને તત્કાળ સર્જરી કરવી પડી. આ ઘટના બાદ તેમણે ક્રિકેટર બનવાનું સપનુ છોડી દીધું અને પારિવારીક બિઝનેસમાં જોડાઈ ગયા. ત્યાર બાદ તેમણે જમનાલાલ બજાજ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટમાંથી એમબીએનો અભ્યાસ કર્યો. અભ્યાસ પુરો થયા બાદ તેમને ૧૯૮૫માં પોતાની ઈન્વેસ્ટમેન્ટ કંપની ખોલી.

કોરોના મહામારીના કારણે જ્યારે પોતાના દેશને બેંકોની સ્થિતિ નબળી પણ કોટક મહિન્દ્રા બેંકનું પ્રદર્શન અન્ય બેંકોની સરખામણીમાં ઘણું જ સારૂ છે. ઈન્ડસ્ટ્રીના લોકોનું કહેવું છે કે, ઉદય કોટકના નેતૃત્વના કારણે બેંકે ગંભીર સેક્ટરને પણ ક્યારેય છુટ્ટા હાથે લોન નથી આપી. એજ કારણ છે કે, આટલી ગંભીર સ્થિતિમાં પણ તેમનું પ્રદર્શન શાનદાર રહ્યું છે. બેંકે કોરોના મહામારી જેવા સંકટના સમયમાં પણ કેપિટલ ભેગુ કર્યું છે જેથી કરીને રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે. તેવી જ રીતે કંપની પર બેડ લોનનો ભાર પણ અન્ય બેંકોની સરખામણીએ ઘણો જ ઓછો છે.

સ્વાસ્થ્યલક્ષી પેનલના સ્થાપક કાર્ટૂનિસ્ટ રચિતા તનેજા અંગે જાણવા જેવું

- રચિતા તનેજા એક આર્ટિસ્ટ છે જેઓ દિલ્હીમાં જન્મેલા છે અને હાલ બેંગ્લોરમાં સ્થાયી છે. તેમણે સ્વાસ્થ્યલક્ષી પેનલોની સ્થાપના કરી છે.
- તેઓ વેબ કોમિક સ્વાસ્થ્યલક્ષી પેનલ માટે જાણીતા છે જે સ્ટીક ફીગર માટે વપરાય છે. તેઓ દેશની ચાલુ બાબતો અંગે વ્યંગાત્મક કાર્ટૂન બનાવવા માટે જાણીતા છે.
- તનેજા કહે છે કે તેઓ સ્ટીક ફીગરનો ઉપયોગ તે માટે કરે છે કે લોકોને સરળ અને અસરકારક રીતે સમજાવી શકાય.
- તનેજા પોતાના વ્યંગોને સ્વાસ્થ્યલક્ષી પેનલ એ માટે કહે છે કારણ કે તેઓ પોતાના કાર્ટૂનોને વિવાદાસ્પદ બનાવવા માંગતા નથી.
- મારૂં કામ લાખો લોકો સુધી પહોંચ્યું છે અને મને લાગે છે કે, આ કન્ટેન્ટ જવાબદારી ભર્યું છે. સાથે જ સામાજિક ન્યા અને નિષ્પક્ષતાને સમર્થન કરે છે.
- રચિતા તનેજા અન્ય લોકોને સશક્ત કરવા માટેનો ધ્યેય રાખે છે અને સામાજિક પડકારોની સામે બોલવા માટે ક્રેડિટ કરે છે. તેઓ કહે છે હું લોકોને તેમની વિચારસરણીથી બોલે તેવું ઈચ્છું છું કારણ કે આ એ જ છે કે જે હું કરવા માંગું છું.
- તનેજા ૧ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ દિલ્હીના ટાઉનહોલમાં યોજાયેલા ઓબામા ફાઉન્ડેશનના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.
- ભારતની સુપ્રીમ કોર્ટે તનેજાને અમાનનાની નોટિસ મોકલી છે. એટોર્ની જનરલે તેમના કાર્ટૂનોમાંથી એકને વિવાદાસ્પદ ગણાવી ખટલો ચલાવવા મંજૂરી આપી છે.



કાર્ટૂનથી ફલિત થાય છે કે, સુપ્રીમ કોર્ટ સત્તાધારી ભાજપ પ્રત્યે ભેદભાવ ભરી નીતિ રાખે છે.

- શુક્રવારે સુપ્રીમ કોર્ટે રચિતા તનેજા વિરૂદ્ધ અવમાનનાની નોટિસ મોકલી છે. તેમને છ અઠવાડિયામાં કોર્ટમાં હાજર રહ્યા વિના જવાબ આપવાનું કહેવાયું છે.

શાહીનબાગ આંદોલનના એક વર્ષ પછી પણ ધર્મનિરપેક્ષ ભારતના વિચાર માટે નાગરિકો આજે પણ કટિબદ્ધ

દિલ્હી પોલીસ દ્વારા જામિયા મિલિયા ઇસ્લામિયાના વિદ્યાર્થીઓ પર થયેલા હુમલા પછી અને સિટીઝનશિપ સુધારા કાયદો, નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન (એનઆરસી) અને રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર (એનપીઆર)નો વિરોધ કરવા સેંકડો મહિલાઓ શાહીન બાગની શેરીમાં આવી અહતી તેને એક વર્ષ પૂરૂં થયું છે. આ મહિલાઓમાં, યુવાન અને વૃદ્ધ બંને હતી, દિલ્હીના અતિ ઠંડા શિયાળામાં ૧૦૦ દિવસથી વધારે સમય સુધી આ કાયદાઓનો વિરોધ કરવા માટે તેઓ કેમ્પમાં રહ્યા હતા, આ કાયદાઓમાં ભારતીય નાગરિકત્વ પ્રાપ્ત કરવા માટે ધર્મને આધાર બનાવવામાં આવ્યો છે.

આ કાયદાઓ અંગે મુસલમાનો અને અન્ય ધર્મના લોકોને પણ ચિંતા છે, મુસ્લિમોને ચિંતા છે કારણ કે મુસ્લિમો માટે ધર્મન આધારે નાગરિકત્વને અવરોધિત કર્યું હતું, જ્યારે પાડોશી સમુદાયોના હિન્દુઓ, શીખ અને જૈનોને નાગરિકત્વ આપવાની મંજૂરી આપવામાં હતી. કોઈને પણ એવી જાણ ન હતી કે મુસ્લિમ મહિલાઓ આ કાયદાઓનો પ્રતિકાર કરવામાં મોખરે હશે. શાહીન બાગ આંદોલનનો મુખ્ય ચહેરો બનેલા એંસી વર્ષના બિલ્કિસબાનોને ટાઈમ મેગેઝિન દ્વારા વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સાથે સાથે, ૨૦૨૦ના પ્રભાવશાળી લોકોમાંના એક તરીકે નામ આપવામાં આવ્યું હતું.

ઘણા લાંબા સમયથી દેશના લોકોને આપણે ધર્મનિરપેક્ષ ભારતના ખ્યાલ માટે આવા મોટા પાયે વિરોધ કરતા જોયા ન હતા. ભારતના બંધારણ દ્વારા વચન આપવામાં આવ્યું છે કે રાજ્યની સમક્ષ બધા ધર્મો સમાન છે અને કોઈપણ ધર્મને પ્રાધાન્ય આપવામાં આવશે નહીં. આ વિરોધ પ્રદર્શન એ ભાજપના વિભાજનકારી રાજકારણ સામેનો વિરોધ હતો. ત્રિપલ તલાક કાયદો લાગુ કરતી વખતે ભાજપે મુસ્લિમ મહિલાઓને 'અબળા' ગણાવી હતી. આ ચિત્રણથી વિરુદ્ધ, શાહીન બાગની તાકાત મુસ્લિમ મહિલાઓ બની ગઈ હતી. આ મહિલાઓએ દેશભરના હજારો નાગરિકોને આ કાયદાઓ સામે અવાજ ઉઠાવવા પ્રેરણા આપી હતી.

અહીં કોઈ ઉચ્ચ નેતા ન હતા, પરંતુ મહિલાઓના ટોળાની સાથે બાળકો સાથે એકતામાં ધીરજપૂર્વક બેઠેલી અને આશા સાથે અનેક મહિલાઓ બેઠી હતી. આ માતાઓ તેમના બાળકોના ભવિષ્ય માટે લડતી હતી. તે તેમના બાળકોને 'અન્ય' બનાવવાનું અટકાવવા માટે અવાજ ઉઠાવી રહી હતી. હતું જ્યારે તેઓ આસપાસ ન હોય. ડિસેમ્બર અને માર્ચ ૨૦૨૦ની વચ્ચે, આ વિરોધ પ્રદર્શનને બદનામ કરવા, વિરોધ કરનારાઓ પર હુમલો કરવા સરકારે તમામ પ્રયત્નો કર્યા. પોતાની વિરૂદ્ધ વધતા જતા અવાજોથી કંટાળી ગયેલી સરકારે ફેબ્રુઆરીમાં ઈશાન દિલ્હીમાં કોમી હિંસાને પગલે કથિત 'કાવતરા' કરવાના સંબંધિત કેસોમાં ઘણા સહભાગીઓને પકડ્યા હતા. સરકારે એવો દાવો કર્યો હતો કે આ વિરોધ પ્રદર્શન દરમિયાન આ કાર્યકરોએ રમખાણોનું 'આયોજન' કર્યું હતું.

મે ૨૦૨૦ સુધીમાં, આ વિરોધ પ્રદર્શનમાં બોલનારા ઘણા વિદ્યાર્થીઓ અને કાર્યકરોની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ) હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. તેમાં,

નતાશા નરવાલ, ગલ્ફિશા ખાતુન, દેવાંગના કાલીતા, ઈશરત જહાં અને સગર્ભા સફૂરાઝરગરને શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવાના તેમના અધિકારનો ઉપયોગ કરવા બદલ જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. ભાજપ દ્વારા ચોક્કસપણે ભાગ લેનારા કેટલાક લોકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. જ્યારે પીએમ મોદીએ ૨૪ માર્ચે દેશવ્યાપી લોકડાઉન લગાવી દીધું હતું ત્યારે સરકારે જામિયા ઈસ્લામીયા યુનિવર્સિટી અને શાહીન બાગ પાસે શેરીમાં ચિત્રો દોરવા માટે ચિત્રકારોને રોક્યા હતા. ઉત્તર૨પ્રદેશમાં યોગી આદિત્યનાથની આગેવાનીવાળી સરકારે વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા આવેલી મહિલાઓને જાહેરમાં નિશાન બનાવી હતી અને યોગી આદિત્યનાથની સરકાર ક્રૂર બની હતી. તેણે અસંમતિને કચડી નાખવાની વ્યૂહરચના ઘડીને વિરોધી પક્ષના સભ્યો અને કાર્યકરોને માર માર્યો હતો અને જેલમાં મોકલી આપ્યા હતા. ૧૯ ડિસેમ્બર, ૨૦૧૯ પછી, અનેક લોકોની ધરપકડ કરવામાં આવી, ત્યારે તેણે હોર્ડિંગ્સ પર તેમની વ્યક્તિગત વિગતો મૂકીને તેઓને શરમજનક અવસ્થામાં મૂક્યા હતા. યોગી સરકારે આર્થિક રીતે પણ તેમના પર પ્રહાર કર્યા હતા. તેમણે જ્યાં આ વિરોધ કરનારા કામ કરી રહ્યા હતા તેવી સંસ્થાઓમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા હતા, કોંગ્રેસના કાર્યકર અને સામાજિક કાર્યકર્તા સદફ જાફરે કહ્યું કે, સીએએ વિરોધી વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવાના આરોપમાં ઉત્તર પ્રદેશ સરકારે અમને જેલમાં બંધ કર્યા હતા.

શાહીન બાગ પછી દેશમાં વિરોધની પ્રકૃતિ બદલી હતી. ત્યારબાદ થયેલા અનેક વિરોધ પ્રદર્શન આ મહિલાઓ દ્વારા પ્રેરિત થયા છે. શાહીન બાગમાં કેવી રીતે સાંસ્કૃતિક વિરોધ થયો હતો તે જ રીતે, આજે ખેડૂતોનો વિરોધ પણ થઈ રહ્યો છે. ગાંધીવાદી શાંતિપૂર્ણ વિરોધનો વિચાર હવે અમલમાં મૂકવામાં આવ્યો છે.

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના સેન્ટર ફોર પોલિટિકલ સ્ટડીઝના સહયોગી પ્રોફેસર અજય ગુડાવર્તીનું મંતવ્ય છે કે આ વિરોધની અસર મોટાભાગે હિન્દુ વસ્તી પર પડી ન હતી. શાહીન બાગમાં જે માંગણીઓ કરવામાં આવી હતી તેના સંદર્ભમાં આ કાયદેસર આંદોલન હતું. શરૂઆતમાં, તમામ સમુદાયોની મહિલાઓએ ભાગ લીધો, પરંતુ સીએએ વિરોધી વિરોધ પ્રદર્શનમાં મોટા ભાગના હિંદુ સમુદાયે ભાગ લીધો ન હતો.

જો કે, સલામે જણાવ્યું હતું કે તેમાં માત્ર મુસ્લિમ મહિલાઓનો વિરોધ જ ન હતો. ચોક્કસ તેનું નેતૃત્વ મુસ્લિમ મહિલાઓ દ્વારા કરવામાં આવ્યું હતું, પરંતુ અન્ય સમુદાયોની મહિલાઓએ પણ તેમાં ભાગ લીધો હતો. પ્રથમ વખત કોઈ પણ સમુદાયની મહિલાઓ ભારતના બંધારણને સમર્થન આપવા માટે બહાર આવી હતી. મોટા ભાગના વિરોધની આગેવાની પુરૂષો દ્વારા કરવામાં આવે છે પરંતુ આ એક એવો વિરોધ હતો જ્યાં મહિલાઓએ ભારત સરકારને દેશના બંધારણ પ્રત્યેની પોતાની જવાબદારી યાદ અપાવી હતી. મુસ્લિમોએ ટ્રિપલ તલાક કાયદાની વિરૂદ્ધ વિરોધ દર્શાવ્યો ન હતો, પરંતુ નાગરિકત્વના વિષય પર તેમણે સત્યાગ્રહ કર્યો હતો. જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના સેન્ટર ફોર પોલિટિકલ સ્ટડીઝના સહયોગી પ્રોફેસર અજય ગુડાવર્તીએ કહ્યું કે "હું શાહીન બાગને સફળ ચળવળ તરીકે જોતો નથી. તે હેતુપૂર્વકનો હતો, પરંતુ તે તમામ ધર્મો સુધી પહોંચવા માટે સફળ રહ્યો ન હતો. દેશમાં મુસ્લિમ રાજકારણ કેવી રીતે ચાલે છે તેની આ સમસ્યા છે. દેશમાં આ સમસ્યા વધુ જટિલ બની રહી છે અને આ સીમાઓને તોડવાની જરૂર છે. આ આંદોલને બિનસાંપ્રદાયિકતા અને સામાજિક ન્યાય પર પ્રકાશ પાડ્યો છે, પરંતુ ફક્ત મુસ્લિમ મતોને એકીકૃત કરવા માટે સ્પષ્ટ રીતે ભાજપ ઓવૈસીનો ઉપયોગ કરે છે." એક વર્ષ પછી, સીએએ હેઠળના નિયમોને સૂચિત કરવામાં આવ્યા નથી, તેથી તેનો અમલ કરવામાં આવ્યો નથી. સંસદીય દિશાનિર્દેશોમાં જણાવાયું છે કે એકવાર કાયદો પસાર થઈ ગયા પછી, તેનો અમલ કેવી રીતે થશે તેના નિયમો છ મહિનાની અંદર પ્રકાશિત કરવા જોઈએ. જ્યારે આજે એવું લાગે છે કે સીએએ વિરોધી સમાપ્ત થઈ ગયો છે, ત્યારે આસામ કે પશ્ચિમ બંગાળમાં તેવું નથી. ૨૦૨૧ ની ચૂંટણીમાં આ બંને રાજ્યોમાં ચૂંટણી છે તેથી આ ભાજપને મુશ્કેલીમાં મૂકે છે. આસામમાં, સીએએ રદ કરવાની માંગણી સાથે આંદોલનો શરૂ થયા છે. પશ્ચિમ બંગાળમાં ભાજપ અધ્યક્ષ જે.પી.નડ્ડાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સીએએ લાગુ કરવામાં આવશે, કારણ કે પશ્ચિમ બંગાળના સરહદી જિલ્લાના લોકો માને છે કે ત્યાં ઘણા શરણાર્થીઓ હોવાથી કાયદો તેમને મદદ કરશે. સલામે કહ્યું કે "મને નથી લાગતું કે આ વિરોધ પ્રદર્શન સમાપ્ત થઈ ગયું છે. મહિલાઓએ તેમના કાર્યમાં ભારે સફળતા મેળવી છે અને તેનું ઉદ્દેશ્ય પૂર્ણ કર્યું છે. સંસદ દ્વારા સીએએ પસાર થયાના એક વર્ષ અને છ દિવસ બાદ, ગૃહ મંત્રાલય દ્વારા તેના અમલ માટે કોઈ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું નથી. તે તેની નિષ્ફળતા સૂચવે છે પણ આ અંગે સરકાર કોઈ વાત કરશે નહીં. પરંતુ શાહીન બાગની મહિલાઓએ પોતાની વાત દૃઢતા સાથે અને શાંતિથી કરી હતી અને ફક્ત ભારતમાં જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં આ કાયદા અંગે વિરોધ કરવામાં આવ્યો છે."

(સૌ. : નેશનલ હેરાલ્ડ.કોમ)

ઉમર ખાલિદ, અન્યો સામે કેસ ચલાવવા માટે મંજૂરી આપવા અંગે 'આપ' સરકારનો પોતાની ભૂમિકાથી છટકવા પ્રયાસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ઉત્તર-પૂર્વ દિલ્હીમાં થયેલ રમખાણો અંગે ૧૮ આરોપીઓ સામે દેશદ્રોહ અને ગુનાહિત ષડ્યંત્રના મુકાયેલ આક્ષેપો હેઠળ કેસ ચલાવવા માટે દિલ્હી પોલીસને અપાયેલ પરવાનગી બાબતે આમ આદમી પાર્ટીએ પોતાની ભૂમિકા નહીં હોવાનું જણાવ્યું હતું. આ કેસમાં આરોપીઓ તરીકે જે.એન.યુ.ના પૂર્વ વિદ્યાર્થી નેતા શર્જીલ ઈમામ, ઉમર ખાલિદ, પિંજરાતોડના કાર્યકર્તાઓ નતાશા નરવાલ, દેવાંગના કલિતા, તાહિર હુસૈન અને ઇશરત જહાં છે. દિલ્હી સરકારના એક અધિકારીએ જણાવ્યું કે, આ નિર્ણયમાં ચૂંટાયેલ સરકારને કોઈ લેવાદેવા નથી, આ બાબતે ચૂંટાયેલ સરકારની કોઈ ભૂમિકા નથી. દિલ્હી સરકાર દ્વારા કેસ ચલાવવાની મંજુરી આપતા પત્રમાં લખ્યું હતું કે, આ કેસ ચલાવવાની પરવાનગી દિલ્હીના ઉપરાજ્યપાલ અનીલ બૈજલે આપી હતી. એમણે કહ્યું હતું કે, પોલીસની ચાર્જશીટનો અભ્યાસ કરવામાં આવ્યો હતો અને પ્રથમ દર્શનીય રીતે આરોપીઓએ દેશદ્રોહ અને ગુનાહિત ષડ્યંત્રના ગુનાઓ આચરેલ હોવાનું જણાય છે. અરવિંદ કેજરીવાલના સુત્રોએ દાવો કર્યો હતો કે આ મામલો સંપૂર્ણપણે પ્રક્રિયાત્મક છે. કાયદા વિભાગે પોતાનો કાયદાકીય અભિપ્રાય દિલ્હી સરકારના ગૃહ મંત્રાલયને આપ્યો હતો. હવે ગુણદોષના આધારે નિર્ણય કરવો ન્યાય તંત્ર ઉપર નિર્ભર છે, નહીં કે ચૂંટાયેલ સરકાર ઉપર. પોલીસ દ્વારા દાખલ થયેલ ચાર્જશીટ બાબતે કોર્ટ સંજ્ઞાન લઈ શકે છે અને રાજ્ય સરકારની મંજૂરી પછી ટ્રાયલ શરૂ

કરી શકે છે. પોલીસે દિલ્હી સરકારને કેસ ચલાવવા માટે પરવાનગી આપવા સપ્ટેમ્બર મહિનામાં જણાવ્યું હતું. સરકારે આ પહેલા પોલીસને યુએપીએ હેઠળના આક્ષેપો ધરાવતા કેસો માટે પરવાનગી આપી હતી અને દેશદ્રોહના આક્ષેપો માટે હજુ પરવાનગીની રાહ જોવાતી હતી. જે હકીકત પોલીસે કોર્ટને ૨૨મી નવેમ્બરે જણાવી હતી. ઉમર ખાલિદની સામે દેશદ્રોહનો આ બીજો કેસ છે. એ અને કન્હૈયાકુમાર સામે દેશદ્રોહના કેસની ટ્રાયલ પણ ચાલશે. જે ૨૦૧૬ના વર્ષમાં જે.એન.યુ.માં બનેલ ઘટના સંદર્ભે છે. અડીકારીએ જણાવ્યું કે, દિલ્હી સરકારે છેલ્લા પાંચ વર્ષથી કોઈપણ કેસના આરોપીઓ જેમાં 'આપ'ના સભ્યો અને નેતાઓ પણ સામેલ છે એમની સામે ફરિયાદ પક્ષની પ્રક્રિયા અટકાવી નથી.

ઉત્તર-પશ્ચિમ સીરિયામાં ૩૪ ટકા બાળકો કૂપોષણથી પીડિત : સંયુક્ત રાષ્ટ્ર

(એજન્સી) તા.૧૮

સંયુક્ત રાષ્ટ્રના માનવીય પ્રમુખે જણાવ્યું છે કે ઉત્તર-પશ્ચિમ સીરિયામાં તમામ બાળકોમાંથી ૩૪ ટકા ગંભીર કુપોષણના કારણે વિકસિત વિકાસથી પીડિત છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બ્રિફિંગ દરમ્યાન માનવીય મામલાઓ અને ઈમરજન્સી રાહત સમન્વયક માર્ક લોકોકના અંડર-મહાસચિવે તે આંકડાઓનો ખુલાસો કર્યો, જે ક્ષેત્રમાં ભોજન અને મદદની અછત પર પ્રકાશ નાખે છે. લોકોકે મુજબ વિસ્થાપનના ક્ષેત્રોમાં ૩૭ ટકા સુધી માતાઓ કુપોષિત છે. જેનાથી આ વર્ષે ક્ષેત્રમાં બાળકોના વિકાસમાં પાંચ ટકાની વૃદ્ધિ થઈ છે. તેનો અર્થ એ છે કે પાંચ વર્ષથી ઓછી ઉંમરના માત્ર એક તૃત્યાંશથી વધુ બાળકો પ્રભાવિત થાય છે. વ્યાપક કુપોષણનું એક પ્રાથમિક કારણ એ છે કે ૮૦ ટકાથી વધુ વિસ્થાપિત પરિવારોની પાસે પોતાની માળખાકીય જરૂરતો પૂરી કરવા માટે પૂરતી આવક નથી. આ તે પરિવારોમાં વધુ છે, જ્યાં પ્રાથમિક બ્રેડ વિનર્સ મહિલાઓ છે. કારણ કે તે અન્ય વિસ્થાપિત પરિવારોની સરખામણીમાં સરેરાશ ૩૦ ટકા ઓછું કમાઈ છે.

લોકોકે ચેતવણી આપી કે ઈદલિબમાં આંતરિક રીતે વિસ્થાપિત વ્યક્તિઓ માટે પાણી એક મહત્ત્વપૂર્ણ સમસ્યા છે. વિસ્થાપિત પરિવારોમાંથી અનેક મોટા પાયા પર વિપક્ષી શક્તિઓના કબજાવાળા ઉત્તર-પશ્ચિમી રાજ્ય ઈદલિબમાં ભાગવા માટે વિવશ

કરવામાં આવ્યા હતા. કારણ કે સીરિયા શાસન અને રશિયાએ તેમની પર બોમ્બમારો કર્યો હતો અને રાજ્ય પર હુમલા દરમ્યાન તેમને બહાર ધકેલી દીધા હતા જે યુદ્ધવિરામ સોદાથી રોકાયા હતા. વિસ્થાપિતો પાસે ભોજન ખરીદવા માટે પૈસા નથી, જેની કિંમત હાલના મહિનાઓમાં ઝડપથી વધી છે. આ તથ્યથી ખરાબ થઈ ગયું છે કે રાજ્યમાં સીમિત સહાયતા મળી રહી છે. કારણ કે રશિયા અને ચીન સહિત રાજ્યોએ આ વર્ષે સીરિયામાં તુર્કીથી વધુ પડતા માનવીય સીમા પાર કરવા માટે મતદાન કર્યું.

સ્પાઈસ જેટ દ્વારા બુકિંગ બંધ કરાતાં

સુરતથી હૈદરાબાદ અને કોલકાતા જતી ફ્લાઈટ બંધ થવાના એંધાણ

હવાઈ સેવા બંધ કરાતા કાપડના વેપારને અસર થશે

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૮

લોકડાઉન બાદ હવાઈ મુસાફરીની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે ત્યારે સુરતથી મહત્ત્વના બે શહેરોની ચાલતી ફ્લાઈટ બંધ થાય તેવા સંજોગો નિર્માણ થઈ રહ્યા છે. સ્પાઈસ જેટ દ્વારા હૈદરાબાદ અને કોલકાતાની ફ્લાઈટના બુકિંગ બંધ કરવામાં આવતાં મુસાફરોને અસર પહોંચી શકે છે. બીજી તરફ ટેક્સટાઈલના ધંધાને પણ મોટું નુકસાન થશે તેવી આશંકા વેપારીઓ રાખી રહ્યા છે. સ્પાઈસ જેટ દ્વારા સુરત કોલકાતાની ફ્લાઈટ ૨૪ ડિસેમ્બરથી બુકિંગ બંધ કરી રહ્યું છે. સાથે સુરત હૈદરાબાદ ફ્લાઈટનું પણ ૨૧ ડિસેમ્બરથી બુકિંગ બંધ કર્યું છે. સુરત કોલકાતા સ્પાઈસ જેટની સૌથી સફળ ફ્લાઈટ હતી. આ બાબતે વી વક ફોર વર્કિંગ એરપોર્ટ ગ્રુપ દ્વારા સ્પાઈસ જેટના ઉચ્ચ અધિકારીઓને આ ફ્લાઈટ ફરી શરૂ કરવા રજૂઆત કરી છે. સુરતથી નોર્થ ઈસ્ટને જોડતી કોલકાતાની ફ્લાઈટ ખૂબ જ જરૂરી છે. કાપડ વેપારી દિનેશભાઈ કટારીયાએ જણાવ્યું હતું કે, સુરત હૈદરાબાદ અને સુરત-કોલકાતાના વેપારીઓ આ ફ્લાઈટ પર નિર્ભર રહેતા હોય છે. આ બંનેની કનેક્ટિવિટી સુરત સાથે વધારે રહેતી હોવાથી અને અચાનક બુકિંગ બંધ કરી દેવાતા એની સીધી અસર કાપડ વેપાર પર દેખાશે.

પાર્ક કરેલા ટેમ્પોમાંથી ૧૦ લાખ રોકડા ચોરાયા

ડભોઈમાં મહિલાને લોહીલુહાણ કરી બે લાખની લૂંટથી પંથકમાં ચકચાર

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૧૮

ડભોઈ તાલુકાના ફર્તીકુઈ ચુવાવી વચ્ચે આવેલી તુલસી હોટલની સામે રોડ ઉપર પાર્કિંગ કરેલ ટાટા ટેમ્પોમાંથી દરવાજાના કાચ તોડી અંદર પ્રવેશ કરી રૂપિયા ૧૦ લાખ રોકડની ચોરી જ્યારે બીજા બનાવમાં નાંદોલી ભાગોળ પાસે રહેતી મહિલાના ઘરમાં ઘૂસી તેને માથાના ભાગે સળિયા વડે માર મારી લોહી લુહાણ કરી તેના ઘરમાં ડબ્બામાં મુકેલા રૂપિયા બે લાખ લૂંટ ચલાવી ભાગી છૂટતા એક જ દિવસમાં પંથકમાં બે બનાવ બનતા લોકોમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ડભોઈ પોલીસમાંથી મળતી વિગત અનુસાર સમાધાન રઘુનાથ જાદવ પાટીલ પોતાને ટાટા ટેમ્પો નંબર એમ.એચ૧૮ બીજે ૧૮ ૮૩નાએ ડ્રાઈવર સીટની પાછળ ગોદડીમાં વિટાળીને રોકડ રૂપિયા ૧૦ લાખ મૂકી તુલસી હોટલમાં જમવા માટે દરમિયાન કોઈ જાણભેદુએ કેબીનની ખાલી સાઈડનો દરવાજાનો કાચ તોડી જે જગ્યા પર રોકડ રૂપિયા ૧૦ લાખ મુકેલા હતા તેની ચોરી કરી લઈ ગયા અંગે મહારાષ્ટ્ર ધુલે રહેતા સમાધાન રઘુનાથે ડભોઈ પોલીસમાં ફરિયાદ કરતાં ડીવાયએસપી કેવી સોલંકી તથા પોલીસ ઈન્સ્પેક્ટર જે એમ વાઘેલા પોલીસ કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી જ્યારે બીજા બનાવમાં ડભોઈ નારી ભાગોળ પાસે રહેતા હનીફભાઈ વલીભાઈ મન્સૂરીના ઓટલા પર સામાન મુકીને છૂટક મજૂરી કરતો માલુ વિરસીંગ કનય મૂળ ગામ પલવટ તાલુકો ડહી જિલ્લો ધાર એમપીનાઓ છેલ્લા પાંચેક વર્ષથી ઓટલા પર રહે છે બપોરના હનીફભાઈ ઘરેથી બહાર નીકળ્યા હતા. દરમિયાન ઘરે તેમની પત્ની રશિયાબાનું ઉંમર ૪૫ ઘરે એકલી હતી બપોરના હનીફભાઈએ પોતાનું બહારનું કામ પતાવી ઘરે પહોંચતા ઘરના દરવાજે ગયેલા તો પાછળનો દરવાજો આગળથી બંધ હતો જેથી હેન્ડલ ખોલી ઘરમાં તેઓની પત્ની ખાટલામાં લોહીલુહાણ હાલતમાં નજરે પડતા હોય બૂમાબૂમ કરી તાત્કાલિક તેને ડભોઈ હોસ્પિટલે સારવાર માટે લઈ જવામાં આવી ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરા ખસેડવામાં આવી હતી જ્યારે કે બનાવ અંગે હનીફભાઈ ઘરમાં તપાસ કરતા ઉઘરાણીના રૂપિયા બે લાખ રોકડાનો ખાલી ડબ્બો ખાટલાની સાઈડ પર પડેલો હતો. જેથી રોકડ રૂપિયા બે લાખ લૂંટ કરી માલુ ભાઈ ઘરના પાછલા ભાગે નીકળતા આજુબાજુના રહીશોએ જોયો હોય જેથી આજ ઈસમ કૃત્ય કરી પોતાની પત્નીને લોહીલુહાણ કરી રૂપિયા ૨ લાખ લૂંટ કરી ભાગી ગયો હોવાનું પોલીસ ફરિયાદમાં અને હનીફભાઈ મન્સૂરી એ જણાવ્યું હતું.

હોદ્દેદારોની નિમણૂકને લઈ ભાજપમાં ડખા

સંગઠનમાં નાના સમાજને પ્રતિનિધિત્વ આપવામાં આવતું નથી : ભાજપ અગ્રણી

પક્ષમાં ભડકા બાદ તાલુકા કક્ષાએ થયેલી નિમણૂકો તાત્કાલિક રદ

પાટણ,તા.૧૮

પાટણ જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખે તાજેતરમાં સાંતલપુર, સરસ્વતી, સિદ્ધપુર તાલુકા અને સિદ્ધપુર શહેર ભાજપના પ્રમુખ તેમજ મહામંત્રીના નામો સાથે નવી ટીમ જાહેર કરતા પક્ષમાં ભડકો થયો હતો અને ગણતરીના કલાકોમાં જ આ નિમણૂકો રદ કરવાની ફરજ પડી હતી. ત્યારે આજે પાટણ જિલ્લા કિસાન મોરચાના ઉપપ્રમુખ અને ભાજપના અગ્રણી એવા મોદી ગિરીશભાઈ સોમાભાઈએ ભાજપના સંગઠનમાં નાના સમાજને પ્રતિનિધિત્વ આપવામાં આવતું નથી અને પૈસાદાર વ્યકિતઓને જ હોદ્દાઓની લ્હાણી કરી સાચવવામાં આવે છે. તેવા આક્ષેપ સાથે વીડિયો વાયરલ કરી પક્ષના તમામ હોદ્દાઓ ઉપરથી રાજીનામું આપી દેતા જિલ્લા ભાજપમાં ખળભળાટ મચ્યો છે. રાજીનામાના પત્ર સાથે પ્રદેશ ભાજપ પ્રમુખના નામે વીડિયો વિવિધ સોશિયલ મીડિયા ગ્રુપોમાં વાયરલ કરી પક્ષના આગેવાનો સામે જ આક્ષેપો કરતા આજે પાટણ જિલ્લાના રાજકીય વર્તુળોમાં આ મુદ્દો ભારે ચર્ચાસ્પદ બન્યો હતો. પાટણ જિલ્લા, તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજયની આગામી સમયમાં યોજાનાર ચૂંટણીઓ સમયે જ હોદ્દા વિતરણને લઈ પાટણ જિલ્લા ભાજપમાં ઉભા થયેલા આંતરીક વિવાદો આગામી સમયમાં નવા જુની કરે તો નવાઈ નહીં.

હિંમતનગરના મીરખાન મકરાણીની ચીફ જસ્ટિસ સહિતનાઓને રજૂઆત

વકફ બોર્ડની સુનાવણી દરમિયાન અગાઉની જેમ ન્યાયિક બોર્ડની રચના કરવા માંગ

(સંવાદદાતા દ્વારા)હિંમતનગર, તા.૧૮

ગુજરાત રાજ્ય વકફ બોર્ડની કચેરી ખાતે ચાલતી તકરારી બાબતો લગતા સુનાવણી કરવા સારું યોગ્ય ન્યાયિક સમિતિ અથવા બોર્ડના સભ્યોની પેનલની તાકીદે રચના કરવા મીરખાન મકરાણી (બુનિયાદ) દ્વારા ચીફ જસ્ટિસ ગુજરાત હાઈકોર્ટ, ચેરમેન વકફ ટ્રીબ્યુનલ, મુખ્યસચિવ, કાયદા વિભાગ અને ચેરમેન ગુજરાત રાજ્ય વકફ બોર્ડને લેખિત રજૂઆત કરવામાં આવેલ કે હાલમાં ગુજરાત રાજ્યની વકફ બોર્ડની કચેરી ખાતે ચાલતી તકરારી બાબતો લગતા સુનાવણી કરવા માટે લોકોને દૂર-દૂરથી વકફ બોર્ડની કચેરી ગાંધીનગર ખાતે બોલાવવામાં આવે છે. પરંતુ સુનાવણી ફક્ત બોર્ડના ચેરમેન સમક્ષ જ થાય છે. વર્તમાન બોર્ડના અન્ય કોઈ સભ્યો સુનાવણી સમયે હાજર હોતા નથી. ચેરમેન દ્વારા રજૂઆત સાંભળી બોર્ડ મીટિંગમાં તે લગતા ઠરાવ કરી હુકમ કરી નાખવામાં આવે છે. હુકમમાં સહી ફક્ત બોર્ડના મુખ્ય કારોબારી અધિકારીની હોય છે. વકફ બોર્ડ દ્વારા થતાં હુકમો કાયદાકીય જોગવાઈઓ મુજબ વકફ ટ્રીબ્યુનલ કોર્ટ દ્વારા રદ્દ પણ કરવામાં આવે છે. વકફ બોર્ડની કચેરી ખાતે સુનાવણી કરવાની ચેરમેનની સત્તા કેટલી વકફ એક્ટ મુજબ તમામ સત્તાઓ ફક્ત અને ફક્ત બોર્ડને જ હોય છે. માટે ચેરમેન દ્વારા એકલા સુનાવણી કરવું યોગ્ય નથી. માટે ગુજરાત રાજ્ય વકફ બોર્ડની કચેરી ખાતે ચાલતી તકરારી બાબતો લગતા સુનાવણી કરવા અગાઉની જેમ યોગ્ય ન્યાયિક બોર્ડની રચના કરવામાં આવે તેમજ ડિસ્ટ્રીકટ જજ કક્ષાના નિવૃત અધિકારીને પણ સુનાવણીઓ સમય હાજર રાખવામાં આવે જેથી યોગ્ય સુનાવણી થઈ શકે અને ન્યાયિક પ્રક્રિયા મુજબ હુકમો થઈ શકે.

બાકીના રૂા.૧૦ હજારની ચૂકવણી વખતે એસીબીએ છટકું ગોઠવ્યું

લાકડા ભરેલી ગાડી છોડવા લાંચ લેતો કોન્સ્ટેબલ પકડાયો

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૧૮

તાપી જિલ્લાના પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતાં આર્પો પોલીસ કોન્સ્ટેબલને લાકડા ભરેલી ગાડી છોડવા માટે રૂા.૧૦,૦૦૦ની લાંચ લેતા એસીબીએ રંગેહાથે ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર તાપી જિલ્લાના પોલીસ હેડ ક્વાર્ટર આર્મ પોલીસ કોન્સ્ટેબલ તરીકે યશવંત સોનુભાઈ પવાર નોકરી કરે છે. યશવંતભાઈએ ગત તા.૧૭મી ડિસેમ્બરના રોજ સવારે વાલોડપોતાના ઘર તરફ જઈ રહેલાં એકગાડી ચાલકને અટકાવી લાકડા ચોરીના ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી રૂા.૧,૫૦,૦૦૦ માંગણી કરી હતી. સાગી લાકડાની હેરીફેરીના ખોટા કેસથી બચવા માટે ગાડી ચાલકે કોન્સ્ટેબલ યશવંત પવાર સાથે રૂા.૫૦,૦૦૦માં પતાવટ કરવાનો નિર્ણય લીધો હતો. જે પૈકી રૂા.૪૦,૦૦૦ની લાંચ યશવંત પવારે જે તે દિવસે લઈ લીધી હતી. ત્યારબાદ બાકી રૂા.૧૦,૦૦૦ની ચુકવણી કરતાં પહેલા ગાડી ચાલકે એસીબીનો સંપર્ક કરી ફરિયાદ કરતાં લાંચ રૂત વિરોધી પોલીસે છટકુ ગોઠવી રૂા.૧૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી લાંચીયા પોલીસ કોન્સ્ટેબલની ધરપકડ કરી વધુ તપાસહાથ ધરી છે. આ કામગીરી એસીબીના એન.પી.ગોહિલના સુચનાએ માર્ગદર્શન અનુસાર પી.આઈ. ડી.જે.સરવૈયા તથા સ્ટાફનાઓએ કરી હતી.

ગરીબોને પ્રાથ.સુવિધા પૂરી પાડવા ભાવનગર મનપા કમિશનરને આવેદન

ભાવનગર ઘોઘા રોડ ખાતે શીતળા માતાના મંદિરની સામેના વિસ્તારમાં રહેતા રહીશોના વ્હારે આમ આદમી પાર્ટી આવી હતી. જેમાં આમ આદમી પાર્ટી દ્વારા ભાવનગર મનપા કમિશનરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું કે, આ ગરીબ લોકોને પાણી, લાઈટ, ગટર જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવે.

આમોદ પોલીસ દ્વારા માસ્ક વિતરણ માસ્ક ન પહેરનારને રૂા.૧૦૦૦નો દંડ

ભરૂચ, તા.૧૮

હાલ કોરોનાની મહામારી ચાલી રહી છે જેને અનુસંધાને કોરોના વાઇરસ ફેલાતો અટકાવવા ભરૂચ જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેમાં માસ્ક પહેરવું, સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું અને વારંવાર સેનિટાઈઝરથી હાથ ધોવાનું જણાવાયું છે અને આમ ન કરનાર સામે દંડાત્મક કાર્યવાહી કરવાનુ જણાવવામાં આવ્યું છે જેને લઈ આમોદ પોલીસ મથકના પી.એસ.આઈ. કે.એચ. સુથાર દ્વારા ગઈ કાલના રોજ કોરોના વાઇરસ ન ફેલાય તેમજ તેને અટકાવવા માટે જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યુ હતું તેમજ માસ્કનું વિતરણ કરી માસ્ક પહેરવા માટે લોકોને આહવાન કરાયું હતું તેમજ માસ્ક ન પહેરનારને રૂપિયા ૧૦૦૦નો દંડ ફટકારતા માસ્ક પહેર્યાં વિના ફરતા લોકોમાં ગભરાહટ ફેલાઈ જવા પામ્યો હતો.

ઠગાઈ અને વ્યાજના ગુનામાં સંડોવાયેલ

બિટકોઈનના માસ્ટર માઈન્ડ શૈલેષ ભટ્ટની ધરપકડ

સુરત, તા.૧૮

શૈલેષ ભટ્ટ બિટકોઈનનો માસ્ટર માઈન્ડ હતો. તેની પાસે બિટકોઈન પણ હતા. જેથી સીઆઈડી ક્રાઈમે પ્રતિબંધિત બિટકોઈન મામલે શૈલેષ ભટ્ટની ધરપકડ કરીને સમગ્ર કૌભાંડનો પદાર્ફાશ કર્યો હતો. બાદમાં સરથાણામાં બિલ્ડરની જમીન પર ગેરકાયદે કબ્જો કરવાના મુદ્દે તથા ધમકીના મામલે શૈલેષ ભટ્ટ અને તેના મળતિયાઓની ધરપકડ કરવામાં આવી હતી. એસીપી સી.કે. પટેલે જણાવ્યું હતું કે, ફરિયાદી હિંમત રાણપરીયાની ફરિયાદના આધારે પોલીસે શૈલેષ ભટ્ટ અને તેના ભાણેજ નિકુંજ ભટ્ટ સામે ઉંચા વ્યાજે પૈસા આપી એ બાબતે સિક્યુરીટી પૈટે જમીનના દસ્તાવેજ લઈ લીધા હોય છે. રૂપિયા પરત આપવા છતાં જમીનના દસ્તાવેજ પરત ન આપી છેતરપિંડી કર્યાની અને ઉંચા વ્યાજની ફરિયાદના આધારે ગુનો નોંધીને કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસે રિમાન્ડની કાર્યવાહી હાથ ધરી છે

સનાદરાના યુવકે સગીરા સાથે બળજબરીપૂર્વક વિનયભંગ કરતાં કોર્ટે ૨૦ વર્ષની સજા ફટકારી

નડિયાદ, તા.૧૮

ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના સનાદરાના યુવકે દોઢ વર્ષ અગાઉ બાજુમાં આવેલા સોનૈયા ગામની ઈન્દિરાનગરીમાં રહેતી સાડા બાર વર્ષની સગીરાને એકલતાનો લાભ લઈ મોઢું દબાવી મકાનના ધાબા પર ખેંચી જઈ વિનયભંગ કર્યો હતો. આ બનાવ અંગે સેવાલિયા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ નડિયાદના સ્પે. પોસ્કો ન્યાયાધીશની કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશે આ બનાવમાં આરોપી યુવકને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. મળતી માહિતી મુજબ ગળતેશ્વર તાલુકાના સનાદરામાં રહેતો ૨૪ વર્ષીય રાહુલ ઉર્ફે મોન્ટુ ગાંધી રાજકોટમાં આવેલ જીઆઈડીસીમાં કામ કરતો હતો. સીમમાં ખેતી હોઈ અવાર-નવાર તે સનાદરા આવતો જતો હતો. ત્યાં આવેલી ઈન્દિરાનગરીમાં એક સાડા બાર વર્ષની કિશોરીનું મોઢું દબાવી મકાનના ધાબા પર લઈ ગયો હતો અને તેની મરજી વિરૂદ્ધ તેની સાથે શારીરિક અત્યાચાર ગુજાર્યો હતો. આ અંગે સેવાલિયા પોલીસ સ્ટેશનમાં પોલીસે ગુનો નોંધી આરોપી રાહુલને પકડી પાડી ચાર્જશીટ નડિયાદ કોર્ટમાં મૂકી હતી. આ કેસ નડિયાદના સ્પે. પોક્સો ન્યાયાધીશ એસ.ડી.સુથારની કોર્ટમાં ચાલી જતાં ન્યાયાધીશે આરોપી રાહુલને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

બનાસકાંઠાના ઈકબાલગઢ નજીક કારની ટક્કરે બાઈકસવાર બેનાં મોત

ડીસા, તા.૧૮

અમીરગઢ પંથકમાં માર્ગ અકસ્માતની વધુ એક ઘટનામાં બે લોકોના મોત થયા છે. આજે સવારે અજાણ્યા વાહન ચાલકે બાઈક સવાર બે લોકોને અડફેટે લેતા ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયું છે. અકસ્માત સર્જયા બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. ઘટનાને લઈ સ્થાનિક પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ પંથકમાં સવારે માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. ઈકબાલગઢ નજીક કપાસીયા જવાના રસ્તા પર અજાણ્યા વાહન ચાલકે બાઈકને ટક્કર મારી હતી. જે બાદમાં બંને બાઈક સવાર વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. આ તરફ ઘટનાની જાણ થતા સ્થાનિકો સહીત આસપાસના લોકો ઉમટી પડ્યા હતા. ઘટનાને લઇ અમીરગઢ પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવા કવાયત હાથ ધરી હતી.

કેબિનેટ મંત્રીના ગઢમાં ગાબડું

જૂનાગઢ : બુટલેગરનો બંગલો તોડી પડાતાં ભાજપના નેતાનું રાજીનામું

વંથલી, તા.૧૮

હાલમાં જ જૂનાગઢ એસ.ડી.એમ. અને મામલતદારના સંયુક્ત ઓપરેશનમાં જૂનાગઢ શહેરની મધ્યમાં ગાંધીગ્રામના પોશ વિસ્તારમાં આવેલ રજવાડી બંગલાને તોડી પાડવામાં આવ્યો હતો. આ બંગલો જૂનાગઢ વિસ્તારના નામચિન બુટલેગર સંજય ડોસાનો હોય, ત્યારે અધિકારીઓની આ સમગ્ર કડક કામગીરીની પ્રજામાંથી પ્રશંસા થઈ રહી છે. ત્યારે બીજી તરફ પાદરડી તાલુકા પંચાયત સીટ પરથી ભારે બહુમતીથી ચૂંટાઈ તાલુકા પંચાયતના સભ્ય બનેલા, ભાજપના સક્રિય સભ્ય એવા લાખાભાઈ ગળચરે તાલુકા પંચાયત અને ભાજપમાંથી રાજીનામું આપી દેતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા હતા. આ બાબતે રાજીનામું આપનાર લાખાભાઈએ ટેલીફોનિક વાત કરતા જણાવ્યું કે સંજય ડોસાના બંગલાને તોડી પાડવાની ઘટનાના વિરોધમાં આ રાજીનામું આપ્યું છે. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ટર્મ પૂર્ણ થવાને હવે ફક્ત ચાર કે પાંચ દિવસની વાર છે. ત્યારે રાજીનામું આપી પોતાના સમાજના લોકોને સમર્થન જાહેર કરવું કે સરકારને દબાવવું કેટલા અંશે વ્યાજબી છે. જો કે લાખાભાઈના રાજીનામાંથી કેબિનેટમંત્રી જવાહર ચાવડાના ગઢમાં ગાબડું પડ્યું છે તેમ કહી શકાય.

સત્તાધારી પક્ષની મુદ્દત પૂર્ણતાના આરે હોવાથી

આમોદ તા.પં.ની છેલ્લી સામાન્ય સભા યોજાઈ

ભરૂચ, તા.૧૮

આમોદ તાલુકા પંચાયતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન ચાલુ છે. સમયમર્યાદા પૂર્ણ થવાના આરે હોવાથી તાલુકા પંચાયત પ્રમુખ વિલાસબેન એસ રાજ દ્વારાના તારીખ ૧૭ .૧૨.૨૦.ના રોજ તેઓના શાસનકાળની આમોદ તાલુકા પંચાયત ઓફિસના સભાગૃહમાં બેઠક બોલાવી હતી. આજની આ મિટિંગમાં ઉપસ્થિત આમોદ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ દીપકભાઈ એમ ચૌહાણ, ન્યાય સમિતિ અધ્યક્ષ ઘનશ્યામભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ ભરતભાઈ પટેલ, વિરોધ પક્ષના નેતા જગદીશભાઈ વકીલ અને મોટી સંખ્યામાં તાલુકા પંચાયતના સભ્યો હાજર રહ્યા હતા. જેમાં તારીખ ૭-૯-૨૦ના રોજ થયેલ ખાસ સભામાં થયેલી કાર્યવાહી તથા સભામાં થયેલ ઠરાવોના અમલ અંગે લીધેલ પગલાં આ એહવાલ તથા સને ૨૦૧૭ ૧૮ના વર્ષના હિસાબોની તપાસણી નોધ તથા ઓડિટે પારાઓની પ્રાથમિક પૂર્તતા બાબત હાજર સભ્યો સમક્ષ કરી હતી તથા ૭૨ લાખ જેટલી રકમના વિકાસના કામો ૧૫મા નાણાપંચ અને વર્ષ ૨૦૨૦- ૨૧ના પ્રથમ હપ્તાના ટાઈડ અને બેઝિક ગ્રાન્ટના કામનું આયોજન કરવામાં આવેલ હતું.

ભાવનગરના માઢિયાગામના આધેડની હત્યાના પ્રકરણમાં આરોપીને આજીવન કેદ

ભાવનગર,તા.૧૮

ભાવનગરના ભાલપંથકના માઢિયા ગામ પાસે લૂંટ અને ચોરીના ઈરાદે બે શખ્સોએ આધેડની હત્યા કર્યાના કેસમાં મુખ્ય આરોપીને આજીવન કેદની સજા ફટકારી અન્ય એક આરોપી નિર્દોષ જાહેર કર્યો હતો. ભાવનગરના ડિસ્ટ્રીકટ જજ વચ્છાણીએ જિલ્લા સરકારી વકીલ વિપુલ દેવમુરારીની દલીલો ગ્રાહ્ય રાખી હતી. આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ફરિયાદી અજયસિંહ રાણા, વેળાવદર પો.સ્ટે.માં ફરિયાદ નોંધાવી હતી કે, તેમના પિતાજી ગીરવાનસિંહ રાણા, આણંદપરથી ભાવનગર પોતાના ઘર તરફ આવી રહ્યા હતા, તે વેળાએ ભાલપંથકનાં માઢિયા-સવાઈનગર ગામ વચ્ચે રોડ પર પહોંચતા શોભન માવી અને ચેતન માવી, બંને આરોપીઓએ ચોરી કે લૂંટ કરવાના ઈરાદે ગીરવાનસિંહ સાથે ઝપાઝપી કરી બંને આરોપીઓએ કુહાડી તથા લાકડાના ધોકા વડે હુમલો કરતા તેમનું મોત નીપજયું હતું અને આરોપીઓ લૂંટ કરી નાસી છુટ્યા હતા. આ અંગેનો કેસ ભાવનગરના પ્રિન્સિપલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ આર.ટી. વચ્છાણીની અદાલતમાં ચાલી જતા અદાલતે આરોપી શોભન માવીને શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવી આજીવન કેદની સજા અને રોકડા રૂા.૫,૦૦૦/-નો દંડ જો આરોપી દંડ ન ભરે તો વધુ એક માસની કેદની સજા તથા ઈપીકો કલમ-૩૯૭ મુજબના ગુનામાં મુખ્ય આરોપીને સાત વર્ષની સખત કેદની સજા ભોગવવાનો અદાલતે હુકમ કર્યો હતો, જયારે અન્ય એક આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા અદાલતે હુકમ કર્યો હતો.

રમીલાબેન બારા રેલવેમંત્રીને રજૂઆત કરશે

હિંમતનગર-ખેડબ્રહ્મા રેલવેલાઈનનું કામ શરૂ કરવા સાંસદની માંગ

હિંમતનગર, તા.૧૮

અમદાવાદથી હિંમતનગર થઈ ખેડબ્રહ્મા જતી મીટરગેજ રેલવેલાઈનને બ્રોડગેજમાં રૂપાંતર કરવા માટે રેલવે તંત્રએ મોટા ઉપાડે જાહેરાત કરી દીધા બાદ આરંભે શૂરાની જેમ ટ્રેન સેવા બંધ કરીને મીટરગેજના પાટા ઊખાડી લીધા છે. પરંતુ આજે ચાર વર્ષ પછી પણ હિંમતનગરથી ખેડબ્રહ્મા સુધીની લાઈન પર બ્રોડગેજ નાખવા માટે તસુભાર પણ કામગીરી થઈ નથી. જેથી રાજ્યસભાના સાંસદ અને સાબરકાંઠા વતની એવા મહિલા સાંસદે તાજેતરમાં ગુજરાતના સાંસદો સાથે વર્ચ્યુઅલ બેઠકમાં અન્ય સાંસદ સભ્યોનો સાથ માંગ્યો છે. આ અંગે રાજ્યસભાના મહિલા સાંસદ રમીલાબેન બારાના જણાવાયા મુજબ રેલવે તંત્ર દ્વારા ચાર વર્ષ પછી પણ હિંમતનગરથી ખેડબ્રહ્મા વચ્ચે બ્રોડગેજ રેલવેલાઈન નાખવા માટે તસુભર કામગીરી કરી નથી જો કે, મીટરગેજના ટ્રેક ઉખેડી નાખવામાં આવ્યા છે. જેથી આ પછાત વિસ્તારની પ્રજાને ટ્રેન સેવાનો લાભ સત્વરે મળે તે માટે રાજ્યસભાના મહિલા સાંસદે ગત તા.૧૬ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં અન્ય સાંસદો સાથેની વર્ચ્યુઅલ બેઠકમાં ઓનલાઈન વાતચીત કરીને સહકાર માંગ્યો છે. સાંસદના દાવા મુજબ આ અંગે તેઓ રેલવેમંત્રીને પણ લેખિત રજૂઆત કરશે અને જરૂર પડે દિલ્હી જઈ રેલવેમંત્રી સમક્ષ ધારદાર રજૂઆત કરી અમદાવાદ-ખેડબ્રહ્મા વચ્ચેની રેલવેલાઈનનું કામ સત્વરે શરૂ કરવા માંગ કરશે.

પાલનપુરની મોબાઈલની દુકાન બહાર કોરોના ગાઈડલાઈનનો ભંગ

પાલનપુર ગુરૂનાનક ચોક વિસ્તારમાં આવેલ એક મોબાઈલની દુકાનના સંચાલક દ્વારા દુકાનની જાહેરાત કરવા યુવાનોને લોભામણી લાલચ આપી ભેગા કરી કોરોના વાયરસના જાહેરનામાનો ભંગ કરવામાં આવ્યો હતો. જેથી આ પ્રકારે સરકારના જાહેર નામાનો ભંગ કરતા વેપારીઓ સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. **(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)**

ભરૂચ : ચાર દુકાનમાંથી એપલની ડુપ્લીકેટ એસેસરીઝનો જથ્થો ઝડપાયો

ભરૂચ, તા.૧૮

ભરૂચ શહેરના મહાત્મા ગાંધી રોડ આવેલ ચાર મોબાઈલનું દુકાનોમાંથી ડુપ્લિકેટ એપ્પલ કંપનીની એસેસરીઝ સહિત ચાર ફોન મળી કુલ ૧૩.૫૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

ભરૂચ શહેરના મહાત્મા ગાંધી રોડ ઉપર આવેલ આઈ કિંગ સેલર્સ, ન્યુ લુક મોબાઈલ અને પટેલ મોબાઈલ એસેસરીઝ તેમજ દુબઈ મોબાઈલની મોબાઈલ શોપમાં ગેરકાયદેસર રીતે ડુપ્લિકેટ એપ્પલ કંપનીની એસેસરીઝનું વેચાણ થઈ રહ્યું છે જેવી બાતમીના આધારે ભરૂચ એ-ડિવિઝન પોલીસે ચારેય મોબાઈલ શોપમાં દરોડા પાડ્યા હતા. પોલીસે ચારેય સ્થળોએથી મોબાઈલ એસેસરીઝ જેવી કે ઈયરફોન, ચાર્જિંગ કેબલ, કવર, ચાર્જર અને ગ્લાસ, એડેપ્ટર તેમજ ચાર એપ્પલ કંપનીના ફોન મળી કુલ ૧૩.૫૨ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે નેશનલ પાર્ક સોસાયટીમાં રહેતા શબ્બીર યુસુફ બાદશાહ, નઈમ ઈલિયાસ પટેલ અને મનભડ સોફિયાન સુસૂકભાઈ, ફેસલ મહમંદ હાલારીને ઝડપી પાડ્યો હતો પોલીસે ચારેય દુકાનદારો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કોવિડ-૧૯ : ક્યારે, ક્યાં અને કઈ રીતે કોરોના વેક્સિન મળશે ? બધું તમારે જાણવા જેવું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

આપણે બધા આતુરતાથી રસીની રાહ જોઈ રહ્યા છીએ, જે કોરોના વાયરસ સામેના યુદ્ધમાં સૌથી અસરકારક શસ્ત્ર માનવામાં આવે છે.આ સાથે, દરેકને રસી વિશે ઘણા પ્રશ્નો હોય છે. જેમ રસીકરણ ક્યારે શરૂ થશે ? કોને પ્રથમ આપવામાં આવશે? ચેપગ્રસ્ત લોકોને રસી આપવામાં આવશે કે નહીં ? કેટલી માત્રા લેવી પડશે ? આ તમામ પ્રશ્નોના જવાબ આરોગ્ય મંત્રાલયે આપ્યો છે.

તમારી ઈચ્છા મુજબ રસી લો

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કહ્યું છે કે,કોવિડ-૧૯ રસીનો ડોઝ લેવો તે વ્યક્તિની ઈચ્છા પર આધારીત છે, એટલે કે રસીકરણ ફરજિયાત રહેશે નહીં.મંત્રાલયે કહ્યું, "કોવિડ -૧૯ રસી લેવી તે વ્યક્તિની ઈચ્છા પર આધારીત છે. જો કે, રસીનો સંપૂર્ણ ડોઝ લેવાની સલાહ આપવામાં આવે છે.'' મંત્રાલયે કહ્યું કે, બીજો ડોઝ લીધાના બે અઠવાડિયા પછી, શરીરના એન્ટિબોડીઝના રક્ષણાત્મક સ્તર તૈયાર થાય છે.

ચેપગ્રસ્ત લોકોને પણ રસી આપવામાં આવશે

મંત્રાલયે કહ્યું હતું કે, કોવિડ-૧૯ સંક્રમિત લોકોને પણ કોરોના વાયરસની રસીનો સંપૂર્ણ ડોઝ લેવાની સલાહ આપવામાં આવે છે કારણ કે તેનાથી રોગ સામેની પ્રતિરક્ષા મજબૂત બનશે.

રસીકરણ ક્યારેથી ?

સરકારે એમ પણ કહ્યું છે કે, ભારતમાં ઉપલબ્ધ રસી અન્ય દેશોમાં વિકસિત રસી જેટલી અસરકારક રહેશે.મંત્રાલયે કહ્યું કે વિવિધ રસી પરીક્ષણના વિવિધ તબક્કામાં છે.કોવિડ-૧૯ રસીકરણ ટૂંક સમયમાં શરૂ કરવાની સરકાર તૈયારી કરી રહી છે.

મલ્ટીપલ રસીનું ચાલુ પરીક્ષણ

ભારતમાં છ કોવિડ-૧૯ રસીના પરીક્ષણો ચાલી રહ્યા છે. આઈસીએમઆર સાથે સંકલન કરીને ભારતમાં વિકસિત બાયોટેક રસી, જેનોવા,ઓક્સફોર્ડની ઝાયડસ કેડિલાની રસી પર તેની તપાસ ચાલી રહી છે.હૈદરાબાદમાં બાયોલોજિકલ ઇ લિમિટેડ દ્વારા વિકસિત રસી રશિયાના ગમાલય રાષ્ટ્રીય કેન્દ્ર, હૈદરાબાદના ડો.રેડ્ડી લેબ ખાતે સ્પુટનિક વી રસી અને યુ.એસ.એ., એમ.આઈ.ટી.ના સહયોગથી રચિત છે.

સલામત કેટલું ?

ટૂંકા ગાળામાં પરીક્ષણ પછી તૈયાર કરવામાં આવેલી રસી સલામત રહેશે કે કેમ તેની કેટલીક આડઅસર થઈ શકે તે અંગે મંત્રાલયે જણાવ્યું હતું કે સલામતી અને અસરકારકતાના આધારે નિયામક સંસ્થાઓની મંજૂરી બાદ આ રસી આપવામાં આવશે. મંત્રાલયે કહ્યું કે રાજ્યોને રસીના વિપરીત પ્રભાવોને પહોંચી વળવા સલામત રસીકરણ અભિયાન માટેની વ્યવસ્થા કરવા જણાવ્યું છે.

બિહારમાં ભેંસ ચોરીની આશંકાએ વ્યક્તિની ટોળાએ ઢોરમાર મારી હત્યા કરી

(એજન્સી) પટના, તા.૧૮

બિહારમાં બુધવારે ૩૨ વર્ષીય વ્યક્તિને માર મારવામાં આવ્યો હતો. પાટનગર પટણા નજીક બનેલી ઘટનામાં મૃતકને ભેંસ ચોરી કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાની શંકા હતી. પોલીસે જણાવ્યું છે કે, આ ઘટનામાં સામેલ તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે, ફરિયાદમાં અપાયેલા તમામ છ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

આ ઘટના બુધવારે સવારે પટનાના ફૂલવારીશરીફ નજીકની છે. પીડિત મુહમ્મદ આલમગીર સવારે ૩ વાગ્યે ગૌશાળામાંથી ભેંસ ખોલતો નજરે પડ્યો હતો, ત્યારબાદ તેને માર મારવામાં આવ્યો હતો. આલમગીરની સાથે-સાથે સ્થળ પર એક અન્ય વ્યક્તિ પણ હાજર હતો, જે સ્થળ પરથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. આલમગીરને પકડ્યા બાદ કલાકો સુધી મારમાર્યો હતો, ત્યારબાદ બુધવારે બપોરે તેનું મોત નીપજ્યું હતું.

સંસ્કૃતને રાષ્ટ્રભાષા બનાવવા વણઝારાની ઈચ્છા

(એજન્સી) તા.૧૮

ગુજરાત સરકારના ભૂતપૂર્વ અતિરેક સચિવ અને આઈપીએસ અધિકારી ડી.જી. વણઝારાના ભાઈ, કે.જી. વણઝારાએ સુપ્રીમકોર્ટ સમક્ષ સંસ્કૃતને રાષ્ટ્રીય ભાષા તરીકે બનાવવા માટે એક અરજ રજૂ કરી છે. જેની સુનાવણી ૧ જાન્યુઆરીએ થશે તેવી સંભાવના છે. નિવૃત્તિ પછી પૂર્વ અમલદાર શાહ, વણઝારા, એક વકીલ તરીકે પ્રેક્ટિસ કરી રહ્યા છે અને તેઓએ આ અરજી વ્યકિતગત રીતે એસસીમાં દાખલ કરી છે. એસસી સમક્ષ રજૂ કરેલી તેમની અરજીમાં કહેવામાં આવ્યું છે કે, હિન્દીને સત્તાવાર ભાષા તરીકે ચાલુ રાખતા સંસ્કૃતને રાષ્ટ્રીય ભાષા તરીકે સૂચિત કરવી જોઈએ. બંધારણમાં ભાષાઓ વિશેની કલમો ૩૪૩થી ૩૫૧ને જોતા હિન્દી એક સત્તાવાર ભાષા છે, રાષ્ટ્રીય ભાષા નથી. તેથી હિન્દીને અંગ્રેજી સાથે રાજકીય ભાષા તરીકે ચાલુ રાખતી વખતે કેન્દ્ર સરકાર સંસ્કૃતને રાષ્ટ્રીય ભાષા તરીકે રાખવા માટે એક અલગ કેટેગરી બનાવી શકે છે જે સત્તાવાર ભાષા કરતા ઉંચી હોય. તેમણે વધુમાં રજૂઆત કરી કે, સપ્ટેમ્બર ૧૯૪૯માં એક બંધારણીય સભામાં સત્તાવાર ભાષાના મુદ્દા પર ચર્ચા થઈ હતી જેમાં હિન્દી, હિન્દુસ્તાની (ઉર્દૂ), અંગ્રેજી અને સંસ્કૃત એમ ચાર ભાષાઓના દાવાઓ અંગે વિચારણા કરવામાં આવી હતી અને હિન્દીને અંતિમ રૂપે નક્કી કરવામાં આવી હતી કારણ કે, સભામાં હિન્દી બોલનારા ઉત્તર અને મધ્ય ભારતના સભ્યોનો દબદબો હતો ડો. આંબેડકર સહિત ૪૦ જેટલા પ્રખ્યાત બંધારણીય સભાસદોએ ઉગ્રતાથી સંસ્કૃતને સત્તાવાર ભાષા તરીકે બનાવવાની હિમાયત કરી હતી.

કોંગ્રેસના ૯૯.૯ ટકા લોકો રાહુલ ગાંધીને પાર્ટી અધ્યક્ષ બનાવવા માંગે છે : રણદીપ સૂરજેવાલા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

રાહુલ ગાંધી કોંગ્રેસ પાર્ટીના પ્રમુખ બનવાની ચર્ચા ઝડપથી થવા લાગી છે. કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાએ શુક્રવારે કહ્યું હતું કે પાર્ટી ટૂંક સમયમાં નવા પ્રમુખની પસંદગીની પ્રક્રિયા શરૂ કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે પાર્ટીના ૯૯.૯ ટકા સભ્યો રાહુલ ગાંધીને રાષ્ટ્રપતિ તરીકે પસંદ કરે છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીની આ ચૂંટણી પ્રક્રિયામાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (એઆઈસીસી) ના સભ્યો અને કોંગ્રેસના કાર્યકરો સામેલ થશે. સુરજેવાલાએ કહ્યું કે, પાર્ટી ટૂંક સમયમાં નવા પાર્ટી અધ્યક્ષની પસંદગીની પ્રક્રિયા શરૂ કરશે. પાર્ટીના ૯૯.૯ ટકા લોકો રાહુલ ગાંધીને પાર્ટી અધ્યક્ષ તરીકે ચૂંટવા માગે છે.''

આપને જણાવી દઈએ કે પશ્ચિમ બંગાળ, કેરળ, આસામ અને તમિલનાડુની મહત્વપૂર્ણ ચૂંટણી પહેલા કોંગ્રેસ પાર્ટી તેના નવા પ્રમુખની પસંદગી કરશે. બિહાર અને મહારાષ્ટ્રમાં રાજ્યની વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીના તાજેતરના નબળા પ્રદર્શન બાદ કોંગ્રેસના કેટલાક અગ્રણી નેતાઓએ અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસ પાર્ટીના વચગાળાના પ્રમુખ સોનિયા ગાંધીએ શનિવારે એક બેઠક બોલાવી છે અને તેમાંના કેટલાક અસંતુષ્ટ લોકો ઉપસ્થિત રહેવાની સંભાવના છે. તેમાં રાજ્યસભાના વિપક્ષી નેતા ગુલામ નબી આઝાદ, હરિયાણાના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ભૂપિંદર સિંહ હૂડા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરૂર જેવા નામ શામેલ છે. કોંગ્રેસ પાર્ટીના એક અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે પાર્ટીએ રાજ્યોમાં ઉચ્ચ હોદ્દા માટે યોગ્ય ઉમેદવારો માટે બ્લોક અને જિલ્લા કક્ષાના નેતાઓની સલાહ પણ લીધી છે. આ પગલું મુખ્યત્વે રાજ્યોમાં જૂથોને એકરૂપ કરવાના છે.

પોતાના નાગરિકોને ગ્રીન પાસપોર્ટ આપનાર દુનિયાનો પ્રથમ દેશ બનશે ઈઝરાયેલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ઈઝરાયેલે પોતાના નાગરિકોને ગ્રીન પાસપોર્ટ આપવાની જાહેરાત કરી હતી. આવું કરનારો એ દુનિયાનો પહેલો દેશ બન્યો હતો. જે લોકો કોરોનાની રસી લેશે એવા લોકોને અન્ય દેશોની મુલાકાત લેવા માટે આવો પાસપોર્ટ આપવાની શરૂઆત ઈઝરાયેલ કરી રહ્યું હતું. આવો પાસપોર્ટ હોય એવા નાગરિકોને અન્ય દેશો આવતાંની સાથે ક્વોરંટાઈન કે આઈસોલેશનમાં ન બેસાડી દે એ હેતુથી આવો પાસપોર્ટ તૈયાર કરાયો હતો. ઈઝરાયેલી મિડિયાના રિપોર્ટ મુજબ અગાઉ જે રેસ્ટોરાંની મુલાકાત લેવા પર પ્રતિબંધ હતો ત્યાં પણ ગ્રીન પાસપોર્ટ ધરાવનારા જઈ શકશે અને પોતાની ઈચ્છા થાય એવી વાનગીઓ ખાઈ શકશે. આવો પાસપોર્ટ મેળવવા ઈચ્છુક નાગરિકોએ રસીના બે ડૉઝ ફરજિયાત લેવાના રહેશે. આવું કરવા પાછળ ઈઝરાયેલ સરકારનો હેતુ બીજો જ હોવાના અહેવાલ હતા. એક રિપોર્ટ મુજબ ઈઝરાયેલના ૭૫ ટકા નાગરિકો કોરોનાની રસી લેવા માગતા નથી કારણ કે તેમને એવો ડર છે કે બકરું કાઢતાં ક્યાંક ઊંટ પેસી ન જાય. એટલે લોકોને રસી લેવાની પ્રેરણા આપવા માટે આ જાહેરાત કરાઇ હતી. ઈઝરાયેલના આરોગ્ય પ્રધાન યુલી એંડલસ્ટીને ચેનલ થર્ટીન સાથે વાત કરતાં કહ્યું કે ગ્રાન પાસપોર્ટની મદદથી આપણા નાગરિકો દુનિયાના ગમે તે દેશની મુલાકાત વાયરસના ટેસ્ટ કરાવ્યા વિના કે ક્વોરંટાઈનના ભય વિના કરી શકશે. હાલ દુનિયાના મોટા ભાગના દેશો બહારથી આવતા નાગરિકોના કોરોના ટેસ્ટનો આગ્રહ રાખતા હતા.

સશસ્ત્ર દળોએ પીએમ કેર ફંડમાં એક દિવસની સેલેરીના ૨૦૩.૬૭ કરોડ રૂપિયા દાન કર્યા

(એજન્સી) તા.૧૮

કોરોના મહામારીના કારણે દેશના અનેક લોકો આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યા હતા. તેમની સમસ્યાઓને દૂર કરવા માટે પીએમ કેર ફંડની શરૂઆત થઈ હતી. જેમાં અનેક સામાન્યથી લઈને ખાસ લોકોએ ડોનેશન આપ્યું હતું. જેનાથી જરૂરતમંદોની મદદ કરી શકાય. આરટીઆઈ દ્વારા જાણવા મળ્યું છે કે, પીએમ કેર ફંડમાં ભારતીય સેનાના ત્રણેય અંગ થલ, વાયુ અને નૌસેનાએ પણ પોતાની એક દિવસની સેલેરીનું દાન કર્યું છે અને તે મુજબ સેના તરફથી આ ફંડમાં ૨૦૩.૬૭ કરોડ રૂપિયા આપવામાં આવી ચૂકયા છે. પીએમ કેર ફંડમાં પોતાના સહયોગ વિશે ભારતીય વાયુસેના અને નૌસેનાએ આરટીઆઈ દ્વારા જવાબ આપ્યો. જો કે, ભારતીય થલસેનાએ આરટીઆઈનો જવાબ આપ્યો નથી. પરંતુ ૧૫ મેના દિવસે જ સેનાએ પોતાના સહયોગ અંગે ટ્વીટર પર એક મેસેજ પોસ્ટ કર્યો હતો. તેના દ્વારા સામે આવ્યું છે કે, પીએમ કેર ફંડમાં સૌથી વધુ દાન આપનાર થલસેના જ હતી. ત્યારબાદ વાયુસેના અને નૌસેનાએ પણ જુદા-જુદા સમયમાં ફંડમાં દાન આપ્યું. આઈએએફએ આરટીઆઈના જવાબમાં ૨૫ નવેમ્બરે જણાવ્યું કે, તેણે એપ્રિલથી ઓક્ટોબર સુધી કુલ ૨૯.૧૮ કરોડ રૂપિયા કર્મચારીઓની સેલેરીથી પીએમ કેર ફંડમાં દાન કર્યું. વાયુસેનાએ એપ્રિલમાં ૨૫.૦૩ કરોડ, મેમાં ૭૫.૨૪ લાખ રૂપિયા, જૂનમાં ૧.૦૮ કરોડ રૂપિયા, ઓગસ્ટમાં ૬૧.૧૮ લાખ રૂપિયા, સપ્ટેમ્બરમાં ૫.૨૭ લાખ રૂપિયા અને ઓકટોબરમાં ૪૬.૭૦ લાખ રૂપિયા દાન કર્યા. તે ઉપરાંત નૌસેનાએ ૯ ડિસેમ્બરે જવાબમાં જણાવ્યું કે, એપ્રિલથી ઓકટોબરની વચ્ચે તેના તરફથી વડાપ્રધાન દ્વારા બનાવવામાં આવેલા પીએમ કેર ફંડમાં ૧૨.૪૧ કરોડ રૂપિયા અધિકારીઓ અને સેલર્સ તરફથી આપવામાં આવ્યા જ્યારે નાગરિક કર્મચારીઓ તરફથી ૪.૩૬ કરોડ રૂપિયા વધુ આપવામાં આવ્યા. સુરક્ષા મંત્રાલય હેઠળ આવતા નૌસેનાના ઈન્ટીગ્રેટેડ હેડક્વાર્ટરે જણાવ્યું કે, નૌસેનાના બાકી વર્ગોથી દાનની રકમની માહિતી ઉપલબ્ધ નથી. ૨૯ માર્ચે સુરક્ષા મંત્રાલય તરફથી જારી પ્રેસ રિલીઝમાં જણાવવામાં આવ્યું કે, સુરક્ષા મંત્રી રાજનાથસિંહે પણ મંત્રાલયના કર્મચારીઓની એક દિવસની સેલેરીને વડાપ્રધાન કેર ફંડમાં દાન આપવાના નિર્ણયને પરવાનગી આપી છે. એવો અંદાજ છે કે સુરક્ષા મંત્રાલય દ્વારા સેના, નૌસેના, વાયુસેના, સુરક્ષા જાહેર ઉપક્રમો અને અન્ય લોકોને નિધિથી લગભગ ૫૦૦ કરોડ રૂપિયા સામૂહિક રીતે આપવામાં આવશે. કર્મચારીઓનું યોગદાન સ્વૈચ્છિક છે.

ઉદ્ધવ ઠાકરે વિરોધી પોસ્ટ્સ બદલ મહિલા સામે હાલ કોઈ પગલાં ના લેશો : બોમ્બે હાઈકોર્ટ

(એજન્સી) મુંબઈ, તા. ૧૮

બોમ્બે હાઇકોર્ટે ગુરૂવારે મુંબઇ પોલીસને જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે અને તેમના પુત્ર વિશે સોશિયલ મીડિયા પર વાંધાજનક ટીપ્પણી કરવા બદલ સિટી પોલીસ દ્વારા ગુનો દાખલ કરવા અને પાલઘર પોલીસ દ્વારા અટકાયતમાં લેવાયેલ નવી મુંબઈની રહેવાસી સુનયના હોલે વિરૂદ્ધ કોઇ સખત પગલાં લેવામાં ન આવે અને આરોપનામું દાખલ કરવામાં ન આવે. સ્પેશિયલ સરકારી વકીલ મનોજ મોહિતેએ હાઇકોર્ટને જણાવ્યું હતું કે, કોર્ટ સમક્ષ આ મેટર પેન્ડીંગ હોવાથી કોઇ નિવેદન આપતાં પહેલા હોલેને બાદ કરવામાં આવે. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યૂટર જેપી યાજ્ઞિકે તેના તાજેતરના ટ્વિટ ''તારીખ પે તારીખ'' પર ધ્યાન દોર્યું હતું. તેના વકીલ અભિનવ ચંદ્રચૂડે કહ્યું હતું કે, આ ફેમસ ડાયલોગ છે પરંતુ તેમણે પોસ્ટેને સબસ્કાઈબ કરી નથી ઉપરાંત કોર્ટ રોગચાળા દરમિયાન રોજના આધારે સુનાવણી કરી રહી છે. જ્યારે રાજ્યે નાગરિકના બોલવાના મૌલિક અધિકાર આપી શકે છે તે જોગવાઇ દેખાડવી જોઇએ.

'કૃષિ કાયદાઓ રદ્દ કરો' ટોચના અર્થશાસ્ત્રીઓએ કૃષિમંત્રી તોમરને પત્ર લખ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ નવા કૃષિ કાયદાઓને અસંગત જણાવી કાયદાઓનો મહિનાઓથી વિરોધ કરી રહેલ ખેડૂતોના સમર્થનમાં અર્થશાસ્ત્રીઓ આવ્યા છે. એમણે કૃષિમંત્રી નરેન્દ્રસિંહ તોમરને પત્ર લખી કાયદાઓ રદ્દ કરવા વિનંતી કરી છે.

દેશભરની ૧૦ યુનિવર્સિટીઓના અર્થશાસ્ત્રીઓએ ખૂલ્લો પત્ર લખ્યો છે, જેમાં જણાવ્યું છે કે, અમારા માનવા મુજબ ભારત સરકારે નવા ઘડાયેલ કૃષિ કાયદાઓને રદ્દ કરવા જોઈએ. આ કાયદાઓ દેશના નાના અને સિમાંત ખેડૂતોના હિતમાં નથી અને એના માટે મોટાભાગના ખેડૂત સંગઠનોએ વાંધાઓ ઊઠાવ્યા છે. જો કે, અર્થશાસ્ત્રીઓ કૃષિની માર્કેટિંગ માટે સુધારાઓની જરૂર હોવા અંગે જણાવી રહ્યા છે પણ આ કાયદાઓ એ હેતુને પૂર્ણ કરનાર નથી. આ કાયદાઓ ખોટા અનુમાનો અને દાવાઓના આધારે ઘડવામાં આવ્યા છે જેમાં ખેડૂતોને ભય છે કે, તેઓ એમના ઉત્પાદનોનું યોગ્ય મૂલ્ય નહીં મેળવી શકશે અને જૂના કાયદાઓ હેઠળ ખેડૂતોને પોતાના ઉત્પાદનો ગમે ત્યાં વેચવાની સ્વતંત્રતા હતી એ છીનવી લેવાઈ હોવાનું અનુભવ થઈ રહ્યું છે અને નિયંત્રિત બજારો ખેડૂતોના હિતોમાં નથી.

અર્થશાસ્ત્રીઓએ પાંચ કારણો દર્શાવ્યા છે જેના લીધે આ કાયદાઓ મૂળભૂત રીતે નાના ખેડૂતો માટે નુકસાનકારક છે.

- કાયદાઓમાં રાજ્યોની ભૂમિકાની અવગણના કરાઈ છે જેઓ કેન્દ્ર સરકાર કરતા ખેડૂતોની વધુ નજીક છે જેથી એમના પ્રશ્નો સરળતાથી ઉકેલી શકે છે. કૃષિ કાયદાઓને રાજ્ય સરકારો જ સારી રીતે લાગુ કરી શકે છે.
- તેઓ બે બજારો બે નિયમોથી બનાવી રહ્યા છે, વેપાર વિસ્તારમાં ખરી રીતે અનિયંત્રિત માર્કેટ અને એ સાથે એપીએમસીમાં નિયંત્રિત માર્કેટ ઊભી કરી રહ્યા છે. આ બંને જુદા-જુદા કાયદાઓ, ફીસ અને જુદા-જુદા લોકો દ્વારા ચલાવવામાં આવશે. આના લીધે નિયંત્રિત ખેડૂતો અનિયંત્રિત વિસ્તારમાં જતા રહેશે.
- આ કાયદાના અસ્તિત્વ પહેલાં પણ ઘણા બધા કૃષિ ઉત્પાદનો એપીએમસીથી બહાર પણ વેચાતા હતા. જો કે, એપીએમસી માર્કેટ ટેકાના ભાવો રોજની કિંમત મુજબ નિર્ધારિત કરી આપતી હતી. નિષ્ણાતો જણાવે છે કે, નવા કાયદા હેઠળ આ પ્રથા દૂર થશે અને ફક્ત એક જ ખરીદનાર હશે.
- કાયદામાં કરાર ઉપર ખેતીની જોગવાઈના લીધે અસમાન ધંધાર્થીઓ ઘૂસી જશે જેથી ખેડૂતોના હિતોનું રક્ષણ થઈ શકશે નહીં.
- અને અંતમાં કાયદા હેઠળ મોટા કોર્પોરેટને સામેલ કરતા એમનું પ્રભુત્વ કૃષિક્ષેત્રમાં વધી જશે.

તબીબ બનવા બંને હાથ જરૂરી હોવાના નિયમને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર

આ કેસના ચુકાદા પર અનેક દિવ્યાંગ વિદ્યાર્થીની નજર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

બેને બદલે માત્ર એક જ હાથ ધરાવતી યુવતી નીટમાં ઉત્તીર્ણ થવા છતાં અને તેને એક મેડિકલ કોલેજમાં બેઠક ફાળવવામાં આવી હોવા છતાં છેલ્લી ઘડીએ તેને પ્રવેશનો ઈક્રાર કરી દેવાયો હતો. તબીબી અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીના બંને હાથ હોવા જરૂરી છે તેવા નિયમનો તેને હવાલો અપાયો હતો. હવે આ વિદ્યાર્થિનીએ આ નિયમને દિલ્હી હાઈકોર્ટમાં પડકારતાં હાઈકોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ ફટકારી તેનો જવાબ માગ્યો છે. દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ ડી.એન.પટેલ અને જસ્ટિસ પ્રતીક જાલાનની બેન્ચે એક યુવતી તરફથી દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરી હતી. બાદમાં કોર્ટે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય, શિક્ષણ મંત્રાલય, સામાજિક ન્યાય મંત્રાલય, નેશનલ મેડિકલ કમિશન, સફદરજંગ હોસ્પિટલ અને લેડી હાર્ડિંગ હોસ્પિટલને નોટિસ મોકલીને તેમનું વલણ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી છે. કેસની વિગત એવી છે કે જન્મથી ફક્ત હાથ ધરાવતી વૈભવી શર્માએ નીટ-યુજી ૨૦૨૦ પાસ કરી છે અને તેણે દિવ્યાંગ શ્રેણીમાં નવી દિલ્હીની લેડી હાર્ડિંગ કોલેજમાં એમબીબીએસના અભ્યાસક્રમમાં સીટ ફાળવાઈ હતી. વૈભવી શર્માએ જ મેડિકલ કોર્સમાં બંને હાથ ફરજિયાત હોવા જ જોઈએ તેવા નિયમને કોર્ટમાં પડકાર્યો છે. વકીલ મૃણાલ ગોપાલ એલ્કરના માધ્યમથી દાખલ કરાયેલી અરજીમાં કહ્યું છે કે દુર્ભાગ્યપૂર્ણ છે કે વૈભવીનું ડોક્ટર બનવાનું સપનુ અધુરુ રહી જાય તેમ છે, કારણ કે એમબીબીએસમા પ્રવેશના નિયમ ૧૯૯૭ હેઠળ વૈભવીને અયોગ્ય જાહેર કરવામાં આવી છે.

આ નિયમ હેઠળ પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીના બંને હાથ સલામત હોવા જોઈએ અને બંને હાથ, સંવદન, તાકાત અને અન્ય બાબતોથી મેડિકલની રીતે સંપૂર્ણ સ્વસ્થ હોવા જોઈએ. હાઈકોર્ટે સુનાવણી દરમિયાન વૈભવી શર્માના વકીલને પૂછ્યું કે એક હાથ કે વગર હાથની વ્યક્તિ કેવી રીતે ડોક્ટર બનશે અને કેટલાક વ્યવસાય એવા છે કે જ્યાં વિશેષ દિવ્યાંગતા ધરાવતાને વ્યક્તિને કામ આપી શકાય નહીં. આ કેસમાં શું ચુકાદો આવે છે તેના પર હજારો દિવ્યાંગ વિદ્યાર્થીની નજર રહેશે.

સોનિયા આજથી એક સપ્તાહ સુધી પાર્ટી નેતાઓને મળી રણનીતિ અંગે ચર્ચા કરશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

ગત મહિનામાં કોંગ્રેસની અંદર જ વિરોધના સૂર ઊઠ્યા હતા. હવે કેસનો નિવેડો લાવવા માટે ઈન્ટેરિમ અધ્યક્ષ સોનિયા ગાંધી આગળ આવ્યા છે. આજથી એટલે કે ૧૯ ડિસેમ્બરથી એક સપ્તાહ સુધી સોનિયા કોંગ્રેસના અમુક નેતાઓને મળશે, જેમાં તેમની ફરિયાદ ઉપરાંત પાર્ટીની આગળની રણનીતિ અંગે ચર્ચા થશે. પાર્ટી નેતાઓના જણાવ્યા પ્રમાણે, મીટિંગમાં રાજ્ય અને કેન્દ્રીય સ્તરના નેતાઓ સાથે ચર્ચા થશે.

સોનિયા એવા નેતાઓને પણ મળશે, જેમણે પાર્ટીમાં રિફોર્મની વાત કહી હતી. મળતી માહિતી પ્રમાણે, અહમદ પટેલના નિધન પછી એક પૂર્વ મુખ્યમંત્રી સોનિયાને મળ્યા હતા. તેમણે ઈન્ટેરિમ અધ્યક્ષને પાર્ટીના નેતાઓ સાથે મુલાકાત કરીને મુદ્દાનો નિવેડો લાવવાની અપીલ કરી હતી. પહેલી બેંચમાં જે નેતાઓને સોનિયા મળી શકે છે, તેમાં હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્રસિંહ હુડ્ડા, રાજ્યસભાના સાંસદ અને વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદ સહિત પ્રદેશ કોંગ્રેસ સમિતિઓના અધ્યક્ષ સામેલ છે. એક મહિના પહેલાં ગુલામ નબી આઝાદે પાર્ટીના કામકાજની પદ્ધતિ પર સવાલ ઊઠાવ્યા હતા. તેમણે કહ્યું, ૫ સ્ટાર કલ્ચરથી ચૂંટણી ન જીતી શકાય. આજે નેતાઓની સૌથી મોટી તકલીફ એ જ છે કે, જેને ટિકિટ મળી જાય તે સૌથી પહેલાં ૫ સ્ટાર હોટલ બૂક કરાવે છે. જો રસ્તો ખરાબ છે તો એ પર નહીં જાય. જ્યાં સુધી આ ૫ સ્ટાર કલ્ચરને છોડી નહીં દેવાય ત્યાં સુધી કોઈ ચૂંટણી નહીં જીતી શકે. છેલ્લાં ૭૨ વર્ષમાં કોંગ્રેસ સૌથી નીચેના સ્તરે છે. કોંગ્રેસ પાસે છેલ્લા બે કાર્યકાળ દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતાનું પદ પણ નથી.

ભાગેડું બાબા નિત્યાનંદે ઓસ્ટ્રેલિયાથી તેના 'દેશ' કૈલાશા માટે વીઝા, ફલાઈટની જાહેરાત કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૮

પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહેનારા અને જે હાલમાં ભાગેડૂ છે તેવા સ્વયંભૂ બાબા નિત્યાનંદે કૈલાસા માટે વીઝા સર્વિસની જાહેરાત કરી છે. એક વીડિયોમાં નિત્યાનંદે કૈલાસા આવવા માટે કયો માર્ગ લેવો તે જાહેરાત કરી છે. રેપ કેસમાં આરોપી અને ભાગેડૂ જાહેર થઈ ચૂકેલા નિત્યાનંદે એકવાર ફરી એવો દાવો કર્યો છે જેને કારણે તે ફરી ચર્ચામાં છવાયા છે. કૈલાસા નામનો અલગ 'દેશ' બનાવવાનો દાવો કરનારા નિત્યાનંદે પોતાના તાજેતરના નિવેદનમાં પોતાના આ દેશ માટે વીઝાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પર આવેલા આ વીડિયોમાં નિત્યાનંદે દાવો કર્યો છે કે કૈલાસા આવવા માટે તેની પોતાની ચાર્ટર્ડ ફ્લાઈટ સર્વિસ છે, જેનાથી લોકો કૈલાસા આવી શકશે. જો કે, અહીં આવનારા વ્યક્તિને ફક્ત ત્રણ દિવસ સુધી જ અહીં રોકાવા મળશે.

પોતાના વીડિયોમાં નિત્યાનંદે જણાવ્યું કે કૈલાસા આવવા માટે ઑસ્ટ્રેલિયાથી ફ્લાઈટ મળશે. એવામાં ચર્ચા છે કે નિત્યાનંદને આ સ્વઘોષિત દેશની લોકેશન તેની આસપાસ છે. દાવો છે કે વીઝા હેઠળ આ યાત્રામાં પરમ શિવના દર્શન પણ કરાવશે. જણાવવાનું કે રેપના આરોપી નિત્યાનંદે દેશમાંથી ભાગી ગયા પછી ગયા વર્ષે જ પોતાના દેશ કૈલાસા બનાવવાની જાહેરાત કરી હતી. ત્યારથી અત્યાર સુધી નિત્યાનંદે પોતાના વીડિયોમાં કૈલાસા સાથે જોડાયેલી માહિતી આપી, જેમાં પોતાની કરન્સી, રિઝર્વ બેન્ક અને અન્ય બધી સુવિધાઓ હોવાનો દાવો કર્યો છે. નિત્યાનંદે કૈલાસામાં પોતાની સરકાર, મંત્રી, મંત્રાલય સહિત અન્ય ઘણી સુવિધાઓ હોવાનો દાવો કર્યો છે. નિત્યાનંદ ભલે ભારતમાં ભાગેડૂ જાહેર હોય પણ તે ઘણીવાર પોતાના વાયરલ વીડિયોને કારણે ચર્ચામાં છવાયેલા રહે છે.

મહારાષ્ટ્રમાં છઠ્ઠું ઉર્દૂ ઘર આવશે, તેને મરાઠી ભાષા, સંસ્કૃતિ સાથે જોડાશે

(એજન્સી) મુંબઈ, તા. ૧૮

એનસીપીના નેતા નવાબ મલિકના આગેવાનીવાળા મહારાષ્ટ્રના લઘુમતી કલ્યાણ વિભાગે ભાષા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા માટે સોલાપુરમાં ૯ કરોડના ઉર્દૂ ઘરને બનાવવાનો નિર્ણય લીધો છે. આ મહારાષ્ટ્રમાં છઠ્ઠું ઉર્દૂ ઘર હશે જેમાં પ્રથમ નાંદેડમાં પૂર્વ મુખ્યમંત્રી અશોક ચવાણના ગૃહનગરમાં સ્થપાયું હતું જ્યારે ત્યારબાદ મુંબઈ, નાગપુર, ઔરંગાબાદ અને માલેગાંવમાં સ્થપાયું હતું. વિભાગ દ્વારા ૧૪મી ડિસેમ્બરે સોલાપુર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૨૩૦૦ સ્કવેર મીટરનો પ્લોટ ફાળવાયો છે અને મુઘલ સ્થાપત્ય જેવી બનાવટનું હશે. સિનિયર અધિકારીએ કહ્યું કે, ઉર્દૂ ઘરને પુરૂં કરવા માટે અનેક તબક્કાછે. તેને ઉર્દૂ સંસ્કૃતિને ધ્યાનમાં રાખીને સ્થાપત્ય સમરૂપ બનાવાશે.

બિહારમાં અપરાધ નિરંકુશ

હવે જજની ગાડી પર ધોળા દિવસે હુમલો, ડ્રાઈવરે ગાડી પોલીસ સ્ટેશન પહોંચાડી

(એજન્સી) તા.૧૮

બિહારમાં અપરાધને રોકવામાં પોલીસ સતત નિષ્ફળ સાબિત થઈ રહી છે. તેના કારણે બદમાશોનું મનોબળ સતત વધતું જઈ રહ્યું છે અને તે હવે ન્યાયનો નિર્ણય લેનારા અધિકારીઓને પણ છોડી રહ્યા નથી. વર્તમાન મામલો રાજ્યના બિહાર શરીફનો છે. અહીં હિલસા વ્યવહાર ન્યાયાલયના જજની કાર પર ગુરૂવારે સાંજે બાઈક સવાર ત્રણ બદમાશોએ હુમલો કરી દીધો. આરોપીઓએ જજની કાર પર ફાયરિંગ સુદ્ધા કરી. જો કે, ડ્રાઈવરની સમજદારીથી અપરાધીઓને ભાગવા માટે વિવશ થવું પડ્યું. જણાવવામાં આવ્યું છે કે, આ હુમલો તે સમયે થયો જ્યારે એડીજે વન જય કિશોર દુબે કોર્ટથી ઘર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સૂર્ય મંદિર તળાવ પાસે કેટલાક બદમાશ બાઈક પર આવ્યા અને કારને ટક્કર મારી દીધી. કારચાલકે ત્યારબાદ બાઈક સવારોને બરાબર ગાડી ચલાવવા માટે કહ્યું. જો કે, આ જ વાત પર બાઈક સવાર લડી પડ્યા અને પથ્થર મારી તેમણે કારનો કાંચ તોડી નાખ્યો. ત્યારબાદ તેમણે હથિયાર નીકાળ્યા અને ફાયરિંગ શરૂ કરી દીધી. કારચાલકે ત્યારબાદ હિંમત દર્શાવતા ગાડી ભગાવી અને પીછો કરી રહેલા બાઈક સવારોથી આગળ નીકળીને કાર પોલીસ સ્ટેશનની સામે ઊભી કરી દીધી. આ ઘટનાની સૂચના મેળવીને પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી અને કારને સુરક્ષિત કરી. પોલીસને ઘટના સ્થળ પર એક કારતુસનું ખોખું પણ મળ્યું. માનવામાં આવી રહ્યું છે કે, બદમાશ સંપૂર્ણપણે તૈયારીની સાથે જજ પર હુમલા માટે આવ્યા હતા.

ઉત્તરપ્રદેશ : આંદોલન કરવા બદલ ખેડૂતોને મોકલી ૫૦ લાખ રૂપિયાની નોટિસ

(એજન્સી) લખનઉ, તા.૧૮

ઉત્તર પ્રદેશના સંભલમાં ખેડૂત આંદોલનમાં સામેલ થનારા ૬ ખેડૂતોને ૫૦-૫૦ લાખ રૂપિયાની પર્સનલ બોન્ડ ભરવા માટેની નોટિસ આપવામાં આવી છે. જેમાં ભારતીય કિસાન યુનિયન અસલીના જિલ્લાધ્યક્ષ રાજપાલ સિંહ, જયવીર સિંહ, સત્યેન્દ્ર, વીર સિંહ અને રોહદાસ સામેલ છે. આ નોટિસ ઉપજિલ્લાધિકારી સંભલ તરફથી આપવામાં આવી છે. હવે પોલીસે દાવો કર્યો છે કે, આ રકમમાં ભૂલ થઈ ગઈ તી અને તેને ઓછી કરી દેવામાં આવશે. જો કે ખેડૂતોનું કહેવું છે કે, આ પ્રકારે નોટિસ ફટકારવી લોકતાંત્રિક અધિકારોનું હનન છે.

જિલ્લાધિકારીએ પોતાની નોટિસમાં કહ્યું હતું કે, ખેડૂતોના આંદોલનથી શાંતિભંગ થવાનું જોખમ છે. આથી ૫૦-૫૦ લાખ રૂપિયાના પર્સનલ બોન્ડ થકી બે જામીન ભરવા માટે નોટિસ ઈસ્યૂ થઈ છે. ખેડૂતોનું કહેવું છે કે, સરકાર આંદોલનને કચડવા માંગે છે. તેમણે રૂપિયા ભરવાનો ઈક્રાર કરી દીધો છે. બીજી તરફ ખેડૂતોને સમજાવવા માટે કૃષિ મંત્રીએ ૮ પેજનો પત્ર લખ્યું છે. આ પત્ર એક બેઠક બાદ જાહેર કરવામાં આવ્યો છે.

જેમાં ગૃહમંત્રી અમિત શાહ, પિયૂષ ગોયલ, નિર્મલા સીતારમણ અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સામેલ હતા. નરેન્દ્રસિંહ તોમરે પત્રમાં લખ્યું છે કે, અનેક ખેડૂત સંગઠનોએ આ કાયદાનું સ્વાગત કર્યું છે. તોમરે ભાવુક અપીલ કરતા કહ્યું કે, હું પણ ખેડૂત પરિવારથી જ છું અને ખેતીની બારિકીઓથી વાકેફ છુ. તોમરે કહ્યું કે, આ મારી જવાબદારી છે કે ખેડૂતોને જણાવવામાં આવે કે તેમને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

જેને ઉપર આભ અને નીચે ધરતી છે તેવા બેસહારા લોકો માટે ઠંડી ઉડાડવા તાપણું જ એક માત્ર સહારો

રાજ્યમાં ઠંડીનો પારો જેમ-જેમ નીચે ઉતરતો જાય છે તેમ-તેમ ઠંડીનું પ્રમાણ વધતું જાય છે. આવા સમયે ફૂટપાથ પર વસતા બેસહારા લોકોની હાલત કફોડી બની જાય છે. કુદરતે જેમને માલથી નવાજ્યા છે, તેઓ ઘરની ચાર દીવાલોમાં કેદ થઈ રૂમ હિટર ચાલુ કરી કે ગરમ ધાબળા ઓઢી હૂંફ મેળવતા હોય છે, પરંતુ કાચા મકાનો, ઝૂંપડા કે ઉપર આભ અને નીચે ધરતીની અવસ્થામાં ફૂટપાથ પર રહેતા લોકો માટે તો તાપણું જ એકમાત્ર સહારો બને છે. ઉક્ત તસવીર અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન સામેની ફૂટપાથની છે, જ્યાં એક યુવાન તાપણું કરી ઠંડી ઉડાડી રહ્યો છે.

રાજ્યમાં હાડ થીજવતી ઠંડીની 'હાર્ડ' શરૂઆત : નલિયામાં પારો ૨.૫ ડિગ્રી

● સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડવેવથી લોકો ઠૂંઠવાયા ● અનેક સ્થળોએ પારો ૧૦ ડિગ્રીની નજીક ● ડિસેમ્બરના અંતમાં રહેશે કાતિલ ઠંડીનો મારો

અમદાવાદ, તા.૧૮

રાજ્યમાં હાડ થીજવતી ઠંડીનો દોર જામવા જઈ રહ્યો છે. શિયાળો પોતાનો અસલ મિજાજ બતાવતો હોય તેમ છેલ્લા એકાદ સપ્તાહથી લઘુતમ તાપમાનમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં કડકડતી ઠંડીથી લોકો ઠૂંઠવાઈ ગયા છે. ઠંડીને કારણે જનજીવન પર વ્યાપક અસર થઈ છે. મોડી રાત્રે અને વહેલી સવારે ગાત્રો થીજવતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ઉત્તર ભારતમાં થયેલ હિમવર્ષાની સીધી અસર ગુજરાતમાં જોવા મળી રહી છે. જ્યારે ડિસેમ્બરના અંતમાં જોરદાર ઠંડી જોવા મળે તેવી શક્યતા છે. નલિયામાં ૨.૫ ડિગ્રી તાપમાન નોંધાતા નલિયા ઠંડુગાર બની ગયું હતું. જ્યારે અનેક સ્થળોએ પારો ૯થી ૧૧ ડિગ્રીની નજીક પહોંચતા લોકોએ તીવ્ર ઠંડીનો અનુભવ કર્યો હતો જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં કોલ્ડવેવની સ્થિતિ જોવા મળી હતી જ્યારે આગામી બે દિવસ પણ કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં કોલ્ડવેવની સ્થિતિ જોવા મળે તેવી શક્યતા છે.

રાજ્યમાં શિયાળો બરાબરનો પોતાનો મિજાજ બતાવી રહ્યો છે. હાડ થીજવતી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. વહેલી સવારે અને મોડી રાત્રે કાતિલ ઠંડીની અસર અનુભવાઈ રહી છે. ઠંડા પવનો ફૂંકાતા દિવસ દરમ્યાન પણ લોકો ગરમ વસ્ત્રોમાં નજરે પડી રહ્યા છે. ખાસ કરીને કચ્છ અને સૌરાષ્ટ્રમાં જોરદાર ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. વાત કરીએ લઘુતમ તાપમાનની તો નલિયામાં સૌથી ઓછું લઘુતમ તાપમાન ૨.૫ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ગિરનાર પર્વત પર ૫.૩ ડિગ્રી તો કંડલા એરપોર્ટમાં ૯.૦, ડીસામાં ૯.૬, રાજકોટમાં ૯.૮, અમરેલીમાં ૧૦.૨, ભૂજમાં ૧૦.૨, કેશોદમાં ૧૦.૪, ગાંધીનગરમાં ૧૧.૨, સુરેન્દ્રનગર અને કંડલા પોર્ટમાં ૧૨.૫, આણંદમાં ૧૨.૮, વલસાડમાં ૧૩.૦, અમદાવાદમાં ૧૩.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જ્યારે આગામી દિવસોમાં હાડ થીજવતી ઠંડીનો અનુભવ થવાની શક્યતા છે. હાલ રાજ્યમાં કોરોના મહામારીનો કેર યથાવત છે ત્યારે કોરોનાના સંક્રમણને જોતા કાતિલ ઠંડીના આ માહોલમાં વિશેષ તકેદારી રાખવાનું જાણકારો અને તબીબો જણાવી રહ્યા છે.

ક્યાં કેટલું તાપમાન

સ્થળ	લઘુતમ તાપમાન
નલિયા	૨.૫
કંડલા એરપોર્ટ	૯.૦
ડીસા	૯.૬
રાજકોટ	૯.૮
અમરેલી	૧૦.૨
ભૂજ	૧૦.૨
કેશોદ	૧૦.૪
ગાંધીનગર	૧૧.૨
સુરેન્દ્રનગર	૧૨.૫
કંડલા પોર્ટ	૧૨.૫
આણંદ	૧૨.૮
વલસાડ	૧૩.૦
અમદાવાદ	૧૩.૬

ખેડૂત આંદોલનની સામે બચાવમાં ભાજપ સરકારે શરૂ કરેલ જાગૃતિ સંમેલનને સંબોધતા મુખ્યમંત્રીના પ્રહારો

કોંગ્રેસ સહિતના વિપક્ષો પોતાના સ્વાર્થ માટે ખેડૂતોના વિકાસના આડે આવી રહ્યા છે !

ખેડૂતોના નામે પોતાના રોટલા શેકતા તત્ત્વોને પ્રજા જાણી ગઈ છે : મુખ્યમંત્રી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૮

કોંગ્રેસ અને અન્ય વિરોધ પક્ષો પોતાના સ્વાર્થ માટે કરોડો ખેડૂતોના વિકાસના આડે આવી રહ્યા હોવાનું જણાવી આકરા પ્રહારો કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ખેડૂતોના નામે પોતાના રોટલા શેકતા તત્વોને પ્રજા જાણી ગઈ છે. બધેથી જાકારો મેળવનાર કોંગ્રેસ ખેડૂત આંદોલનના નામે પ્રજાની નજરમાં ટકી રહેવાના પ્રયાસો કરી રહી છે. દેશમાં ચાલી રહેલ ખેડૂતોના આંદોલન સામે ભાજપ સરકાર દ્વારા બચાવમાં શરૂ કરાયેલ જાગૃતિ સંમેલનો પૈકી ચીખલી તાલુકાના સુરમાઈ ખાતેના સંમેલનમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે કોંગ્રેસ સહિતના વિપક્ષોને આડે હાથ લીધા હતા. ખેડૂતના નામે મગરના

આંસુ સારતા કોંગ્રેસને વેધક સવાલ કરતા મુખ્યમંત્રીએ ખેડૂતોના કલ્યાણ માટે એ.પી.એમ.સી. એક્ટમાં સુધારો કરવાની વાત કરી હતી કે કેમ તેવો ધારદાર પ્રશ્ન પૂછીને આવા તત્વો ખેડૂતોના હિતમાં છે કે વિરોધમાં તેવો પ્રશ્ન કર્યો હતો.

કૃષિ સુધાર બીલ-૨૦૨૦ સામે ફેલાવાતા ભ્રામક પ્રચારનો ખ્યાલ આપીને ખેડૂતોના નામે મોટી વિરોધી પરિબળો પોતાના અસ્તિત્વ માટે તફડી રહ્યા છે, ત્યારે પ્રજાજનોમા પણ કોન્ગ્રેસીઓ અને ભારતવિરોધી તત્વો "ભારત બંધ"ના વિષયે હાંસીપાત્ર બન્યા છે તેમણે જણાવ્યું હતું.

કોંગ્રેસના સાશનકાળમા વીજળી અને પાણીના કોઈ ઠેકાણા ન હતા તેમ જણાવી મુખ્યમંત્રીએ વધુમાં કોંગ્રેસ માત્ર વિરોધ કરીને પ્રજાજનોને ગુમરાહ કરી રહ્યું તેવા આક્ષેપો કરતાં કહ્યું કે, કૃષિ સુધાર બીલ-૨૦૨૦ માં સુધારા કરવા માટે ખેડૂતોને ખુલ્લું આમંત્રણ પણ અપાયું છે, ત્યારે માત્ર અને માત્ર ખેડૂતોના નામે પોતાનો રાજકીય રોટલો શેકતા તત્વોને ઓળખી લેવાનો આ સમય છે.

"કોરોના" સામેનો જંગ આખરી અને નિર્ણાયક તબક્કે છે ત્યારે સૌ ધીરજ અને સંયમ જાળવી રાખે તે આવશ્યક છે તેમ જણાવતા મુખ્યમંત્રીએ ૯ માસથી કોરોનાનો સામનો કરી રહેલ પ્રજા-પ્રશાસન અને સૌના સહિયારા પ્રયાસોના પરિણામે આપણે કોરોના સામે મહદઅંશે સફળ રહ્યા હોવાનું જણાવ્યું હતું.

ચાર વર્ષ પહેલાંની ઘટનામાં મોડે મોડે ફરિયાદ નોંધાતાં તર્ક-વિતર્ક

જામનગર કસ્ટમ કચેરીના ગોડાઉનમાંથી ૧.૧૦ કરોડનું સોનું ગાયબ

કચ્છમાં આવેલા ભૂકંપ બાદ સોનાનો જથ્થો જામનગર કસ્ટમને સોંપાયાં બાદ બે કિલોથી વધુ જથ્થો ચોરાયો

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૧૮

જામનગરની કસ્ટમ કચેરીના ગોડાઉનમાં કચ્છથી આયાત થયેલા અને સેમ્પલ તરીકે રખાયેલા સોના અને ચાંદીના જથ્થામાંથી એક કરોડ ૧૦ લાખની કિંમતનું સોનુ એકાએક ગાયબ થઈ જતાં કસ્ટમ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે અને સમગ્ર મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો છે. જામનગર કસ્ટમ દ્વારા સિટી 'બી' ડિવિઝન પોલીસ મથકમાં કસ્ટમના ગોડાઉનમાંથી જુદા-જુદા પાંચ સેમ્પલ પૈકીનું ૧ કરોડ ૧૦ લાખનું સોનું ગાયબ થઈ ગયાં અંગેની પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જે મામલે સીટી બી ડિવિઝન પોલીસે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

જામનગરના કસ્ટમ વિભાગમાં ભારે ખળભળાટ મચાવનારા આ સોનાની ચોરીના બનાવની વિગતો એવી છે કે, કચ્છ કસ્ટમ દ્વારા સન ૧૯૮૨થી ૧૯૮૬ની સાલના સમયગાળા દરમિયાન જુદા-જુદા વિસ્તારોમાંથી દાણચોરીનું સોનું અને ચાંદી વગેરેનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. જે પૈકીના સોના-ચાંદીના સેમ્પલ લઈને ભુજની કચેરીમાં રાખવામાં આવ્યાં હતાં. પરંતુ ૨૦૦૧ની સાલમાં ભુજ કચ્છમાં ભૂકંપ આવ્યો હોવાથી ભુજ કસ્ટમની કચેરીમાં ભારે નુકસાન થયું હતું. અને કસ્ટમની ઓફિસમાં કબજે કરવામાં આવેલી તમામ સામગ્રીઓને અન્ય જિલ્લાઓમાં ટ્રાન્સફર કરવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

જેના અનુસંધાને ભુજ કસ્ટમ દ્વારા ૨૦૦૧ની સાલમાં જુદી જુદી બે બેગમાં ૧૦ જેટલા સોના-ચાંદીના સેમ્પલો સાથેના પેકેટ શીલ કરીને જામનગર કસ્ટમની કચેરીમાં મોકલવામાં આવ્યા હતા, અને તમામ સેમ્પલ સાથેની બેગને જામનગરના સરુ સેક્શન રોડ વિસ્તારમાં આવેલા કસ્ટમના ગોડાઉનમાં રાખવામાં આવી હતી. ત્યારપછી ૨૦૧૬ની સાલમાં ભુજની કસ્ટમની કચેરી સંપૂર્ણ પણે કાર્યરત થઈ હોવાથી તારીખ ૧૮.૧૦.૨૦૧૬ના દિવસે ભુજ કસ્ટમ ડિવિઝને સોના-ચાંદીના સેમ્પલ સાથેની બેગને પરત મંગાવી હતી. જેથી બંને કસ્ટમ ડિવિઝન દ્વારા સંયુક્ત રીતે જામનગર કસ્ટમ કચેરીમાં બેગના શીલ ખોલવામાં આવ્યા હતા, અને તેમાં રાખેલા સોના-ચાંદીના સેમ્પલોના વજન અને ગણતરી કરવામાં આવી હતી.

જે દરમિયાન જુદા જુદા પાંચ પેકેટ માં ૨૧૫૬.૭૨૨ ગ્રામ જેટલું સોનું ઓછું જોવા મળ્યું હતું. જેની હાલ બજાર કિંમત એક કરોડ દસ લાખ થવા જાય છે. ઉપરોક્ત સોનાના સેમ્પલો ઓછા જણાયા હોવાથી બંને કસ્ટમ ડિવિઝન દ્વારા જે તે વખતે રોજ કામ કરવામાં આવ્યું હતું. અને સમગ્ર વિગતો એકત્ર કરીને કસ્ટમની મુખ્ય કચેરી ગાંધીનગરને જાણ કરવામાં આવી હતી. જે સમગ્ર પ્રકરણ અંગે ચાર વર્ષ સુધી મસલતો ચાલ્યા પછી આખરે જામનગર કસ્ટમ દ્વારા પોલીસ ફરિયાદ કરવાનું નક્કી કરાયું હતું. જેના અનુસંધાને જામનગરના કસ્ટમ ઈન્સ્પેકટર રામસિંગ શિવકુમાર યાદવે ગઈકાલે મોડી સાંજે સીટી બી ડીવિઝન પોલીસ મથકમાં કસ્ટમ વિભાગના ગોડાઉનમાંથી ઉપરોક્ત વજન ના આશરે એક કરોડ દસ લાખની કિંમતનું સોનું ગાયબ થઈ ગયાની અથવા ચોરી થઈ ગયાની ફરિયાદ નોંધાવી હતી.

જેમાં શકદાર તરીકે જે તે વખતના કસ્ટમ વિભાગના કોઈ અજાણ્યા સરકારી કર્મચારી સામે ફરિયાદ નોંધાવી હતી. ઉપરોક્ત સમગ્ર મામલે સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી આઈ કે એલ ગાધે અને તેમની ટીમે તપાસ શરૂ કરી છે.

કોરોના જેવા ભયાનક વાયરસ સાથે ૧૧૩ દિવસ લાંબો ચાલ્યો સંઘર્ષ !

અમદાવાદમાં કાળમુખા કોરોનાને જાંબાઝ દર્દીએ હરાવી જીત મેળવી !

ખાનગી હોસ્પિટલમાં ૩૦ લાખનો ખર્ચ થયો હોય તેવી સારવાર ૧૧૩ દિવસ વિનામૂલ્યે મળી !

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૮

કોરોના મહામારીના છેલ્લા કેટલાક મહિનાઓના સમયગાળા દરમ્યાન કોરોનામાં સંક્રમિત થયેલ દર્દી ત્રણથી ચાર માસ જેટલા લાંબા સમય સુધી કોરોના સાથે સંઘર્ષમાં રહ્યા બાદ આખરે જિંદગીની બાજી જીતી ગયા છે. ધોળકાના શખ્સના ફેફસાં કોરોનાના કારણે કામ કરતા લગભગ બંધ થઈ ગયા હતા. તેઓએ આજે હોસ્પિટલમાંથી રજા લેતા તેમને સૌએ વધાવી લેતા શુભેચ્છાઓ પણ પાઠવી હતી. ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હોત તો આશરે રૂા. ૩૦ લાખ જેટલો ખર્ચ થયો હોત તેવા દર્દીને સરકારી હોસ્પિટલમાં વિનામૂલ્યે સારવાર મળી હતી. કોરોના વાયરસની મહામારીની ઝપેટમાં દેશમાં અંદાજિત ૧ કરોડ આવી ગયા છે. કોરોના થવા પર ઘણા લોકોનું લાંબી બીમારી બાદ મનોબળ તૂટી જતું હોય છે, પરંતુ ડોક્ટર્સ અનેક પ્રયાસો બાદ તેમને મોતના મુખમાંથી પાછા લઈ આવતા અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. હાલમાં જ અમદાવાદમાં પણ આવો એક મામલો સામે આવ્યો છે. જેમાં એક કોરોના સંક્રમિત દર્દીને ૧૧૩ દિવસની સારવાર આપ્યા બાદ સ્વસ્થ કરીને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીની સૌથી લાંબી ચાલેલી કોરોનાની સારવારનો કિસ્સો અમદાવાદના સોલા હોસ્પિટલમાં સામે આવ્યો છે. જેમાં શહેરના જ દેવેન્દ્ર પરમાર નામના દર્દીની સોલા સિવિલ હોસ્પિટલમાં ૧૧૩ દિવસની સારવાર બાદ કોરોના મુક્ત થયા હતા. સારવાર દરમિયાન તેમને ૯૦ દિવસ આઈસીયુમાં દાખલ રહ્યા હતા. ત્યારે આજે શુક્રવારે તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાતા સમયે રાજ્યના ડેપ્યૂટી સીએમ નીતિન પટેલ તેમને શુભેચ્છા આપવા માટે ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ નીતિન પટેલે હોસ્પિટલની કામગીરીની પણ સમીક્ષા કરી હતી અને આ સિવાય અન્ય દર્દીઓના ખબર અંતર પણ પૂછ્યા હતા.

૫૯ વર્ષના દેવેન્દ્ર પરમાર ધોળકાની ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા હતા. તેમને ડિસ્ચાર્જ કરતા સમયે નીતિન પટેલે જણાવ્યું કે, તબીબોએ સતત કાળજી રાખી હતી. તેમને વેન્ટિલેટર દરમિનિટ ૭૫ લીટર ઓક્સિજન આપવામાં આવતો હતો. દર મિનિટ ૪ લીટર ઓક્સિજન લેવો પડે તેવી સ્થિતિમાં ૭૫ લીટર અપાતા તેમાંથી તેઓ થોડો જ ઓક્સિજન લઈ શકતા હતા. તેમ છતાં સરકારની વ્યવસ્થા અને તબીબોની મહેનતના કારણે આપણે દર્દીને બચાવવામાં સફળ રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતની સરકારી હોસ્પિટલમાં આટલી લાંબી સારવાર લેનાર દેવેન્દ્ર પરમાર પ્રથમ દર્દી છે. આ અગાઉ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીએ પણ ૧૦૧ દિવસ સુધી કોરોનાની સારવાર લીધી હતી. દેવેન્દ્ર પરમાર ૧૧૨ દિવસ સુધી સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ હતા અને કોરોનાના હરાવીને ૧૧૩મા દિવસે રજા લીધી હતી.

'દુર્ઘટના સે દેર ભલી' પંક્તિને આત્મસાત કરવી પડશે

અમદાવાદ : કારચાલકે પેડલ રિક્ષાને ટક્કર મારતાં બે ભૂલકાનાં મોત

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ શહેરમાં એક કમકમાટીભર્યા અકસ્માતમાં ગરીબ ઘરના બે ભૂલકાઓનાં મોત નિપજ્યા છે. વાત એમ છે કે, શહેરના સિંધુભવન રોડ ખાતે એક કારચાલકે પેડલ રિક્ષાને ટક્કર મારતા શ્રમજીવી પરિવારને ઈજા થઈ હતી, જેમાં ગંભીર થવાને લીધે બે નાના બાળકોના સારવાર વેળા જ મોત નિપજતા ટ્રાફિક પોલીસે કારચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વિગતવાર વાત કરીએ તો શહેરના એસજી હાઈવે નજીક આવેલા સિંધુભવન ખાતે છાપરામાં રહેતા કિરણભાઈ વાસફોડિયા સિંધુભવન રોડ પર પેડલ રિક્ષા ચલાવીને જઈ રહ્યા હતા. ત્યારે પાછળ પત્ની અને ત્રણ વર્ષનો હાર્દિક અને બે વર્ષનો યુવરાજ બેઠા હતા. દરમ્યાન પાછળથી એક કારચાલકે પૂરઝડપે પેડલ રિક્ષાને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો, જેમાં ગંભીર ઈજા થતાં હાર્દિક અને યુવરાજને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર વેળા હાર્દિક (૩.વ.૩) અને યુવરાજ (૩.વ.૨)નાં મોત નિપજ્યા હતા. ઘટનાને પગલે એમ ટ્રાફિક પોલીસે કારચાલક હાર્દિક રાજેન્દ્રકુમાર શાહ (રહે.કાવેરી પ્રથમ શિલજ ઓવરબ્રિજ પાસે અમદાવાદ)ને પકડી પાડી તેની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી છે.

અત્રે નોંધનીય છે કે, અકસ્માતમાં એક ગરીબ ઘરનો ઉગતો સુરજ આથમી ગયો છે તેનું દુઃખ તો તે પરિવાર જ જાણી શકે. પરંતુ અકસ્માત સર્જનારાને તો જે સજા થવાની હશે તે થશે, પણ જેના બાળકો ગયા તેમની વેદના કોણ સાંભળશે ? છાશવારે આવા અકસ્માતો સર્જાય છે. ત્યારે વાહનચાલકો જો બેઘડી ધીરજ ધરીને વાહન હંકારે તો કોઈના ઘરનો જીવનદીપ બૂઝાય નહીં.

'દુર્ઘટના સે દેર ભલી' આ પંક્તિને આપણે આત્મસાત કરવી જ પડશે, નહિંતર આવા અકસ્માતો સર્જાતા રહેશે.

કોરોનાનું જોર હવે ઘટવા લાગ્યું

ગુજરાતમાં કોરોનાના કેસની સાથે મોતની સંખ્યા ઘટી : ૧૦૭૫ નવા કેસ, ૯નાં મોત

● કોરોનાના કુલ કેસનો આંકડો ૨,૩૩,૨૬૩એ પહોંચ્યો ● વધુ ૧૧૫૫ દર્દીએ કોરોનાને મ્હાત આપી, કુલ ૨,૧૬,૬૮૩ દર્દી અત્યાર સુધી સાજા થયા

અમદાવાદ, તા.૧૮

રાજ્યમાં દિવાળી બાદ કોરોનાના નવા કેસોનો રાફડો ફાટ્યો હતો. જેના લીધે દરરોજ ૧૫૦૦થી વધુ નવા કેસ નોંધાતા હતા. જો કે, હવે કોરોનાના કેસો ધીમી રાહે ઘટી રહ્યા છે. ત્યારે શુક્રવારે કોરોનાના ૧૦૭૫ નવા કેસ સામે ૧૧૫૫ દર્દીઓ સાજા થયાની વિગતો બહાર આવી છે. જો કે, રાજ્યમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૨.૮૯ ટકાએ પહોંચ્યો છે. વિગતવાર વાત કરીએ તો ગુજરાતમાં કોરોના મહામારીની સ્થિતિ ચિંતાજનક સ્તરે પહોંચ્યા બાદહવે કોરોના વાયરસ ના દૈનિક નોંધાતા કેસની સંખ્યામાં ગત કેટલાક દિવસોથી ઘટાડો થઈ રહ્યો છે જે એક સારી વાત છે. આજે કોરોનાનાં ચેપના ફેલાવાના ગ્રાફમાં ૧૦૭૫ પોઝિટિવ કેસ આવ્યા છે . ગુજરાતમાં કોવિડ-૧૯ના કુલ કેસોની સંખ્યા વધીને ૨,૩૩,૨૬૩એ પહોંચી છે. જ્યારે રાજ્યમાં વધુ ૯ દર્દીઓએ દમ તોડતા ગુજરાતમાં કૂલ મૃત્યુઆંક વધીને ૪૨૨૦એ પહોંચ્યો છે. જ્યારે ૧૧૫૫ લોકોએ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને મ્હાત આપી છે. ત્યાં જ આજે રાજ્યમાં ૫૪,૭૫૭ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. કોરોનાના ચેપના ફેલાવાના ગ્રાફમાં અમદાવાદ કોર્પોરેશન ૨૨૧, સુરત કોર્પોરેશન ૧૩૯, વડોદરા કોર્પોરેશન ૧૦૮, રાજકોટ કોર્પોરેશન ૮૬, વડોદરા ૪૧, રાજકોટ ૩૬, સુરત ૩૪, મહેસાણા ૩૩, સાબરકાંઠા ૩૩, ગાંધીનગર ૨૮, કચ્છ ૨૫, પંચમહાલ ૨૫, બનાસકાંઠા ૨૩, દાહોદ ૨૩, ગાંધીનગર કોર્પોરેશન ૧૭, ખેડા ૧૭, સુરેન્દ્રનગર ૧૭, અમરેલી ૧૪, જામનગર કોર્પોરેશન ૧૪, ભાવનગર કોર્પોરેશન ૧૩, ભરૂચ ૧૨, નર્મદા ૧૨,

અમદાવાદ ૧૧, જુનાગઢ કોર્પોરેશન ૧૧, આણંદ ૧૦, મહીસાગર ૯, મોરબી ૯, જુનાગઢ ૮, જામનગર ૭, પાટણ ૭, અરવલ્લી ૬, બોટાદ ૬, દેવભૂમિ દ્વારકા ૬, ગીર સોમનાથ ૬, ભાવનગર ૪, નવસારી ૨, છોટા ઉદેપુર ૧, પોરબાંદર ૧, ડાંગ કેસ સામે આવ્યા છે. કોરોનાની વૈશ્વિક મહામારી દરમિયાન દિવાળી પછી રાજ્યમાં કોરોનાને કારણે મૃત્યુ વધ્યા હતા પરંતુ હવે તેમા સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. આરોગ્ય વિભાગે વિતેલા ૨૪ કલાકમાં સારવાર હેઠળના ૯ દર્દીઓના મોત થયાનું સ્વિકાર્યું છે. જેમા સૌથી વધુ અમદાવાદ કોર્પોરેશનમાં ૪ લોકોને કોરોના ભરખી ગયો છે ત્યાં જ સુરત કોર્પોરેશન ૩, રાજકોટ કોર્પોરેશન ૧ અને વડોદરા ૧ વ્યક્તિએ દમ તોડયો હતો. ગુજરાતમાં કૂલ મૃત્યુઆંક વધીને ૪૨૨૦એ પહોંચ્યો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૨,૧૬,૬૮૩ નાગરીકો સાજા થઈ ગયા છે. જ્યારે આજે છેલ્લી સ્થિતિ મુજબ ૧૨,૩૬૦ સારવાર હેઠળના દર્દીઓ પૈકી ૬૪ વેન્ટિલેટર ઉપર રાખવામાં આવ્યા છે અને ૧૨,૨૯૬ સ્ટેબલ છે. ઉપરાંત ૫,૧૩,૭૬૯ લોકોને ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

www.gujarattoday.in facebook.com/gujarattodaydaily twitter.com/gujarattoday Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS